Regd. No. B. 3047

# શ્રી સિદ્ધચક્ર

## શ્રી સિદ્ધચક્ર જયવંતુ છે.

રચયિતા

પં. શ્રી ચંદ્રસાગર ગણિવરના શિષ્ય મુનિ શ્રી ચન્દ્રપ્રભસાગર.

卐

શ્રીકર શોભતું જળમાં, હણીને સર્વની કાન્તિ;<br>
સિતપક્ષી ઊડી આવે, નિરખવા તેહની શાન્તિ. ૧<br>
ધનેશ્વર ધનિકમાં મોટા, અરિહંત દેવમાં તેવા;<br>
ચન્દ્ર તારા વિષે શોભે, સિદ્ધજન ઓપતા એવા. ૨<br>
કુવચ્ચ જેમ કાષ્ટને કાપે, ભવિકના દુઃખ તેમ કાપે;<br>
જગલ કર્મોને જેહ રોકે, સૂરીશ્વર ધર્મને ગોપે. ૩<br>
યત્નથી યતિને શિક્ષા, સર્વદા શાન્તિથી આપે;<br>
વંશિક જેમ સુરભિને આપે, પાઠકજૈન જ્ઞાન તેમ આપે. ૪<br>
તુમ્બક જેમ સલિલમાં તારે, મુનિ તેમ ભવથી ઊગારે;<br>
છેદે આ મન્ત્ર ભવો ભવનાં, કરેલા પાપ જે ભારે. ૫

વર્ષ ૧૧ અંક ૧

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

વિક્રમ સં. ૨૦૦૦.
વીર સં. ૨૪૭૦.
લવાજમ-રૂ. ૨-૦-૦

ગોપીપુરા, બાવાસીદી સુરત
આશ્વિન-પૂર્ણિમા.
તા. ૨-૧૦-૪૪ સોમવાર

# આ માસિક નવીન વર્ષમાં પ્રવેશે છે!

## ( અગીયારમું વર્ષ. )

**અગીયારમા** વર્ષના આરંભમાં અનુભવ સિદ્ધ સંસ્કારથી સુવાસિત સર્વશ્રેષ્ઠ વાનગી રૂપ વિશિષ્ટ-વાંચન પીરસવાના પૂનિત નિશ્ચય સાથે આ પ્રાથમિક અંક આપના કર કમલમાં સમર્પણ કરીને **આ માસિક નવીન વર્ષમાં પ્રવેશે છે.**

ગીર્વાણુ ભાષાના રસિકોને અપૂર્વ રસદાયક, પ્રાકૃત ભાષાના પ્રેમીઓને પ્રૌઢ રસદાયક, સર્વજ્ઞકથિત સિદ્ધાંતના દૃઢ શ્રદ્ધાળુઓને સર્વોત્તમ પ્રતીતિ-રૂચિવર્ધક અને પૂનિત પ્રણાલિકાઓના પૂજકોના હૃદયને પણ પ્રાણુ પ્રેરક યુક્તિયુકત લખાણોની લ્હેજત દશ દશ વર્ષની સમાપ્તિ સુધી એક સરખી રીતે પીરસીને આવતા વર્ષમાં જરૂર પીરસશે તેવી આગાહીપૂર્વક **આ માસિક નવીન વર્ષમાં પ્રવેશે છે.**

યાદવાસ્થલીની પાપયુકત-હિંસક બીનાઓ ભૂતકાળમાં બની ગઈ, ઇ૦ સ૦ ચૌદની લડાઈના લ્હાણા વીતી ગયાં, વર્તમાનકાલીન વિશ્વયુદ્ધના વિવિધ વાજીંત્રોનું વર્તમાન પત્રમાં વિવિધ ઢબે વાગવાનું કાર્ય પૂર્ણ થયાંને પાંચ વર્ષ પૂરાં થયાં છે તેજ અરસામાં વિશ્વવંદની વીતરાગ પ્રણીત શાસનમાં ચાલતી આવેલ ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન પરંપરાને તોડી-ફોડી નાખવા માટે સાત સાત વર્ષથી તિથિ વિષયક ચર્ચારૂપ ઝેરી પ્રચારનો વિષમ વંટોળીઆએ વિષમ વાતાવરણ ઉભું કર્યું તે વાતાવરણને જડમૂળમાંથી ઉચ્છેદ કરવા માટે તિથિ વિષયક ચર્ચાના સાત-આઠ અંકોથી સર્વાંગ-સુંદર વિશિષ્ટ સાધનરૂપ અંક શાસન સુભટોને ભેટ કરીને **આ માસિક નવીન વર્ષમાં પ્રવેશે છે.**

રણાંગણમાં રણભેરીઓ વાગે છે તે અવસરે રણ-યોદ્ધાઓના રૂધીર રસ ભર્યાં ઉછળે છે એટલુંજ નહિ પરંતુ અન્યાય યુકત કાર્યવાહીઓ અને પાપ-વર્ધક પ્રચંડ-લીલાઓને છેદી ભેદીને પ્રતીપક્ષીઓને શિકસ્ત આપીને વિજય વરમાળ વરવાના મનોરથો સેવે છે, તેજ રીતે અમોઘ દેશનાદિ અનેક વિધ શાસ્ત્ર સામગ્રી વડે શાસન શત્રુઓને શિકસ્ત આપવા પૂર્વક વિજય વરમાળ પહેરવાના પૂનિત નિશ્ચય સાથે **આ માસિક નવિન વર્ષમાં પ્રવેશે છે** (જુઓ ટાઈટલ પાનું ૩)

ધી "જૈન વિજયાનંદ" પ્રિં પ્રેસ, હવાડીયા ચકલા-સૂરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ છાપ્યું અને તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરીએ શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, બાવાસીડી-ગોપીપુરા, સૂરતમાંથી પ્રગટ કર્યું.

# શ્રી સિદ્ધચક્ર

તંત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.

વર્ષ ૧૧ ] આશ્વિન-પૂર્ણિમા [ અંક ૧


# આગમોદ્ધારકની અમોઘ દેશના.

સમય-અષાઢ કૃષ્ણા દ્વિતીયા શુક્ર ૭-૭ ૪૮. સ્થળ-શ્રી ગોડીજી ઉપાશ્રય, પાયધુની-મુંબઇ

દેશનાકાર પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ, શૈલાના નરેશ પ્રતિબોધક,
આગમ મંદિર નિર્માતા-વાદીગજમદ ભંજક કેસરી
આગમોદ્ધારક આચાર્ય દેવેશ-શ્રીમત્ આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

## ધર્મ મોક્ષજ આપે છે, મોક્ષ આપેજ છે; એટલુંજ નહિ પણ અર્થ કામ પણ આપે છે.

### ધર્મથી મળેલા અર્થ કામ, જીવને કદી ફસાવતા નથી.

**ધર્મ પૌદ્‌ગલિક તથા આત્મીય-ઉભય સુખને આપે છે.**

**वचनाद्यदनुष्ठानमविरूद्धाद्यथोदितम् ।**
**मैत्र्यादिभावसंयुक्तं, तद्धर्म इति कीर्त्यते ॥१॥**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન્ શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતાં ધર્મનું સ્વરૂપ વર્ણવે છે. તેમાં તેઓશ્રી ફરમાવે છે કે આ જગતમાં દરેક જીવ જુદી જુદી ઇચ્છા, રૂચિ કે ધારણાવાળા હોય છે. દરેકના મનોરથો અલગ અલગ હોય છે, અને એ રીતિએ જો જોવા જઇએ તો અનંતા જીવો હોવાથી ઇચ્છા વિગેરેના પણ અનંતા પ્રકાર ગણાય. કહોને કે જીવ એટલી ઇચ્છા પણ તે તમામ ઇચ્છાઓને, ઇચ્છા વિગેરેના એ અનંતા પ્રકારોને સામાન્ય નીતિકારોએ માત્ર ચાર વર્ગમાં વહેંચેલ છે. ચાર વર્ગમાં તે તમામ પ્રકારોનો સમાવેશ કરેલો છે. જુદા જુદા પદાર્થોમાં જુદા જુદા રંગ છે. તેમાં રંગની તીવ્રતા મંદતાની અપેક્ષાએ વિચારીએ તો રંગના ભેદ પદાર્થો જેટલા થાય એમ કહીએ તો ચાલે, પણ દુનિયાએ વર્ગીકરણ કરીને રંગના તે પ્રકારોને પાંચ પ્રકારમાં સમાવેલ છે. ધારો કે એક પદાર્થ

ધોળો (શ્વેત) છે, બીજો પદાર્થ પીળો ખરો પણ પીળાશથી જુદો પડતો, આછો પીળો હોય કે ઘણો પીળો હોય તો પણ તેણે પીળામાંજ ગણી લીધો. એજ પ્રમાણે શ્યામ (કાળા) વીગેરે રંગોમાં પણ સમજી લેવું. એજ રીતે સંસારના જીવોની રુચિ, ધારણા, મનોરથ, ઈચ્છા વિગેરે અનંતા છતાં વર્ગીકરણથી તે બધાનો સમાવેશ ચારમાં થાય છે. ચાર વર્ગના નામો ૧ ધર્મ ૨ અર્થ ૩ કામ અને ૪ મોક્ષ છે. એવી કોઇ ઈચ્છા, ધારણા વિગેરે નથી કે જેનો સમાવેશ આ ચારમાંથી એકાદ વર્ગમાં પણ ન થઇ શકે અર્થાત્ એકાદ વર્ગમાં તો કોઈપણ ઇચ્છા વિગેરે આવેજ છે.

કોઇ પ્રશ્ન કરે કે આ ચારજ વર્ગ કેમ? એનું સમાધાન કરતાં શાસ્ત્રકાર ફરમાવે છે કે જગત્‌માં સુખ બે પ્રકારનાં છે. રૂચી, મનોરથ વિગેરે છે તો સુખાદિને માટેને! એટલે તેના પ્રકાર સાથે ઈચ્છાદિના પ્રકારનો સંબંધ રહેલો છે. બે પ્રકારના સુખમાં એક આત્મીય સુખ છે, કે જે આત્માનું સ્વાભાવિક સુખ છે; અને બીજું પૌદ્‌ગલિક સુખ છે. આત્મીય સુખનુંજ નામ મોક્ષ છે, અને પૌદ્‌ગલિક સુખનું નામ કામ. કામ એટલે પૌદ્‌ગલિક સુખ મોક્ષ એટલે આત્મીય સુખ. હવે જરા આગળ વધો! કામનું સાધન એટલે પૌદ્‌ગલિક સુખોનું સાધન. એનું નામજ અર્થ! પછી ગમે તો રોકડને અર્થ ગણો કે ગમે તેવા અન્ય સાધનને અર્થ ગણો. તાત્પર્ય કે અર્થ એ કામનું સાધન છે. આત્માનાં સુખ રૂપ મોક્ષનું સાધન ધર્મ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારમાં બે સાધ્ય છે, બે સાધન છે. જગતની ઈચ્છાઓનો આ ચાર વર્ગમાં કેમ સમાવેશ થાય તે આથી સમજાશે.

શાસ્ત્રકાર ભગવાન્ એક વાત ભારપૂર્વક કહે છે તે બરાબર ધ્યાનમાં લ્યો અને વિચારપૂર્વક સમજો. ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં એકજ વસ્તુ એવી છે (એકજ વર્ગ એવો છે) કે બાકીનાં ત્રણેયને પ્રાપ્ત કરાવે છે-મેળવી દે છે, અને તે ધર્મ છે. અર્થને પણ ધર્મ મેળવી આપે, કામને પણ ધર્મ મેળવી આપે અને મોક્ષને પણ ધર્મજ મેળવી આપે છે. આ છે ધર્મની તાકાત! તાત્પર્ય કે ધર્મ પૌદ્‌ગલિક સુખને પણ મેળવી આપે છે અને આત્મીય સુખને પણ મેળવી આપે છે. અર્થ કે કામ ધર્મને કે મોક્ષને ન મેળવી આપી શકે. મોક્ષ તો કેવળ સાધ્યજ છે. માત્ર ધર્મમાંજ તે સામર્થ્ય છે કે જેના યોગે તે અર્થ, કામ અને પરંપરાયે મોક્ષને પણ મેળવી આપે છે.

આચાર્ય ભગવાન્ શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજાએ ધર્મબિન્દુ ગ્રંથની શરૂઆતના પહેલાજ શ્લોકમાં કહ્યું છે કે-

**धनदो० इत्यादि**

અર્થ-ધનની ઈચ્છાવાલાને ધનદ જેવો બની શકે તેટલું ધન પણ ધર્મ આપે છે, કામની ઈચ્છાવાલાને તે સુખ પણ ધર્મ પુરું પાડે છે અને પરંપરાયે મોક્ષાર્થીને મોક્ષ પણ ધર્મજ આપે છે.

## શું ધર્મ મહા અનર્થનું મૂલ? નહિ! એ ભયંકર ગેરસમજ છે!

હવે અહીં શંકા થઇ શકે છે, અર્થાત્ શંકાકાર શંકા કરી શકે છે કે-'ઋદ્ધિ, સમૃદ્ધિ, પૌદ્ગળિક સુખના વિપાકને તો જ્યારે વિરસ ગણાવવામાં આવે છે ત્યારે તો એ મેળવી આપનાર ધર્મજ ખાડામાં પાડે છે ને! ધર્મજ ઋદ્ધિ વીગેરેના ફાંસામાં ફસાવી નાશ કરે છેને!"

ઉપદેશમાલ માં શ્રીધર્મદાસગણીજી કહે છે કે અર્થ અનર્થનું મૂલ છે, અને એ વાત જગતમાં પણ સિદ્ધ છે દુનિયાદારીમાં નજર કરો ફોજદારી, દિવાની કોર્ટો નિર્ધન પર નભે છે કે ધનવાળા પર? વકીલ બારીસ્ટર, સોલીસીટરોની પેઢીઓ ધનવાનથી ચાલે છે કે નિર્ધનોથી? ઋદ્ધિ-ધન વિગેરે તો મોહ-રાજાનો ઉંદર છે. ઉંદર સીધો કરડેજ જાય એમ બનતું નથી. કીડી, મંકોડો તો ચટકાજ ભરે એટલે તેના પહેલાજ ચટકે સાવચેત થવાય પણ ઉંદર તો આખો અંગુઠો કરડી જાય તોયે ખબર ન પડે, કારણ કે તે માત્ર કરડતો નથી પણ કરડીને ફુંકે છે; ફુંકી ફુંકીને કરડે છે એટલે તેના ડંખની ખબરજ પડતી નથી. એજ રીતિએ ઋદ્ધિ, સમૃદ્ધિ પણ ફુંકી ફુંકીને ડંખ મારે છે, અર્થાત્ રાજી કરીને, નચાવીને કુદાવીને પતન પમાડે છે.

પેલો શંકાકાર પોતાની શંકાને વધુ સ્પષ્ટ કરે છે કે-"અર્થ જ્યારે અનર્થનું મૂળ અને તેવો અર્થ જો ધર્મ મેળવી આપે તો તે ધર્મજ મહા અનર્થનું મૂળ ગણાય, અને જે કામને દુર્ગતિની, નરકની નીસરણી કહેવામાં આવે તેવા કામને જો ધર્મ મેળવી આપે તો તે ધર્મજ નરકે જવાનાં મોટા પગથીઆંરૂપ ગણાય ધર્મજ નરકનો રાજમાર્ગ ગણાય કામ તો છીંડી ગણાય. આવો ધર્મ તો છાંડવા લાયક કે આદરવા લાયક? ધનના ધોકા મરાવનાર, કામના કારાગારમાં પુરનાર અર્થાત્ ધનદ્વારા ધોકા મરાવનાર, કામ-દ્વારા દુર્ગતિના કેદખાનામાં ધકેલનારો ધર્મ આદરવા યોગ્ય શી રીતે?" શંકાકાર પોતાના સમર્થનમાં સિંદુર પ્રકરણનો શ્લોક પણ રજુ કરે છે કે:—

"त्रिवर्ग संसाधन मंतरेण० इत्यादि—

અર્થ: "ત્રણેય વર્ગની સાધના વગરના મનુ-ષ્યનું જીવન જનાવર જેવું છે તેમાંય ધર્મ શ્રેષ્ઠ છે, કેમકે તેના વગર અર્થ કામ પણ મળતા નથી."

શંકાકારને સમાધાન આપતાં શાસ્ત્રકાર કહે છે કે, ભાઇ! પ્રથમ તો આ શ્લોક શાસ્ત્રકારનો નથી તે જરા વિચાર! છેલ્લો શબ્દ પ્રયોગ वदामि કે वदावः નથી પણ वदन्ति છે, ત્યાં એમ કહ્યું કે જેમણે મોક્ષ માન્યો નથી, મોક્ષને માટે જેના મનોરથ નથી તેવાઓ પણ ધર્મને શ્રેષ્ઠ માને છે.

પ્રતિક્રમણમાં અઢાર પાપસ્થાનક તો બોલો છો ને! ચોથે મૈથુન તથા પાંચમે પરિગ્રહને તો પાપ માન્યું છે ને!

धनदो, कामद આદિ શબ્દોથી "ધર્મ ધનદે, કામદે અને અર્થ અનર્થનું મુલ, કામ નરકે લઇ

જાય આથી ધર્મજ મહા અનર્થ કર અને નરકની સીધી સડક માટે તે ત્યાજયજ ગણાય" એવી શંકા કરનારનું સમાધાન શાસ્ત્રકાર આ રીતે કરે છે–

### જીવોના ચાર પ્રકાર !

તમે એટલું તો જાણો છો કે મારતાના હાથ ઝલાય (પકડાય), બોલનારનું મોં હજી બંધ કરાય (ડચું પકડીને); પણ વિચાર પર, મન પર કાંઇ થાય ખરૂં ? ત્યાં કાંઇ અંકુશ છે ? એ ન્યાયે શાસ્ત્રકાર મહર્ષિ સમજાવતાં કહે છે—

મહાનુભાવ ! ત્હારા અભિપ્રાય પરત્વે અમારૂં કાંઈ જોર નથી, પણ સમજવું હોય તો સમાધાન એ સ્પષ્ટ છે કે; ધન અને સુખનો ભોગવટો કરનાર ઋદ્ધિ, સમૃદ્ધિ આદિ વડે પૌદ્‌ગલિક સુખ ભોગવનાર જીવોના ચાર પ્રકાર છે.

૧ કેટલાક જીવો પત્થર (શિલા) ઉપર બેઠેલી માખી જેવા છે.

૨ કેટલાક જીવો શ્લેષ્મ (લીંટ) ઉપર બેઠેલી માખી જેવા છે.

૩ કેટલાક જીવો મધ ઉપર બેઠેલી માખી જેવા છે.

૪ કેટલાક જીવો સાકર ઉપર બેઠેલી માખી જેવા છે–

કયા પ્રકારનું સુખ, કેવું ફળ આપનાર ધન તથા સુખ કયા પ્રકારના ધર્મથી મળે એ સમાધાન આગળ આવશે: પ્રથમ તો જીવોના ચાર પ્રકાર વિચારવા આવશ્યક છે.

પત્થર પર બેઠેલી માખીને ત્યાં મીઠાશ કાંઇ નથી તેમજ ધારે ત્યારે ઉડી પણ શકે છે. શ્લેષ્મ પરની માખીને નથી તો મીઠાશ અને ઉડવામાં પણ ફસામણ છે. મધપરની માખીને મીઠાશ છે પણ ઉડવામાં વાંધા છે, કેમકે ત્યાં ચોંટેલી છે; જ્યારે સાકરપરની માખીને તો મીઠાશ પણ મળે છે અને ધારે ત્યારે તે ઉડી પણ શકે છે તેને ઉડતાં કોઈ રોકી શકતું નથી.

પત્થર ઉપર બેઠેલી માખી જેવા જીવો એવા કે આ લોકમાં ભલે એને મીઠાશ નથી અર્થાત્ ધન, ઋદ્ધિ આદિ મળ્યાં નથી, પૌદ્‌ગલિક ભોગવટાના સાધનો સાંપડયા નથી છતાં પણ આત્મ કલ્યાણના માર્ગે તેઓ તરત જોડાઇ જાય: તે ઉપર–કઠીઆરાનું દ્રષ્ટાંત–

### કઠીઆરાનું દ્રષ્ટાંત

પત્થર ઉપરની માખીના પ્રકાર જેવા જીવને અંગે !

રાજગૃહી નગરીમાં ગણધર ભગવાન્ શ્રી–સુધર્માસ્વામિજી થોડા દિવસ થયા પધાર્યા છે. એક અપેક્ષાએ ભગવાન્ શ્રી ગૌતમસ્વામિજીથી ભગવાન્ શ્રી સુધર્માસ્વામિજીની સ્થિતિ ચડીયાતી ગણાય ભગવાન્ શ્રી ગૌતમસ્વામીજી મોટા એ કબૂલ લબ્ધિના નિધાન એ પણ કબૂલ, એમની હયાતીમાં એ તીર્થ રૂપ એ કબૂલ, પણ તેમની પાછળ શાસન કોનું ? શાસનના શિરતાજ તો શ્રી સુધર્માસ્વામીજી જ ! પર્યુષણા પર્વમાં સમાચારી પ્રસંગે સાંભળો છો ને–

વર્તમાનમાં જે સાધુ સાધ્વીનો પરિવાર છે તે ભગવાન્ શ્રી સુધર્મા સ્વામીજીની પરંપરાનો ગણાય.

**जो अज्जो० इत्यादि–**

રાજગૃહી નગરી મોટી ગણાય, માસ કલ્પને યોગ્ય છતાં થોડાજ દિવસમાં શ્રી સુધર્માસ્વામીએ અભયકુમારને કહ્યું કે "અમે વિહાર કરવાના છીએ." આજે જો કોઇ સાધુ વિહાર કરવાનું કહે તો 'રહોને! રહો, રહો!' આટલું કહેવામાં તમે ઇતિકર્તવ્યતા માની લ્યો છો, પણ ત્યાં વિચારણાને સ્થાન છે. જો કલ્પ (માસ કલ્પ કે ચાતુર્માસ કલ્પ) પૂરો થયો હોય તો વિનતિનો કાંઈ અર્થ નથી, અને કલ્પ હોવા છતાં ઉતાવળે વિહારનું જણાવવામાં આવે તો તેનું કારણ જાણવું તથા કારણના નિવારણ માટે બનતું કરવું જરૂરી છે. બુદ્ધિના નિધાન અભયકુમાર વિનંતી કરતાં કહે છે કે ભગવન્! રાજગૃહી સરખી નગરી છતાં આપ ગણધર ભગવાન્, માસ કલ્પ પૂરો થયા પહેલાં વિહાર કરો છો તેનું કાંઇ કારણ? કૃપયા જણાવશો?

ભગવાન્ શ્રી સુધર્માસ્વામીજીએ જણાવ્યું: "સાધુને ઉપદ્રવ એજ અમારે વિહારનું કારણ છે." આ સાંભળી અભયકુમારને દુઃખ થયું. અભયકુમાર એટલે કોણ? ચાર બુદ્ધિનો નિધાન, શ્રેણિક ઉપર ચૌદ ચૌદ રાજાઓ ચઢી આવે છતાં રક્ષા કરવા સમર્થ જ્યાં રાજા અને સમસ્ત પ્રધાનમંડળ મુઝાય ત્યાં માર્ગ કાઢનાર! કોણિકની માતાનો દોહદ પૂરો કરવામાં રાજા અને તમામ મુંઝાયાજ હતા! અભયકુમારની બુદ્ધિજ ત્યાં કારગત થઈ હતી. અભયકુમારના મનમાં પોતાનું વ્યક્તિત્વ વિચારવા પૂર્વક થયું કે–"મારી રાજગૃહીમાં સાધુ મહારાજને પીડા, ઉપદ્રવ! આ શું?" પોતે શ્રી ગણધર ભગવાનને વિનંતી કરી. "ભગવન્! જો મને જણાવવા યોગ્ય હોય તો જણાવો દૂર થઈ શકે તેમ હશે તો તે માટે ઉદ્યમ કરીશ." વિચારો! મુનિનો ઉપદ્રવ જાણવાની ઈચ્છા વ્યક્ત કરી છે તે દૂર કરવા ઉદ્યમની ભાવના ખરી પણ તે માટે અભિમાન દેખાતું નથી. ગણધર ભગવાન્ અભયકુમારને નવ દીક્ષિત સાધુ કે જે, દીક્ષા પહેલાં કઠીઆરો હતો તેને લોકો તરફથી થતા ઉપદ્રવની વિગત સમજાવે છે.

રાજગૃહીમાં એક કઠીઆરો હતો. કાષ્ટનો ભારો વેચી તે પોતાની આજીવિકા ચલાવતો. એણે ગણધર મહારાજા પાસે, વૈરાગ્ય થવાથી દિક્ષા લીધી. રાજગૃહી આખી એને ઓળખતી હતી, કેમકે શેરીએ શેરીએ કાષ્ટ વેચવા કાયમ ફરતો હતો. રોજ રોજ જુદી જુદી શેરીએ પાંચ સાત આંટા તો એના હોયજને! એ બધાને ભલે ન ઓળખે પણ એને તો બધાએ ઓળખે! એને દીક્ષિત થયેલો જોઇ લોકો દાઢમાંથી બોલવા લાગ્યા–કહો કે ચીડવવા લાગ્યા. તમને અનુભવ હશે કે 'ધૂળ ફાક મા' એમ સ્પષ્ટ ન કહેતાં કોઇક પ્રસંગે તમે 'ખાંડ ખા મા' એમ બોલો છો ને! એજ રીતિએ રાજગૃહીના લોકો, જ્યાં પેલો સાધુ વહોરવા જાય, નજરે પડે કે તુરત દાઢમાંથી બોલતા કે "આ ઠીક કર્યું, હવે જંગલમાં ભટકવું મટયું, આ ઠીક કર્યું, હવે તારે શેરીએ શેરીએ રખડીને, 'લો ભાઈ લો' 'લો ભાયલા" એમ બોલવું મટયું. કઠીઆરો જે નવ

દીક્ષિત પ્રાણુ હેને તે આ સહન કરી શકયો નહિ એટલે એણે તો ગણધર મહારાજાને કહ્યું કે "ભગવન્! મેં દીક્ષા તો લીધી, પાલન પણ કરવી છે પણ અહીં લોકો આ રીતે મને ઉપદ્રવ કરે છે તે હું સહન કરી શકું તેમ નથી; માટે જો વિહાર કરવો હોય તોજ મારાથી સંયમ નિર્વાહાય તેમ છે." આથી શ્રી ગણધર મહારાજાએ પણ વિહારનો વિચાર કર્યો હતો જે વિચાર અભયકુમાર પાસે જાહેર કર્યો હતો. અભયકુમારે સવિનય પૂછવાથી આ બધો વ્યતિકર શ્રી ગણધર ભગવાને તેને જણાવી દીધો અને કહ્યું કે-'વિહારનું આજ ખાસ કારણ છે!' મંત્રીશ્વર અભયકુમારે વિનંતી કરી કહ્યું કે- "ભગવાન્! આપ માત્ર ત્રણ દિવસ રહો કૃપા કરી, ઉપદ્રવથી બચવા ત્રણ દિવસ એ સાધુને બહાર ન જવા દો, તેટલા વખતમાં મારાથી બનતું કરૂં છું; પછી આપને યોગ્ય લાગે તો વિહાર કરજો અગર સ્થિરતા કરજો." આ રીતે અભયકુમારે વિનયપૂર્વક મહેતલ માગી: શાની? મુનિના ઉપદ્રવ નિવારણ કરવાના ઉદ્યમનું પરિણામ જોવાની.

## ત્રણ ત્રણ કરોડ સોનૈયા લેનાર પણ કોઈ મા'જાયો નીકળ્યો?

અભયકુમારે ત્રીજોરીમાંથી ત્રણ કરોડ સોનૈયા (કે રત્નો જે કહો તે) લીધા અને રાજગૃહીના મધ્યમાર્ગમાં એક એક કરોડના ત્રણ ઢગલા કર્યા પોતે શહેરમાં જાહેર ઉદ્ઘોષણા કરાવી ઢંઢેરો પીટાવ્યો કે-

"અભયકુમાર ત્રણ કરોડના સોના મ્હોરો (જનતાને) જે કોઇ ઇચ્છે તેને આપી દેવા તૈયાર છે તેના ઢગલા પણ બજાર વચ્ચે કરવામાં આવ્યા છે, પણ જે કોઇ કહેલી શરત પ્રમાણે વર્તવા તૈયાર હોય તેનોજ લઇ જવાનો હક છે. કરોડ કરોડ સોનૈયાના ઢગલા લેવા કોણ ન આવે? એ કોને ન લલચાવે? સોનૈયા લેવા દરોડો તો પડયો પણ શરત સાંભળીને એકેય ઉભો ન રહ્યો! ત્રણ ઢગલા માટે નીચે મુજબની ત્રણ શરત હતી. એક ઢગલા માટે એ શરત હતી કે: "સ્રીનો સમાગમ સર્વથા સર્વદા કરવો નહિ, સ્રી રહેતી હોય ત્યાં ભીંતના આંતરે પણ રહેવું નહિ, સ્રીની સામું પણ જોવું નહિ, સ્રી સંબંધી વાતચીત-કથા પણ કરવી નહિ. તાત્પર્ય કે નવવાડના પાલનપૂર્વક સ્રીસંસર્ગનો સર્વથા જીવનભર ત્યાગ કરવો આ શરતનું પાલન કરે તે કરોડ સોનૈયાનો આ પહેલો ઢગ લઇ જઇ શકે છે." આ શરતે સોનૈયા કોણ લે? સોનૈયા લઇ જવા કોને માટે? શાને માટે? જો સર્વથા સ્રી સમાગમનો જ પ્રતિબંધ હોય તો સોનૈયાને કરવાના યે શું?

સોનૈયાના બીજા ઢગલા માટેની શરત-"કાચા પાણીનો ઉપયોગ કરવો નહી, પીવું નહિ, સ્પર્શ પણ કરવો નહિ, પીવા માટે કાચા પાણીનું પાકું પણ પોતે કરવું નહિ સર્વથા જીવનભર સર્વથા કાચા પાણીની વિરાધના કરવી નહિ." આ શરતનું પાલન કરે તે આ બીજો ઢગલો લઈ જઈ શકે છે. કયો ગૃહસ્થ આ શરત પાલી શકે? બીજો ઢગલો લેવા કોઈએ કબુલ્યું નહિ.

સોનૈયાના ત્રીજા ઢગલા માટેની શરત 'અગ્નિ નો સ્પર્શ કરવો નહિ, અગ્નિની (અગ્નિકાયની) સર્વથા વિરાધના કરવી નહિ" આ શરતનું જીવન ભર પાલન કરે તે આ ત્રીજો ઢગલો લઇ શકે છે. અગ્નિ વિના કયા સંસારીને ચાલે ? રસોઇ અગ્નિથીજ થાય, બત્તી, દીપક અગ્નિજ છેને! તેથી ત્રીજો ઢગલો લેવાને પણ કોઈ તૈયાર થયું નહિ.

જ્યારે કોઈજ શરત પાલવા અને સોનૈયા લેવા તૈયાર ન થયું ત્યારે અભયકુમારે કરેલા સંકેત મુજબ કઠીઆરા (નુતન મુનિ) ત્યાંથી પસાર થાય છે. લોકોના દેખતાં મંત્રીશ્વર અભયકુમાર કઠીઆરાને (નુતન મુનિને) પણ આ શરત (સોનૈયા માટેની) સંભળાવે છે–સમજાવે છે. એ મુનિ (કઠીઆરો) કહે છે: "મારે તમારી ત્રણેય શરતો યાવજ્જીવ મંજૂર છે પણ સાથે એક શરત એ વધારે છે કે આમાંથી એક પણ સોનૈયો મારે લેવો નહિ" એકત્રિત જનસમુહને ઉદ્દેશીને અભયકુમાર કહે છે: "તમારામાંથી ક્રોડ સોનૈયાને લઈને પણ એક પણ શરત પાલવા કોઈ તૈયાર નથી જ્યારે આ ધન્યભાગ્ય પુણ્યાત્મા એક પણ સોનૈયો લીધા વિના ત્રણેય શરતો જીવનભર પાલવા બંધાય છે વિચારો! તમારા કરતાં એ કેટલી ચઢીયાતી સ્થિતિએ છે! ખબરદાર! જો આવા ઉચ્ચ આત્માને કોઇએ ઉપદ્રવ કરવો નહિ!"

મંત્રીશ્વર અભયકુમારે આ રીતિએ, પ્રયત્ન પૂર્વક લોકોને સમજાવવા પૂર્વક, સાથે સાથે આદેશપૂર્વક, નૂતનમુનિનો ઉપદ્રવ દૂર કર્યો ગણધર ભગવાનના કલ્પ પહેલાના વિહારના કારણનો પરિહાર કર્યો.

**પચ્ચખ્ખાણ 'સત્'ના કે 'અસત્ના'?**

હજી પ્રશ્ન થઈ શકે કે સત્ (છતા) પદાર્થના પચ્ચખાણ કે અસત્ના પણ? સમાધાન એ છે કે પોતાની પાસેની ચીજ છોડવાના પચ્ચખ્ખાણ અને ન હોય તેના પણ પચ્ચખ્ખાણ છે કેમકે પદાર્થ ભલે નથી પણ ત્યાં ઇચ્છાતો છે ને! તમારી પાસે પચાસ હજાર રૂપીયા હોય છતાં ઈચ્છા શી? લાખની વધારે ખરીને! આ માટે ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા શ્રી દશવૈકાલિક સૂત્રની ટીકામાં ફરમાવે છે કે, અર્થાત્

'अपि' શબ્દનો પ્રયોગ કરીને 'તે પણ ત્યાગી' એમ કહે છે. જો એમ ન માનો તો વિચારો, મરણ સમયે ઉપવાસ, છઠ્ઠ વિગેરેનું પચ્ચખ્ખાણ કરાવો છો. જેને પચ્ચખ્ખાણ ન માનવું હોય તેની વાત શી? કેમકે તે વખતે તો ગળે પાણીનું ટીપું પણ ઉતરતું નથી.

સભામાંથી પ્રશ્ન—છતવાળો પચ્ચખ્ખાણ કરે, ત્યાગ કરે તેમાં અને અછતવાળો ત્યાગ પચ્ચખ્ખાણ કરે તેમાં ફરક ખરો કે નહિ?

દુનિયામાં, જનતામાં છાયા પડે તે વાત જૂદી બાકી પરિણામ દ્રષ્ટિએ, આત્મીય દ્રષ્ટિએ લેશ પણ ફરક નથી. ચક્રવર્તી દીક્ષા લે તો મોક્ષે જાય અને તેનો ચાકર દીક્ષા લે, કોઇ દરિદ્રી દીક્ષા લે તો મોક્ષે ન જાય તેમ નથી. જ્યારે ધનવાન, રાજા કે ચક્રવર્તી ત્યાગ કરે ત્યારે ધર્મને

પ્રશંસા થાય: જનતામાં છાયા પડે તે વાત ખરી બાકી ફલની સમાનતાએ લગીર પણ ફરક નથી.

હવે મુદ્દાની વાત પર આવો. જીવોના ચાર પ્રકારમાં પ્રથમ પ્રકાર પત્થર ઉપરની માખી જેવા જીવોનો છે. તે પર આ કઠીઆરાનું દ્રષ્ટાંત કહ્યું: એ જીવો આ લોકમાં નિર્ધન હોય; પાપોદયે કાંઈ મળ્યું ન હોય એટલે ભોગવટો ન હોય પણ ધર્મ માર્ગે તરત વળી જાય.

### શ્લેષ્મ ઉપરની માખી જેવા જીવો.

બીજા પ્રકારમાં કેટલાક જીવો શ્લેષ્મ (લીંટ) ઉપરની માખી જેવા છે એ માખીને ત્યાં મીઠાશ પણ નથી અને ઉડી પણ શકતી નથી: ઉડવામાં ફસામણ છે. એજ રીતે આ પ્રકારના કેટલાક જીવો એવા છે કે પોતે મહા મહેનતે, અધર્મ કરી, જુઠું બોલી, ચોરી કરી પરાણે પાપે પેટ ભરે છે છતાં તેમને ત્યાગના, ધર્મના પરિણામ આવતા નથી.

### મધ ઉપરની માખી જેવા જીવો

ત્રીજા પ્રકારના જીવો મધ ઉપરની માખી જેવા છે. મધ ઉપર બેઠેલી માખીને મીઠાશ જરૂર પણ ઉડી શકે નહિ. આ પ્રકારના જીવોમાં રાજા, મહારાજા, વાસુદેવો, ચક્રવર્તીઓ વિગેરે ગણાય. આમને ઋદ્ધિ, સમૃદ્ધિ, ભોગનાં સાધનો વિપુલ પણ પરિણામ શું? એજ સાધનો નરક ગતિમાં રખડાવનારાં થાય છે આ વાત સમજશો તો બરાબર ખ્યાલમાં આવશે. શાસ્ત્રકારો કહે છે કે "ચક્રવર્તી મરીને નરકેજ જાય." ઉપર કહેલા કારણથીજ આવું વિધાન શાસ્ત્રકારોનું છે. શાસ્ત્રકાર 'જ'કાર વાપરે છે કે ચક્રવર્તી મરીને નરકેજ જાય. તમે આથી ચમકશો, પણ ચમકતા ના! જરા વિચાર કરજો તમને પ્રશ્ન થશે કે–એજ શાસ્ત્ર જણાવે છે કે ભરત મહારાજા આદ્ય ચક્રવર્તી મોક્ષે ગયા, સગર મહારાજા એ ચક્રવર્તી પણ મોક્ષે ગયા, કોઇ ચક્રવર્તી દેવલોકે ગયા; અને વળી 'નરકેજ જાય' એમ પણ 'જ' કાર પૂર્વક શાસ્ત્ર નરક ગતિ બતાવે ત્યારે સાચું શું? અને માનવું કયું? જરા બુદ્ધિનો ઉપયોગ કરવામાં આવે તો સમજી શકાય. એક દ્રષ્ટાંત છે તે વિચારો.

એક રાજાએ, સોનીઓ સોનું કોઈપણ પ્રકારે ચોરી ન કરે, સેરવી ન દે તેટલા માટે તેમને અલંકારો ઘડવા પોતાના મહેલમાં, ભોંયરામાં બેસાડયા અને બહાર મજબુત ચોકી પહેરો રાખ્યો. ખાવા પીવા વિગેરેની વ્યવસ્થા અંદરજ રાખી. ભોંયરૂં કેવું? એક પણ જાળી નહિ, બારી નહિ, એકપણ છિદ્ર નહિ કે જ્યાંથી હવા, અજવાળું આવે. આવે સ્થાને, સોનું ઘડતાં ઘડતાં જ્યારે રાત્રી પડી ત્યારે એક સોનીએ કહ્યું: 'સૂર્ય આથમ્યો!' વિચારો કે તેણે કયા આધારે કહ્યુ? ભોંયરામાં તો એ જાણી શકાય તેવી હાલત હતીજ નહિ. શું ગપ્પું માર્યું ને સાચું પડયું? કાકતાલીય ન્યાયે સચું પડયું? ત્યારે! જેણે એ કહયું હતું તે સોની રાગ્યંધ (રતાંધળ) માટે એ નિયમ કે સૂર્ય આથમે એટલે એ દેખતો બંધ થઈ જાય. એ દેખતો બંધ થયો એટલે એણે સૂર્ય આથમ્યાનું કહયું. આ વાત બુધ્ધિનો ઉપયોગ કરે તેને ન સમજાય? સમજી શકાય.

તેજ રીતિએ ચક્રવર્તી મરીને નરકેજ જાય એ કથનમાં અને ચક્રવર્તીઓ મોક્ષે પણ ગયા છે, સ્વર્ગે પણ ગયા છે એ વાતના પરસ્પર વિરોધનો પરિહાર પણ બુદ્ધિથીજ થઇ શકે. જરા ઉંડા ઉતરો તો સમજાય. ચક્રવર્તી એટલે નરદેવ! એ નરદેવ જો નરદેવપણામાંજ (ચક્રવર્તીપણામાંજ) કાલ કરે તો નરકેજ જાય. ભરત મહારાજા, સગર મહારાજા, મોક્ષે જનારા તથા દેવલોકે જનારા ચક્રવર્તીઓ નરદેવ મટી ધર્મદેવ બન્યા હતા. નરદેવપણાનો ત્યાગ કરતાંજ નરકનું નિવારણ થઈ ગયું. સાધુ એટલે ધર્મદેવ! શ્રી જિનેશ્વર ભગવાન્ તો દેવાધિદેવ! નરદેવપણું (ચક્રવર્તીપણું), વાસુદેવપણું એ તો નરકનું નોતરૂં છે. મહારંભ, મહાપરિગ્રહ, માંસાહાર, હિંસા વિગેરે નરકના નોતરાં છે.

## સાકર ઉપરની માખી જેવા જીવો!

ચોથા પ્રકારના જીવો સાકર ઉપરની માખી જેવા છે. એ માખીને મીઠાશ પણ મળે અને એ ધારે ત્યારે ઉડી શકે છે: એને ઉડતાં કોઇ રોકી શકતું નથી. આ પ્રકારના જીવો ઋદ્ધિ સમૃદ્ધિ ભોગવે પણ ખરા અને તેનો ત્યાગ કરી ચાલી પણ નીકળે. ભરતચક્રી, સગરચક્રી જેવા પુણ્યાત્માઓ આ કોટિમાં ગણાય. તેઓ નરદેવ પણ હતા; અને ધર્મદેવ પણ થયા હતા. ભરત મહારાજાને શી કમીના હતી? અર્થ ઉંચી કોટિનો હતો, કામ ઉત્કૃષ્ટ કોટિનો હતો કેમકે ચક્રવર્તી હતા વૈભવનો પાર ન હોતો આદ્યચક્રી હતા તીર્થંકર દેવના પુત્ર હતા. ઇંદ્ર મહારાજાએ તો જેનો અભિષેક કરેલો હતો. હાર, મુકુટાદિ અલંકારો ઇંદ્ર મહરાજાએ ભેટ આપેલા હતા આવી સમૃદ્ધિનો ક્ષણમાં ત્યાગ કરી એ નરદેવ મટી ધર્મદેવ બન્યા હતા!

શંકાકારને શાસ્ત્રકાર સમજાવે છે કે તું શંકા કરે છે કે 'અર્થ અનર્થનું મૂળ અને ધર્મ અર્થ આપે માટે એ મહા અનર્થનું મુળ અને કામ નરક આપે તેથી નરકની નીસરણી અને ધર્મ કામ આપે માટે ધર્મ એજ કામનો રાજમાર્ગ પણ એ તારી શંકા ખોટી છે. ભરત મહારાજા આદિના દૃષ્ટાંતો જરા વિચારી જો તો સમજાશે કે તારૂં એ માનવું સરાસર ખોટું છે. ધર્મથી મળેલી ઋદ્ધિ, ધર્મથી મળેલાં સુખ, અને અર્થ, તથા કામ કદી ફસાવનારાં હોતાંજ નથી. ભરત મહારાજાને આરિસાભુવનમાં, આરિસામાં મોં જોતાં કેવળજ્ઞાન થાય છે ને! વિચારો કે ત્યાં વૈરાગ્યના છાંટાનો એ સંભવ છે? પોતે આખા દેહે અલંકૃત છે: મુકુટાદિ ધારણ કરેલ છે. સ્થળ આરિસાભુવન છે. અને ઉપયોગ મુખ નિરખવામાં શોભા જોવામાં છે. આવા સ્થલમાં આવી પ્રવૃત્તિમાં વૈરાગ્ય શી રીતે આવ્યો? કારણ એજ કે આ બધું તેમને ધર્મથીજ મળેલું હતું. કયા પ્રકારના ધર્મથી મળ્યું હતું એજ વિચારવા યોગ્ય છે. હવે ભરત મહારાજાનું દૃષ્ટાંત પુરૂં અવલોકીએ. બન્યું એમ કે હાથ જરા નીચો જવાથી હાથની છેલ્લી આંગળીએથી વીંટી સરકી પડી: હાથ ઉંચો થયો ત્યાં જોતાં, આરીસામાં જોતાં, બાકીની આંગળીઓમાં વીંટી હોવાથી, છેલ્લી

વીંટી વગરની આંગળી શોભા વિનાની લાગી. ચક્રવર્તી વિચારે છે કે "અરે! આ શોભા કોની? પરાણાની! દુનિયામાં નિયમ છે કે નિર્ધન પારકાં માગીને પહેરે પણ શ્રીમંતને એ શોભે? નહિજ! ત્યારે શું હું પારકાની શોભાથી શોભાઉં? ચક્રવર્તીએ એક પછી એક અલંકારો માંડયા ઉતારવા. હાર ઉતર્યો, કુંડલ ઉતર્યાં, મુગટ ઉતર્યો ચક્રવર્તી વિચારણામાં આગળ વધ્યા–અલંકારો એ દેહની શોભા. દેહ બાહ્ય છે. જડ છે. અલંકારો બાહ્યનું પણ બાહ્ય. આ દેહ પણ મારે માટે, આ આત્મા માટે બાહ્યજ છે ને! અને આ દેહમાં છે શું? હાડકાં, માંસ, રૂધિર વિગેરેજને!"

## મ્યુનીસીપાલીટીની મેલાની ગાડી!

### કાયા કલેવર કારમું!

### ગંદકીનો ગાડવો!

વાત પણ ખરી છે, તમે વિચારો! આ શરીર એટલે મ્યુનીસીપાલીટીની મેલાની ગાડી, ઉપર સુશોભિત ઢાંકણાથી ભલે બજારમાંથી પસાર થતી વખતે લાગે સુંદર, તેમાંયે ઉપરથી સૂર્યના તેજથી ઝગઝગારો મારે પણ એ ઢાંકણું જરા ખસે, ઉઘડે તો દુકાનદારો બુમા બુમજ કરે છે ને! આ શરીર પણ તે રીતે ચામડીરૂપી પતરાંથી મઢાએલું છે, પણ અંદર શું છે તે તપાસો. ડાક્તરો ઓપરેશન કરે છે ત્યારે તે જોઈને કોઈને ચીતરી ચઢે છે ને! પાંચ–સાત રૂપીઆભાર લોહી નીકળતાં જોઈને ચકરી આવે છે ને! કલોરો ફોર્મ શાથી સુંઘાડાય છે? એ લોહી, એ માંસ, એ આ (કાયારૂપી) મહેલનોજ માલ છે છે ને! હાડકાંના થાંભલાઓ ઉભા કરી, તેને નાડીઓની દોરીઓથી બાંધી, તેમાં મલમુત્ર, લોહી, માંસ ભરીને આ દેહરૂપી પૂતળું ઉભું કરવાપાં આવ્યું છે એના અંગે ગાજવા વાજવાનું હોય?

ભરત મહારાજા આ પ્રકારે દેહની અશુચિ ભાવના ભાવતાં ભાવતાં ત્યાંજ કેવલજ્ઞાન પામ્યા!

વિચારો કે ઉંચામાં ઉચી કોટીનાં અર્થ, કામ ભરત મહારાજાને ફસાવનાર કેમ ન થયા? કેમકે તે સાકર ઉપરની માખી જેવા પ્રકારના આત્મા હતા. જે અર્થ, જે કામ ધર્મથી મળ્યા હોય તે ફસાવતા નથી. કયો કામ, કયો અર્થ ફસાવે છે? જે ધર્મથી ન થયા હોય તે. હજી પ્રશ્ન થશે કે–અર્થ સુખ મળે છે તો ધર્મથીજને! ત્યારે આ વાતનો મેળ કેમ મળે? એજ શાસ્ત્રકાર કહે છે કે–'બાવળીઆનો અગ્નિ પણ બાળે છે બાવના ચંદનનો અગ્નિ પણ બાળેજ છે તે રીતે ધર્મથી મળેલાં સુખ સમૃદ્ધિ પણ જીવને ફસાવે છે' તો આ વાત અને શાસ્ત્રકારનું તે વચન કે 'ધર્મથી મળેલા અર્થ, કામ, ફસાવેજ નહિ' તે વચન પરસ્પર વિરોધક છે. એ વિરોધનો પ્રતિહાર એ છે કે–જે ધર્મ કેવળ ત્યાગવૃત્તિથી કરવામાં આવે, ધર્મ ધર્મ ખાતર આચરવામાં આવે તો તે ધર્મથી મળેલ ઋદ્ધિ સમૃદ્ધિ ભોગોપભોગ, અર્થ કામ ફસાવનારા હોતા નથી પણ ધર્મની સાથે મેળવવાની મમતાનું મિશ્રણ થયું તો એ મિશ્રણ ફસાવનાર બને છે: મિશ્રણવાળા ધર્મથી મળેલાં અર્થ, કામ, ફસાવ-

નાર પેલા મિશ્રણના યોગે] બને છે. અર્થ કામ મેળવી આપવાનું કામ ધર્મ કરે છે: ફસાવવાનું કામ મમતાનું મિશ્રણ કરે છે. વાસુદેવો, કેટલાક ચક્રીઓ કે જેમણે પૂર્વ ભવમાં ધર્મ આચર્યો પણ નિયાણાં કર્યાં એટલે આચરેલા ધર્મયોગે મળ્યું બરાબર પણ નિયાણાથી નોતરેલી નરક ગતિ જાય ક્યાં? ધર્મ કરતી વખતે, પદાર્થની ઈચ્છા થઈ કે જીવ ફસાવવાનો.

હવે ફરી મુખ્ય વાત પર આવો. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર વિભાગમાં, ચાર વર્ગમાં ધર્મજ એવો છે કે ધન દે, સુખ [કામ] દે અને પરંપરાએ મોક્ષ પણ દે છે, ત્રણેયનું કારણ ધર્મ છે. ત્રણેય પુરૂષાર્થ, અર્થ, કામ અને મોક્ષ કાર્યરૂપ જ્યારે ધર્મજ કારણરૂપ છે, એટલુંજ નહિ પણ હજી આગળ વધો. કેળાં વાવો, કેળાં થાય, એ કેળાં ખાઈ જાઓ પછી વવાય? જ્યારે આંબા? રસ ખાઓ, અને ગોટલા વાવો એટલે ફરી આંબા? એ રીતે ધર્મ પણ અર્થ, સુખ, અને મોક્ષના સાધનરૂપ માત્ર નહિ પણ પાછો ધર્મનો ઉત્પાદક પણ છે.

**ધર્મ, માત્ર મેળવીજ આપે છે એમ નથી પણ ફરી ઉત્પાદન સામર્થ્ય પણ ધરાવે છે.**

શાસ્ત્રકાર મહારાજા કહે છે કે-

**क्षायोपशमिकभावे याक्रिया० इत्यादि**

એક છોકરો રાત્રે ભણવા બેઠો અને એકથી દશ સુધી ભણ્યો: રાત્રે દશ વાગે સુઈ ગયો. સવારે એ અગીયારથી ભણે છે. વચમાં રાત્રી ગઈ છતાં બીજે દીવસે તેણે એકથી અભ્યાસ શરૂ ન કર્યો: કહો કે રાત્રી તો વિશ્રામ રૂપ. રાત્રી જવાથી એકથી દશનો અભ્યાસ નકામો નથી થયો: વિશ્રામ પુરો થતાં રાત્રી જતાં અભ્યાસ આગળ વધ્યો. એ રીતિએ ક્ષાયોપશમિક ક્રિયાથી વચ્ચે દેવલોક મળે ત્યાં ભલે ધર્મ ન થાય પણ ત્યાંથી નીકળ્યા પછી ફરી ધર્મપ્રાપ્ત થાય છે. એટલે કે એ દેવલોક પેલા છોકરાની રાત જેવો છે. એવો જીવ લોકમાંથી મનુષ્ય થાય, ફરી એને ત્યાગના ભાવ જાગે, દીક્ષાની, વ્યાખ્યાન વાંચવાની વિગેરે ભાવનાઓ પ્રગટ થાય. સંસ્કાર શું છે એ આથી સમજાશે. જેણે કાંઈ કર્યુંજ નથી તેનામાં એ સંસ્કાર ક્યાંથી આવવાના? દુનિયાદારીનું દૃષ્ટાંત વિચારો. એક નાના છોકરાને તેની મા કહે છે. "બેટા! ગોરી વહુ લાવશું" તો તે રાજી થાય છે, અને "તારે માટે કાળી વહુ લાવશું" એમ ચીડવવા કહે છે તો તે રડવા માંડે છે: ગોરી કે કાળી એકેય વહુ આવી નથી, આવવાનીય વખતે નથી: માત્ર વાતજ છે છતાં હસવા, રડવાનો ઉત્પાત શાથી? એ છોકરો શું સમજ્યો? કહો કે પ્રથમનો સંસ્કાર છે. એજ રીતે ધર્મને અંગે પણ તથાવિધ સંસ્કાર સમજી લેવો.

એક માને પેટે અવતરેલા છોકરાઓમાં, અરે જોડીઆ ભાઈઓમાં, વર્તનમાં કેટલો ભેદ હોય છે? એકને ધર્મ રૂચે, એકને પાપ રૂચે. શાથી? કહો કે સંસ્કાર!

આથી એ સિદ્ધ થયું કે-મમતા રહિત ધર્મથી મળેલા, અર્થ, કામ જીવને કદી ફસાવતા

નથી. ફસાવનાર મમતા છે. મમતા વગરનો વિશુદ્ધ ધર્મ, નહિ ફસાવનાર અર્થને આપે છે; નહિ ફસાવનાર કામને આપે છે અને પરંપરાએ મોક્ષને પણ આપે છે. ધર્મ આવો કિંમતિ છે.

સાથે એ વાત પણ ધ્યાનમાં રાખજો કે મારાઓ રાજા પાછળ હોય છે. ભીખારી પાછળ હોતા નથી. શાહજાદો આવ્યો ત્યારે કેટલી ચોકીનો પ્રબંધ હતો? વાઇસરોયની સ્વારી નીકળે ત્યારે પહેરો કેવો હોય છે? માનો કે જેમ મોટો માલદાર, માનીતો થયો તેમ તેની આજુબાજુ વિઘ્નના વંટોળીઆ વધવાના: એજ રીતે આવી ઉંચી કોટિવાળા ધર્મ માટે પણ તેની આજુબાજુ વિઘ્નોની પરંપરા રહેલી છે. ધર્મની આજુબાજુ કયા મારાઓ છે, કયા વિઘ્નો છે. તે તથા ધર્મનું લક્ષણ વિગેરે જણાવવું જરૂરી છે કે જેથી જીવ વિઘ્નોથી બચી શકે અને સાચો ધર્મ મેળવી શકે; તે બધું, અનુષ્ઠાન ધર્મ, વિચાર ધર્મ વિગેરેનું લક્ષણુ અગ્રે વર્તમાન

# પોરસી પછી. તિથિ અંગે.

## આજે એકમ કે બીજ તેના નિર્ણય અંગે.

### કેટલાક પંચાગોમાં ત્રીજનો ક્ષય: કેટલાકમાં બીજનો ક્ષય તેના અંગે આજે એકમ કે બીજ તેને અંગે. મહારાજશ્રીનું વકતવ્ય.

મહાનુભાવો! સામુદાયિક આરાધનાને અંગે તિથિના વ્યવહારને અંગે એક પ્રકારનું નિયમન આવશ્યક છે, સર્વત્ર નિયમન એકજ હોવું ઘટે. જ્યોતિષના આધારે, સૂર્યોદય મુજબ તિથિની ગણના રહેલી છે અને તેથી ભિન્ન ભિન્ન સ્થળે તિથિનો પ્રવેશ વ્હેલો મોડો હોઈ શકે: પંચાંગો તે તે ક્ષેત્રના આધારે જણાવે તે પણ સંભવે: પણ ધર્મનો વ્યવહાર ધર્મના કેન્દ્રથી થાય: શ્રી તીર્થંકર મહારાજના વખતે પણ તપાસો! એક સાધુ મગધ ભણી જાય, સંપ્રતિના સમયમાં જુઓ એક સાધુ આંધ્ર જાય, દ્રવીડ જાય: શું જુદે જુદે સ્થળે ચોથ, ત્રીજ કે પાંચમે કહે? પાંચમની ચોથનું દ્રષ્ટાંત તપાસો. રાજાના કારણે પાંચમની ચોથ કાલિકાચાર્યે કરી: રાજાને પણ સ્વતંત્ર કારણ ન હોતું. રાજ્યમાં રાજાના મુજબને પંચમીને દિવસે પ્રતિક્રમણ સમયે ઈંદ્રમહોત્સવ હતો, રાજદ્વારી કારણે લોકો(પ્રજાજનો)માંની કેટલાક વિફરેલા હતા, તેઓ મહોત્સવ થવા દેવા ઇચ્છતા નહોતા, રાજા માટે એ આવશ્યક હતું એ રાજ કાર્ય હતું કે લોકોને વિફરવા ન દેવા: એ તક સાચવવા: એટલે એ રાજાએ આવી શ્રી કાલિકાચાર્ય મહારાજને વિનંતી કરી–ધ્યાનમાં

લો–રાજાએ આચાર્યને વિનંતિ કરી કે–"આ કારણે આ વર્ષે હું પ્રતિક્રમણનો લાભ લઈ શકું તેમ નથી. જો આપ છઠ્ઠ નિયત કરો તો મારાથી લાભ લઈ શકાય." કેટલાકો કહે છે કે રાજાએ હુકમ કર્યો, બલાત્કાર કર્યો પણ તેમ નથી, પણ વિનતિ કરી છે અને રાજા ધર્મક્રિયામાં લાભ માને છે. આચાર્યે કહ્યું: "હે રાજન્! પંચમીનું ઉલ્લંઘન તો થાયજ નહિ.

આથી આચાર્યે ચોથને દિવસે સંવત્સરી કરી: સંવત્સરીક પ્રતિક્રમણ કર્યું કેમકે રાજાને ચોથને દિવસે બાધ ન હોતો ઈંદ્રમહોત્સવ પાંચમે હતો. હવે કોઇ ભાઈ પ્રશ્ન કરશે કે–પાંચમની ચોથ કરવાનું કારણ રાજાને હતું પેઠણપુરના સંઘને હતું અને આચાર્યને તે પ્રસંગે હતું પણ તેથી ચોથનો ઘેચો આખા દેશમાં કેમ ઘાલ્યો?" ઘેંચા શબ્દથી ગભરાશો નહિ! જરા વિચાર કરોતો બીજે વર્ષે પંચમી કરે તો ત્રણસેં એકસઠ થાય: અનંતાનુ બંધી થાય: શ્રી કાલિકાચાર્ય કેન્દ્રે હોઈ આખા દેશે કેન્દ્રનું કાર્ય કબુલી લીધું.

જે મુદ્દાએ પંચમી, એજ મુદ્દાએ ૩૬૧ નો પ્રશ્ન પણ ખરોને!

વર્તમાનમાં પણ કેન્દ્રના આધારે જ આખા દેશે વર્તવું પડે.

જેમ શ્રી મહાવીર ભગવાનના વખતમાં મગધ કેન્દ્ર હતું, શ્રી કાલિકાચાર્યના વખતમાં પેઠણપુર એ કેન્દ્ર હતું તેમ આજે આખા હિન્દુસ્તાનમાં કેન્દ્ર તરીકે જોધપુર ગણાય છે અને ત્યાંના ગણનાને કલકત્તાનો, મદ્રાસનો, પંજાબનો આખા દેશનો સંઘ માને છે. જોધપુરનું ચંડાશુ ચંડુ પંચાંગને આખા સંઘે પ્રમાણભૂત કેન્દ્રના હિસાબે ગણ્યું છે. એ પંચાંગમાં બીજનો ક્ષય છે એટલે આરાધના માટે એકમનો ક્ષયજ ગણાય–કેમકે

**'क्षये पूर्वा तिथि कार्या'**

કોઇની જન્મ ગાંઠ તૂટી? આજે કોઈની જન્મગાંઠ હોય તો ક્યારે ઉજવો? ન ઉજવો? **क्षये पूर्वा तिथि कार्या**માં વિધાન તિથિનું છે. તિથિનો ક્ષય હોય ત્યારે આરાધના માટે પ્રથમની તિથિનું વિધાન છે. આરાધના માટે ખરૂં પણ વિધાનમાં શબ્દો તિથિના છે.

તત્ત્વતરંગિણીમાં પ્રશ્ન છે કે–ઉદયવાળી તેરશ ન માનો, ઉદય વગર ચૌદશ માનો, તેરસમે ચૌદશ કહો?

શાસ્ત્રકાર ઉત્તર આપે છે: પર્વતિથિ ક્ષય સંબંધે તેરસ બોલેજ નહિ: ચૌદશજ બોલાય.

**क्षयेपूर्वा**નો પાઠ તત્વતરંગિણિમાં પણ છે. પરંપરા પણ તેવીજ ચાલુ છે.

આથી આજે બીજ જાહેર કરવામાં આવે છે. કેટલાક પંચાંગોમાં ત્રીજનો ક્ષય છે: ચંડાશુ ચંડુમાં બીજનો ક્ષય છે, પૂર્વતિથિ ક્ષય ન્યાયે એકમનો ક્ષય ગણતાં આજ બીજ છે. દેવસુરસંઘ એજ રીતિએ વર્તે છે માટે આજે બીજની આરાધના કરવાનું જાહેર કરવામાં આવે છે.

**सर्व मंगल मांगल्यं, सर्व कल्याणकारणं ।**
**प्रधानं सर्व धर्माणं, जैनं जयति शासनम ॥**

卐

॥ શ્રી જિનેન્દ્રાય નમઃ ॥

શ્રી જાત મૃતક સૂતકોત્થાપક નૂતનપંથમત ખંડનયુક્ત

# શાસ્ત્રીય પૂરાવા સંગ્રહ.

ખંડનકર્તા : મુનિ શ્રી ચન્દનસાગરજી.

જૈનસમાજમાં જન્મ અને મરણ પ્રસંગે સૂતક માનવાની પાળવાની વાત પ્રચલિત છે. આ વાતને પણ નવીન મતિઓ-રામચંદ્ર સુરિ અને તેમના માર્ગને અનુસરનારાઓ સૂતકનેજૈનસમાજમાંથી ઉખેડી નાખવાનું મંથન કરી રહ્યા છે જૈનશાસ્ત્રોમાં સૂતક જેવું કંઈ છેજ નહિં સૂતક એ તો લોકવ્યવહાર છે, આપણને લોકવ્યવહાર સાથે કંઇ લાગતું વળગતું નથી, સૂતકના બ્હાને વ્હોરાવનારને અંતરાય શા માટે કરાય ? આવા મિથ્યા બકવાદો કરી ઉપદેશો આપી ભમાવી રહ્યા છે. આવું ભમાવવામાં તેમની પાસે તિથિ ચર્ચાની માફક કંઈ પણ આધાર નથી ! હીર પ્રશ્નનો તેઓ આધર આપે છે તે પાઠનો સિધો અર્થ નહીં કરતાં જૂઠોજ તેનો અર્થ કરી સૂતકને તેઓ ઉત્થાપે છે. રામચંદ્રસુરિના મતને અનુસરતા જંબુવિજય જેમનું નામ હાલ જંબુસુરિ છે તેમના તરફથી તેમની દેખરેખ નીચે પ્રસિદ્ધ થયેલી ચોપડીઓ દાનપ્રશ્નોત્તર ભાગ પહેલામાં નવપદ આરાધના વિધિની ચોપડીમાં, પ્રશ્નોત્તર ત્હોતેરીમાં, નિત્ય નિયમની ચોપડીમાં પર્વ તિથિ પ્રકાશમાં, તિથિસાહિત્યદર્પણમાં અને છેલ્લે હીરપ્રશ્નોત્તર ભાષાંત્તરમાં સૂતક નહિ પાળવા માટેના ઉપર કહ્યા તેવા ભાવાર્થના જુઠાજ પ્રચાર કર્યા છે. વીરશાસનમાં પણ પશ્નોત્તરના નામે પણ પહેલાં જુઠોજ પ્રચાર કર્યે રાખ્યો છે. જેનો ખોટોજ અર્થ કરી ધર્મી આત્માઓને ભોળવે છે. તે હીર પ્રશ્નમાં શું કહયું છે.

શ્રી હીરપ્રશ્ન ચોથો ઉલ્લાસ પ્રશ્ન ૧૮

येषां गृहे पुत्रपुत्रीजन्म जातं भवति तद्गृहमनुजाः खरतरपक्षे स्वगृहपानीयेन देवपूजां न कुर्वन्ति, तद्गृहे दशदिनानि यावन्न विहरन्ति, तदक्षराणि कुत्र संति ? आत्मपक्षे चैतदाश्रित्य को विधिरिति प्रश्नेऽत्रोत्तरम अत्र यद्गृहे पुत्रपुत्रीजातो भवति तद्गृहपानीयेन देवपूजा न शुध्यति अक्षराणि शास्त्रे ज्ञातानि न संति इति. तथा तद्गृहे विहरणमाश्रित्य यस्मिन् देशे यो लोकव्यवहार-स्तदनुसरेण यतिभिः कर्तव्यं, दशदिननिर्बन्धस्तुशास्त्रे ज्ञातो नास्तीति ।

અર્થઃ—જેના ઘરમાં પૂત્રપૂત્રીનો જન્મ થયો હોય તેના ઘરના મનુષ્યો ખરતર પક્ષમાં પોતાના પાણીથી દેવની પૂજા કરતા નથી ! (તો) તેવા અક્ષરો કયા ગ્રન્થમાં છે ? તથા આપણામાં તેના

માટે શું વિધિ છે? તેના ઉત્તરમાં જણાવે છે કે-જેના ઘરમાં પૂત્રપૂત્રીનો જન્મ થયો હોય તેના ઘરના પાણીથી દેવપૂજા શુદ્ધ થતી નથી તેવા અક્ષરો (શાસ્ત્રમાંથી માગો છો તો) શાસ્ત્રમાં જાણુવામાં આવ્યા નથી. અર્થાત્ હોય તો ના કહી શકાય નહી.

**નોટ-૧.** વાચકોએ અહિં ખ્યાલ રાખવો કે ભીક્ષા જેવી વસ્તુ વગેરે પણુ જયાં કલ્પતી નથી તેવા સ્થાનના પાણીથી જીન પૂજા તો થાય જ શાની?

૨. સૂત્રકાર મહર્ષિ તેવા અક્ષરો શાસ્ત્રોમાં નથી તેમ કહેતા નથી પણુ જાણુવામાં આવ્યા નથી તેવું **ज्ञातानि** શબ્દ મુકીનેજ જણુાવે છે.

**પ્રશ્ન ૨:**—સૂતકવાળાના ઘરે દશ દિવસ સુધી વહોરવા જતાં નથી તો તે અક્ષરો કયાં છે?

**સૂત્રકાર મહર્ષિનો ઉત્તર:**—સૂતકવાળાને ઘરે વહોરવા જવાના આશરીને જે દેશમાં જે લોકવ્યવહાર હોય તે અનુસારે સાધુઓએ કરવું. દશ દિવસનો આગ્રહ શાસ્ત્રમાં જાણ્યો નથી ઇતિ.

**નોટ-**ઉત્તરદાતા જણુાવે છે કે-જે દેશમાં જે લોકવ્યવહાર હોય તે અનુસાર સાધુઓએ કરવું-વર્તવું. દશજ દિવસો પાળવા અને વધુ દિવસો ન પાળવા આવું કથન કરનારને માટેજ આ જુવાબ છે કે **'दशदिन निर्बन्धस्तु शास्त्रे ज्ञातो नास्तीति'** દશ દીવસનો આગ્રહ શાસ્ત્રમાં જાણ્યો નથી.

ઉપરના કથનને સૂતક માટે શાસ્ત્રમાં કાંઈ પ્રતિબન્ધ જ નથી આવો જૂઠો અર્થ કલ્પીને પૂ૦ હીરસૂરીજી મહારાજના નામે જનતાને ભમાવાનું કારમું કૃત્ય કરે છે અને સુતકની માન્યતાને ઉડાડી દેવા મંથન કરે છે.

શાસ્ત્રકાર મહારાજાઓ સુતકવાળા ઘરનો આહાર, વસ્ત્ર વગેરેને લેવા માટે સ્પષ્ટ નિષેધ કરે છે તે શાસ્ત્રકાર મહારાજા-સૂતકીના ઘરના પાણીથી જીનપૂજા થઇ શકે તેવું કહે છે આવું માનવા કયો બુદ્ધિમાન મનુષ્ય તૈયાર થાય? **'दश दिन निर्बन्धस्तु शास्त्रे ज्ञातो नास्ति'** એ શ્રી વિજયહીરસુરિજી મહારાજાના 'એ સાથે લોક વ્યવહારને પણુ પળાવવાના' અત્યંત શુભ આશયનો આ નવીનોની માફક પૂર્વે કોઈ દૂરૂપયોગ કરતા હોય તેઓને અટકાવવા માટે પંડિતશ્રી ધનહર્ષગણિ મહારાજે એજ શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજશ્રીના પટ્ટધર શ્રી વિજયસેનસૂરીશ્વરજી મહારાજના શ્રી સેન પ્રશ્ન ઉલ્લાસ ત્રીજાના ૨૯૦મા પ્રશ્નમાં સુતક સમ્બન્ધીમાં શ્રી વ્યવહારસૂત્રની વૃત્તિ દશ દિવસ વર્જવાનું કહે છે. અને શ્રી હીરસૂરિજી મહારાજ તો દશ દિવસનો નિર્બંન્ધ જાણ્યો નથી એમ કહે છે તેનું કેમ? આ પૂછેલા પ્રશ્નના સમાધાનમાં પૂ૦ શ્રી સેનસૂરીશ્વરજી મહારાજ શું કહે છે:

**व्यवहार सूत्रवृत्तौ सूतकविषये यद् दशदिनवर्जनं, तद्देशविशेषपरत्वेन, ततो यत्र देशे सूतकविषये यावानवधिस्तावन्ति दिनानि वर्जनीयानि, तेन प्रश्नोत्तरग्रन्थेन सह नकोऽपि विरोध इति–**

**અર્થ:**—'શ્રી વ્યવહારસુત્રની વૃત્તિમાં સુતક સંબંધી જે દશ દીન વર્જવાના કહ્યા છે તે

દેશ વીશેષને આશ્રી કહેલ છે, તેથી જે દેશમાં સુતક સંબંધી જેટલા દિવસની મર્યાદા હોય તેટલા દિવસ વર્જવા. આથી પ્રશ્નોત્તર ગ્રન્થની સાથે કોઇપણ વિરોધ આવતો નથી' આ રીતે સ્પષ્ટ ખુલાસો જણાવવા વડે વ્યવહારસુત્રવૃત્તિનો **दश दिन निर्बंधस्तु** વાળા પાઠથી અને એથી વધીને લોકવ્યવહાર પ્રમાણે વધુ દિવસ સુતક વર્જવાનું સાફ સમાધાન કરીને વિધાન કરે છે જ્યારે સૂતકને ઉઠાવવાની વૃત્તિવાળા રામમાર્ગીઓ શ્રી સેનસૂરીશ્વરજી મહારાજના સમાધાનને પૂ૦ શ્રી હીરસુરિજીના પાઠના ખુલાસા તરીકે જાહેર કરીને જનતાને ઠગે છે.

સૂતક સમ્બન્ધી શ્રી વિજયસેનસૂરીશ્વરજી મહારાજે આપેલ સમાધાનને શ્રી હીરપ્રશ્નના પાઠના ખુલાસાનું ઉપનામ આપે છે, તેમાં તેઓ સુતક ઉત્થાપવાની ઘેલછાનું જ પ્રદર્શન કરે છે. પોતાની અજ્ઞાનતાના પ્રતાપે શ્રી વિજયસેનસુરીજી મહારાજશ્રીજીના નામે શ્રી હીરસૂરીજી મહારાજ ઉપર આરોપ પણ કરવાની નાલાશી વાપરે છે.

વાંચક મહાશયોએ એ ખ્યાલ રાખવો કે બે વાતના વાંધાનું સમાધાન હોય છે.

જુઓ-શ્રી સેન પ્રશ્નમાં

"ततो यत्र देशे सूतकविषये"

આ પાઠથી જે દેશમાં જે સુતક વિષય લોકવ્યવહાર હોય તે પ્રમાણે અનુસરવાની વાત કરે છે. તે 'આ' નુતનમાર્ગીઓ કેમ જોતા નથી?

શ્રી હીરસુરિકૃત સુતક વિષયક પ્રશ્ન ગ્રન્થમાં—

"यस्मिन् देशे यो लोकव्यवहारस्तदनुसारेण यतिभिः कर्तव्यम्"

જે દેશમાં જે લોકવ્યવહાર હોય તે અનુસારે સાધુઓએ કરવું.

"दशदिननिर्बन्धस्तु"

દશ દિવસ માનવા એવો ત્યાં આગ્રહ નથી.

**વધુ દિવસો દેશાચાર અને કુલાચાર પ્રમાણે પાળવાના હોવાથી આ જુવાબ છે કિન્તુ નૂતનપંથીઓના મત પ્રમાણે સૂતક ન પાળવા માટે તો નથી જ.**

**श्रीकल्पसूत्रमां पृष्ठ ८५**

**"द्वादशे च दिवसे संप्राप्ते सति भगवन्मातापितरौ विपुलं अशनं पानं खादिमं च उपस्कारयतः"**

ચરમ તિર્થંકર ભગવાન્ મહાવીર પ્રભુના પણ જન્મ પછી બારમે દિવસે જ્ઞાતિ જમણ આપવા માટે–બારમો દિવસ પ્રાપ્ત થયો છે તે ભગવાનના માતપિતા ઘણું એવું અશન, પાણી, ખાદિમ અને સ્વાદીમાદિ એકઠું કરે છે. (ચાલુ ટાઈટલ પાનું ચોથું)

મુંબાઈ નગરીમાં જન્મ પામેલા આ માસિકે પોતાનો બાલ્યકાળ નિર્વિઘ્ને વીતાવીને યુવાવસ્થાના યુગોમાં પ્રવેશ કરવાની ઈચ્છાપૂર્વક ભૂતપૂર્વમાં જે કાંઈ કર્યું અને કરાવ્યું છે, જે કાંઈ લખ્યું છે અને લખાવ્યું છે, અને જે કાંઈ પ્રચાર કર્યો છે અને કરાવ્યો છે તેથી પણ વિશિષ્ટ કાર્યવાહીઓને કરવા, કરાવવા, પ્રચારવાદિ; સાધનદ્વારાએ કરી છુટવાના અનેકવિધ મનોરથોને સફલીભૂત કરવાના નિર્ણય સાથે **આ માસિક નવિન વર્ષમાં પ્રવેશે છે.**

વર્ષની સંખ્યા શત કે સહસ્ત્ર બને અને તે કાળમાં દૈનિક, સપ્તાહિક, માસિક, ત્રિમાસિક કે વાર્ષિકપત્રો અને અહેવાલો જે કાર્ય ન કરી શકે તે કાર્ય આ માસિકે કરીને અજોડ શાસનસેવા બજાવી છે. હાથકંકણને આરિસાની જરૂર નથી તેવી રીતે દશ વર્ષની કાર્યવાહીઓ સાક્ષીરૂપ છે. નિયમિત વાંચન આપવાના અમારા મનોરથો હંમેશ એક સરખાં હોવા છતાં શાસન માથે અણધારી આવી પડતી આપત્તિઓના ઉકેલ માટે અને શાસન શત્રુઓ તરફથી થતા અનેક વિધ પ્રચાર કાર્યથી ચતુર્વિધ સંઘના ડોળાયેલ વિચાર–વાતાવરણ અને શ્રદ્ધાને નિર્મળ બનાવવા હમારે હરેક પળે તૈયાર રહેવું પડે છે તેથીજ અનીયમીતતા થઇ જાય છે માટે સુજ્ઞવાંચકો ક્ષમા કરશે એવો અભિલાષા પૂર્વક **આ માસિક અગીરયારમાં વર્ષમાં પ્રવેશે છે.**

તંત્રી.

# જાહેર ખબર

## અખીલ ભારતવર્ષીય શ્રી વર્ધમાન તપ

## સહાયક સમીતી, મુંબઈ.

જે જે સ્થળોએ શ્રી વર્ધમાન તપ આયંબીલ ખાતાંઓ ચાલતાં હોય અને તે ખાતાંઓને અત્યારના સમયની વધુ પડતી મોંઘવારીને લઇને ચાલુ રાખવામાં નડતી મુશ્કેલીઓ દૂર કરવાનો તેમજ જરૂર પડતી મદદ કરવાનો અને તે ખાતાંઓ બરાબર ચાલુ રહે એ અંગે માર્ગદર્શન કરવા–કરાવવાનો છે. ચાલુ ખાતામાં જે સ્થળે વધારો હોય તે આ સમીતીપર મોકલી આપવા અને આર્થીક સ્થીતીને અંગે તોટો હોય તો રીતસર માગણી કરવા નીચેના ઠેકાણાથી ફોર્મ મગાવી ભરી મોકલવા સુચના કરવામાં આવે છે.

પત્રવ્યવહાર કરવા માટેનું ઠેકાણું

૧. શ્રી ગોડીજી પાર્શ્વનાથજીની પેઢી, ૧૨, પાયધુની મુંબઇ નં૦ ૩

૨. શ્રી જમનાદાસ મોનજી ઝવેરી, બુલીઅન એક્ષચેન્જ હોલ મુંબઇ ૨.

( પાના ૧૯નું ચાલુ )

અત્યંત વિશુદ્ધ પુદ્‌ગલવાળા ભગવન્તના પણ જન્મમાં તેઓશ્રીના માતાપિતાએ જન્મસૂતકની મર્યાદા સાચવીજ છે.

ભગવન્તના પિતા પાર્શ્વનાથ ભગવન્તના સંતાનીયા છે.

નોટ-આ હકીકત તો દરેક જૈનો દરવર્ષે કલ્પસૂત્રના શ્રવણમાં સાંભળે જ છે.

**श्रीमहावीरचरियं-पृष्ठ १२४**

**" आगए य एकारसदिवसे जहा भणियविहाणेण सुइज्जाइ कम्ममवणेत्ति बारमदिवसंमि नाणाविहखंजगसमेयं बहुपगारखण्डखज्जपरिपुन्नम् "**

ભગવન્ત મહાવીર પ્રભુના જન્મ પછી અગીઆરમો દિવસ આવે છે તે જેવી રીતે કહેલું છે તેવી રીતના વિધાને કરી જન્મસૂતક કર્મને દુર કરે છે. બારમા દિવસે વિવિધ પ્રકારના શાકોએ કરી યુક્ત ઘણા પ્રકારનાં ખાંડનાં ખાજાં વગેરેથી પરિપૂર્ણ કરે છે.

**उत्सूत्रखण्डनम्—અને—समाचारी**

**" सूतकं हानिवृद्धिभ्यां, दिनानि त्रीणि द्वादश ।**

**" प्रसूतिस्थानमासैकं, वासराः पंच गोत्रिणाम् ॥**

સદરપાઠથી સુતકમાં ઓછામાં ઓછા ત્રણ દિવસ અને વધુમાં બાર દિવસ સુનથા પ્રતીસ્થાન-જન્મસ્થાન એક માસ તેમજ ગોત્રીઓને પાંચ દિવસ આ પ્રમાણે વર્જવાનું કહ્યું છે.

**सामाचारी पृष्ठ ६२**

**" यद्दिने सूतके जाते, गते द्वादशके दिने ।**

**जिनाभिषेकपूजायां, पात्रदानेन शुध्यति ॥**

જે દિવસથી સૂતક ઉત્પન્ન થયું હોય તે દિવસથી બારમો દિવસ ગયા પછી સુપાત્રના દાન દેવા વડે જીનેશ્વર ભગવન્તનો અભિષેક અને પૂજા કલ્પે છે.

**श्री सेन प्रश्न बीजो उल्लास प्रश्न ११८**

**" प्रसूतापत्या स्त्री संघट्टनादि दशदिनानि न करोतीति लोकरीतिः, तत्रापि देशविशेषे कचिन्न्यूनाधिकत्वमपि "**

સુવાવડી સ્ત્રી ઘરમાં સંઘટ્ટાદિને (અડકવાદિને) દશ દિવસ સુધી કરતી નથી એ લોકવ્યવહાર છે. દેશ વિશેષમાં કેટલેક સ્થાને ઓછા વત્તાપણું છે તે માનવાનું છે.

નોટ-૧ કડવા મતવાળાઓ ત્રીશ દિવસના લોકવ્યવહારને અવહેલતા નથી. (અપૂર્ણ)

# શ્રી સિદ્ધચક્ર.

!!! વં....દ....ન....હો.... !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः
सिद्धाः निष्कर्मविद्धा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशाः
मोक्षाध्वालंबनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत् ॥२॥


શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

[ ધનજીસ્ટ્રીટ: ૨૫, ૨૭ ]

વર્ષ ૧૧ ] અંક ૨-૩ જો.

વિક્રમ સં. ૨૦૦૧, વીર સં. ૨૪૭૧. તા. ૧૭-૪-૪૫ મંગળવાર

લવાજમ રૂ. ૨-૦-૦ કિંમત ૨।। આના.

# પુનાવાળા ડૉ. પી. એલ. વૈદ્યને ખુલ્લી ચેલેંજ.

હમો નીચે સહી કરનારા આ લખાણથી તમને ચેતવીએ છીએ કે ૩-૬-૪૩ વાળું તમારૂં લખાણ જૈન ધર્મની સંસ્થા, સંઘ ને સમાજની આગલ રજુ કરીને નીચેના કારણોસર તેઓ માટે જલશરણ કરાવીએ તે વખત તમારા તરફના બચાવો પણ તેઓ વિચારી શકે માટે એક પખવાડીઆની અંદર તમારા બચાવો જાહેર કરવાની જરૂર હમોને લાગે છે.

**તમારા તે લખાણને જલશરણ કરવાની વિનતીમાં હમો નીચેના કારણો જોડીએ છીએ**

૧ જે મુદ્દા ઉપર નિર્ણય કરવાનો હતો તે મુસદ્દાનું લખાણ તમે રજુ કર્યું નથી.

૨ શાસ્ત્રોના આધારે લખાણ કરવાની જવાબદારીની જગો પર તમોએ નીચે જણાવ્યા પ્રમાણે હમારા પૂજ્ય અને પવિત્ર શ્રી ભગવતિ અને નિશીથ શાસ્ત્રો જેવાંને જુઠાં, અપ્રમાણ અને અસિદ્ધ જણાવ્યાં છે.

૧. પૃ. ૪ " जीतव्यवहारसिद्धयै चैभिरुदाहृतानि शास्त्राणि शास्त्राभासानीति "

૨. પૃ. ૨૦ " यानि शास्त्राणि समुपन्यस्तानि तानि शास्त्राभासान्येवेति "

૩. પૃ. ૧૬ " यानि तैः शास्त्राण्युपन्यस्तानि तेषां प्रामाण्यमेव वयं न सहामहे "

૪. પૃ. ૨૩ " जीतव्यवारसिद्धये चैभिरुदाहृतानि शास्त्राणि शास्त्राभासानीति "

૩ લખાણને મોકલવાના નિયમ પ્રમાણે તમે વર્તેલા નથી.

૪ શાસ્ત્રના પાઠોની તમે કરેલી ફારફેરી માટે તમોએ જુવાબદારી અદા કરી નથી

૫ નિયમ પ્રમાણે ઉભય પક્ષની દલીલો અને તેના સમાધાનો તે લેખમાં તમે કર્યા નથી.

૬ શ્રી વિજયદેવસૂરિજી કે જેઓ વર્તમાન તપાગચ્છના સાધુ મહાત્માઓ વિગેરેના મૂળ પુરૂષ છે-તેમની બદનક્ષી તે લખાણમાં સ્પષ્ટ શબ્દોથી તમે કરી છે.

ઉપર જણાવેલા કારણો સિવાયના પણ બીજાં કારણો હમારા સાધર્મી બંધુઓ રજુ કરવાના છે, પરંતુ હમારી ધ્યાન પ્રમાણે ઉપર જણાવેલા ખુલાસાઓ કરવાની તમને આ તક છે.

**૧ રતીલાલ ફુલચંદ મ્હેતા પાલીતાણા**
**૨ શા. વસંતલાલ પાનાચંદ પાટણવાલા મુંબઇ**
**૩ ગુલાબચંદ કસ્તુરચંદ સુરતવાળા મુંબઇ**
**૪ શા. જેસીંગભાઈ સાંકળચંદ**
**૫ રતીલાલ ભીખાભાઈ**

C/o. પોષ્ટ બોક્ષ નં. ૭૭૦ મુંબઈ.

**૬ દીપચંદ મગનભાઇ સુરત**
**૭ શાહ નરોત્તમ ભગવાનદાસ**

# શ્રી સિદ્ધચક્ર.

તંત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.

વર્ષ ૧૧. | કાર્તિક-માગશર. [ અંક ૨-૩.


# આગમોદ્ધારકની અમોઘદેશના.

વ્યાખ્યાતાઃ—આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી. આજ્ઞાગ્રાહ્ય પદાર્થને પીછાણવાની રીત, જીવોનું મૂલ-સ્થાન, વિજ્ઞાન ભૂમિકાની વિશિષ્ટતાઓ; ધર્મરત્ન મેળવવાની અમોઘ કળા.

## આજ્ઞા-ગ્રાહ્ય પદાર્થ.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજ ધર્મરત્ન પ્રકરણ કરતાં થકાં આગળ ૨૧ ગુણ તથા તેનું સ્વરૂપ દ્રષ્ટાંતાદિ જણાવ્યા. તેથી શ્રવણભૂમિ અને જ્ઞાનભૂમિ પોતાને પ્રાપ્ત થવી તે પણ વસ્તુ આ જીવને નવી નથી. સામાન્ય દૃષ્ટિએ ભલે નવું હોય પણ આર્યક્ષેત્રાદિ મળે ત્યારેજ શ્રવણ જ્ઞાન મળે છે, એ અપેક્ષાએ આશ્ચર્ય છે. રખડતાં જે અનંતોકાળ ગયો તે અપેક્ષાએ શ્રવણજ્ઞાન પ્રાપ્ત થાય તે આશ્ચર્ય નથી. તે અનંતી વખત મળી ગયું. જેને વ્યવહાર રાશીમાં આવ્યા અનંતોકાળ થયો છે તેને માટે આ વાત છે. જેઓ વ્યવહાર રાશિમાં સંખ્યાતો અસંખ્યાતો કાળ થયો હોય તેને માટે આ વાત નથી. અનંતી વખત સમ્યકત્વની કરણી કરી સર્વવિરતિ દેશ-વિરતી આદરી દેવલોક ગ્રૈવેયકમાં ગયો. અવ્યવહારમાંથી નીકળી વ્યવહારમાં આવ્યાને અનંતોકાળ થયો છે તેવા માટેજ આ વાત છે. વ્યવહાર રાશી અવ્યવહાર રાશીના જીવો કયા ? એ કયારે ઓળખીએ ? સમજો વ્યવહાર રાશીમાં એ લોકાનુભાવે સ્થીતિ છે. જેટલા જીવ મોક્ષે જાય તેટલા જીવ અવ્યવહાર રાશીમાંથી વ્યવહાર રાશીમાં આવે એવું બંધારણ શા કામનું? વ્યવહાર રાશીમાંથી મોક્ષે જાય તેથી ઓછા આવે અગર વધારે આવે તો અડચણ શી ? વ્યવહારમાંથી મોક્ષે જાય તેટલા અવ્યવહારમાંથી વ્યવહાર રાશીમાં આવે. આ નિયમ બાંધ્યો છે. આ પદાર્થ આજ્ઞાગ્રાહ્ય છે, અને જગતનો સ્વભાવ એવો દેખ્યો તેને અંગે નિરૂપણ કર્યું છે. સામાન્ય રીતે આજ્ઞાગ્રાહ્ય પદાર્થ અંગે આજ્ઞાથી જે પદાર્થ જાણી શકાય તેવો હોય કે જેમાં દ્રષ્ટાંતનો વિષય ન હોય. પદાર્થ બે પ્રકારના છે કેટલાક આજ્ઞાથી માની શકાય તેવા અને કેટલાક આજ્ઞા તથા દ્રષ્ટાંત યુક્તિથી માની શકાય તેવા એટલે તેમાં દ્રષ્ટાંત યુક્તિ પણ હોય. દ્રષ્ટાંત ને યુક્તિ એ આજ્ઞાથી વિરોધી છે એમ નહીં. આજ્ઞા દ્રષ્ટાંત યુક્તિથી વિરોધી નથી તો પછી બે ભાગ કેમ ? કેટલાક પદાર્થો એકલા આજ્ઞાથીજ માનવાના હોય. કેટલાક આજ્ઞાથી માનવા સાથે એમાં દ્રષ્ટાંત યુક્તિ પણ હોય. આજ્ઞાગ્રાહ્ય તરીકે લઈએ તો તીર્થંકરોએ અને કેવળીઓએ લોક સ્વભાવ દેખી નિરૂપણ કર્યું કે જેટલા વ્યવહાર રાશીમાંથી મોક્ષે જાય તેટલા અવ્યવહાર રાશીમાંથી વ્યવહાર રાશીમાં આવે. દેખનારા

કેવળજ્ઞાની સર્વકાળ જીવ અને અવસ્થા દેખનારા કેવળજ્ઞાની સર્વકાળ જીવ અને અવસ્થા દેખનાર હોવાથી તેમણે આ નિયમ ઘડી કાઢયો. એમના કેવળજ્ઞાને સર્વકાળ એવા દેખ્યા. એક સરખી સંખ્યા દેખી ત્યારે નિયમ બાંધ્યો કે વ્યવહાર રાશીમાંથી મોક્ષે જાય તેટલા અવ્યવહાર રાશીમાંથી વ્યવહાર રાશીમાં આવે. જેમ સૂર્યનો ઉદય થાય એટલે દિવસ ઉગે. દિવસ ઉગવાનો હોય તો સૂર્યનો ઉદય થાય. સૂર્ય કારણ અને દિવસ કાર્ય, તેમ કાર્ય કારણભાવ અહીં નથી. **મોક્ષે જવાનું તે પોતાના સમ્યગ્દર્શનાદિના પ્રતાપે અને વ્યવહાર રાશીમાં આવવાનું તે અકામ નિર્જરાના પ્રભાવે.** બન્ને સ્વતંત્ર બનવાવાળા છતાં છે નિયમિત મોક્ષે જવું એવીજ આત્મામાંની સ્થીતિ હોય છતાં પરસ્પર કાર્ય કારણભાવ નથી, પરન્તુ સંખ્યાનો નિયમ છે. સિદ્ધપણાનું કાર્ય-કારણપણું નથી તો નિયમિતપણું શી રીતે માનવું ? તે માટે તેને આજ્ઞાગ્રાહ્ય લઇએ છીએ. કેવળ જ્ઞાનથી જે સ્થીતિ દેખી તે અહીં જણાવી છે. કેટલાક સહચરિત પદાર્થો હોય છે. સહચરિત પદાર્થોમાં રસ થાય તો રૂપ થાય છે. જો કે રૂપ રસનું કારણ નથી અને રસ રૂપનું કારણ નથી. રસ રૂપ એ ફળમાં થનારી સ્વતંત્ર ચીજ છે. રસરૂપને નથી કરતો અને રૂપ રસને નથી કરતો છતાં બન્ને થનારા હોય છે. આંખના બન્ને ડોળા સહચરિતપણે એવી રીતે વર્તે છે. જયારે એક આમ જાય ત્યારે બીજો ડોળો આમ આવે તે પરસ્પર કાર્ય કારણપણે નથી તો પણ સાથે જરૂર થાય છે, તેમ એક જીવનું મોક્ષે જવું ને અવ્યવહારમાંથી વ્યવહાર રાશીમાં એકનું આવવું. જેટલા મોક્ષે જાય તેટલા વ્યવહાર રાશીમાં આવે. સિદ્ધપણું થાય તે અવ્યવહારીને વ્યવહારી કરી દેતો નથી. પરસ્પર કાર્ય કારણભાવ જન્યજનકભાવ નથી, છતાં નિયમિત છે, તે આજ્ઞાથી સમજી શકાય છે. છતાં દૃષ્ટાંત ઉપર વિચારીએ તો કહી શકીએ કે વ્યવહાર રાશીને લાયક જીવ તેટલા રહેવા જોઇએ કે જેટલા ઓછા થાય તેટલા રહેવા જોઇએ.

## સંસાર નગર ખાલી થઇ જશે.

ઉપમિતિભવ-પ્રપંચામાં જણાવ્યું છે કે એક જીવને મોક્ષે મોકલ્યો, મારો સંસાર ખાલી થશે. આ ધર્મરાજા કેડ બાંધીને બેઠેલો એક એકને પાછો અહીં મોઢું ન બતાવે તેમ નિવૃત્તિ નગરીએ લઇ જાય છે. મારે વસ્તી ખુટે છે હવે શું કરવું ? લોકસ્થીતિ કર્મરાજા પાસે ગઇ. કર્મરાજા તેને કહે છે કે તારા ઘરની તને માલમ નથી. ત્યાં જઇ નિગોદના ઓરડા બતાવ્યા. એ કેટલા લઇ જશે ને અહીં કેટલા છે ? ત્યાં લોકસ્થીતિ સ્તબ્ધ થઇ ગઇ. ધર્મરાજાના બાપના બાપ આવે ચાહે જેટલા લઇ જાય તો પણ મારા ઓરડા ખાલી થાય એમ નથી. એક ઓરડાનો અનંતમો ભાગ હજુ ખાલી થયો છે, એવા અસંખ્ય ઓરડા છે; તેવા અસંખ્યાત ઓરડાઓ તે પણ બે પ્રકારના ઓરડા, એક જાહેર ને એક ખાનગી સૂક્ષ્મ નિગોદ અસંખ્યાતી, જેમાં એકમાં અનંતા જીવ; અને ખાનગી મીલકત જે બાદર, લીલફુલ, જમીન, કંદ તે બાદર ઓરડાઓ તે બેમાંથી કોઇપણ તપાસી લો. એકનો અસંખ્યાતમો ભાગ હજુ લઇ જઈ શકયો નથી. વેપારમાં વપરાતી લક્ષ્મી ઓછી થાય તો પણ શું ? ભોંયરામાં એ પડેલી આબરૂ ન રાખે ? જરૂર રાખે. ફરતી લક્ષ્મી આબરૂ રાખે તો શું પુરી મુકેલી લક્ષ્મી કામ ન આવે ?; જરૂર આવેજ.

## વ્યવહાર રાશી વેપારની ફરતી મુંડી.

બાદર-સૂક્ષ્મ નિગોદીયા ભંડારની મૂડી. ફરતીમાં જેટલું ખુટે તેટલું ખાનગી ભંડાર-

માંથી ઉમેરવું તો વેપાર ધીકતો રહે. તેમ આ જાહેર મુડી તેમાંથી જેટલા મોક્ષે જાય ને ઘટ થાય તેટલો ભાગ ખાનગી મીલકતમાંથી લાવી વેપારમાં ઉમેરે. જ્યાં દેખે છે ત્યાં સ્તબ્ધ થાય છે. આપણામાં પણ કહે છે કે આ ચોવીશીમાં અસંખ્યાતા ગયા ને આવતી ચોવીશીમાં અસંખ્યાતા જશે. એમ દરેક કાળે અસંખ્યાતા જશે. નવા જીવ સંસારમાં આવવાના નથી. તો અસંખ્યાતા જતા કોઇક ને કોઇક દહાડો તો છેડો આવશેને.

## ટાંકણી પર આવેલ પાણીનું બિંદુ.

આવું કહેનારાને સમજવાનું છે. મોતીભાઇ દરીયાના કીનારે હતા. કસ્તુરભાઇ આવ્યા. ટાંકણી કાઢી પાણીમાં બોળી ખંખેરી નાંખી. ટાંકણી પાછી ઘાલી દીધી. તમારા જેવા હજારો આવે ને આમ દરિયામાં ટાંકણી ઘાલે તો આખો દરીયો ખાલી થઈ જાય? એકજ મુદ્દાથી ટાંકણી ઉપર પાણી કઇ સ્થિતિનું ને કેટલું હોય કે જેમાં દરીયો ખાલી થઇ જાય તેવી કલ્પના કોણ કરે?, દરીયાનું સ્વરૂપ ન સમજે તે. દરીયાનું સ્વરૂપ જાણનાર ખાલી થવાની કલ્પના ન કરે. ટાંકણી બોળવાથી દરીયો ખાલી થવાની કલ્પના શી રીતે કરો?, એક ટાંકણી ઉપર જે પાણી આવ્યું તે દરીયાનું પાણી જેટલા ગણું વધારે છે તેનો ગુણાકાર કરી જુઓ અને ટાંકણી ઉપર લાગેલા પાણી કરતાં દરિયાનું પાણી કેટલા ગણું છે? તે વિચારો. જંબુદ્વિપની આસપાસ રહેલો લવણસમુદ્ર બેલાખ જોજન એવો મોટો છતાં એ દરીયો જેટલો મોટો છે તેના કરતાં મોક્ષ ગએલા જશે ને જાય છે એ બધાને ભેળાં કરો તો અસંખ્યાતી બાદર સૂક્ષ્મ નિગોદને તો રહેવા દો પણ એકજ નિગોદના જીવ સામા મુકો તો ગયા જશે ને જાય છે તેટલાને ટાંકણી જેટલા ગણો તો નિગોદના જીવ દરિયા કરતાં મોટી સંખ્યાવાળા છે. તમારી કલ્પનામાં લેવાય તેટલા જીવો કલ્પો. કેવળ જ્ઞાનીના જ્ઞાનમાં કેટલી ચોવીશી જે અનાદિકાળના મોક્ષે ગયા ને જશે (કેવળીની દ્રષ્ટિથી જે જશે તે) તે બધા એકઠા કરીએ તો એક ટાંકણીનું પાણી છે. અનંતી ચોવીશી થઇ ગઇ, અને થશે તે બધામાં જે મોક્ષે ગયા તે એક ટાંકણીના પાણી જેટલા. બધા જીવો એટલે દરિયો જે મોક્ષે ગયા ને જશે તે એકજ નિગોદની સાથે હિસાબમાં લઇએ તો ટાંકણી ને દરિયા વચ્ચે જે આંતરૂં છે તે કરતાં મુક્ત ને સંસારીનું વધારે આતરૂં છે.

## જીવનું મૂળસ્થાન.

આટલા જીવો કેમ મનાય?, મોક્ષે જવાનું જે જ્ઞાનીએ દેખ્યું છે અને જીવનું સ્વરૂપ જે જ્ઞાનીએ દેખ્યું છે તે જ્ઞાનીઓ જીવના યથાર્થ પ્રમાણને કહેનારા છે. જીવ મોક્ષે જાય તે માનવું છે, ને પ્રમાણ નથી માનવું તે કેમ બને? માટે જેટલા વ્યવહાર રાશીમાંથી મોક્ષે જાય તેટલા અવ્યવહાર રાશીમાંથી વ્યવહાર રાશીમાં આવે એ માનવું જોઇએ. અહીં એક વાત ધ્યાનમાં રાખવાની છે. સૂત્રકાર સર્વ જીવોને અવ્યવહાર રાશીમાં જણાવે છે. જીવનું મૂળસ્થાન અવ્યવહાર રાશી છે. આ અપેક્ષાએ બે મત પડે છે. એક મત એ કે અવ્યવહાર રાશી મૂળ હોય તો અવ્યવહારમાંથી મોક્ષે જાય તેજ વ્યવહારમાં આવે. બન્ને પ્રકારની નિગોદોના જીવોને અવ્યવહારમાં લેવા. એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષે ગયો તો બાદર નિગોદો જેટલા મોક્ષે ગયા નથી તેને તમારે વ્યવહાર રાશીમાં ગણવા છે. તેટલા જીવો મોક્ષે જનારા છે એમ માનવું

પડે છે. બાદરને વ્યવહાર રાશીમાં માની લ્યો તો વ્યવહાર રાશીમાં જેટલા મોક્ષે જાય તેટલા માનવા પડે. જ્યારે ન માનો તો બાદર નિગોદ અને સૂક્ષ્મ નિગોદને અવ્યવહાર રાશીવાળા માનવા પડે. વ્યવહાર રાશિ અનાદિની છે. વ્યવહાર રાશીમાં રહેલાને. વ્યવહારને અનાદિ માને તે સૂક્ષ્મ બાદર બન્ને નિગોદ અવ્યવહાર છે. કેટલાકો બાદર નિગોદને વ્યવહારમાં માને છે. લોકોના વ્યવહારમાં પૃથ્વીકાયાદિક આવ્યા તે વ્યવહાર રાશીવાળા કેટલાક એકલી સૂક્ષ્મ પૃથ્વી કાયાદિકને વ્યવહાર માને છે કેટલાક સૂક્ષ્મ પૃથ્વી વિગેરે તથા બાદર સૂક્ષ્મ નિગોદને અવ્યવહાર રાશી માને છે. કેટલાક માત્ર સૂક્ષ્મ નિગોદને અવ્યવહાર રાશી માને છે. કેટલાક ત્રણેને અવ્યવહાર રાશી માને છે. બાદર પૃથ્વીકાયને વ્યવહાર માને તે બધા અવ્યવહારમાં હતા તેમ માની શકે. મોક્ષે ગયા તેટલા આવતા ગયા. એટલે બાદર પૃથ્વીકાયપણે ઉત્પન્ન થાય તો તે માનનારની અપેક્ષાએ વ્યવહાર રાશીમાં આવ્યા ગણાય. કેટલીક સૂક્ષ્મ વનસ્પતિ બાદર નિગોદને, સૂક્ષ્મ પૃથ્વીકાય આદિને વ્યવહાર માનવા. કેટલાક સૂક્ષ્મ નિગોદને વ્યવહાર રાશી માને છે.

## વિજ્ઞાન ભૂમિની વિશિષ્ટતા,

વ્યવહાર રાશીમાં આવ્યાને જેને અનંતો કાળ થયો. કોઇ કયા સંજોગે કઇ સ્થીતિએ અને કોઇ કયા સંજોગે કઇ સ્થિતિએ એમ અનંતી વખત સમ્યકત્વની કરણીની, દેશ વિરતી, સર્વ વિરતિની સ્થીતિ આવી ગઇ તે દરેક વખતે શ્રવણ અને જ્ઞાન એ ચીજ તો મળેલી છે. આમ શ્રવણ જ્ઞાનની સ્થીતિ આવ્યા છતાં પણ વ્યવહાર રાશીમાં આવ્યા અને અનંતોકાળ થયો છે તેને પણ શ્રવણ અને જ્ઞાન બે ભૂમિકા તો ઘણી વખત આવી છે, તો પણ વિજ્ઞાનભૂમિકા આવી ગઇ નથી. હવે ચેતો તો બસ છે. અનંતી વખત શ્રવણ અને જ્ઞાનમાં રહ્યા અત્યારે ત્રીજી ભૂમિકામાં રાખી શકો તો પાર ઉતરી ગયા. વિજ્ઞાનની ભૂમિકામાં આઠ વખત સ્થીર રહે તો ચોક્કસ મોક્ષ મેળવે. મધ્યમતાથી ચાર વખત ને ઉત્કૃષ્ટ રીતિએ એકજ વખત સ્થીર રહ્યા તો તેજ ભવે મોક્ષ મેળવે તે વિજ્ઞાન ભૂમિકા કઇ ? એજ પ્રથમ માલમ પડવી જોઇએ.

ઝવેરાત કોને કહેવું ? તે ન જાણતો હોય તેનું શું થાય ? ગાય, ભેંસ, જાનવર વિગેરે અજ્ઞાનીઓને ઝવેરાતની માલમ નહીં તો ઝવેરાતમાં લાખો મેળવવાની વાત કયાં ? વિજ્ઞાનભૂમિકા કહેવી કોને ? તે માટે ટીકાકાર જણાવે છે કે ધર્મરત્ન ધર્મ એજ રત્ન. જગતમાં આત્માને સાધ્યદૃષ્ટિ કયાં હોય ?, કેવળ ધર્મમાં. મુસાફરી કરનારને મતલબ સાથે કામ. ગામ પહોચવા ઉપરજ લક્ષ્ય હોય છે, રસ્તે ચાલતા ઘાસ અડયું કે ન અડયું તેમાં મતલબ હોતી નથી. જગતના તમામ પદાર્થો મુસાફરને અડતાં ઘાસ જેવા લાગે. અડયું તોય શું ! ન અડયું તોય શું ! આ સ્થીતિ આવે તો વિજ્ઞાનની ભૂમિકા આવે. ૨૪ કલાકની ચાહે રસોઇ કરો, ચાહે ખાઓ પીઓ, ઘર ચણાવો, ચાહે જે કાર્ય કરો, બધી વખત આ સ્થીતિ હોવી જોઇએ. આ ચોવીસ કલાકની સ્થીતિ ન હોય તો **सम्मत्तंमिउलद्धे** કહેવાય છે તે સમ્યકત્વ પ્રાપ્ત થયું. આનું નામ ત્રીજી ભૂમિકા મલી તે ભૂમિકાવાળો જીવ વૈમાનિક સિવાય આયુષ્ય બાંધે નહિં. આયુષ્ય દેરામાં ઉપાશ્રયમાં હોય ત્યારેજ બંધાય તેવો નિયમ નથી. તે તો ૨૪ કલાક છુટો છે તમે ચોવીશ કલાક બંધા-

એલા છે. રસોઇ કરતાં ખાતાં પીતાં ચાહે ત્યારે આયુષ્ય બંધાય. અમુક સ્થીતિમાંજ આયુષ્ય બંધાય તેવો નિયમ નથી. તો વૈમાનિકપણાનો નિયમ કેમ કર્યો ? શુભલેશ્યા વગર વૈમાનિકપણાનું આયુષ્ય બંધાતું નથી. શુભ લેશ્યાવગર વૈમાનિકમાં કાળ કરીને જવાતું નથી. જે લેશ્યામાં આયુષ્ય બંધાય તે લેશ્યાની સ્થીતિમાં કાળ કરી જવાનો શુકલ લેશ્યા પદ્મલેશ્યા પીતલેશ્યા આ શુભલેશ્યા સ્થીરતાપૂર્વકની હોય તો વૈમાનિકમાં જાય. ૨૪ કલાક શુભ લેશ્યા તરફ નિશાનવાળા હો, વચમાં એ શુભના ચમકારા થઇ જાય. લેશ્યા સ્થિરતાથી તિર્યંચ મનુષ્યને અંતર્મુહૂર્તથી વધારે રહેવાની નથી. શુભ લેશ્યા સ્થિરતાવાળી રહે તો સમ્યગ્દૃષ્ટિ વૈમાનિક સિવાય બીજું આયુષ્ય બાંધે નહિ એ નિયમીત થયું. જીવનની જ્યોતિ હોય અને ફેરફાર વિનાની હોય. આવી સ્થીતિ વિજ્ઞાન ભૂમિકામાં હોય છે. તે માટે ધર્મરત્ન. ધર્મ એજ રત્ન ચાહે શ્રવણમાં હોય કે મનમાં હોય ગમે તેમાં હોય, હીરાને ચાહે ધૂળમાં, કોયલામાં, ઘીમાં, તેલમાં, પાણીમાં જ્યાં નાંખો ત્યાં હીરો પોતાના સ્વભાવને પલટતો નથી. આ રીતે હીરો જેમ ચાહે તેવા સંયોગમાં આવી જવા છતાં પણ સ્વભાવને પલટાવતો નથી, તેમ સમયગ્દૃષ્ટિ પણ મૂળ સ્વભાવને ગમે તેવા સંયોગોમાં આવી જાય તો પણ પલટે નહિ, આથી જે વૈમાનિક સિવાય બીજું આયુષ્ય ન બાંધે. આ નિયમ ત્ય.રેજ લઇ શકાય કે હીરાની માફક ગમે તે સંયોગ થાય તોપણ સ્વભાવ પલટે નથી. વિજ્ઞાન ભૂમિકામાં દાખલ થયા પછી સંયોગ આધીન સ્થીતિનો પલટો ન કરે.

## ધર્મના અસંખ્યાત યોગો.

ધર્મના અસંખ્યાત યોગ છે. પૂજામાં રસ આવે છે ને વખાણમાં રસ નથી આવતો આ શું ? ધર્મના અસંખ્યાત જોગ છે. તેમાંના એક એક જોગ ઉપર રત્ન તરીકે આદર હોવો જોઇએ. ચાહે તેટલા પહેલ હોય તેમાં હીરાપણાની ખામી ન ગણાય. મને આનંદ કે રસ નથી આવતો તે ધર્મરત્નની માન્યતામાં ખામી છે. કર્તવ્યમાં ન્યૂનતા અધિકતા હોય પણ માન્યતામાં કે ફળદાયકપણામાં એક સરખી સ્થિતી હોવી જોઇએ. ફકત મને આમાં વીર્યોલ્લાસ થાય છે ને આમાં થતો નથી પણ આ અસંખ્યાત ધર્મના યોગને તે રત્ન સમાન ગણે. ધર્મના અસંખ્યાત યોગો ને રત્નની કોટિમાં મૂકે. ધર્મ એજ રત્ન છે, ધર્મજ રત્ન છે. ધર્મ સિવાય બીજા રત્ન છેજ નહિં. ધર્મ સિવાય બીજી જગોએ રત્ન બુદ્ધિ ન થાય. આ સ્થીતિ આવે તો તેનો અર્થી થાય એટલે માગણ-યાચક નહીં પણ તે મેળવવા મથનારો. એક વસ્તુ માટે અર્થી થયો હોય ને તે ન મળે ત્યાંસુધી અગર ન મળે તો કેમ થાય છે ? જેમ તમે અર્થી બન્યા હો લેવાના નિશ્ચયમાં આવ્યા હો તો કેવો નિશ્ચય થાય છે, તેનેજ મેળવવાની ઇચ્છા.

## ધર્મ રત્નની માંગણી.

ધર્મરત્ન માંગવાથી મળી જાય નહીં. માંગવાથી મીઠું મરચું પણ મળે, રત્ન માંગવાથી ન મળે. મોતીના ૧૦૦ દાણા લ્યો છતાં એક પણ દાણો માંગ્યો તુગ્યો ન હોય. દુનિયામાં કીંમતી ચીજ માંગી તુંગી ન મળે તો ધર્મ જેવી કિંમતી ચીજ માંગી તુંગી શી રીતે મળે ! માટે તેને લેવાની ઇચ્છાવાળા થાવ, એને લાવવાની ઇચ્છા કરો, ફેરી કેળામાં પણ બેઠા બેઠા માંગો તો ન મળે. જેવી તેવી ચીજોનો પણ બહાર રહ્યો ભાગ લઇ શકતો નથી, તો ધર્મ જેવી ચીજ માટે પોતે

## જાહેર વ્યાખ્યાન.

# 'કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય અને વિશ્વધર્મ.'

વ્યાખ્યાતા. પૂ. સૂરિપુરંદર આગમોદ્ધારક આચાર્યવર્ય ૧૦૦૮ શ્રીમાન્ આનંદસાગરસૂરીશ્વર.

(ધી બોમ્બે ફિલ્ડ કલબ, યુનીવર્સીટી સ્કુલ ઓફ ઇકોનોમીક્સ એન્ડ સોશ્યોલોજી તરફથી **'કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય અને વિશ્વધર્મ'** એ વિષય ઉપર, શૈલાના નરેશ, પ્રતિબોધક, સૂરિપુરંદર આગમોદ્ધારક આચાર્ય દેવેશ ૧૦૦૮ શ્રીમાન્ આનંદસાગરસૂરીશ્વરજીનું, બ્લેવેટ્સ્કી લોજમાં આસો વદી ૭ તા. ૮-૧૦-૪૪ રવિવારે સવારના ૯-૩૦ વાગે રાખવામાં આવ્યું હતું. જેની જાહેરાત કલબ તરફથી મુંબઇના જાણીતા દૈનિક પત્રોમાં અપાઈ હતી. આચાર્યશ્રીના સત્કાર માટે કલબ તરફથી લોજ પાસે ધ્વજાપતાકાની શોભા કરવામાં આવી હતી. બરાબર નિયત સમયે, પૂજ્યપાદ આચાર્ય મહારાજ પોતાના શિષ્ય મંડલ તથા ભક્તગણ સહિત લોજના મકાનમાં પધાર્યા હતા. સભાનો હોલ જૈન જૈનેતર ભાઇઓ બહેનોથી ચીકાર ભરાયો હતો. શ્રીમાન્ ચુનીલાલ મહેતા, શેઠ શ્રી કાંતીલાલ ઇશ્વરલાલ, શેઠ નગીનદાસ કરમચંદ, સોલીસીટર મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, સોલીસીટર મોહનલાલ ભગવાનદાસ, પરમાણંદ કુંવરજી કાપડીઆ, શેઠ મેઘજીભાઇ સોજપાળ, બુહારીવાળા શેઠ ઝવેરચંદ પનાજી, શેઠ મુલચંદભાઇ બુલાખીદાસ, શેઠ સાકરચંદ ખુશાલચંદ, ઝવેરી મોહનલાલ હેમચંદ વગેરે જાણીતા સજ્જનોની ભરચક હાજરી હતી.)

શરૂઆતમાં ફિલ્ડ કલબ તરફથી ઉપપ્રમુખ તરીકે શેઠ ચુનીલાલ મહેતાએ, મહારાજશ્રીનો સત્કાર કરી જણાવ્યું:—પૂજ્ય આચાર્યશ્રીનું વ્યાખ્યાન અમારી ફિલ્ડ કલબ તરફથી રાખવામાં આવ્યું છે. હિંદની પ્રાચીન કલા-સાહિત્યની શોધખોળના ઉદ્દેશથી આ કલબ સાત આઠ વર્ષથી (૧૯૩૬) માં સ્થપાઇ છે, અને તે તે દિશામાં કામ કરે છે. વિદ્વાનોનાં પણ આમંત્રણ પૂર્વક ભાષણો રાખવામાં આવે છે. સમર્થ વિદ્વાન જૈનાચાર્ય મહારાજનું આ રીતિએ જાહેર પ્રવચન હું ધારૂં છું કે પહેલવહેલું છે. આચાર્યશ્રી જૈનોમાં તો પ્રસિદ્ધજ છે, પણ તમને અજાયબી થશે કે હું જૈન છતાં મને તેમનો પરિચય નથી. તત્સંબંધી થોડો ખુલાસો પ્રાસંગિક છે. જૈન સમાજમાં મુખ્ય બે વર્ગ છે. ૧ શ્વેતાંબર, ૨ દિગંબર, તેમાં દિગંબરના સાધુઓને વસ્ત્રો હોતાં નથી. શ્વેતાંબર જૈનોમાં બે વર્ગ છે. ૧ મૂર્તિપૂજક, ૨ સાધુમાર્ગી (સ્થાનકવાસી). મહારાજશ્રી મૂર્તિપૂજક શ્વેતાંબર સમાજના સાધુ છે, આચાર્ય છે, અને હું સાધુમાર્ગી છું. વ્યવસાયવશાત્ એકેય સમાજના

---

(પાચમે પાનેથી ચાલુ)

પ્રયત્ન ન કરે તો કયાંથી મળે? માટે ધર્મરત્ન મેળવવાની ઇચ્છાવાળાએ લેવાની ઇચ્છા કેમ થાય છે, મળે છે કઇ રીતે ટકે છે કઇ રીતે અને તે ઇચ્છાવાળાનું વર્તન અને જીવન કેવાં હોય તે અગ્રે વર્તમાન. સર્વમંગલ ઇત્યાદિ.

મહર્ષિનો મને પરિચય નથી. ગઇ કાલે સાંજે જ્યારે મને આ વ્યાખ્યાનની ખબર પડી ત્યારે મેં આચાર્ય શ્રી સંબંધમાં સાંભળેલું એટલે, દર્શન સત્કારાદિનો લાભ લેવાનો નિશ્ચય કર્યો. ભાઇઓ! એક વાત કહી દઉં, જૈન ધર્મના મુનિ મહારાજાઓ જે આચાર પાળે છે તે દુનિયામાં બીજા કોઇ ધર્મના સાધુઓ નથી પાળતા. હું જ્યારે અમેરિકા ગયો હતો અને જૈન મુનિ સંબંધમાં મેં મારા મિત્રોને જણાવ્યું કે-તેઓ ન તો ગાડીમાં બેસે, ન તો મોટરમાં બેસે, ન રેલ્વેમાં બેસે, ન સાઇકલ પર બેસે, ભાઇઓ! આથી તેઓએ અજાયબ થઇ પુછયું કે ત્યારે મુસાફરી શી રીતે કરે? મે કહ્યું પગે ચાલીને, એટલુંજ નહિ પણ ખુલ્લા પગે, ખુલ્લે માથે! તેઓ એક પાઇની મીલ્કત રાખે નહિ, કોઇ રૂપમાં મીલ્કત રાખે નહિ, ધાતુ રાખે નહિ વગેરે વાત કરી ત્યારે તેઓને લાગ્યું કે એ જબ્બર વાત છે. મેં જણાવ્યું કે ખાવાનાં પાત્ર કાષ્ટનાં હોય, રાતવાસી રખાય નહિ, રાત્રે ખવાય નહિ, વારંવાર ઉપવાસાદિ કરવાનાં હોય, અને પર્યુષણ તહેવારમાં અઠ્ઠાઇ, પન્નર, એક માસ, બે માસના ઉપવાસ સાધુઓ તથા જૈનો, પુરૂષો તથા સ્ત્રીઓ પણ કરે છે. ત્યારે તો તેઓ ઘણી નવાઇ પામ્યા. ગૃહસ્થો તમે તો જાણોજ છો, અહિંની હાજરીમાં મોટો ભાગ જૈનોનો છે, અને હિંદના જૈનેતર ભાઇઓ પણ જૈન તપથી પરિચિત છે. હવે વધારે વખત નહિ લેતાં, ફ્રીલ્ડ કલબ તરફથી આચાર્ય મહારાજશ્રીનો સત્કાર કરૂં છું અને પ્રવચન શરૂ કરવા વિનંતી કરૂં છું. (તાળીઓ)

शब्दपाथोधिचन्द्राय चातुर्वैद्यक वेधसे ।
नमः श्रीहेमचन्द्राय विश्वविश्वोपकारिणे ॥१॥

આ શ્લોકના કથન કર્યા બાદ પૂ. આચાર્ય મહારાજ શ્રીમદ્ ૧૦૦૮ શ્રી આનંદસાગર સૂરીશ્વરજીએ, મંગલાચરણ કરી પ્રવચન શરૂ કર્યું.

## વિશેષણની સાર્થકતા.

મહાનુભાવો! આજના રખાયેલા વિષયને અંગે પ્રથમ એ જણાવવું આવશ્યક છે કે કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય કોણ હતા? અને પછી એ જણાવવું અનુકુલ ગણાય કે 'વિશ્વ ધર્મ'એ વિષય સાથે એમને શું સંબંધ છે. શ્રી હેમચંદ્રાચાર્ય શ્વેતાંબર છે. જૈન કોમમાં શ્વેતાંબર એ શબ્દ કેમ લાગુ કરવામાં આવ્યો. એ સંબંધમાં વધારે સમજાવવાની જરૂર નથી પરન્તુ પ્રસંગ હોઇ આવશ્યક હોય તેટલું જણાવી દેવું જોઇએ. બીજાથી અલગ પાડવા વિશેષણ વપરાય એ ભાવે 'શ્વેતાંબર' શબ્દથી કોઇ એમ ન માને કે જૈનોમાં તો તે પાછલથી નવો થયેલો ફીરકો છે. ત્યારે છે શું? જૈનોમાં ચોવીશ તીર્થંકર થયા છે. તેમાં ત્રેવીશમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં સાધુઓ રંગીન કપડાં પહેરતા હતા તેઓ સરળ હતા, પ્રાજ્ઞ હતા. રંગીનજ પહેરવાં એવો મુદ્દો હતો પણ નહિ અને એ સાધુઓને માન્યો પણ નહોતો તાત્પર્ય કે જેવાં મળે તેવાં પહેરવાં. કાલબલે મનુષ્યોની બુદ્ધિ વિચિત્ર થઇ. સરલતા તથા પ્રાજ્ઞતાને બદલે વક્રતા અને જડતાએ પ્રવેશ કર્યો. દાખલા તરીકે અહિં એવું પાટીઉં માર્યું હોય કે-'બીડી પીતા કોઇએ આવવું નહિ' હવે કોઇ અંદર પેઠા પછી બીડી સળગાવે અગર પીતો પીતો જાય અને કહેવામાં આવે ત્યારે, પાટીઆના લખાણનું રહસ્ય ધૂમાડો થાય, સભ્યોને અકળામણ થાય વગેરે ધ્યાનમાં ન લેતાં કહે કે-જુઓ બોર્ડ! બીડી પીતા આવ-

વાની મનાઇ છે. આવ્યા પછી સળગાવવાની કે બીડી પીતા જવાની મનાઇ છે? આનું નામ વક્રતા અને જડતા.

શાસ્ત્ર એવાને વક્ર અને જડ કહે છે. વક્ર કહ્યા પછી જડ શા માટે? નાનું બાલક વક્ર (વાંકું) થાય પણ થોડીવાર પછી સમજાવવાથી સમજી જાય ત્યારે વક્ર અને જડ તેને કહેવાય કે જે વાંકાપણાને પણ ટકાવી રાખે. આવી વક્રતા અને જડતાના પોષણના નિવારણ માટે ભગવાન્ શ્રી મહાવીર દેવે નિયમ બાંધ્યો કે સાધુઓએ શ્વેતજ કપડાં પહેરવાં. રંગની છુટીના બહાના તળે, વક્ર અને જડપણાને લઇને, રંગવાની ખટપટ ચાલત, રંગમાં વ્યામોહ વધત એના નિવારણ માટે શ્વેત અંબરનો નિયમ બંધાયો. ભગવાન્ શ્રી મહાવીર દેવના શાસનમાં પ્રવર્તન તરીકે એ નિયમ સમજવો.

## પૂર્વાચાર્યો.

આ શ્વેતાંબર જૈન દર્શનમાં કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રાચાર્યની પૂર્વે પણ ભગવાન્ શ્રી મહાવીરદેવના શાસનમાં સુવિહિત, પૂર્વધર, પ્રૌઢ, ગીતાર્થ, ઘણા આચાર્ય મહા માઓ થઇ ગયા છે. ગણધર ભગવાન્ શ્રી ગૌતમસ્વામીજી, શ્રી સુધર્માસ્વામીજી ગણધર, શ્રી સ્થુલભદ્રજી, શ્રી ભદ્રબાહુસ્વામીજી, શ્રી સિદ્ધસેન દિવાકરજી, શ્રી હરિભદ્રસૂરીશ્વરજી આદિ જૈન દર્શનના સુપ્રસિદ્ધ મહર્ષિઓ છે, ત્યારે પ્રશ્ન થશે કે શું એમણે વિશ્વધર્મ નથી પ્રવર્તાવ્યો કે જેથી કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના અભિધાન સાથે વિશ્વધર્મના નિરૂપણનો સંબંધ જોડવામાં આવે છે.

આ પ્રશ્નના સમાધાન માટે જૈનશાસનની બહાર દ્રષ્ટિ ફેરવવી પડશે. જૈનેતરોમાં જેવું સ્થાન કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજનું છે તેવું અન્યનું નથી. આ સભા સર્વ સાધારણ છે. આમાં કાંઇ બધાજ જૈનો છે એમ નથી. ઇતરભાઇઓ પણ છે. એ ઇતરભાઇઓ ઉપર જણાવેલા મહર્ષિઓને નહિ જાણતા હોય ત્યારે શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના નામથી અજાણ નહિ હોય. એનું એક કારણ તો એ છે કે જૈન જૈનેતરને ઉપયોગી, વર્તમાનકાલમાં પ્રચલિત સાહિત્ય પુરૂં પાડનાર જો કોઇ હોય તો આ મહર્ષિ છે, કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય!

## ઘાટકોપર શ્રી જીરાવલ પાર્શ્વનાથ સ્તવન.

(રાગ—સુમતિનાથ ગુણ શું મિલીજી.)

રચયિતાઃ—પં. પ્રવર શ્રીચંદ્રસાગરજીના પરમવિનેય મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી.

પાર્શ્વ જીણંદ પ્રેમે મળ્યાજી, હવે કોણ કરે અન્ય વેઠ?<br>
મુજ વીતી કહું વાતડીજી, તન મન ધન ધરી ભેટ—<br>
જીરાવલ જિનશું લાગી પૂરણ પ્રીત.<br>
સાહેબ હું રૂલ્યો ઘણુંજી, મિત્ર કર્યા બહુ વાર,<br>
પતિ પત્ની માતા પિતાજી, શેઠ કિંકર કેઇ વાર—જી૦<br>
મેં મુક્તિને કારણેજી, દેવ કર્યા બહુ જાત,<br>
શંખ ચક્ર સુલોચનાજી, લઇ બેઠા ભલી ભાંત—જી૦<br>
તાંડવનૃત્ય કેઇ કરેજી, કેઇ કરે લીલા વિચિત્ર,<br>
ભોળા જનને ભોળવેજી, જે તુમથી છે અમિત્ર—જી૦<br>
પ્રીતિ હતી મુંને ધર્મનીજી, પણ નવિ જાણ્યું સ્વરૂપ,<br>
ધર્મધર્મ કરી જગ ફરૂંજી, કોઇ ન કહે સત્ય રૂપ—જી૦<br>
શાંત સુધારસ ઝીલતીજી, મૂર્તિ દીઠી મનોહાર,<br>
ત્યાં મુજ ભકિત પ્રગટ થઇજી, વાત કહી એણીવાર—જી૦<br>
ઘાટકોપરમાં ભેટીએજી, શ્રી જીરાવલ પાસ,<br>
શાંત સૃષ્ટિમાં શોભતાજી, પૂરે મુમુક્ષુની આશ—જી૦<br>
આનંદચંદ્રને દેખીનેજી, સાગર પામે ઉલ્લાસ,<br>
ચંદ્રપ્રભ જિન દેખીનેજી, તેમ પામે સુવિલાસ;<br>
જીરાવલ જિનશું<br>
લાગી પૂરણ પ્રીત—૮.

# પ્રશ્નપિયૂષ-પયોનિધિઃ

આગમોદ્ધારક પૂ. આચાર્યદેવેશશ્રી આનંદસાગરસૂરીશ્વરજીએ દેશના દેવાના અવસરમાં વિષયની વધુ છણાવટ માટે ઉઠાવેલ પ્રશ્નરૂપ પિયૂષ બિંદુઓ અને સમાધાન રૂપ સુધા બિંદુઓનો સંચય અત્ર આ કોલમમાં આપવામાં આવશે.

સંચયકારઃ—**પૂ. પં. ચંદ્રસાગરજી ગણિવર.**

પ્રશ્ન—૧. મનુષ્ય માટે અત્યંત કઠીન કાર્ય કયું?

સમાધાન—અનાદિકાળથી જન્મ-જરા મરણ રોગ-શોક-આધિ-વ્યાધિ અને ઉપાધિઓની ગુંચમાં ગુંચાયેલ મનુષ્યે મુક્ત થવું તે.

પ્રશ્ન—૨. માણસ માત્રને હંમેશ મુંઝવનારી ચીજ કઈ?

સમાધાન—મૃત્યુનો ભય.

પ્રશ્ન—૩. મરણકાળે માણસ બધું ભૂલી જતો હશે એ વાત સાચી છે?

સમાધાન—હા, બુદ્ધિના ઠેકેદાર અને સમજના ઇજારદારો પણ મરણ અવસરે બધું ભૂલે છે. જુઓ તે ઉપર એક દૃષ્ટાંત—એક શાણો માણસ હંમેશાં વાત વાતમાં કહ્યા કરતો હતો કે 'પાણીમાં બાચકા ભરવાથી શો ફાયદો' આવું કથન કરનાર જાણે છે અને માને છે કે પાણીમાં બાચકા ભરવાથી માણસના હાથમાં કશું આવતું નથી. પાણીમાં મુઠીઓ ભરનાર છોકરા છોકરીઓને ટોકે છે. પરંતુ પાણીમાં ડૂબવાનો અવસર આવે ત્યારે તેજ શાણો માણસ પાણીમાં બાચકા ભરવા માંડે છે. આ અવસરે બુદ્ધિમાન શ્રોતાએ વિચારવું જોઇએ કે શાણા માણસનું શાણપણ કયાં ચાલ્યું ગયું? કહેવુંજ પડશે કે મરણના ભયે શાણપણું સમજશકિત અને બુદ્ધિ તેમજ જ્ઞાનના વૈભવને ઘેરી લીધાં છે. જેના પ્રભાવે બધું ભૂલી જઇને મોતના પંજામાંથી બચવા માટે પાણીમાં બાચકાં ભરે છે. આ ઉપરથી મરણ કાળે બધું ભૂલી જવાય છે એ વાત તદ્દન સાચી છે.

પ્રશ્ન—૪. વિશ્વની બધી વસ્તુઓ મરણના ભય પાસે ગૌણ બની જાય ખરી?

સમાધાન—મરણના ભય સામે ધન, ધાન્ય, અનર્ગલ દોલત, સ્થાવર જંગમ મીલ્કત, પુત્ર પરિવાર ગૌણ બને છે. એટલુંજ નહિ પણ મરણના ભયમાંથી બચવા માટે વિટંબણા વેઠીને એકઠું કરેલ ધન નકામું દેખાય છે, સોનું ચાંદી અને ઝવેરાતના દાગીના પરની મમતાને દેશવટો દેવા તૈયાર થાય છે, સગા સંબંધીઓને ભૂલી જવાય છે.

પ્રશ્ન—૫. મનમાં ઉઠતી ઇચ્છાઓ, આવતાં સંકલ્પો મનોરથો અને વિચારો તથા કલ્પનામાં અગ્રપદ ભોગવનારી ઇચ્છા કઈ?

સમાધાન—સકલ ઇચ્છાઓમાં પ્રાધાન્યપદ ભોગવનારી અને સૌથી વધુ અગત્યની તેમજ વધુ પ્રિય ઇચ્છા તે જીવવાની ઇચ્છા છે.

પ્રશ્ન—૬. ઝીણામાં ઝીણા જંતુઓ કે જે દુઃખમાં રીબાતા હોય છતાં તેને કઇ ઇચ્છા પ્રબળ હોય?

સમાધાન—જીવવાની પ્રબળ ઇચ્છા હોય છે. ઝીણામાં ઝીણા જંતુને પણ જીવવાની અભિલાષા હોય છે ગંદકીમાં, ખાબોચીઆમાં, છાણામાં, વિષ્ટામાં, ખાળકુવામાં કે ગારમાં રહેતા જીવોને દેખીને ઘૃણા થતી હોય, નજરે નિહાળીને અનુકંપા થતી હોય, આપણને એમ લાગતું હોય કે આવા જીવોના જીવનમાં શો અર્થ હશે? એવા સંકલ્પ કરનારે સમજવું જોઇએ કે સુખ-સગવડ ભર્યાં સાધનોથી ભરપુર મહેલમાં વસનારો ધનિક કે ઇંદ્રાસન ભોગવનાર ઇંદ્ર જીવવા માટે જેવી

પ્રબળ આકાંક્ષા ધરાવે છે તેવીજ ઉત્કૃષ્ટ ઇચ્છા વિષ્ટા વિગેરે સ્થાનમાં રહેલ કીડો કે ઝીણો જંતુ જીવવા માટે ઈચ્છા રાખે છે. ખરેખર! જીવવાની ઇચ્છા વિશ્વ વ્યાપી છે.

**પ્રશ્ન**—૭. દાખલા-દલીલો અને યુક્તિથી સિદ્ધ થયું કે જીવવાની ઇચ્છા પ્રબળ છે તો ઇચ્છા કરવાથી જીવાતું નથી, જીવન લંબાવાતું નથી, મરણનો ભય દૂર થતો નથી તો જીવવાનો આધાર શા ઉપર?

સમાધાન—પૂર્વજન્મમાં બાંધેલ આયુષ્ય પ્રમાણે જીવાય છે.

**પ્રશ્ન**—૮. બાંધેલ આયુષ્ય પ્રમાણેજ જીવાય અને મરી જવાય એ વાત શું નિર્ણય રૂપે ચોક્કસ છે?

સમાધાન—ના, બાંધેલ આયુષ્યને ઉપક્રમ લાગે તો ચોક્કસ ટાઇમને બદલે જલ્દી ભોગવાઈ જાય. એટલે વહેલુ મરણ થાય.

**પ્રશ્ન**—૯. જીવવાની ઈચ્છા કરવી અને સ્થિર બનાવવી એ સ્વાભાવિક છે. પરંતુ ઈચ્છા કે અનિચ્છા કરવા માત્રથી જીવાતું નથી અને મરાતું નથી બલ્કે કારણ પ્રસંગે જીંદગી ટુંકાવી શકાતી નથી એ વાત સાચી છે?

સમાધાન—હા, એવા દાખલાઓ છે કે દરિયામાં પડવા ગયેલાઓ કુવામાં ભુસ્કો મારનારાઓ, ઝેર ખાનારાઓ, સર્પાદિકના ભોગ બનેલાઓ અને ગિરિ-પહાડ પર્વત પરથી પડતું મુકનારાઓ પણ બચી ગયા છે. અકસ્માતથી કે જાણી બુઝીને આપઘાત કરનારા મોતના મુખમાં ધસી પડયા છતાં ઉગરી ગયા છે.

**પ્રશ્ન**—૧૦. જીવવાની પ્રબળ ઇચ્છાવાળો મરણ પામતો નિહાળીએ છીએ અને મરવાની પ્રબળ ઈચ્છા-વાળો જીવતો દેખી શકીએ છીએ તો પછી જીવવાની ઇચ્છા કે મરવાની ઈચ્છા કરવી તે નિર્થક છે તો ઇચ્છાને અને જીવનને શો સંબંધ?

સમાધાન—જીવનને ઇચ્છા સાથે સંબંધ નથી પરંતુ આયુષ્ય સાથે સંબંધ છે. આયુષ્ય હોય ત્યાં સુધીજ જીવી શકાય છે, એનાથી વધારે એક પળ કોઇ જીવી શકતો નથી.

**પ્રશ્ન**—૧૧. દૃઢ સંકલ્પથી જીવાય ખરૂં કે નહિ? અને ન જીવાતું હોય તો તેનાથી કયા કાર્ય થાય?

સમાધાન—દૃઢ સંકલ્પથી જીવાતું નથી પરંતુ તેનાથી આત્મોન્નતિ થાય, આત્મોન્નતિને અંગેના સાધન મેળવી શકાય, અને તે સાધનાનો ઉપયોગ અને કાર્ય સિદ્ધિ કરી શકાય.

**પ્રશ્ન**—૧૨. સાદી, સાચી અને સીધી વાત છે કે આયુષ્ય પ્રમાણે જીવે છે આયુષ્ય ખુટયા વગર કોઈ મરતું નથી તો પછી દેવ-ગુરૂ ધર્મ અને શાસ્ત્રોની શી જરૂર?

સમાધાન—સાદી, સાચી અને સીધી વાત પણ તમને વિપરીત વાંકી અને કડવી લાગી ખરી કારણકે મુખ્ય મુદ્દોજ બગાડી નાંખ્યો.

**પ્રશ્ન**—૧૩. કયો મુદ્દો કેવી રીતે બગાડયો?

સમાધાન—સાંભળો! બાજઠ સીધો હોય પરંતુ ખુણા પરથી દ્રષ્ટિ કરે તો વાંકો લાગે, સીધી લીટીમાં લખે પણ કાગળ વાંકો રાખે તો લીટી વાંકી દેખાય તેવી રીતે મૂળ તત્ત્વને અનુસરતા ભાવાર્થને મુકીને અર્થનો અનર્થ કર્યો. (અપૂર્ણ)

## માનવંતા ગ્રાહકો પ્રત્યે:—

શ્રી સિદ્ધચક્ર પેપર આપશ્રીને પાંચેક માસથી મોકલી શકાયું નથી; આવી અનિયમીતતા પ્રત્યે દરેક ગ્રાહકને રોષ તથા દીલગીરી થયા વિના ન રહે તે હમે સહેજે સમજી શકીયે છીએ. પણ લાચારીથી આમ થવા પામ્યું છે. કારણ એ છે કે જે પ્રેસમાં આ પેપર ઘણા વર્ષોથી છપાતું હતું તેની સાથે વાંધો પડવાથી તેમજ પ્રીન્ટીંગ ઘણુંજ ખરાબ આવતું હોવાથી છપાવવાનું ત્યાં બંધ થયું. ઘણી મુશ્કેલી બાદ શ્રી જૈન વિજય પ્રીં પ્રેસમાં કામ શરૂ થયું છે. અને આજે આપના કરકમલમાં સ્થાપિત કરી શકયા છીએ. અને હવે દરેક મહિનાની સતરમી તારીખે ચોક્કસ રવાના અત્રેથી થશે તેની ખાત્રી આપીએ છીએ. આશા છે કે થયેલા અનિયમીતતા બદલ ક્ષમા આપી અમારા કાર્યમાં ઉત્સાહ અર્પશો એજ. લી० તંત્રી.

# સાહિત્ય રસિકો માટે આવશ્યક.

સ્વપર દર્શનમાનનીય. સાહિત્યસૃષ્ટિના સર્વોત્તમ સૃષ્ટા, દયાવારાં-નિધિકુમારપાળ મહારાજા પ્રતિબોધક સૂરિપુરંદર, **કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરીજી મહારાજ**શ્રીના અપૂર્વ આશ્ચર્યકારક અનુભવના પૂર્ણ પ્રતિબિંબ સ્વરૂપ, વિપ્રકીર્ણ-અતિ વિસ્તૃત-અતિ સંક્ષેપાદિ દોષેરહિત, સરળતાપૂર્વક સંસ્કૃત ભાષાનો પરિપૂર્ણ બોધ આપવાને સમર્થ, એકજ જગ્યાએ સકળ વ્યાકરણની સામગ્રીઓને પૂરી પાડનાર, અનેક વૈયાકરણોના અભિપ્રાય સ્પષ્ટ કરવામાં સર્વાંગ સુંદર, કશ, તાપ, છેદની ત્રિવિધ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ સુવર્ણસમ **સૂત્રોથી** શોભતો, આલ્હાદદાયક ચન્દ્રકિરણ સમ **તત્ત્વપ્રકાશિકાના** તત્ત્વોથી ઓપતો, સુવર્ણસમ સૂત્રો અને ચન્દ્રસમ તત્ત્વ પ્રકાશિકાના તત્ત્વોના પરમાર્થને પ્રકાશન કરવામાં આનંદદાયી વ્યાકરણ વિશારદ પં. પ્રવરશ્રી ચન્દ્રસાગરજીગણિવર કૃત **આનંદ બોધિનીથી** દીપતો; અને **કલિકાલ સર્વજ્ઞ ભગવાનના સર્વજ્ઞતાનો સંપૂર્ણ સાક્ષાત્કાર** કરાવતો અખિલ વિશ્વમાં વિખ્યાત થયેલ મહાન ગ્રંથ—

**॥ श्री सिद्धहेमचन्द्रशब्दानुशासनम् ॥**

[ સંજ્ઞા સંધિ, નામ, કારકયુક્ત ૭ પાદપર્યન્ત સૂત્ર તત્ત્વપ્રકાશિકા તથા આનંદબોધિની નામક વૃત્તિદ્વય સહિત પ્રથમ ભાગઃ ]

**ગ્રન્થ પ્રકાશન**—આ અમૂલ્ય ગ્રંથનું પ્રકાશન કેવળ પ્રકાશન દૃષ્ટિએ જ થએલ નથી, પરંતુ પ્રકાશન થતાંની સાથે આ ગ્રંથ પઠન-પાઠન-અને મનનમાં જનસમુદાયને એક સરખો લાભ થાય એવા અનેક હેતુઓ લક્ષ્યમાં રાખીને મહત્ત્વ જાળવવા પૂર્વક પ્રકાશન કરેલ છે.

**ગ્રંથ મુદ્રણ**-દેખનારને દેખતાની સાથેજ આકર્ષક, વાંચનારને સહેલાઈથી વાંચવા સાથે અર્થ બોધાદિજનક, અને પઠન પાઠનાદિ કરનાર કરાવનારને હાર્દિક સંતોષ ઉત્પન્ન કરાવનાર આ મહાન્ ગ્રંથનું મુદ્રણ મુમ્બાપુરીમાં પ્રસિદ્ધિ પામેલ **નિર્ણયસાગર પ્રેસમાં** પોતાના વિવિધ પ્રકારના તદ્દન નવીન ટાઇપોમાં અને બાહોશ કંપોઝીટરો અને વિદ્વાન પંડિતોની નજર તળે થયેલું છે.

**ગ્રન્થનું દીર્ઘાયુષ્ય**-પ્રથમ મુદ્રિત થયેલ પ્રતના પાના ઉંચાનીચા કરતાં ભૂકો થઇને થયેલ પત્રચૂર્ણની વર્ષાનો સાક્ષાત્કાર કરાવે છે. પરંતુ તેવું ન બને એજ હેતુથી ક્રોક્ષલી લાયન લેઝર પેપરમાં, ફુલ્સકેપ સાઈઝના વિશાળ આકારમાં, લગભગ (૭૫) ફરમાના દળદાર કદમાં, પાકા પુંઠાની સુંદર બાઈન્ડીંગની સુબદ્ધ અવસ્થામાં, તાડપત્રાદિ ઉપરના પ્રાચીન અર્વાચીન રંગ બે રંગી સુંદર ચિત્રોથી સુશોભિત બનેલ આ મહાન્ ગ્રંથને વાંચન-પઠન-પાઠન મનન કરતાં લેતાં મૂકતાં ઉંચો નીચો કરીને હરેક રીતિએ તપાસવામાં આવે તો પણ દીર્ઘાયુષી રહે એ બીના ધ્યાનમાં રાખેલ છે.

**ગ્રન્થની અનેક વિધ સામગ્રીઓઃ** ઐતિહાસિક દૃષ્ટિએ અવલોકન કરનારાઓ ઐતિહાસિક દૃષ્ટિએ અવલોકે, પઠન પાઠન-કરનારાઓ પઠન-પાઠન દૃષ્ટિએ પેખે, મનન કરનારાઓ માનસિક દૃષ્ટિએ મનન કરે, અને સાહિત્યકારો સાહિત્યની સર્વદેશીય દૃષ્ટિએ સાક્ષાત્કાર કરે ત્યારે આ મહાન્ ગ્રંથની ઉભરાતી અનેક વિધ સામગ્રીઓ નવ નવીન નવીનતાઓનું જરૂર દિગ્દર્શન કરાવે છે. આ સામગ્રીઓ ચાર વિભાગમાં વહેંચાયેલી છે.

૧. ઉચ્ચારણકાળે, પ્રયોગકાળે, ઉદાહરણોની સફલીભૂત યોજનાકાળે, પ્રત્યુદાહરણના યથાયોગ્ય ન્યાયકાળે અને મત મતાંતરોની સ્પષ્ટતા પ્રતિપાદનકાળે, સર્વ રીતિએ સુંદર રચનાથી સુબદ્ધ **સૂત્રો**.

૨. સૂત્રના તત્ત્વને સ્વરૂપાદિ ત્રિતય વ્યાખ્યાએ ઉદાહરણો અને પ્રત્યુદાહરણોને પૂર્ણ પ્રકાશન કરનારી **તત્ત્વ પ્રકાશિકા** અપર નામ **બૃહદ્વૃત્તિ**.

૩. એ બન્નેના રહસ્યને આનંદપૂર્વક બોધ આપનારી યથાર્થ નામવતી **શ્રી આનંદબોધિની** છે કે

જેમાં પ્રાયઃ નીચેની સામગ્રીઓ નજરતળે તરી આવે છે. અનેક વિધ વિશિષ્ટ હેતુઓને લક્ષ્યમાં રાખીને કરેલ સૂત્રરચના, વિવિધ વિષયોની સાથે સંકલનાબદ્ધ સૂત્રો, અને સૂત્રથી પ્રગટ થતા અર્થની સ્પષ્ટતા, સૂત્રનો પૂર્વાપર સૂત્ર સાથે અને દૂરના સૂત્રો સાથે સીધા અને આડકતરા સંબંધ, નવીન સૂત્રોત્થાનની અનિવાર્ય જરૂર, સૂત્રાનુક્રમ, સૂત્રાનુક્રમનો પરિપાટીને બદલવાથી થતાં નુકશાનો, અનેક સૂત્રોના ભાવને એક સૂત્રમાં નિવેશ, સૂત્ર અને સૂત્રાર્થમાં તરી આવતી ત્રિતય વ્યાખ્યા, સૂત્રસ્થ પદાન્વય, પૂર્વ સૂત્ર અને અધિકારથી ચાલી આવતી અનુવૃત્તિ, પૂર્વાપર અંતરંગાદિ ન્યાયોની છણાવટ, ઉદાહરણોની સફલીભૂત યોજના, સૂત્રના પ્રત્યેક પદને સમર્થન કરનારા ઉદાહરણો, પ્રત્યેક પદની યથાર્થતા સમજાવનારા પ્રત્યુદાહરણો, સૂત્રનુ અંતિમ રહસ્ય, ત. પ્રકા. નું અંતિમ રહસ્ય, મત મતાંતરોની સમજાવટ, મત મતાંતરોના સ્થલ નિર્દેશ, અન્ય ગ્રંથકારોના આધાર યુક્ત પ્રમાણો, અન્ય ગ્રંથકારોના નામ નિર્દેશ, મહાભાષ્ય અને મહાર્ણવ(બૃહન્)ન્યાસાદિ મહાન્ ગ્રંથની ઉકિતઓનું પ્રસંગે પ્રસંગે સ્પષ્ટીકરણ, તુલનાત્મક દ્રષ્ટિએ ગૌરવ-લાઘવાદિ અનેક દોષોની તુલના કરીને આ મહાવ્યાકરણની નિર્દોષતા, પ્રથમ ભાગના અભ્યાસ કરનારને ઉત્પન્ન થતા પ્રાસંગિક લાભો, જેવા કે બીજા અધ્યાયના ત્રીજા પાદથી સાતમા અધ્યાયના સૂત્રો, ઉણાદિ સૂત્રો જૈનેન્દ્ર શાકટાયન-પાણિની અને ચાન્દ્ર વ્યાકરણના સૂત્રોનું સાધનિકા અવસરે થતાં સ્પષ્ટિકરણો ઈત્યાદિ ઈત્યાદિ, એટલુંજ નહિ પણ મહાભાષ્ય, વાકયપદીય અને બૃહન્યાસાદિ મહાન્ ગ્રંથોમાં પ્રવેશ કરવાની અજોડ શકિત પ્રાપ્ત કરી શકે તેવી રસદાયક સામગ્રીઓથી ભરપૂર યથાર્થ નામવતી **આનંદ બોધિની** છે; અને અંતિમ વિભાગમાં પાઠભેદ જણાવનાર પાઠાંતરો છે.

૪. **ગ્રન્થ સંશોધન-સંપાદન**, ભાંડારકર ઓરિએન્ટલ રીચર્સ ઇન્સ્ટીયુટ પૂના. શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર, પાટણ, મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી શાસ્ત્ર સંગ્રહ, તાડપત્રીય શ્રી શાન્તિનાથ પ્રાચીન જ્ઞાનભંડાર ખંભાત. શેઠ આણંદજી કલ્યાણજી જૈન જ્ઞાનભંડાર લીંબડી. શ્રી ઐલક પન્નાલાલ દિ. જૈન સરસ્વતી ભવન મુંબઈ. વગેરે સ્થળોથી હસ્તલિખિત તાડપત્રીય અને કાગળ ઉપરની પ્રતિઓ મંગાવીને, બને તેટલી મહેનત લઇ માણસો રોકીને પાઠોની શુદ્ધિ કરાવીને અને મળી આવતા પાઠભેદ-પાઠાંતરો સાથે ગ્રંથ સંશોધન સંપાદનનું સુંદર કાર્ય લગભગ અઢી વર્ષના અંતમાં **આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનંદસાગરસૂરીશના વિદ્વાન શિષ્ય પં. પ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણિવર**ના શુભ હસ્તે કરાવીને આ મહાન્ ગ્રંથનું પ્રકાશન અલ્પકાળમાં (લગભગ બે માસમાં) થશે.

આ ગ્રંથની કિંમત રૂ. ૩૦) અંકે રૂ. ત્રીશ રાખવામાં આવી છે. અગાઉથી થનારે નીચેના શીરનામે રૂ. ૧૫) પંદર ભરીને પોતાના નામ, ઠામ પોષ્ટ જીલ્લા સાથે નોંધાવી રસીદ મંગાવી લેવી પ્રથમ રૂપીઆ ૧૫) ભર્યા હશે તેને સવા ૭ ટકા કમિશન આપવામાં આવશે.

આખો ગ્રંથ સાત ભાગમાં પૂરો થશે સમગ્ર ગ્રંથના એક સેટ પેટે રૂ. ૧૫૦) રૂ. દોઢસો ડિપોઝીટ તરીકે અગાઉથી ભરી નોંધાવનારને સાડાબાર ટકા કમિશનથી દરેક ભાગો મોકલવામાં આવશે અને ભરેલી રકમમાંથી વસુલ કરવામાં આવશે. ગ્રંથની કુલ કિંમત ડિપાઝીટ કરતાં વધારે થશે ને અવસરે તેટલી રકમ મંગાવીને પછી ગ્રંથ પોષ્ટ કરવામાં આવશે, સમગ્ર ગ્રંથનું પોષ્ટ ખર્ચ અલગ સમજવું.

પ્રકાશકઃ—**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.**
૨૫-૨૭ ધનજીસ્ટ્રીટ—મુંબઇ ૨.

પૈસા ભરવાના સ્થળો—

**૧ ઝવેરી પાનાચંદ રૂપચંદ**, ૨૫-૨૭ ધનજીસ્ટ્રીટ મું ૨

**૨ શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી,**
C/o ઝવેરી જમનાદાસ મોનજી
બુલિયન એકસચેંજ-મુંબઇ નં. ૨

**૩ પ્રેમચંદ મોહનલાલ**
C/o. **શેઠ મોહનલાલ છોટાલાલ**
પાંચકુવા—અમદાવાદ.

**૪ ઋષભદેવજી છગનીરામજીની પેઢી,**
ખારાકુવા દહેરાખડકી ઉજ્જૈન (માલવા)

**તા. ક.** સખ્ત મોંઘવારી અને કાગળ મેળવવાની મુશ્કેલીથી હવે પછીના ભાગો ગ્રાહકની સંખ્યામાં બહાર પડશે.

# આગમોદ્ધારકની અમોઘદેશના.

સંગ્રાહકઃ—પં. શ્રી હેમસાગરજી મ. (તેમના અવતરણ પરથી)

## પવિત્ર બનવા 'ધર્મ થવોજ જોઇએ' એ સૂત્રનો અમલ કરો!

भेदा यस्य मतिश्रुतावधिमनःपर्यायसंज्ञाः शुभाः ।
कैवल्यं निखिलावबोधनिपुणं शुद्धस्वरूपं सदा ॥
तज्ज्ञानमतिमञ्शिवाप्तिसुभगं भक्तिप्रधानः सदा ।
सेवस्वेह यदृच्छेद् निजजनुः पावित्र्यबुध्युद्धहः ॥

कर्ता: प्रवचनकारस्वयम्–
आ. म. आनन्दसागरसूरीश्वरजी महाराजा.

### પર્વ તથા તહેવાર!

શાસ્ત્રકાર મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતાં, ધર્મની આરાધના કરવા માટે જેમ સર્વ દર્શનકારો પોતપોતાના મન્તવ્યાનુસાર પર્વ અને તહેવાર જણાવે છે, તેમ પર્વ તથા તહેવારને અંગેની આવશ્યક કરણી વિગેરે જણાવે છે. જૈન દર્શનમાં પણ પર્વ અને તહેવાર પ્રસિદ્ધ છેઃ પર્વ તથા તહેવારને પ્રસિદ્ધ વસ્તુ ગણવામાં આવે છે.

પર્વ કોને કહેવાય? સામાન્ય રીતિએ દરેક વર્ષે કે માસે આરાધના માટે નિયત દિવસો તે પર્વો. પાંચપર્વી ચઉપૂર્વીની અપેક્ષાએ ચાર પાંચ પર્વ સૂત્રકાર શ્રી હેમચંદ્ર મહારાજાએ જણાવ્યા છે. બે અષ્ટમી, બે ચતુર્દશી, અમાસ તથા પૂનમઃ આ પર્વોમાં શ્રાવકોએ ઉપવાસ વિગેરે શકય તપશ્ચર્યા કરવી અને દુન્યવી વ્યાપારોનો ત્યાગ કરવો જોઇએ. ચતુષ્પર્વી સૂત્રકારે આ રીતે તિથિની ગણનાએ જણાવી છે. આ છ થી બે આઠમ, બે ચૌદશ જૂદી ગણે એટલે ચઉપર્વી વિશેષથી ૧૨ તિથિ પર્વ છે. આ તમામ પર્વ કહેવાય.

તહેવાર કોને કહેવાય? શ્રી મહાવીર ભગવાનનો નિર્વાણ કલ્યાણક દિવસ (દિવાળી), માગશર વદ ૧૦, શ્રી પાર્શ્વનાથ કલ્યાણક, અક્ષયતૃતીયા, વિગેરે દિવસોને તહેવાર ગણવામાં આવે છે.

કેટલાક પર્વો વર્ષમાં એકજ વખત આવે છે. કેટલાક પર્વો અમુક કારણે અમુક ઉદ્દેશે હોય છે. દિવાળી પર્વ તે શ્રી મહાવીર ભગવાનનો નિર્વાણ દિવસ છે. અમુક ઉદ્દેશને અંગે ન હોય તેવા વાર્ષિક પર્વો નિયત વ્યક્તિ ઉપર ધોરણ રાખતા નથી. શ્રી ઋષભદેવજીનો નિર્વાણ દિવસ, તેમનો હોય તે, એવી રીતે પર્વો તરીકે મહિનામાં બારઃ સંવત્સરી પર્વ વર્ષમાં એકજવાર આવે.

### સમ્યગ્દૃષ્ટિની ઇચ્છા મોક્ષનીજ હોય.

આ (જૈન) દર્શનમાં સાધ્ય મોક્ષનું છેઃ મોક્ષનુંજ સાધ્ય છે. ઇચ્છા મોક્ષનીજ, માટે તેના ઉપાયોનો અમલ કરવો જોઇએ. સંવેગ, નિર્વેદ એ મોક્ષના ઉપાયો છે. ક્ષાયિક દર્શન, યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થાય પછી મોક્ષની અનિચ્છાઃ જ્યાંસુધી મોક્ષનાં સંપૂર્ણ સાધનો મળ્યાં ન હોય ત્યાંસુધી મોક્ષની ઇચ્છા જોઇએ. ઇચ્છા મોક્ષનીજ જોઇએ. સમ્યગ્દૃષ્ટિ આત્મા મોક્ષ વિના બીજા કશાની ઇચ્છા ન કરે.

સતી સુલસાને દેવ પ્રસન્ન થયોઃ પ્રત્યક્ષ થયો. દેવદર્શન મિથ્યા ન હોય. દેવે કહ્યુંઃ 'માગ ! માગ ! જે ઇચ્છા હોય તે માગ!' સુલસાદેવી શું માગે છે ? તમને દેવ પ્રસન્ન થાય તો શું માગો ? મહા સતી સુલસા તો એ દેવને કહે છેઃ "ભાઇ ! વીરા ! તારી પાસે હું જોઉં તો માગુંને ! મને જે જોઇએ છે તે તારી પાસે છેજ કયાં ?" સુલસાને એક પણ પુત્ર નહોતો. પુત્ર વગરની સ્ત્રી તો, વગર દેવ પ્રસન્ન થયેય, આજે પત્થર એટલા દેવ કરે છે ને! આ મહાસતી સુલસાને તો પ્રત્યક્ષ દર્શન દેનાર દેવ ઇચ્છિત માગવાનું કહે છે છતાં સુલસાના એક રૂંવાડેય દુન્યવી કોઇપણ ઇચ્છા હોય તો પુત્ર પ્રાપ્તિની અગર બીજી કોઈ માગણી કરેને ! અલબત એના સ્વામીને પુત્રનો અભાવ સાલતો હતો છતાંય આ સતીની માગણી, દેવ પાસે તે ન હતી. સુલસા તો દેવાધિદેવ શ્રીમહાવીર ભગવાનની પરમ શ્રાવિકા હતી, પરિણત હતી, ભગવાનના ધર્મનું રહસ્ય એને પરિણમ્યું હતુંઃ તેણીને મોક્ષ વિના બીજી ઇચ્છા હોય ખરી ? અને દેવતામાં કાંઇ તે આપવાની તાકાત થોડીકજ હતી ! માટે તો તેણીએ દેવને કહ્યું કે, "મને જે જોઇએ છે તે વસ્તુ તું આપી શકે તેમ નથી." આપણો મુદ્દો એ છે કે સુલસાની પરિણતિ કેવી ! સારાંશ એ કે સમ્યગ્દષ્ટિને, સમ્યકત્વ ધારણ કરનાર જૈનને, સમ્યકત્વ પ્રાપ્તિના સમયથીજ, ઇચ્છા મોક્ષનીજ હોય.

જૈન દર્શનમાં, તે દર્શનના અનુયાયીઓને આરાધવા માટે નિયત થયેલા પર્વો અને તહેવારો, મોક્ષ સાધ્ય માટેજ છે. સાધ્ય મોક્ષજ છે. જાપ કરવા માત્રથી મોક્ષ ન મેળવી શકાય. કારણો ન મળે ત્યાંસુધી કાર્ય ન થાય. કારણો મળ્યેથી કાર્ય થવાનુંજ. નૈયાયિકો માને છે કે દરેક કાર્યમાં એટલે કે કાર્ય માત્રમાં ઇચ્છા કારણ છે, પણ કહો ત્યારે કે રોગ, શોક, કલેશ, વિષાદ, વિપત્તિ, ઈષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ આ તમામની ઇચ્છા કોણ કરે છે ? શુભ કાર્ય ઇચ્છા વગર ન થાય એ ખરૂં પણ દરેક કાર્ય ઇચ્છા વગર ન થાય એમ નથી. કારણો મળ્યેથી કાર્ય થાય. મોક્ષની ઇચ્છા જોઇએજ, મોક્ષનીજ ઇચ્છા જોઇએ કિન્તુ ઇચ્છા માત્રથી મોક્ષ મળે નહિ. આગળ વધવું જોઇએ. મોક્ષના જિજ્ઞાસુએ, મોક્ષને રટનારાએ મોક્ષ મેળવી આપનારાં કારણો મેળવવાં જેઇએ.

સામાન્યતઃ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણેય ( રત્નત્રયી ) મોક્ષનાં કારણો છે. મોક્ષ થતી વખતે એ ત્રણેય સંપૂર્ણ થયા હોય છતાં સમ્યગ્દર્શનના હેતુરૂપે જ્ઞાનને ગણેલું છે. સમ્યગ્જ્ઞાન ભલે ન થાય પણ હેતુ જ્ઞાન છે. નાનો છોકરો ગુણાકાર વિગેરે ગણે તે સામાન્ય, બાકી વિશિષ્ટ ગણિત તો આગળના અભ્યાસમાં છે. સામાન્ય જ્ઞાન તો સમ્યગ્દર્શન પહેલાં જોઇએ.

## નિસર્ગ સમ્યકત્વનું મૂલ જ્ઞાન છે.

નિસર્ગ સમ્યકત્વનું મૂલ તપાસો. શ્રાવકના કુલમાં જન્મેલો છોકરો, નવ તત્વ શીખ્યા વિના 'કીડી મરશે તો પાપ લાગશે' એમ સમજે છે. આ છોકરો આ જ્ઞાન ભણવા ગયો નથી પણ આ સંસ્કાર કુલાચારથી છે. આ સ્વાભાવિક સંસ્કાર થયા કયાંથી ? પહેલાં જ્ઞાન ખરૂં. નિસર્ગ સમ્યકત્વની જડ, પરંપરાનું જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન ભલે પછી થાય પણ પરંપરાગત સામાન્યતઃ સંસ્કાર રૂપ જ્ઞાન તો પહેલાં હોય. જ્ઞાનની

વ્યાપકતા એટલી બધી છે કે તે સમ્યગ્દર્શનની તથા ચારિત્રની પણ જડ છે. જીવ, અજીવ, મિશ્ર આદિ સ્વરૂપ જે જાણશે તેજ સંયમ જાણશે. ચારિત્ર પણ કયું માન્યું છે? ગીતાર્થનું તથા ગીતાર્થની નિશ્રાનુંજ ચારિત્ર કે સંયમ માનવામાં આવ્યું છે. એ વિના ત્રીજા કોઈનું ચારિત્ર માન્ય નથી. કાંતો શક્તિ પ્રાપ્ત કરવી જોઇએ. કાંતો તેને આધીન થવું જોઇએ. ચારિત્રનું મૂલ જ્ઞાનજ છે. ચારિત્ર મળે, ટકે, વધે, ખીલે તે જ્ઞાનથીજ. આ વાત બરોબર વિચારાશે ત્યારે જ્ઞાનનું મહત્વ સમજાશે.

## શાસનની જડ 'જ્ઞાન' છે.

કારતક સુદ પંચમીને જ્ઞાન પંચમી કહેવામાં આવે છે. જ્ઞાનની આરાધના માટે એ દિવસે પર્વ તરીકે નિયત છે તે દિવસે જ્ઞાનનો ખાસ આદર કરવામાં આવે છે. આ શાથી? જ્ઞાન એ શાસનની જડ છે તેથી તેની આરાધના આવશ્યક છે. ઇતરોના પર્વો ઇંદ્રિય વિષય પોષક છે. એ પર્વોમાં કેમ અને શું ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, નહાવું એજ વાત હોય છે. મોક્ષનાજ ઉદ્દેશમાં માનનારાઓ તો એને બાલચેષ્ટા માને. જૈનોમાં જ્ઞાન પંચમીને (તેમજ પર્વ માત્રમાં) દિવસે ઉપવાસ કરવાનું વિધાન છે. શ્રી મહાનિશીથમાં કહ્યું છે કે જ્ઞાન પંચમીને દિવસે ઉપવાસ ન કરે તો પ્રાયશ્ચિત્ત ઉપવાસ ન કરવાથી પ્રાયશ્ચિત્ત સુધી વિધાન કરવામાં આવ્યું એનું મુખ્ય કારણ મોક્ષની આરાધનામાં મુખ્ય કારણ જ્ઞાન છે. આરાધના માત્ર ત્યાગ દ્વારા નથી કરવાની પણ પદાર્થનું સ્વરૂપ સમજીને આરાધના કરવાની છે. જાપથી કર્મ તૂટે છે એમાં ના નથી, એનો ઇન્કાર નથી પરન્તુ સેંકડો જાપોથી જે કર્મ તૂટે, તેના કરતાં ક્ષણના ધ્યાનથી તૂટનારૂં કર્મ જુદુંજ છે. ધ્યાનમાં એકાગ્રતા જોઇએ. સ્વરૂપ સમજાય તોજ એકાગ્રતા ટકે.

## શબ્દથી તો તમામ દર્શનો જ્ઞાનને માને છે પણ જૈન દર્શન વાસ્તવિક જ્ઞાનને માને છે.

એક પણ દર્શનને જ્ઞાન વિના ચાલે તેમ નથી. જ્ઞાન કોણે નથી માન્યું? નાસ્તિકે પણ જ્ઞાનને તો માનવુંજ પડશે. જ્ઞાનનું શરણ તો એનેય લેવું પડશે. ચેતનાને માનવામાં નાસ્તિકને નડતર છે. તેઓ દેવ, ગુરૂ, ધર્મને ન માને પણ જ્ઞાનને તો તેઓ પણ માનેજ માને. ચણતર (ગમે તેવું) પણ જ્ઞાન વિના થાય શી રીતે? જ્ઞાનને નામંજુર કરનાર વર્ગ કોઇ નથી. વાત એ છે કે જ્ઞાન તમામ દર્શને માન્યું ખરૂં, એને માન્યા વિના ચાલ્યું નહિ માટે માન્યું ખરૂં. પરન્તુ ઇતર દર્શનોએ "જ્ઞાન" શબ્દ માત્ર સ્વીકાર્યો, તેના વાસ્તવિક સ્વરૂપને સ્વીકાર્યું નથી જ્યારે જૈન દર્શન એકજ એવું દર્શન છે કે જે જ્ઞાનના વાસ્તવિક સ્વરૂપને સ્વીકારે છે. ઇતરોએ જ્ઞાનના વાસ્તવિક ભેદો માન્યા નથી. ઇતરો પણ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન આદિ ભેદો માને છે, આથી કદાચ પ્રશ્ન થશે કે શું આ ભેદો વાસ્તવિક નથી? જ્ઞાનના સ્વરૂપનો યથાયોગ્ય વિચાર કરનારને સમજી શકાય તેમ છે કે જો ઇતરો જ્ઞાનના વાસ્તવિક સ્વરૂપને સમજ્યા હોત તો તેઓ આ (પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન) ભેદો કરતજ નહિ.

## જ્ઞાનના ભેદોઃ—પ્રથમ ચાર ભેદ અંશરૂપ છે.

એકેન્દ્રિય જીવોને જ્ઞાન માનવું કે નહિ? એ જીવોને કયું જ્ઞાન માનવું? ઇન્દ્રિઓ તથા મનના આધારે દુનિયાદારીમાં જ્ઞાનનો વિકાસ અનુક્રમે થાય છે. સ્પર્શનજ્ઞાન પછી રસજ્ઞાન વિગેરે એમ ક્રમશઃ જ્ઞાન ઇંદ્રિઓના ક્રમે થાય છે, પછી મનને લગતું જ્ઞાન થાય છે. ત્યારે કહો કે પ્રત્યક્ષ, પરોક્ષ એવા વિભાગ વ્યાજબી કે ઇન્દ્રિયદ્વારા થતા વિભાગ કરવા વ્યાજબી? સ્પર્શન ઇન્દ્રિય હોય તો તેટલા પુરતું જ્ઞાન તે રીતે સમજવું. જ્ઞાનને રોકનારાં કર્મ છે. તેવાં કર્મ ખસે ત્યારે મતિજ્ઞાન થાય. ક્ષયોપશમ થાય ત્યારે જ્ઞાન થાય.

શાસ્ત્રકારોએ ( જૈન શાસ્ત્રકારોએ ) જ્ઞાનના ભેદોમાં પ્રથમ ગતિ જ્ઞાનનો ભેદ કહ્યો તે જીવના ઉત્કર્ષ માટે સમુચિત છે. પ્રથમ મતિજ્ઞાન હોય, આગળ વધે એટલે શ્રુતજ્ઞાન થાયઃ શાસ્ત્ર સંબંધી શ્રુતજ્ઞાન થાય. 'મને સુખ દુઃખ' એવા સંકલ્પને કરાવનારૂં શ્રુતજ્ઞાન તો મતિની સાથે છેજ પણ શાસ્ત્ર સંબંધી શ્રુતજ્ઞાન, ગણધર ભગવાન ગુંફિત અંગાદિનું જ્ઞાન થાય ત્યારે આત્માનો વિવેક વધે. આનું નામ શ્રુતજ્ઞાન.

જેમાં ઇન્દ્રિયનો વિષય ન હોય તેવાં જ્ઞાનો પણ છે. ઇન્દ્રિયો તથા મનની સહાય વિના, કેવળ આત્માથી સ્વાશ્રયે પ્રાપ્ત થાય, વચ્ચે જેમાં આડતીયાની જરૂર ન પડે તેવાં જ્ઞાનો પણ છે. મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન તો ઇન્દ્રિયો તથા મન રૂપ આડતીયા દ્વારા થાય છે, તેથી તેને પરોક્ષ કહેવામાં આવે છે. ઇન્દ્રિય કે મનની દરકાર વિના, લેશ પણ તેની મદદ વિના, આત્માથી દૂર એવા પદાર્થોના સ્પર્શો, રસો, ગંધો, વર્ણો જેનાથી જાણી શકાય તે જ્ઞાનનું નામ અવધિજ્ઞાન છે. જ્ઞાનના પાંચ ભેદોમાં પહેલો ભેદ 'મતિજ્ઞાન' છે, બીજો ભેદ 'શ્રુતજ્ઞાન' છે, ત્રીજો ભેદ 'અવધિજ્ઞાન' છે. અવધિજ્ઞાનથી રૂપી પદાર્થોજ જણાય. એ જ્ઞાનને અવધિ છે, અર્થાત્ મર્યાદા છે. રૂપીપણાની મર્યાદા અવધિજ્ઞાની અરૂપીને ન જાણી શકે.

જ્ઞાનનો ચોથો ભેદ છે, 'મનઃપર્યવ જ્ઞાન' આ જ્ઞાનથી બીજાના મનના વિચારો જાણી શકાય. આ જ્ઞાનથી મન દ્રવ્ય જણાય. એક માણસનો ચહેરો નાનું બાલક પણ જુએ છે તથા સામુદ્રિક શાસ્ત્ર દેખનારો પણ જુએ છેઃ ચક્ષુથી તો બેયને તે ચહેરો એકજ સરખો દેખાય છે છતાં સામુદ્રિક શાસ્ત્રી, તેના ચહેરા ઉપરથી ભૂત ભવિષ્ય જાણી શકે છે જ્યારે બાલક અગર તેવા જ્ઞાન વિનાનો મનુષ્ય તે જાણી શકતો નથી. અવધિજ્ઞાની માત્ર રૂપી દ્રવ્ય દેખે છે મનઃપર્યવજ્ઞાની મનમાં ચિંતવેલા પદાર્થને (અરૂપીને) પણ જાણે છે. જેમ અવધિજ્ઞાનમાં તેમજ આ મનઃપર્યવજ્ઞાનમાં પણ ઇંદ્રિયો કે મનની દરકારની દરકાર નથી, જરૂર નથી. આત્મા સાથે સીધો સંબંધ છે.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન આ ચારેય જ્ઞાન, જ્ઞાનના કટકા છે. અંશ છે.

## કેવલજ્ઞાન એટલે સંપૂર્ણ જ્ઞાન.

જીવ શુદ્ધ સ્વરૂપે જ્ઞાનમય છે; કેવલજ્ઞાન સ્વરૂપ તે છે. જ્ઞાનાવરણીયે વીંટી લીધો ત્યારે તેમાંથી આભા પડી. સૂર્યની આડે ગમે તેટલાં વાદળાં આવી જાય તો પણ દિવસ અને રાતમાં

ભેદ ન પડે તેવો વખત ન આવે. જ્ઞાનનો પાંચમો ભેદ કેવલજ્ઞાન છે. આત્માનું સંપૂર્ણ વિશુદ્ધ સ્વરૂપ તે કેવલજ્ઞાન છે. આ કેવલજ્ઞાનને જ્ઞાનાવરણીય કર્મે રોકયું છે, આવર્યું છે, છતાં તેમાંથી આભા (પ્રકાશ) બહાર પડેજ છે. બારી બંધ કરવામાં આવે તો અંધારૂં થાય, ખોલવામાં આવે તો અજવાળું થાય તેમ મતિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય ત્યારે મતિજ્ઞાન થાય તેમજ શાસ્ત્રથી જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન તેજ રીતે તે તે પ્રકારના ક્ષયોપશમોથી અવધિ તથા મનઃપર્યવજ્ઞાન થાય.

જ્યારે સંપૂર્ણ જ્ઞાન થાય ત્યારે કેવલજ્ઞાન કહેવાય. એ જ્ઞાનીને કેવલજ્ઞાની કહેવાય.

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ ક્ષાયિક ભાવનું ન હોય કેમ ? ક્ષાયિક ભાવનાં તે ન હોય એટલાજ માટે ગમે તેવા મતિનાં આવરણો ખસે પણ કેવલ થયા વગર મતિનાં આવરણો ખસેલાં ન હોય.

છઠ્ઠા વણીયામાં ઉત્કૃષ્ટ એવા ગણધર ભગવાનને પણ શ્રુતજ્ઞાના વરણીયનાં કર્મો તો છેજ તેથી તે ક્ષાયોપશમિક પોતાનાં આવરણનાં કર્મોને રહીનેજ ચાલે. જ્વાલા પ્રગટે, જ્યોતિ પ્રગટે પણ કોલસાનો સંબંધ રાખીને. આ ચારેય જ્ઞાનો એવાં છે કે સાથે તેનાં આવરણો હોયજ, તેથી આ ચાર જ્ઞાનો ક્ષાયિક ન હોય.

એકજ જ્ઞાન એવું છે કે જેમાં મલીનતાનો દંડ ઉભો નથી. કેવલ જ્ઞાનાવરણીય દંડ તો ન હોય પણ પછી તો મતિજ્ઞાના વરણીયાદિ પણ નજ હોય. શુદ્ધ સ્વરૂપ પ્રગટ થયા પછી તે કદી પણ ખસે નહિ. કેવલજ્ઞાન એટલે એવું જ્ઞાન કે કોઈપણ કાલે તે જ્ઞાનના સ્વરૂપમાં ભેદ ન પડે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવભેદે કેવળ જ્ઞાનમાં ભેદ નથી. કેવળ જ્ઞાનનો એકજ ભેદ. તેના બીજાં સ્વરૂપો કે ભેદ પ્રભેદ નથી. બીજાં જ્ઞાનોમાં દ્રવ્યાદિ ભેદ પડી જાય પણ કેવળ જ્ઞાનનો એકજ ભેદ આવરણનો દાંડો કે તરવાર જે વખતે ન હોય તેવું જ્ઞાન તે શુદ્ધ કેવળ જ્ઞાન, પેલા ચાર જ્ઞાન શુભ પણ આવરણના દાંડાવાળા છે. મતિ શ્રુત, અવધિ, મન પર્યવથી સર્વ પર્યાયો ન જણાય તેટલી ઓછાશ એ તો સ્પષ્ટજ છે. કેવલ જ્ઞાનને પોતાનું કે પરનું એકેય આવરણ ન હોય.

ઉપમાથી ઓહિમનં પજ્જવ કહેવાતા કેવલી કે મતિ શ્રુત કેવલી આમાં ન ગણાય.

## નિખિલાવભાર.

સર્વ દ્રવ્ય, પર્યાયો જણાવે તે કેવલજ્ઞાન કોઈપણ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ એવાં ન હોય કે જે કેવલજ્ઞાનીના ખ્યાલ બહાર, જ્ઞાન બહાર હોય.

પાંચ ઇન્દ્રિયનાજ જીવ કહ્યાઃ છ સાત ઇન્દ્રિયવાળા જીવો હશે ? તમે ન જાણ્યા તો ન બોલ્યા. એવી કોઈ દ્રવ્યાદિની ચીજ નથી કે જે કેવલજ્ઞાની ન જાણી શકે નિર્મલ દૃષ્ટિવાળો, જે ન દેખે તે ન કહે. જે નથી કહ્યું તે અવિદ્યમાનજ. છ સાત ઇન્દ્રિયવાળા જીવો હોય તો કહેને !

મતિ જ્ઞાનાદિ આવેલાં જાય પણ કેવલજ્ઞાન આવેલું જાયજ નહિ.

કેવલજ્ઞાન સુધી ટકનારાં અવધિ તથા મનઃ પર્યવ જ્ઞાન, કેવળ ઉપજાવે ત્યાંસુધી અપ્રતિપાતિ કહેવાય. જેને અપ્રતિપાતિ કહ્યાં છે તે તે કે

જે કેવલજ્ઞાન સુધી ટકે. કેવલજ્ઞાન તો થયું તે થયું. પછી જાયજ નહિ.

## કેવલજ્ઞાન શાશ્વત છે.

આ દુનિયામાં ધન, કુટુંબ, આયુષ્ય વિગેરે રજીસ્ટર્ડ નથી, સ્થિર નથી; ચંચલ છે. એકજ ચીજ એવી છે કે જે કાયમ ટકે, આવેલ તે જાય નહિઃ તે અનન્ય વસ્તુ છે કેવલજ્ઞાન! ઘટે નહિ, તેમાં ફેરફાર થાય નહિ, જાય નહિ તેવું જ્ઞાન તે કેવલજ્ઞાન! દૂધનું દહિં થાય, પછી પલટો નહિ. શુદ્ધ સ્વરૂપ સદા એક સ્વરૂપવાળું છે.

પાંચ આંગળાં ભેળાં થાય ત્યારે પંજો કહેવાયઃ ત્યાંસુધી તો તર્જની, કનિષ્ઠાથી કહેવાય, પાંચ ભેદો છે જેના સમુદાયે તે કેવલજ્ઞાન!

## જ્ઞાનની વિરાધના અંશે પણ ન થવી જોઇએ.

જ્ઞાનને મેળવનારો વિનાશથી ચમકતો રહે છે. તર્જની, મધ્યમાને પકડી ખીંચવામાં આવે તો માણસ ખીંચાય. અંગનો એક ભાગ ખીંચાય તો આખું અંગ ખીંચાય. તાત્પર્ય કે જ્ઞાનની આરાધના કરવી જોઇએ; વિરાધના ન કરવી જોઇએ. સેવા કરવામાં પગ ચંપાય લાત ન મરાય. જ્ઞાનની વિરાધના અંશે પણ ન થવી જોઇએ.

વરદત્ત ગુણ મંજરીની કથામાં (એ ચારિત્રમાં) શું છે? એમાં દુનિયાદારીના શિક્ષકને ગાળો દીધી હતી, દુન્યવી શિક્ષણનાં પુસ્તકો બાળ્યાં હતાં, લૌકિક આરંભ પરિગ્રહનાં સાધનોની ત્યાં વિરાધના હતી. આવી વિરાધના પણ જો આટલી હદે (તે ચારિત્રમાં જણાવેલી હદે) નુકશાન કરે તો પછી લોકોત્તર જ્ઞાનની વિરાધના કરનારની શી દશા?

જ્ઞાનાવરણીય સર્વ વ્યાપી છે. જ્ઞાન, જ્ઞાની, તેનાં સાધનોઃ તેની ભક્તિ કર્તવ્યઃ તેની વિરાધનાથી કર્મ બંધાય છે. જ્ઞાન, જ્ઞાની, તેનાં સાધનો પ્રત્યે પ્રદ્વેષ, ઇર્ષ્યા, અંતરાય, માત્સર્ય, દ્વેષ, આશાતનાથી કર્મ બંધાય છેઃ તેમની ભક્તિથી કર્મો તૂટે છે. જ્ઞાનની વિરાધનાનો પરિહાર કરવો. જ્ઞાનની સેવા કરવી.

## જન્મ પવિત્ર કરવો હોય તો જ્ઞાનની આરધના કરવી.

બુદ્ધિમાન મનુષ્ય જ્ઞાનીની સેવા કરે, જ્ઞાન; જ્ઞાની તથા સાધનોની આરાધના કરે તે કયા પ્રયોજને? જન્મને સાર્થક, પવિત્ર કરવાની બુદ્ધિ તો હોવી જોઇએને! અહિં જો જન્મ પવિત્ર કર્યો તો આગળ પવિત્રતા છેજ.

બીજાઓ (ઇતરોઃ જૈનેતરો) સદ્ગતિ દુર્ગતિ ઈશ્વરને આધીન માને છે પણ આપણા દર્શનમાં (શ્રી જિનેશ્વર દેવ પ્રરૂપિત દર્શનમાં) તેમ નથી. અહિં તો સાફ ઇન્સાફ છે કે આ જન્મના કૃત્યોના આધારેજ આવતો ભવ મળવાનો છે.

ઉંદરની સભા મળી હતી એ વાત ન જાણતા હો તો જાણો અને વિચારો, એક બિલાડી હળી હતી તે રોજ એક ઉંદરને મારી ખાતી. તે માટે ઉંદરોની સભા મળી બધાએ ઠરાવ કર્યો કે 'બિલાડીને ગળે ઘંટડી બાંધવી. ઘંટડી બાંધવામાં આવે તો તરત તેના આગમનની ખબર પડે જેથી છટકી શકાય.' ઠરાવ પસાર

તો કર્યો પણ ઘંટડી બાંધે કોણ? ઘંટડી બાંધવામાં તો કોઇએ આગળ થવું જોઇએને!

## આ ભવની આરધના ઉપરજ પરભવનો આધાર છે. વજ્રસ્વામીજીનું દ્રષ્ટાંત.

ઘઉંમાંથી બાવટો નહિ થાય, ઘઉં થાય. આ ભવમાં આરાધના કરશો, વિરાધના નહિ કરો, તો બીજો ભવ આરાધનાવાળોજ થશે. આરાધના આ ભવમાં એવી કરો કે જે ભવાંતરમાં જવાબ દે. વજ્રસ્વામીજી માતાની કૂક્ષીમાંથી બહાર નીકળ્યા કે તત (હજી તો પારણે પોઢયાય નથી) સાધુપણાનું સ્વરૂપ કયાંથી સમજી ગયા? જન્મતાંજ તેમને ચારિત્રની ભાવના થઇ! નિમિત્ત તો નામ માત્ર હતું. 'પિતાએ દીક્ષા લીધી, તે હોત તો મહોત્સવ થાત' આવી પડોશીઓ પરસ્પર વાત કરતા હતા તે વાતજ તે વાતનું શ્રવણજ નિમિત્ત હતું. એ પડોશીઓ તો 'દીક્ષા' શબ્દને અનાદર પૂર્વક બોલતા હતા પણ તેય શબ્દ શ્રવણે શ્રીવજ્રસ્વામીજીને તો જાતિ સ્મરણ જ્ઞાન થાય છે. પોતે તમામ સ્થિતિ સમજી જાય છે અને સાવચેત બને છે, રૂદન (રડવું) શરૂ કરી દે છે. **बालानां रुदितं बलं।** બસ! એ તો રડયાજ કરે! માતાએ ઘણાં ઔષધો કર્યાં પણ રોગ હોય તો મટે કે ઓછો થાયને! ઈરાદાપૂર્વક રૂદન કાંઇ ઓસડથી બંધ થાય ખરૂં? છ માસ સુધી એમણે રૂદન ચાલુ રાખ્યું! વિચારો! મોટા માણસો પ્રયત્ન ચાલુ કેટલો સમય રાખી શકે છે! આ તો નાનું બાલક, છતાં છ છ માસ સુધી રડયા કરે. તેવી તાલાવેલી! કેવી લગની! આત્માની કેવી ખીલવટ! કામ આમ થાય!! માતા નિરાધાર છે કેમકે તેમના પિતાએ તો દીક્ષા લીધેલી છે. જેમ સાસરિયામાં કોઇ નથી તેમ પિયરમાં પણ કોઇ નથી. તે પક્ષમાં પણ આર્યસમિતિસૂરિ દીક્ષિત થયેલા છે. અહિં પતિ ધનગિરિએ દીક્ષા લીધી છે. કહો, આવી બાઇને છોકરા (પુત્ર) ઉપર કેટલો આધાર ગણાય!

પુત્ર માટે આકાશ પાતાલ એક કરનારી વ્હાલસોઇ માતા, પત્થર માત્રને પૂજનારી માતા અને તેમાંય જેના ઉપરજ પોતાનો આધાર છે એવી આ અબલાને પણ એમ થયું કે, 'હવે તો હું કંટાળી! આ બલા ટળે તો સારૂં! એનો બાપ આવે તો એનેજ આપી દઉં!' વિચારો કે એ બાલકનું રૂદન કેવું હશે! એવામાં તો સતીપુત્ર સિંહગિરિ આવ્યા છે અને એ બાલક વજ્ર (વજ્ર હૃદયી વજ્ર) ના પિતા ધનગિરિ ગોચરીએ નીકળ્યા છે. મહાત્માઓનાં હૃદય વજ્ર તથા કુસુમ સમાન હોય છે. એ આશ્ચર્ય પ્રસિદ્ધ છે. ધનગિરિજી વહોરવા આવ્યા અને 'ધર્મ લાભ' આપ્યો. ગોચરીમાં માતાએ બાલકનેજ દઇ દીધો. ધનગિરિજી 'હવે પાછો નહિ મળે' એવું સાટું પાડોશીઓની સાક્ષીએ કરીને ઝોળીમાં લે છે. જ્યાં ઝોળીમાં તે પડયો કે રૂદન બંધ! વય માત્ર છ માસની ધનગિરિજી લાવ્યા તો ખરા પણ આટલી વયના બાળકને નીભાવવું શી રીતે? શ્રાવકો ધર્મને સમજનારા, લાગણી ધરાવનારા હોય તેઓ વિવેક પૂર્વકનો રસ્તો કાઢેજ. સાધ્વીજીના ઉપાશ્રયે ઘોડીયું રાખવામાં આવ્યું અને શ્રાવિકાઓ આવીને તેને ઉછેરવા, પોષવા લાગી. બાલક પણ એવો કે સ્થંડિલ તથા પીશાબ માટે પણ સંજ્ઞા કરે પણ ઘોડીયું બગાડે નહિ. આ બાલક તો આખા નગરને વહાલો લાગ્યો!

એની માતા સુનંદાએ આ સાંભળ્યું. ફરી પરિચયમાં આવવા માટે પોતે પણ આવીને સ્તનપાન કરાવવા તથા રમાડવા લાગી. દૃષ્ટિ તે બાલકને પોતાની તરફ ખીંચવાની છે. એમ કરતાં કરતાં તે બાલક તો અઢી વર્ષનો થયો. સુનંદાને થયું કે 'હવે એ પુત્ર કબજે લેવો. હમણાં આવ્યો તો આવ્યો, મળ્યો તો મળ્યો, નહિ તો ગયો સમજવો!' તેણે સંઘને કહ્યું, નગરજનોને કહ્યું પણ કોઇ વચ્ચે પડયું નહિ. તેણી રાજા પાસે ગઇ અને ફરિયાદ કરી. રાજા ધર્મમાં સમજતો નથી. રાજા પાસે ઇન્સાફમાં સાક્ષી વિગેરે તો રજૂ થયું પરન્તુ રાજા માતાના કલ્પાન્તથી દોરાયો અને તેણે બાલકને હાજર કરવાનું ફરમાવ્યું. છોકરાને હાજર કરવામાં આવ્યો. રાજાએ ન્યાય એવો તોલ્યો કે, 'છોકરો જેની પાસે તેનો ગણાય.' માતાએ તે બાલકને આકર્ષવા ઘણું ઘણું કર્યું, રમકડાંઓ દેખાડયાં, થાય તેટલું કર્યું પણ તે તરફ 'વજ્ર' નામના બાલકે નજર સરખી ન કરી, પ્રથમ તક માતાને આપવામાં આવી હતી. માતાના પ્રયત્નો પૂરા થયા પછી વારો આવ્યો ધનગિરિજીનો (પિતાનો) એમની પાસે ઓઘા વિના બીજું શું હતું? 'વજ્ર' તો ઓઘો હાથમાં લેતાં એવો નાચ્યો કે ન પૂછો વાત! રાજાને, સભાને તો તેવી અસર થાય પણ ખૂદ માતાને પણ હૃદયમાં ઉંડી અસર થઈ! આ કથા પ્રસિદ્ધ છે.

## 'ધર્મ થવોજ જોઇએ!'

આપણો મુદ્દો તો આરાધનાના સંસ્કાર પુરતો છે. આ ભવે કરેલી આરાધના પરભવે પ્રાપ્ત થાય છે. જીવને આરાધનામય બનાવવામાં બીજા ભવનો સંબંધ છે.

'ધર્મ થાય તો ઠીક' એમ નહિ પણ 'ધર્મ થવોજ જોઇએ' એ સૂત્રનો અમલ કરો.

હરકોઇ સંજોગોમાં '**ધર્મ થવોજ જોઇએ**' જો કલ્યાણની કામના હોય તો.

જેઓ એ રીતે ધર્મને આરાધશે તેઓ કલ્યાણ, શાશ્વત કલ્યાણને પામશે.

# અપૂર્વ સાહિત્યો.

| | | |
|---|---|---|
| ૧ શ્રી સિદ્ધચક્ર મહાત્મ્ય | રૂ. | ૧-૪-૦ |
| ૨ શ્રી આગમોદ્ધારક (જીવન ચરિત્ર) | રૂ. | ૨-૦-૦ |
| ૩ તપ અને ઉદ્યાપન | રૂ. | ૧-૪-૦ |
| ૪ સાગર સમાધાન | રૂ. | ૩-૦-૦ |
| ૫ તિથિ ચર્ચાનો સ્પેશીયલ અંક | રૂ. | ૨-૦-૦ |
| ૬ શ્રી સિદ્ધચક્રની ફાઇલો | | |
| વર્ષ ૧ અને ૪ થી ૧૦ સુધીના સેટના | રૂ | ૫૧-૦-૦ |

ઉપરના દરેક પુસ્તકનો એક શેટ ખરીદનારને કમીશન ૧૨।। ટકા આપવામાં આવશે.

**શ્રી સિદ્ધચક્ર સા. પ્ર. સમિતિ.**

ગોપીપુરા, બાવાસિદ્ધિ—**સુરત.**

## —: પ્રિય વાંચકો :—

જત આ એકઠા અંકમાં મેટર વધુ તૈયાર નહી હોવાથી અંકનું દળ ઓછું રાખવામાં આવ્યું છે. આવતો અંક દલદાર, સુંદર તત્વો અને લખાણોથી ભરચક રહેશે. તેમજ અમે ખાત્રી આપીએ છીએ કે હવેથી આ પેપર આપને નિયમીત તા. ૧૮ મીએ મળતું રહેશે.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રી. પ્રેસ—ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી—

( લેખકઃ—સુધાવર્ષી. )

૧. કસોટીપર સોનાનો કશ નક્કી કરાય છે તેવી રીતે વીતરાગના વચન પર વિચારધર્મ અને વર્તનધર્મનો નિર્ણય થાય છે.

૨. દુકાળમાં અનાજની મોંઘવારી, લડાઇના જમાનામાં સુકાળ હોય છતાં રેશનીંગ-કંટ્રોલ આદિ નિયમોથી દરેક ચીજની દુકાળની જેવી મોંઘવારી હોય છે; પરંતુ મોંઘા માનવ જીવનમાં ફુરસદની મોંઘવારી સર્વદા ચાલુ છે.

૩. જન્મીને મરણ પામીયે ત્યાં સુધીમાં ફુરસદની મોંઘવારી થાય એમ લાગે છે ખરૂં ?

૪. સંપૂર્ણ સામગ્રી-સાધનો મળ્યા છતાંય સદુપયોગ નથી થતો એજ આત્માને વાસ્તવિક અર્થીપણું સમજાયું નથી એ વાતને હૃદયપટ પર લખો.

૫. મળેલી અને મેળવેલી સમગ્ર સામગ્રીઓ છોડવી પડશેજ એ નિર્ણયમાં શંકા નથી તો પછી સફળતાના પંથે વિહરવામાં નિરૂદ્યમી કેમ રહો છો ?

૬. મૂકવા લાયકની ચીજને મૂકવા લાયકની ન જાણે તે માનવ નથી પણ હેવાન છે.

૭. મૂકવા માટેનો ઉદ્યમ ચાલુ છે કે લઇ જવા માટેનો ઉદ્યમ ચાલુ છે એટલું સમજતા શીખો.

૮. જવા બેઠેલું આયુષ્ય કોઇથી પણ રોકી શકાતું નથીજ એ સમજી રાખજો.

૯. જવા બેઠેલ આયુષ્યનો સદુપયોગ કરવો તેજ ખરી માનવતા છે.

૧૦. શરૂ રહેલા ગંગાના પ્રવાહની જેમ જવા બેઠેલા આયુષ્યનો ભાગ્યશાળીઓજ સદુપયોગ કરી શકે છે.

૧૧. અમેરિકામાં સુવર્ણની નિકાશનો પ્રતિબંધ છે પરંતુ કર્મરાજાની સત્તામાં રહેલ માનવીને પરલોક જતાં શાના પ્રતિબંધ છે તે સમજાતું નથી.

૧૨. વાલ સોનાના કષ-તાપ-છેદને જાણી શકે તે જગતભરના સોનાના અવસરે પરખી શકે છે તેવી રીતે ધર્મના એક અંશને તપાસવા વાળો જગતભરના ધર્મ-ધર્મી અને સાધનની જરૂર પરીક્ષા કરી શકે છે.

૧૩. યાદ રાખવું જોઇએ કે શરીર, ઇન્દ્રિયો, વિષય વિકારના સાધનો, સ્થાવર-જંગમ મીલ્કત, સગાં સંબંધીઓ અને પુત્ર પરિવારાદિની નિકાશ કરવાનો શાશ્વત પ્રતિબંધ કર્મસત્તાએ સર્વત્ર-સર્વદા જાહેર કર્યો છે.

૧૪. મૂકી જવા લાયકની ચીજો માટે રાતદિવસની મજુરી ચાલુ છે અને લઇ જવા લાયકની ચીજ માટે ઘડીભરની ફુરસદ નથી તો સરવાળે શું ?

# શ્રી સિદ્ધચક્ર.

!!! વં....દ....ન....હો.... !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः
आचार्या धर्मधुर्याः श्रुतगणपठनो वाचकाः सन्मुनीशा
मोक्षाध्वालम्बनाः श्रद्धतिमतिचरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत ॥२॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

[ ધનજીસ્ટ્રીટ: ૨૫, ૨૭ ]

વર્ષ ૧૧ ] અંક ૬-૭ મો.

વિક્રમ સં. ૨૦૦૧, વીર સં. ૨૪૭૧. તા. ૧૭-૬-૪૫ રવીવાર

લવાજમ રૂ. ૨-૦-૦ કિંમત ૨॥ આના.

# શ્રી. રામવિજયજીએ શું શેઠ શ્રી કસ્તુરભાઇની આંખો આંજી નથી ?

ચાલુ તિથિ ચર્ચાના પ્રકરણમાં તા. ૫-૪-૪૩ થી આરંભીને તેમની ટોળીના અને તેમના પકડાયેલા અને પકડાતા કાગળોથી જૈન જનતા સ્પષ્ટપણે નિર્ણય કરી શકે છે કે પુનાના ડો. પી. એલ. વૈદ્યના લખાણમાં શ્રી રામવિજયજી તરફથી પુરો હસ્તક્ષેપ થયો છે અને ધાલમેલ થઇ છે, અને તેથી તે લખાણને જૈન જનતામાંની કોઇ પણ સુજ્ઞ વ્યક્તિ સાચું તો શું પણ ન્યાયવાળુ પણ તે લખાણ માનતી નથી. બીજી પણ એવી કેટલીક વાતો છે કે જે જૈન જનતાની જાણમાં હજુ સુધી આવી નથી તે વાતોથી તો જૈન જનતા એમ જાણી શકશે કે શેઠશ્રી કસ્તુરભાઈ મી. વૈદ્યને પાલીતાણે લાવ્યા તેના પહેલેથીજ શ્રી રામવિજયજીની ટોળીએ તે વૈદ્યને ફોડીને શેઠ શ્રી કસ્તુરભાઇની આંખો આંજી હતી.

## તેની સાબીતિઓ નીચે પ્રમાણે.

૧. શ્રી રામવિજયજી એને વાતને તો કબુલ કર્યા સિવાય છૂટકોજ નથી કે તેઓએ પોતાની સહી સાથે લખેલા વૈદ્યને મોકલવાના નિવેદનમાં શ્રી તત્ત્વતરંગિણીના પાઠમાંથી ૫વકાર ઉડાડી દેવામાં આવ્યો હતો.

૨. તે ઉડાવેલા ૫વકારની બાબત શાસન પક્ષે રામવિજયજીના કરેલા ખંડનમાં સારી રીતે ચર્ચી હતી.

૩. આટલું છતાં વૈદ્યની સાથે તે ૫વકારને ઉડાવ્યાની ચર્ચા થતાં મી. વૈદ્યેજ પોતાનાજ હાથે શ્રી. રામવિજયજીના લખેલા નિવેદનમાં ૫વકાર દાખલ કર્યો છે. (આ મી. વૈદ્યે શ્રી રામવિજયજીના હસ્તાક્ષરના લખાણમાં દાખલ કરેલો ૫વકાર શેઠ કસ્તુરભાઇ પોતાને ઘેર પડેલી તેઓની પેટીમાં જોઈ શકશે અને સત્ય માર્ગમાં ખાત્રી હશે તો શેઠ શ્રી. મી. વૈદ્ય અને રામવિજયજી બન્નેને સત્યથી દૂર ગયેલા જાહેર કરશે.)

૪. જાહેર રીતીએ મી. વૈદ્ય પુનેથી પાલીતાણે બન્ને પક્ષે આપેલા પુરાવાઓના શાસ્ત્રીય પાઠોની સમીક્ષા કરવા આવ્યા હતા તેમાં શાસન પક્ષ તરફથી ૫૦ પૂ૦ સાગરાનંદસૂરીશ્વરજીએ લગભગ અઢી કલાક સુધી વૈદ્યના કથનના ઉત્તરો આપ્યા પછી શ્રી રામવિજયજીને પાઠોની પરિક્ષા માટે કહેવામાં આવ્યું ત્યારે શ્રી રામવિજયજીએ તે પરિક્ષા આપવાનું ના પાડતાં સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે બધું લખેલુંજ છે આવી રીતે પરિક્ષાની ના પાડેલી છતાં પુનાના વૈદ્યે તે વાત સહન કરી (આ વાત કોઈ દિવસ પણ પ્રથમથી મી. વૈદ્યના ફુટયા સિવાય બની શકે નહીં.)

૫. વૈદ્યને શ્રી. રામવિજયજીએ ખુલ્લા શબ્દોમાં તે વખતે પોતાની સાથે પત્ર વ્યવહાર કરવાનું જણાવ્યું છતાં તેનો વૈદ્યે મુદ્દલે પ્રતિકાર કર્યો નહીં (મધ્યસ્થથી પક્ષકારની સાથે બારોબાર પત્ર વ્યવહાર થાય નહીં છતાં મી. વૈદ્યે તેનો નિષેધ કર્યો નહીં.)

૬. તે વૈદ્યે અને શેઠજીએ પરસ્પરના ખંડનની આપ લે કરવાની હોય નહીં એમ સિદ્ધાન્ત નક્કી કરેલો હોવા છતાં શ્રી રામવિજયજીની તે ખંડન લેવાની હાને મી. વૈદ્યે સ્વીકારી લીધી અને શાસન પક્ષની આખી પેટી માત્ર ખંડનની નકલની માગણી પેટે આપી દીધી અને તેમાં વાંધો પણ લીધો નહીં.

ઉપરની હકીકતો જો શ્રી રામવિજયજી ના કબુલ કરે તો જૈન જનતા સ્પષ્ટપણે સમજી શકશે કે આ વિષયમાં પણ શેઠ શ્રી કસ્તુરભાઇની આંખો આંજવામાંજ આવી છે.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

# શ્રી સિદ્ધચક્ર.

તંત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.

વર્ષ ૧૧.] ફાગણ-ચૈત્ર. [અંક ૬-૭.


## આગમોદ્ધારકની અમોઘદેશના.

દેશનાકારઃ—આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી. સ્થળ—સુરત.

[નોંધ—દેશના અવસરે દેશનાકારના વ્યાખ્યાનોનો સારભૂત સંચય પં. શ્રી હેમસાગરજી મહારાજે કરેલો છે. તે વ્યાખ્યાનો તેઓશ્રી પાસેથી મેળવી પ્રેસ કોપી માટે તૈયાર કરાવી અને વાંચકો સારી રીતે વાંચી શકે તે રીતિએ પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રસાગરજી મહારાજ પાસે પેરેગ્રાફ વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવી અત્રે અપાય છે. છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ કોઈપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ.]

લિ૦ તન્ત્રી.

**ઈચ્છા વગર પણ શ્રવણ-જ્ઞાનની પ્રાપ્તિ. પ્રબળ ઈચ્છા અને દૃઢતા વગર કાર્યસાધક દશામાં આગળ વધાતું નથી. વિજ્ઞાન ભૂમિને સ્પર્શ્યા પછી આત્માની દશા કેવી હોવી જોઇએ?, પ્રેષ્ય, દાસ, કિંકર શબ્દોના ભાવ સમજ્યા છતાં પ્રવૃત્તિ વખતે ઢીલા કેમ પડાય છે. ભકિતના ભાવ ભકતના હૃદયમાં અંકાયા નથી. સ્વયંસેવકની કક્ષામાં સાધુ ભગવંતોએ પોતાનું જીવન જીવવું જોઇએ.**

**ધર્મ એ સાગરોપમથી પણ વધુ કાળ સુધી જવાબ દેનારી ચીજ છે. નવાણું ગુણ છતાં એક અવગુણ ડુબાડી દે છે. હજારો અવગુણ છતાં એકજ ગુણ તારી શકે છે. ગુણના ભંડારો કેમ ડુબે છે અને અવગુણના અબ્ધિ કેમ તરે છે તે કોયડો સમજો. નિર્ભયપણા સાથે તાત્કાલિક સુખ દેનારી ચીજ ધર્મ. ઘરધણી અને પાડોશીના ફરક સમજો. અલ્પગુણને પણ રત્ન સમજો. મિથ્યાત્વપણામાં અરે ઘુણાક્ષર ન્યાયની કરણીમાં બનેલા પ્રસંગોને અનુમોદવા જૈન શાસન ફરમાવે છે. એક-ચિત્તની કથાનું રહસ્ય. ધર્મની જે કરણીમાં તમને રસ ન હોય તે તરફ પણ આદરભાવ રાખતાં શીખો, તોજ 'ધર્મ રત્નજ' આ નિશ્ચયને સ્થીર કર્યો છે એ માની શકાય.**

### શ્રવણ અને જ્ઞાન ઇચ્છા વગર પણ પ્રવર્તે છે.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિચંદ્ર સૂરીશ્વરજી મહારાજ, ધર્મરત્ન પ્રકરણની ટીકા કરતાં થકાં આગળ સૂચવી ગયા કે શ્રાવકને લાયકના ૨૧ ગુણો વિગેરે આગળ જણાવી ગયા પણ તે ગુણો સાંભળવાથી એ ભૂમિકા પ્રાપ્ત થાય તે સ્વાભાવિક છે, પરન્તુ ખરો ઉદ્યમ ત્રીજી ભૂમિકા મેળવવામાં છે. દર્શનાવરણીયના ક્ષયોપશમથી મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી પાંચે

ઇંદ્રિયનો ક્ષયોપશમ થવાથી કાને આવેલા શબ્દો સાંભળવામાં આવે છે. જે શબ્દોની બેદરકારી હોય તે પણ કાને આવે છે. શ્રવણ એ ઇષ્ટનુંજ થાય છે, અનિષ્ટનું નથી થતું એમ બનતું નથી. નામ કર્મના ઉદયે શ્રોત્ર ઇંદ્રિયની રચના થઇ છે. ક્ષયોપશમને લીધે કાને આવેલા શબ્દો શ્રવણમાં જરૂર આવે, ભાષા અને તેના અર્થને જાણતા હોવાથી સાંભળેલા શબ્દનો અર્થ લેવા ના ધારો તો પણ અર્થ આવે છે. તમારા તિરસ્કારના અને અપમાનના શબ્દના અર્થો શબ્દ-સાથે સમજવામાં આવે છે. શ્રવણ અને જ્ઞાન બધી જગોપર ઇચ્છાએ કે અનિચ્છાએ પણ થાયજ છે. વગર ઇચ્છાએ પણ એ શબ્દો આવે તે સંભળાય છે. તેના અર્થનો ખ્યાલ તરત આવેજ છે. બે વસ્તુઓ વગર પ્રયત્નની કહીએ તો ચાલે. આથી શ્રવણ કરનારા અને જાણનારા વગર પ્રયત્ને જાણી જાય તેમ કહેલું નથી, અર્થાત્ શ્રવણ અને જ્ઞાનમાં ન પ્રયત્ન કરે તોપણ તે બંન્ને મળે છે. અલ્પ પ્રયત્ને-વગર પ્રયત્ને પણ બન્ને મળે છે પણ ધર્મિષ્ટ-પણાની બુદ્ધિથી કલ્યાણની આકાંક્ષાથી મહેનત કરો તો ત્રીજી ભૂમિકા મેળવવા માટેજ મહેનત કરવાની છે. શ્રવણ અને જ્ઞાન બે ચીજ સંયોગે કરીને મળી જાય. શ્રવણ જ્ઞાન માટે મહેનત ન કરો તો પણ મળી જાય છે.

## ઓલંભામાં શ્રવણ-જ્ઞાનની જાગૃતિ.

ભગવાન ઋષભદેવજીને શ્રવણ અને જ્ઞાન અનાયાસે મલ્યું છે. જૂઓ શ્રી આદિનાથ ચરિત્ર અને શ્રી ધર્મઘોષસૂરિજી અને ધનાસાર્થવાહનો પ્રસંગ. તે અવસરે પહેરેગીર બોલે છે કે તું તારા આશ્રિતોને સંભાળ. મરી ગયા હોય તો પણ તે આશ્રિતોને તું સંભાળે છે, અને તું આશ્રિતોને ભૂલતો નથી. દૂર રહેલા તારા આશ્રિતોની ખબર લીધા વગર રહેતો નથી. માત્ર સૂર્યની સૂર્ય-વિકાસિની કમલોની કરમાવાની વાત સંભળાવી તેમાં શ્રી ધર્મઘોષ-આચાર્યનું નામ નહતું. સૂર્યની સ્તુતિ કરી પણ ધનાજીને એ સૂઝયું કે આ મારા આશ્રિતોને કહેતો હોય અને મને ઓલંભો દેતો હોય તેમ લાગે છે. તો મારા આશ્રિતો કોણ ? મેં કોને ન સંભાલ્યા ? અહીં સૂર્યની વાત વાતમાં શ્રવણ અને જ્ઞાન જાગૃત થાય છે.

## વિનંતી પૂર્વક લાવનારા અને આવનારાઓની મનોદશા.

અહીં ધર્મઘોષસૂરિનો વિચાર થયો શાથી ?, આડકતરી રીતે જણાવે છે કે સાર્થવાહે આશ્રિતોને બરાબર પાલન કરવા જોઇએ. હું કયા આશ્રિતોની ખબર નથી રાખતો. ધર્મઘોષ આચાર્ય સમુદાય સહીત 'અમે આવીએ છીએ' એમ આજ્ઞા લઇને આવેલા છે. નોતરૂં બધાને છે. બધી અડચણો પુરી પાડીશ એમ સ્થાનભરમાં રહેનારને નોતરૂં દીધું છે છતાં આચાર્યે અમે આવીએ એવી રજા લઇને આવ્યા છે. તેમાં તમામને આવવાનું નોતરૂં છે. ધર્મઘોષસૂરિએ મારી અનુજ્ઞા લીધી છે. પધારો માથા ઉપર ઢંઢેરા કરતાં વિશેષ આજ્ઞા લીધી છે. જેને મેં કહ્યું છે કે તમારા જેવા મારા સાર્થમાં હોય તો હું આનંદ માનું છું. તેવા ભગવંતોની ચાર મહિના સુધી ખબર નથી લીધી. જેમાં હાથે રસોઇ કરનારા, અને અનાજ સંઘરી રાખનારાઓ જ્યાં પાંદડાં કંદમૂળ ખાઇ નિર્વાહ કરે છે, તેવી જગો પર એમનું શું થતું હશે ? એ પણ વિચાર્યું નહિ. શ્રી ધર્મઘોષસૂરિ પાસે જાય છે. દૂરથી નમસ્કાર કરી કહે છે કે સાહેબ માફ કરો. હું

તમને લાવ્યો પણ ખબર ન રાખી, મારી ભૂલ થઈ. કોઇક સંઘમાં આ પ્રસંગની બાજુ ઘટાડી લ્યો. કોઇક સંઘવી આપણને વિનંતિ કરી લઇ ગયો હોય, આખા સંઘની આવી દશા થઇ હોય તો આપણું મગજ અને છાતી કઇ સ્થીતિમાં હોય. હેરાનગતિના છેડા વખતે સંઘવી આવે તો આપણો પાવર કેવો હોય ? ત્યાં ધર્મઘોષ શું કહે છે ? મહાનુભાવ અમે સાધુ વૃત્તિવાળા અમે તો જે જગોએ સુઝતું હોય તે લેવું છે. આ કષ્ટનું કારણ ધર્મનો અભાવ હોય તો લાગે. તે વખતે ધર્મોપદેશ કરે છે, ત્યારપછી દેવાનો વિચાર થાય છે. ઘી દેતાં સમ્યકત્વ ઉપાર્જન કરે છે. ત્યાં શ્રવણજ્ઞાન સ્વભાવિક હતા. ધર્મઘોષસૂરિનું વચનરૂપી અમૃત મલ્યું ને ભગવાન ઋષભદેવજી થયા.

## ભકતોની ભકિત એ વાસ્તવિક ગુલામગિરિ નથીજ.

ધર્મઘોષસૂરિને પાવર ચડયો હોત તો ધનાજીનું શું થાત ? તારા જેવો બેઈમાન રક્ષણ નહિં થાય એમ પહેલેથી કહ્યું હતે તો વાંધો શો હતો ?, એમાંથી કોનું કલ્યાણ થતે ?, પાવર ચડાવ્યો હતે તો પણ પોષ મહીનાના પાણી માફક શીતળ. જે ખુદ લાવનાર, અરે ? કબુલ કરી લાવનાર તે પણ કબુલાત ન પાળે. હવે કબુલાત પાળવાનો વખત રહ્યો નથી તે વખતે આવેલો છે. આવી સ્થોતિમાં પારો ન ચઢે તે સ્થીતિ કેવી હોવી જોઇએ ? ધર્મઘોષસૂરિએ ઉપદેશથી મૂળ સ્થીતિમાં લાવી મૂકયો. ગુલામગીરિ શબ્દ હલકો છે. **ભકિતમાં રહેનારાઓ ઉત્તમના ગુલામ થવામાં માન સમજે છે.** હે ભગવાન તમારો, જેવી રીતે તમે હુકમ કરો તેમ કામ બજાવવા માટે તૈયાર છું. તમારો તાબેદાર છું. જ્યાં મોકલો તેવી રીતે કામ કરવા જવા વચન તહત્તિ કરવા તૈયાર છું. એટલુંજ નહિં પણ હું જે કંઇ કરૂં તે તમને પુછીને કરવા બંધાએલો છું. શું કરૂં તમારી આગળજ કહેવાનું તમે ફરમાવો તેજ કરવાનું. કિંકર શબ્દ સહુ બોલીએ છીએ પણ પુછયા વગર આંખ ફરકાવવાનું પણ ન કરે તેજ કિંકર–સેવક. સેવા કરવાવાળો અને કિંકર છું એ સ્થીતિએ વિચારીએ તો જીનેશ્વરના આપણે પ્રેષ્ય દાસ કિંકર પણ દાસ વિગેરે એ ચારે અવસ્થા કબુલ કરે છે. પણ પારાથી હલકી એ અવસ્થા ગણે છે. મગજનો પારો ચડે તે વખતે દાસાદિપણું અને એ સેવકપણું કેટલું રહે છે ? મુખ્યતાએ ધર્મઘોષનો પારો ચડયો નથી. તેથી જીનેશ્વરનું દાસ પ્રેષ્ય કિંકરપણું ભૂલ્યા નથી.

## શાસનના ખરા સેવકો સાધુ ભગવંતો.

જીનેશ્વરે સાધુ ભગવંતોને ધર્મને રસ્તે લોકોને લાવવા મોકલ્યા છે. સ્વયંસેવકની ફરજ છે કે પોતાને અડચણ થાય તો પણ મેળામાં ભૂલા પડેલાને પોતાને ઘેર પહોંચાડે તેમ સાધુ સ્વયંસેવકની ટુકડી છે. છે સ્થિતિએ આટલી અવસ્થા છતાં આખો સાર્થ કંદમૂળ ફળફૂલ ખાઇ નિર્વાહ કરે છે તેવા વખતમાં ધર્મઘોષસૂરિ કેમ નિર્વાહ કરતા હશે ? તેનો પારો કેટલો વહી જાય ? પણ સ્વયંસેવકને ભૂખ લાગી છે વિગેરે રોદડાં રોવાનો હક નથી. તમે જૈન શાસનમાં ત્યાગી સ્વયંસેવકોને સમજો. તમારા સ્વયંસેવક એક કલાકના, અને ૨૩ કલાક ઘરસેવક. અહીં સ્વયંસેવક એવા કે જેને ઘર–સેવા ચીજ નહિં ઘર–સેવા ત્રિવિધે વોસરાવે, શાસન સેવા વખત ઘર સેવા મુદ્દલ ન હોય. એટલુંજ નહિં પણ ભવાંતર માટે પણ ઘર સેવાને ધિક્કારનારા હોય. તેવાજ શાસન સેવક ગણી શકાય. આઠકત્તરી

રીતે તમારા સ્વયંસેવકપણામાં ઘણા સ્વાર્થ સેવાતા હોય છે. સેવાનું ફળ પ્રથમ બંધ કરો તોજ સેવકની ટુકડીમાં નામ નોંધાવો, નહીંતર શાસન સેવા નથી. ઘર સેવાને વોસરાવે નહિં, તે ઘરને અધમ ગણે નહિં તેવાને શાસન સેવાની ટુકડીમાં નામ નોંધાવવાનો હક નથી. શાસન સેવકને શાસન વિચારવાનું બોલવાનું પણ શાસનનુંજ કામ શાસનનીજ પ્રવૃત્તિ કરવાની એવા શાસન સેવકના મોંમાંથી પાવરના વચનો નિકળેજ નહિં. શાસન સેવામાં પરિણુતિ રહેલી છે તેમાં પારો ઊંચો આવેજ નહિં.

## વિજ્ઞાન ભૂમિનું સ્પર્શ ન હોય તો દશા કેવી હોય ?

અહીં ધના-સાર્થવાહ આવ્યો તેણે તેની ભૂલની માફી માગી પણ આમને દરકાર એકજ કે આ જીવ ધર્મ કેમ પામે. આ જગોએ ધર્મઘોષસૂરિએ જે દેશના દીધી તે અવસર જો એ જીવ વિજ્ઞાન ભૂમિકામાં ન હતે તો ધના-સાર્થવાહ મનમાં એમજ બોલતે કે આમને અત્યારે ધરમ સંભાળવાનું આવા વખતમાં સુઝે છે. આ વિચારો ધનાસાર્થવાહને કેમ ન આવ્યો ? જંગલમાં પોતે પડેલો છે. સાર્થ આખો બેહાલ છે. તે વખતે ધર્મોપદેશ સાંભળે તે વખતે પોતાના સાર્થ કુટુંબની ધનની હાલત બધું ભૂલી જાય છે. આ જીવ નિર્મળ કાચ જેવો છે નહીંતર મહારાજ કહે છે કે આપણે સાંભળીએ છીએ પણ સાર્થ કુટુંબની આ દશા છે. એમ વિચાર કર્યા કરતો હતે તો કહી શકત. સાર્થની પોતાની આ દશા છે. જે સાર્થ પોતે સાથે લાવ્યો છે તેને બધી મદદ આપવા કબુલાત આપી છે. તે મદદ માથે અત્યારે તો સાર્થને ભુતીયાં આપ્યાં છે. પોતાની સ્થીતિ અસ્તોવ્યસ્ત છે તે બધી છાયા કેમ અને કેવી રીતે ખસેડી હશે ? ને ધર્મઘોષ આચાર્ય આગળ નિર્મળ અંતઃકરણે કેમ બેસી શકયો હશે ? આવી ભયંકર સ્થીતિને વિસારી દઇ આચાર્ય પાસે બેસી શકયો તે શી રીતે ? એજ ત્રીજી ભૂમિકા. ધર્મ એજ રત્ન. અરે ! ધર્મરત્નજ. આ બધી આપત્તિ હોય પણ બીજા પ્રયત્ન કરતાં આજ પ્રયત્ન આપત્તિ ટાળવાનો ઉત્તમ છે. એમ ભગવાન્ મહાવીર મહારાજના પૂર્વભવને વિચારો. એક કઠીયારો સાર્થમાંથી છુટા પડેલા સાધુને દેખે છતાં તે કઠીયારાને સાધુની દરકાર શી ? એ જગોપર પોતાનું કામ, અને જંગલની સ્થીતિ ભૂલી જાય છે ને વિચારે છે કે આ કોઇ મહાનુભાવ છે. વિનંતિપૂર્વક બોલાવી લાવ્યો અને આહાર પાણી વહોરાવ્યા. ચાલો રસ્તો બતાવું એ જીવને બીજાને માર્ગ બતાવવાની બુદ્ધિ, ધંધો બંધ કરવાની બુદ્ધિ આ શી રીતે બને એ વિચારો. આપણે દુકાનેથી સાધુ દેખી ઉભા થવું મુશ્કેલ પડે છે. સાર્થની સાથે ભેળા કરી દઉં શા આધારે ? શ્રવણ અને જ્ઞાનથી આગળ વધ્યો અંતઃકરણને એ બધી ઉપાધિથી છુટું કરી શકયો ખરો. ખરો લાભ આમાં એમ જયારે કઠીયારે ધાર્યું ત્યારેજ વળાવા આવ્યો, ત્યારે સાધુએ ઉપદેશ દેઇને ધર્મ પમાડયો. આપણો ઉદ્યમ કોના અંગે ? વિજ્ઞાનને અંગે ધર્મ એ રત્નજ છે. ધર્મ એજ રત્ન આ બે નિશ્ચય ધ્યાનમાં રાખશો તો હરિબળ મચ્છી જે પચ્ચખાણ કરે તે તે ખરેખર હાંસી આવશે. પ્રથમ માછલું છોડવું એવું હરિબળનું દ્રષ્ટાંત દીધું છે. તે મહાવ્રતધારી છે પણ તે અહિંસક ન હતો. ગુણમાં દાખલો કયો દેવાય ? એક ગુણ નવાણું અવગુણ કરતાં સારો છે. અવગુણમાં સંપૂર્ણ

હોય એવા પણ ગુણવાળાના એક ગુણ પરાકાષ્ઠાએ હોવાથી અચંબાનો દાખલો દેવાય. એક ગુણ વિજ્ઞાન ભૂમિકા પર જઇ આવ્યો હોય તો ૯૯ અવગુણ દાબી દે. ૯૯ અવગુણ છતાં એક ગુણથી ઉદ્ધાર થઇ શકે તે પણ કયારે. ધર્મ એજ રત્ન, એ ત્રીજી ભૂમિકામાં રહી એકપણ ધર્મનું કાર્ય કલ્યાણ કરી શકે છે. માટે ટીકાકારને કહેવું પડયું કે ધર્મ તેજ રત્ન માને અને તેને મેળવવાનુંજ મંથન કરે. જ્યાં એકજ વસ્તુમાં મંથન ચાલે તો ત્રીજી ભૂમિકા સમજવી. એમાં આવેલો કયા પ્રયત્ન કરે ? હવે એ ચીજ કઇ ? જેને અંગે મહેનત કરવાની. જે મહેનતથી વસ્તુ આવે અને ટકે તે અધિકાર અગ્રે વર્તમાન.

## ધર્મ એ રત્ન છે આ નિશ્ચય જીવનભરનો છે.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિચંદ્ર-સૂરીશ્વરજી મહારાજા ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે ધર્મરત્નની ટીકા કરતાં થકાં સૂચવી ગયા કે ધર્મરત્નને લાયક ૨૧ ગુણો અને તેના વૃત્તાંતો જણાવી ગયા. ભવ્યોની કર્તવ્ય દશા પણ બતાવી છતાં શ્રવણ અને જ્ઞાન ભૂમિકા ઘણી સહેલાઇથી પામી શકાય છે. અથવા તે સ્વાભાવિક થઇ જાય છે. મતિ જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોવાથી ભાષાનું જ્ઞાન હોવાથી એ સહેજે થઇ જાય છે. નહીંતર અપમાન જનક શબ્દ સાંભળવામાં આવત નહિં તે શબ્દો કોઇ સાંભળવા માગતું નથી પણ તે કાને આવી પડે છે, ને તેનો અર્થ ઇચ્છા ન છતાં સાંભળી જવાયજ છે. શ્રવણ લબ્ધિ હોવાથી સાંભળવામાં આવે છે, અને ભાષાના અર્થો જાણ્યા હોવાથી વગર ઇચ્છાએ પણ સંભલાય છે ને અર્થ પણ ખ્યાલમાં આવે છે. તેમ ૨૧ ગુણ જણાવ્યા તે ઉપર ૨૧ કથા જણાવી ભાષાના ક્ષયોપશમવાળા હોવાથી ને શ્રવણ લબ્ધિ હોવાથી બે ભૂમિકા પ્રાપ્ત થઇ જાય છે. ત્રીજી વિજ્ઞાન ભૂમિકા પ્રાપ્ત કરવામાંજ મુશ્કેલી છે. તે વિજ્ઞાન ભૂમિકા સમજાવતાં વિજ્ઞાન ભૂમિકા એજ કે ધર્મ એજ રત્ન. આખા જગતમાં ઉત્તમમાં ઉત્તમ ચીજ ધર્મજ છે, ધર્મ સિવાયની જગતની કોઇપણ ચીજ ઉત્તમ છેજ નહિં. ભલે ૨૩ કલાક તેમાં કાઢું છતાં દુનીયા તે પથરા જેવી છે. છોકરાંની એ બાલ રમત હોવાથી રત્નનો કિંમત ન સૂઝે. પત્થરની પાછળ ગાંડો થાઊં પણ ખરેખર ઉત્તમ ચીજ રત્ન તરીકે શ્રેષ્ઠ ચીજ ધર્મજ છે. આ નિશ્ચય મંદીર ઉપાશ્રય માટેનો નહિં પણ ચોવીસે કલાકનો, ૩૦ દિવસ અને બાર મહિનાનો, અરે આખી જીંદગીનો નિશ્ચય હોવોજ જોઇએ. સર્વગત નિશ્ચય હોવોજ જોઇએ અને ત્યારેજ ત્રીજી ભૂમિકામાં ગએલો છે એમ માલમ પડે. સામાયકમાં કે પૌષધમાં, મંદીરમાં કે ઉપાશ્રયમાં હોય ત્યારેજ ધર્મ ઉત્તમ પણ વાત પતી એટલે છેડો ખંખરી નાખે એમ નહીં. સમ્યકત્વ એ દેરા ઉપશ્રય માટે કહેવા પુરતી વાતની ચીજ નથી એ ચીજ આત્માની છે.

## ધર્મના બધા યોગો રત્ન સમાન છે.

આત્મા ખસે તો એ ચીજ ખસે. આત્મા ચીજ ખસનારી નથી. તો આ કેમ ખસે ? આથી ધર્મ એજ રત્ન. આ નિશ્ચય થાય આથી બીજો નિશ્ચય એ થાય કે ધર્મ રત્નજ છે. એ કરીને મોક્ષ પામવાના અસંખ્યાતા જોગો છે. અસંખ્યાતા રસ્તા છે. એક પણ રસ્તો કીંમતીમાં કીંમતી છે. બીજા રસ્તાની કિંમત ઉડી ગઇ છે. આપણે ચાહે તે રસ્તા લઇએ તેથી બીજા રસ્તાની કિંમત ઉડી ન જવી જોઇએ. આપણે શેર બાજરી તેથી ધાન્યજ શેર બાજરી છે

બીજું ધાન્ય નથી તેમ ન કહેવાય. ધર્મના અસંખ્યાત યોગમાં કોઈ યોગમાં ઉલ્લાસવાળા થયા. આખો દહાડો વાંધો નહીં એ વાત આપણા ઉપર વિચારો. દુકાને બેસતા પહેલા ઘરાકને ન્યાયથી પતાવવો અને બાકીનામાં ચાહો તે અન્યાય રાખી શકો છો ?, શ્રવણ અને જ્ઞાન હતું ત્યાં હાંસી લાગી પણ વિજ્ઞાન વખતે પોતા ઉપર આવ્યું ત્યાં હાંસી કેમ નથી લાગતી ? બેસતે વરસે છકાયનો આરંભ ન કરવો, લગનને અંગે પ્રથમ અઠવાડીયે બ્રહ્મચર્ય રાખવું, નિયમ લેનારા બારી બારણાની છુટ રાખે છે અર્થાત તમારે બાકીની બધી છુટ રહે છે. હરિબળને પહેલું બંધ કરવાનું હતું તમને પહેલું બંધ કરવાનું આકરૂં પડે છે. તો તેને કેમ આકરૂં નહિં પડયું હોય ? હરિબળ મચ્છીના વર્તન ઉપરથી આપણા ઉપર ઉતારતા કેટલી મહેનત પડે છે ? એના પાલનમાં કુટુંબ બાયડીનો કલેશ પોતાનું ખાવાનું રદ બાતલ ગણ્યું. એને એ માછલું જાળમાં પ્રથમ આવ્યું તો પણ ડગ્યો નહિં. કુટુંબાદિકનો હિસાબ નહીં ગણ્યો હોય ત્યારે છોડયું ને ? એક કૃત્યમાં કામ કેમ થયું તે સમજો. સર્વસ્વના ભોગે એ કૃત્ય છે. સર્વસ્વનો ભોગ કબુલ પણ આ ખસવું ન જોઇએ. આ મનુષ્યો વિજ્ઞાન ભૂમિકામાં આવ્યા ત્યારેજ ટકયા. ધર્મ એજ રત્ન. હરિબળ આખરે બાયડીના ડરથી ઘેર જઇ શકતો નથી. પણ આ બરોબર રાખવું. હરિશ્ચંદ્રને અંગે સત્યને અંગે સ્થીતિ એકજ રાજ્યવાળા કુટુંબી વિરોધી થાવ પણ બધા કરતાં મારા સત્યની કિંમત વધારે છે. આખા જગત કરતાં સત્યની કિંમત વધારે ગણી, અને હરિબળે કુટુંબ કરતાં માછલાની દયા વધારે ગણી.

## એક ગુણને લીધે તરી ગયા અને એક અવગુણને અવલંબને ડુબી ગયા.

આ ત્રીજી ભૂમિકા શાસ્રમાં એક એક કાર્યથી તરી ગયા. નવાણું સારાં કાર્ય કરતાં છતાં કેટલાક ડૂબી ગયા. એક અવગુણમાં ચંડકૌશિક કે જે આવી તપસ્યા કરનારો, માસ ખમણ કરનાર, પંચ મહાવ્રત પાળનારો, ક્રોધના એકે અવગુણથી ખસતાં ખસ્યો અને જતાં જતાં ચંડકૌશિક સર્પમાં ગયો. અભિમાન કરનારા મુનિઓ ચંડાલના કૂળમાં ગયા છે. મલ્લીનાથ સરખા તીર્થંકર છતાં ધરમના નામે માયા કરી માત્ર તપસ્યા વધારે કરૂં આવી માયામાં સ્રીપણે ગયા. એક એક ગુણવાળા તરી ગયા અને એક એક અવગુણવાળા ડૂબી ગયા તો તમારે સમજવું શું ? ગુણમાં તારવાની શકિત છે. તો નવાણું ગુણે કેમ ન તાર્યો ? એકમાં ડૂબ્યો કેમ ને એકથી તર્યો કેમ ? આ કોયડો શ્રવણ જ્ઞાન ભૂમિકાથી ઉકેલવાનો નથી, ફક્ત વિજ્ઞાન ભૂમિકાજ ઉકેલશે. જેને એક ગુણ આવ્યો પણ એવા રૂપે આવ્યો હોય કે બીજું બધું તુચ્છ આજ રાખવા લાયક. આવી રીતે ગુણ આવે તો તારનાર થાય. વિજ્ઞાન ભૂમિકા છુટીને એકજ અવગુણ આવે તો તેજ અવગુણ ડૂબાડનાર થઈ જાય વિજ્ઞાન ભૂમિકા ઉપર આત્મા સ્થીર થઇ જાય તો એક ગુણ નવાણું અવગુણને દબાવી કલ્યાણ કરાવી દે. તેમાંથી ખસી ગયો તો નવાણું ગુણ છતાં ત્યાં તે નવાણું ગુણનું સામર્થ્ય ન ચાલતાં એક અવગુણનું સામર્થ્ય વધી જાય. આથી તર્યા કેમ અને ડૂબ્યા કેમ ? તેનો હિસાબ સમજાઇ જશે. અવગુણનું દ્રષ્ટાંત દેવાય છે. મહાવ્રત સેવનારા ક્રોધવાળા હતા પણ એકજ ક્રોધ એ ભૂમિકા ચુકાવી દે છે, અને કઇ સ્થીતિ

કરે છે તેથી ગુણવાળાનું દ્રષ્ટાંત અવગુણમાં દીધું છે.

## લાંબા કાળ સુધી જવાબદાર ચીજ ધર્મ.

ધર્મ સાગરોપમ સુધી જવાબ દે છે, તે સિવાયની બીજી બધી ચીજ તેટલો કાળ જવાબ દેનારી ચીજ નથી. જે ભરત મહારાજાનો મુગટ આદિત્યયશાએ ધારણ કર્યો હતો. જે મુગટ ઇંદ્રોએ આદીશ્વર ભગવાન ઉપર ચઢાવ્યો હતો તે બધું કયાં છે? જો સાગરોપમ સુધી જવાબ દેનાર ધર્મ છે માટે ઉત્તમ ચીજ હોય તો આ ધર્મ છે. એટલુંજ નહિં પણ બહારની જગતની ચીજો ભય દેવા સાથે સુખની છાયા કંઇક દે છે. જ્યારે ધર્મ નિર્ભયપણા સાથે તાત્વિક સુખ દે છે. મોતીથી હીરાથી રૂપીઆ મલે તો કીંમત રૂપીઆની વધી કે મોતી હીરાની? હવે હીરા મોતી સાથી મળે? પુન્યથી જવાબમાં કહેશો કે પૈ કરતાં પૈસો, પૈસા કરતાં રૂપીયો ને રૂપીઆ કરતાં ગીની અને ગીની કરતાં હીરા મોતી અને હીરા મોતી કરતાં પણ પુન્ય કિમતિ છે. આથી કીમતીમાં કીમતી ચીજ બધી ચીજ મેળવી આપનાર વધારનાર ટકાવનાર પુણ્ય છે અને તેની પણ ઉત્પત્તિ ધર્મથીજ છે. માટે દુનીયાદારીમાં પણ કીંમતી ચીજ ધર્મ.

## પાડોશીપણાના ફરકને સમજતા નથી.

પાડોશીને ઘેર પાંચે માણસો પરણે પાંચે પરણેલા સંતાનવાલા થાય, અને એ પાંચે કરોડપતિ થાય તેમાં આપણું શું વળે? તેમ પુન્ય પાડોશીને પૌદ્ગલિક ચીજ ખુદ શરીર આત્માનું પાડોશી છે. પછી પાડોશીને ઘેર પાંચ છોકરા પરણે તેમાં આત્માને શું? આત્માનું કાર્ય કરનાર હોય તો ધર્મજ છે. ધર્મ સિવાય કોઈ આત્માનું કરનાર નથી. માબાપ ઠપકો દે અને કાબુમાં રાખે તો એ ભુંડા, અને મીઠા પાડોશી રાજી રાખે તે સારાં; તેમ આ જીવને ઘર ભુંડું લાગ્યું છે આત્માના સ્વરૂપમાં રહેવું તે મીઠું આકરૂં લાગે છે. પાડોશીના ઘેર જઈ બેસાય છે. ઘરમાં કામ પુરતું છે છતાં બેસવું પડે તે મુશ્કેલીથી અને કામ પત્યું કે પાડોશીને ઘેર જાય; તેમ આત્માને સામાયક પૌષધ કરવા જવું પડે પણ મોજ પાડોશીના ઘરમાં માને છે. અજ્ઞાની ઘરનું ઘર ન સંભાળે પણ પાડોશીને ઘેર મોજ માને. વઢકણી વહુ પાડોશીને ઘેર પાંચ શેરના પાપડ કરી આવે પણ ઘેર સાસુ કહે તો ના કહે. તેમ પુદ્ગલને માટે શરીર ધનમાલ માટે જીંદગી સુધી પીડા વેઠવી પડે તો કબુલ પણ આત્મા માટે કલાક કાઢવો હોય તો કુભંડી રાંડની માફક આકરૂં પડી જાય. પાડોશીને ત્યાં પ્રીતિથી કરે, પરાણે કરે ઘેર સાસુએ કહ્યું તો છણકા કરે. આપણો આત્મા કુભંડી રાંડ જેવો છે. કામ પુરૂં થયું વ્યાખાનમાં અર્ધો કલાક મોડું થયું હોય તો બહુ મોડું શાથી? પાડોશીને ઘેર જવામાં લગીર મોડું થાય તો છણકા કરે અને ઘરમાં વાર લાગે તે પાલવતું નથી. આ સ્થીતિ આત્માની શાના લીધે?, ધર્મ તાત્વીક ચીજ સાગરોપમ સુધી જવાબ દેનારી ચીજ ખ્યાલમાં આવ્યું નથી. એ ખ્યાલમાં આવ્યા પછી ઘરને ઘર ગણ્યા પછી એક વિચિત્ર સ્થીતિ થાય છે. દેરાણી જેઠાણીને લડાઇ થાય તો લોકો ફજેતી જુએ તે કબુલ પણ મારૂં ઓછું ન થવું જોઇએ તેમ પૌદ્ગલિક સર્વ પદાર્થો કરતાં આત્માને ધર્મને ઉત્તમ સમજવાનું મુશ્કેલ છતાં સમજવા લાગ્યો તો દેશનો ભગત તેને આ દેરૂં વધે તે કેમ પાલવે?

તો શું થયું ? દેરાણી જેઠાણીની સ્થીતિ થઇ બગડે એ કબુલ પણ એ ખાટી જાય તે ન પાલવે. તે ધર્મ ગણવો કે શું ગણવું ? જગતની બધી ચીજો કરતાં આ ચીજ ઉત્તમ છે. બધી ચીજ પાડોશીને પોષનારી છે. ઘરને પોષનારી માત્ર ધર્મ ચીજ છે.

## સામાન્ય ધર્મ પણ રત્નની કિંમતના છે એ સમજતાં શીખો.

આ શરીરમાં પગની, પેટની, મોંઢાની, આંખની, કાનની કિંમત કરો તે કોની કિંમત ?, વગર કીંમતની એક પણ વસ્તુ નથી. શરીરના વિભાગમાં જે વખતે જેનું કામ પડે તે ઉપયોગમાં લ્યો. તેથી બીજી ઈંદ્રિયોને વગર કામના ટાઇમે ફેંકી દેતા નથી. તેવીજ રીતે બીજા યોગમાં ધર્મપણાની બુદ્ધિ ખસવી ન જોઇએ. આથી શાસન પ્રભાવિક ચૌદ પૂર્વીઓ અને પ્રાતઃસ્મરણીય પૂજ્ય તીર્થંકરોએ ગૃહસ્થોનાં વખાણ શી રીતે કરી શકયાં હશે ? સુલસા સમકીતમાં દ્રઢ છતાં ભગવાન તીર્થંકરે તેના સમ્યકત્વની પ્રશંસા કરી. કામદેવે ઉપસર્ગ સહન કર્યા તેમાં કેવળી ભગવાન્ પ્રશંસા કરે તે શી રીતે ? ભગવાન આગળ સુલસા કામદેવ હિસાબમાં કયાં ? જેણે આઠ હજાર મણનું ચક્ર માથે વેઠયું છે, ઢીંચણ જેટલા જમીનમાં ઉતરી ગયા, જેના બાળપણાના અંગુઠાથી મેરૂ ધ્રુજી જાય છે. એવો મહાપુરૂષ ઢીંચણ જેટલો જમીનમાં ઉતરી જાય તે ચક્રનું બળ કેટલું આવેલું હોવું જોઇએ. સ્વાભાવિક નિયમ છે કે વરસાદમાં કરા આટલા પડે ખુલ્લું માથું હોય તો ટાલ તોડી નાખે અર્ધા રૂપીયાભાર કરો ઉપરથી પડે તો ટાલ તોડી નાંખે તે જગોપર દેવતા ચક્ર મેલે તેમાં શું થાય ? જે મહાપુરૂષે આવો ઉપસર્ગ સહન કર્યો છે તે ભગવાન આગળ કામદેવનો ઉપસર્ગ કઈ ગણતરીનો છતાં પોતે પ્રશંસા કરે છે. કલિકાલ સર્વજ્ઞ શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય ભગવાન કહે છે કે તે કામદેવાદિક ભાગ્યશાળી કે જે તીર્થંકરને પણ પ્રશંસા કરવા લાયક એકજ વસ્તુ ધર્મના અસંખ્યાતા યોગોને મહાપુરૂષો કીંમતી ગણાતા હતા. એજ વાત ધ્યાનમાં રાખીશું ત્યારે વૃત્તાંતો સાંભળીએ છીએ અમુક વખતે સમ્યકત્વની, જુઠ ન બોલે તેની, ચોરી ન કરી તેની, તપસ્યાની વિગેરે જુદા જુદા ગુણની ઈંદ્ર મહારાજા પ્રશંસા કરે છે. સમ્યકત્વવાળો એક ગુણ ઉપર રત્ન બુદ્ધિ રાખનાર હોય. અસંખ્યાત યોગમાં જેને રત્નબુદ્ધિ હોય અને આપણને ભણવાનો શોખ હોય તો ભણનાર સારા, અને ન ભણે તે તપસી હોય તો પણ ખરાબ એમ ન કરવું. વિચારજો પોત પોતાની પરિણતિએ જે ઉપર આપણું લક્ષ્ય એકનો મંદિર ઉદ્ધારમાં લક્ષ્ય તેમાં ન ભલ્યા તો મૂર્ખા. મૂર્ખા ધર્મિષ્ટોના ચાંદ આપવા છે આપણી મરજીની વાત. તેમાં કેટલીક વખત એવી વિચિત્ર સ્થીતિ છે કે આપણે તપસ્યામાં ભલ્યા છે તેવખતે જ્ઞાનમાં જે ભલ્યા તેના ચાંદ ખુંચવી લઇએ છીએ. ધર્મ એજ રત્ન છે. એમાં વાંધો નથી પણ બીજા વિચારમાં રહેવું ઘણું મુશ્કેલ પડે છે. ધર્મ ઉત્તમ ચીજ. પ્રથમ જેવો બીજો વિચાર સહેલો પડતો નથી. આપણે કરવા ધારીએ તે કરે તો ધર્મિષ્ટો નહીંતર કંઈ નહિં, નાના છોકરાને બોર ન આપીએ તો પાંચ પકવાન્નની થાલીને લાત મારી દે. આપણે બીજા વિચારમાં ન આવીએ તો આપણે બાળ જીવની સ્થીતિમાં રહીએ. એક નોકારનું અનુમોદન

યાવત્ ક્ષપક શ્રેણિ માંડે તેનું પણ અનુમોદન સરખી રીતે હોવું જોઇએ. ધર્મના જે યોગો છે તે બધા ઉત્તમમાં ઉત્તમ છે. શાસ્ત્રકાર કહે છે કે નવકાર મંત્રની વાત તો *सव्वपावप्पणासणो*, સ્વાધ્યાયમાં તો મોક્ષે જવાનું, તે વખતે આપણને લાગે કે શાસ્ત્રકારો તો પરણે એનું ગાય- એમ ધારતા હઇશું પણ તેમ કહ્યું નથી, પણ એકે એક જોગ મોક્ષ પમાડનારા છે. માટે શાસ્ત્રકારે કહ્યું કે સામાયિકથી, મંદિરથી, સાધુને યોગ્ય દાન દેવાથી; કેઇ ચઢયા અને મોક્ષે ગયા.

## ધર્મના સઘળા સાધનો પ્રત્યે આદરભાવ રાખો.

એક એક રસ્તે ચઢેલા મોક્ષે પહોંચેલા છે. પાલખ બાંધેલી હોય, ચારે બાજુ ઉંડા કુંડ દેખાતા હોય, તેમ ચારે બાજુ પગથીયા માંડેલાં છે, તે જગોએ હું ચડું તે રસ્તે મોક્ષ છે. બીજે રસ્તે નથી તે શી રીતે ?, તો અરિહંત સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય સાધુ દર્શન જ્ઞાન ચારિત્ર તપને માર્ગે પણ મોક્ષે જઇ શકે છે. આ બીજો નિશ્ચય ખામીવાળો હોવાથી આપણે ધારેલો રસ્તો હોય તોજ મોક્ષે જવાય આમ માન્યતા રાખી બેઠા છો, એક સરખી ધારણા રાખો છો તેમ ધર્મમાં કોઇપણ યોગોથી વધો બધા અવયવોના ઇંદ્રિયોનો એકી સાથે ઉપયોગ કરવાના નથી તેથી બીજી ઇંદ્રિયો તરફ બેદરકારી અગર નાશ માટે પ્રયત્ન નહીં કરો, તો પછી ધર્મના અસંખ્યાત જોગમાં ઉલ્લાસ કરનાર ચાહે તે યોગ થયો હોય તેથી બીજા યોગ તરફ અનાદર કેમ થાય છે ? દુનિયામાં યાદવાસ્થલી કૃષ્ણ બળભદ્ર હતા ત્યારે હતી. અહીં રોજ યાદવાસ્થલી. એક અંગ પકડવું, બીજા અંગ કાપવા. ઘરના ઘરમાંજ મારામારી કરે. પાંડવને કૌરવ પીતરાઇ. પીતરાઈના છોકરા માંહોમાંહે મારંમારી કરે તે યાદવાસ્થલી. આત્માની અપેક્ષાએ ડગલે ડગલે યાદવાસ્થલી કરીએ છીએ. આપણે જેને પકડીએ છીએ તો બીજાનો ઘાણ કરીએ છીએ. તે બીજા નિશ્ચયની ખામીને લીધે. ધર્મ ઉત્તમજ છે. જે જે ધર્મના સાધનો રસ્તાઓ ક્રિયાઓ તે બધી ઉત્તમોત્તમ છે. આ દ્રષ્ટિ રહી નથી. ધર્મના સાધનોનો નાશ આપણા હાથે કરીએ છીએ. ખરી રીતે ઊંડા ઉતરી વિચારીએ તો શાસ્ત્રકાર કહે છે કે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની કોઇપણ કરણી અનુમોદનીય રત્નત્રીતય ત્રણ રત્નને અનુસરનારૂં બધું અનુમોદવા લાયક.

## માર્ગને અનુસરનારી મિથ્યાત્વપણાની ક્રિયાઓ પણ અનુમોદનીય.

માત્ર માર્ગને અનુસરનારૂં મિથ્યાત્વીપણામાં કરેલી પવિત્ર ક્રિયારૂપ મેઘકુમારની દયા સુબાહુએ દાન દીધું વિગેરે મિથ્યાત્વીની અવસ્થામાં સમકીત નહીં છતાં મિથ્યાત્વીપણાની ક્રિયા છતાં તે કરણી માર્ગને અનુસરનારી મિથ્યાત્વીપણાની પણ અનુમોદવા લાયક. આપણી સ્થીતિ એક અંશ ધર્મ કરીએ બાકીના નવાણું અંશનું નિકંદન કરવા તૈયાર થઇએ છીએ. કોની માફક જુઓ છો ? સાપણ ઈંડા મૂકતી જાય ને ખાતી જાય, આ પરિણતિમાં લાભ મેળવતી જાય તો સાપણ જેવી ભક્ષકના કોઈ કુંડાળામાંથી નિકળી જાય તો બચી જાય. આ સ્થીતિએ દશા શી થવાની ? મિથ્યાત્વીપણામાં માર્ગને

અનુસરનારી ક્રિયા તે અનુમોદનીય કયાં સુધી? હું પૃથ્વીકાયમાં હોઊં તેની મૂર્તિ બન્યો હોઉં તો તેની અનુમોદના. પરાધીનપણામાં અજ્ઞાન હિસાબ વગરની જીંદગી બીજાની કરણીથી ધૂણાક્ષર ન્યાયની કરણી આવી જાય તે પણ અનુમોદનીય. પૃથ્વીકાયપણામાં બીજાના કરવાથી દુઃખ વેઠતો હતો પણ તે વખતે બીજાના કરવાથી સારૂં થયું તેનું અનુમોદન. જ્યારે આવા કાર્યની અનુમોદના કરવાનું કહે છે. સાકેરભાઇ ન ભણે તેથી અભ્યંતર તપસ્યાને ધિક્કારતા કરીએ તો?, જે જે માર્ગાનુસારીની સમ્યગ્દર્શનાદિની કરણી તે તે અનુમોદનામાંથી ખસવી ન જોઇએ. અવગુણ મટવાનો રસ્તો કયો?, માર્ગને અનુસરનારાં બધાં સાધનોને અનુમોદો.

## એક ચિત્તની કથાનું રહસ્ય.

કર્મની થીયરી સમજશો તો ક્ષયોપશમની વિચિત્રતાથી કાંઇ કાંઇ ગુણ પ્રાપ્ત થઇ જાય. આત્મામાં ગુણનું ઝળકવું કદાચિત ચિંતામણીની માફક થઇ જાય. બાકી બધે પથરા છે. બે ભાઇ ચોરી કરવા જતા સામાં સાધુ મળે છે. એકને એમ થાય છે કે આ મુંડીયો કયાંથી મલ્યો?, એક રૂપે વર્તનારા બીજા ભવમાં શેઠના કુંવર બેનું નામ એક ચિત્ત જે વખતે જે એકને ઇચ્છા તે વખતે તેને તેજ ઇચ્છા. બધું એક સરખું ઘરમાં નાતમાં પોળમાં એકચિત્ત કહે. બન્ને જણ સમવસરણમાં ગયા ત્યાં એકને દેશના પરિણમી, એકને ન પરિણમી. અહીં તીર્થંકરને પુછયું ત્યારે કહ્યું કે મને જે ગમે તે વગર કહે એને ગમીજ હોય. અત્યાર સુધી એ સ્થિતિ ચાલી આવે છે. અત્યારે ભેદ કેમ પડયો?, આશ્ચર્ય મને વચન પરિણમ્યું. તેને વચન ન પરિણમ્યું તો ત્યાં સર્વજ્ઞ કારણ જણાવે છે કે પેલા ભવમાં ચોર હતા સાધુ મલ્યા તે અનુમોદ્યા ને તેણે સાધુની નિન્દા કરી તેથી તેને બોધ ન થયો ચોરી કરનાર કેવી દશા પામે ને કેવી પરિણતિમાં હોય. ચોરી કરવા જતાં વચમાં ફક્ત સાધુ દેખ્યા તે વખતે તે વિચાર કેટલો અવગુણને અનુસરતો? ચોરી કરવા જતાં રસ્તામાં સાધુ દેખેલા તેમાં કેટલો-વિચાર આવેલો? જૈનધર્મ કે જીનેશ્વર સંબંધી થોડો પણ વિચાર આવ્યો તેવી વખતે સારા સાધુ આટલીજ પ્રશંસા, તે બીજા ભવમાં સમ્યકત્વ આપે છે. તો પછી આખું વન જોજન સુધીનું. એક ચોમાસામાં ત્રણ વખત સાફ કરે. એક શસલાને બચાવ્યો છતાં તેને અનુમોદવામાં આવ્યો. બીચારો મરે નહિં, નહિં મરે તેમાં તને શું મલશે તે ફળનો વિચાર નથી છતાં એવી દશા પણ સમ્યકત્વની સન્મુખ કરે છે. તો જે કોઇ ધર્મકરણી કરે તે અજ્ઞાની હોય મૂર્ખ હોય તે તરફ કાતર ચલાવાય, મીથ્યાત્વીની કરણીને ન અનુમોદો પણ તમારે ત્યાં થએલી કરણીને તો કેમ અનુમોદતા ન થાય? મિથ્યાત્વીને ચોરી વખતે થએલા સામાન્ય અનુમોદન સમ્યકત્વ આપનાર થાય છે. સામાયક કરનારો પૂજાવાળાને ધિક્કારે, અને પૂજાવાળો સામાયક વાળાને ધિક્કારે તો માર્ગ કઇ જગોપર? માર્ગની મુશ્કેલી વિચારો. ધર્મના અસંખ્યાત યોગો તે બધા રત્નજ છે. એ બુદ્ધિ હજુ બરોબર થઈ નથી. ધર્મ રત્ન છે તે બુદ્ધિ થઇ છે પણ બીજી બુદ્ધિ આવી નથી. ધર્મના અસંખ્યાત ભેદો ઉત્તમોત્તમ છે. આ વિચાર થાય તો ત્રીજી ભૂમિકામાં આવ્યો છે. ભરત અને બાહુબલજી

વૈયાવચ્ચ કરનાર અને પીઠ મહાપીઠ મુનીઓ જબરજસ્ત ગીતાર્થ આચાર્યો. ભરત બાહુબલીની પ્રશંસા કરી તે સાંભળી, અને બ્રાહ્મી સુંદરીના જીવ પીઠ મહાપીઠે ફક્ત વિચાર કર્યો કોઇને મોંઢે કહ્યું નથી. શું વિચાર કર્યો ?, 'આચાર્ય તો પોતાનું કરે છે એટલે ગાય છે.' આમ સામાન્ય દ્રષ્ટિથી વિચાર્યું. જબરજસ્ત લબ્ધિવાળા છે. પહેલા ભવનું ચરિત્ર વાંચો તો તે ભવે મોક્ષે જાય એવી સ્થિતી લાવેલા આવી સ્થિતિએ પહોંચેલા વિચાર આચાર્ય સંબંધીનો અને તે પણ કરે છે માટે વખાણે છે, આટલોજ વિચાર આમાંજ શાસ્ત્રકાર કહે છે કે સમ્યક્ત્વથી પડયા મિથ્યાત્વે આવ્યા એટલુંજ નહિં પણ સ્ત્રી પણાનું કર્મ બાંધ્યું. જે શબ્દ કોઇને કહ્યો નથી, માત્ર મનમાંજ આવ્યો પોતાનું કરે છે એટલે ગાય છે આટલામાં મિથ્યાત્વપણું આવે તો આપણી વલે શી? ત્યાં મિથ્યાત્વ કયા રૂપે? એકજ ધર્મ એ રત્ન છે. એ બુદ્ધિ હતી પણ ધર્મ માત્ર રત્ન છે એ બુદ્ધિની ખામી હતી ધર્મ જગતની દરેક ચીજ કરતાં ઉત્તમોત્તમ છે. એ એક ખામીએ મિથ્યાત્વ લાવી દીધું. સ્ત્રીપણું બંધાવ્યું. માટે આખા જગતની સર્વ ચીજ કરતાં ધર્મ ઉત્તમોત્તમ ચીજ છે. તે અસંખ્યાતા જોગો રત્ન જેવા ઉત્તમ છે. આ બે ધારણાઓ થાય તો ત્રીજી ભૂમિકા આવે ત્યારેજ તે મેળવવાની ઇચ્છા થાય તે કેવી રીતે જીજ્ઞાસા થાય તેનું સ્વરૂપ અગ્રે વર્તમાન.

## શ્રી મહાવીર જિન સ્તવન.

(પહેલેસે જો મહોબતસે ઈન્કાર કીયા હોતા-એ રાગ.)

રચયિતાઃ–પૂ. પં. પ્રવરશ્રી ચંદ્રસાગરજીના પરમ-
વિનેયમુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી.

જગમેં જો મહાવીરકા શરણા જો લીયા હોતા,
તો દુઃખકે સંસારમેં ના જન્મ લીયા હોતા...જગમેં૦

કોઈ પહેલે અગર જો કહેતા કી મહાવીર હે એ સ્વામી,
ઉનકો હી જપી લેતા, ના છોડતા શિવ ધામી...જગમેં૦

જબ માલુમ હુઆ મુજકો, કી એ જગતકે હે દાતા,
મેં શિર ઝુકાકે કહેતા, મહાવીર તુજે ચાહતા...જગમેં૦

પૂજનસે પ્રભુ તુજકો, અપનાહી બના લુંગા,
આનંદસે અબ તુજકો, દીલમેં હી બસા લુંગા...જગમેં૦

ઇંદુસે અધિક મુખડા, પૃથ્વીમેં પ્રભુ તેરા,
ચન્દ્રપ્રભ યું કહેતા, ચરણોમેં શિશ મેરા...જગમેં૦

# પ્રશ્નપિયૂષ-પયોનિધિઃ

**આગમોદ્ધારક પૂ. આચાર્યદેવેશશ્રી આનંદસાગરસૂરીશ્વરજીએ દેશના દેવાના-અવસરમાં વિષયની વધુ છણાવટ માટે ઉઠાવેલ પ્રશ્નરૂપ પિયૂષ-બિંદુઓ અને સમાધાન રૂપ સુધા-બિંદુઓનો સંચય અત્ર આ કોલમમાં આપવામાં આવશે.**

સંચયકારઃ—**પૂ. પં. ચંદ્રસાગરજી ગણિવર.**

( ગતાંકથી ચાલુ )

સમાધાન—સાંભળો અન્યાય થાય છે. હિંસા ન હોય ત્યાં અહિંસા ધર્મ માનવા જશો તો અધર્મ બિંદુ સરખો અને ધર્મસાગર જેટલો થઈ જશે. જુઓ એક કસાઈ છે રોજના ૧૦૦૦ જાનવર મારે છે. એ રીતે મહિનો વર્ષ ગણતાં સો વર્ષ ગણીએ તો એક ક્રોડ ને સાઠ લાખ જાનવર તેના હાથે માર્યા જશે. જગતમાં જીવોની સંખ્યા કેટલી ?, ગણત્રી ન કરી શકાય તેટલી અસંખ્ય, કારણ કે જીવો જગતમાં અસંખ્યની ગણત્રીમાં હસ્તી ધરાવે છે. આ ઉપરની ત્રણ ક્રોડ અને સાઠ લાખની હિંસા અને બીજાને માર્યા નથી માટે તેટલા બધા જીવોની અહિંસારૂપ ધર્મ તમારા હિસાબે થવો જોઈએ. આ હિસાબે અધર્મ બિન્દુ સરીખો અને ધર્મ દરિયા જેવડો થાય. એટલુંજ નહિ પણ આ વ્યાખ્યાથી તો દરેક જીવો જીવનમાં અધર્મ રતીભાર કરે અને ધર્મનું પ્રમાણ ઢગલાબંધ થઇ જાય. માટેજ હિંસાના પચ્ચખાણ કરવા તેજ અહિંસા. જૈન શાસ્ત્રકારો હિંસાના પચ્ચખાણ કર્યા વગર અહિંસાનો અંશભર ધર્મ પ્રાપ્ત થતો નથી. તેથીજ હિંસાના પચ્ચખાણ તેનું નામ અહિંસા અને તે અહિંસાને ધર્મ કહેવાય છે.

પ્રશ્ન—૨૫. માણસનું મરણ કે જીવન કોઈના હાથમાં નથી અને માણસ માર્યો મરતો નથી. એટલે હિંસા બનતી નથી. જો કોઈપણ જીવનું મરવું કે જીવવું એ આપણા કાર્યને આધીન નથી. તો પછી 'હું મારીશ નહિ' એવી પ્રતિજ્ઞા કે પચ્ચખાણનો અર્થ શું ?

સમાધાન—પૂર્વે ઘડીઆળના દ્રષ્ટાંતમાં મરણ-જીવન સંબંધમાં આયુષ્યની વિચારણા સમજી ગયા. આયુષ્યની હયાતી સુધીમાં જીવન જીવે છે, અને પુર્ણાહુતિમાં મરણ પામે છે. ચાલુ આયુષ્યને ઘડીયાળની ચાવીની જેમ બંધ થઈ જાય તેવા પ્રયત્નો જાણીને કે અજાણતાં કરો તેજ હિંસા છે. આ હિંસાનું સ્વરૂપ પૂર્વે સમજી ગયા છો એટલે હિંસા કેવી રીતે કેવા સંજોગમાં અને કેટલા પ્રમાણમાં બને છે તે અહીં સમાધાનમાં જણાવાતું નથી. ફકત હું મારીશ નહિ એ પ્રતિજ્ઞામાં શું રહસ્ય છે એ સમજો આ પ્રતિજ્ઞા સાથે સંબંધ રાખનારી બીજી પ્રતિજ્ઞા પણ સાથે સમજો.

પ્રશ્ન—૨૬. 'હું મારીશ નહિ' એ પ્રતિજ્ઞાને સંબંધ રાખનારી પ્રતિજ્ઞા કઈ ?

સમાધાન—'તે જીવ મરે નહિ તેવી પ્રવૃત્તિ કરવી' આ પણ અહિંસા સાથે સંબંધ રાખનારી છે.

પ્રશ્ન—૨૭. આ બીના શું શાસ્ત્ર સંમત છે ?

સમાધાન—હા, જુઓ દશવૈકાલિકના પ્રથમ અધ્યયનની શરૂઆતમાં અહિંસા સમજનારો એ પદોમાં અહિંસા અને સંજમ આ બે પદો સાથે આવે છે—જીવને મારવો નહિ એ પ્રતિજ્ઞા તેનું નામ અહિંસા અને જીવ મરે નહિ એ પ્રવૃત્તિ કરવી તેનું નામ સંયમ.

પ્રશ્ન—૨૮. જીવને મારવા નહિ એજ પ્રતિજ્ઞા પાળે અને બચાવવાની પ્રતિજ્ઞા ન પાળે તો વાંધો શો ?, અને તે બીના દ્રષ્ટાંત દલીલ પૂર્વક સમજાવો.

સમાધાન—જુઓ તમારે જીવને મારવો નહિ એ પ્રતિજ્ઞા છે અને બચાવવાની પ્રતિજ્ઞા નથી. જીવને મારવાની ઇચ્છા નથી મારતા નથી, અને સવારમાં મેલાં કપડાં પાણીમાં પલાળવા માંડયા. પલાળતી વખતે

કપડાં ઉંચા નીચા જોવા લાગ્યા, જોતાં જોતાં એકાદ જૂ અને લાલ કીડી દેખાઇ આવી. આ અવસરે તમે જૂ અને કીડીને રહેવા દો. અને પાણીમાં કપડાં મુકી દો તેટલા માત્રથી તમે હિંસા નથી કરી એમ માની લેવું ? કારણ કે તમારે મારવાના પરિણામ નથી અને મારવા માટેની ક્રિયા કરતા નથી. ફકત બચાવવા માટે લક્ષ્ય ન રાખો તો કીડી, જૂ મરી જવાનાં છે એ ચોક્કસ છે તેથી કાઢીને બચે તેવા સ્થાને મુકો છો, લુગડાની જૂને લુગડાની ચીંથરીમાં અને વાળની જૂને વાળના ગુંચળામાં મુકીને બચાવો છો. આ ઉપરથી હિંસા ન કરવી—જીવને મારવોજ નહિ એટલું બસ નથી પરંતુ જીવનું રક્ષણ કરવું અને તે સંબંધી પ્રયત્ન કરવો પણ જરૂરનો છે. આ બીના સમજશો એટલે માલમ પડશે કે જીવને મારવો નહિ તેની સાથે જીવને બચાવવાની ધારણા સાથેજ હોય છે.

પ્રશ્ન—૨૯. ચીંથરીમાં મુકયા પછી વિહાર કરવાનો હોય અને તે ચીંથરીને કોઈ જંતુ લઈ જાય તો પછી સંયમનું શું ?

સમાધાન—જીવને બચવાના સ્થાનમાં મુકવું, બચાવવા પ્રયત્ન કરવો તે સંયમ કહેવાય છે. અર્થાત્ તેજ અવસર પુરતુંજ સાચવવાનું લક્ષ્ય રાખવું નહિ તો સંયમ પણ અશકય અનુષ્ઠાન થઇ જાય.

પ્રશ્ન—૩૦. હું મારીશ નહી એ અહિંસાના તત્વ સાથે સંયમનું તત્ત્વ ધ્યાનમાં આવ્યું, પણ પચ્ચખાણથી લાભ શો તે સમજમાં આવ્યું નહિ તે સમજાવશો ?

સમાધાન—હા, જુઓ—આત્માનો સ્વભાવ સદા અહિંસક ભાવમાં પ્રવર્તવું તે છે. હિંસામાં પ્રવૃત્ત રહેવું તે આત્માનો સ્વભાવ નથી. આત્માના સ્વભાવમાં હિંસાથી વિમુકત રહેવું તે છે. જેટલો જેટલો ત્યાગ, તેટલો આત્માનો સ્વભાવ ખીલ્યો છે. અર્થાત્ જેટલી જેટલી વિરતિ તેટલી તેટલી આત્મ સ્વભાવની ખીલવણી. હિંસા આદિના પચ્ચખાણને વિરતિ કહેવાય છે. આ ઉપરથી પચ્ચખાણ વગરનો જેટલો કાળ તે બધો અવિરતિનો કાળ અને આથીજ મન, વચન, કાયાથી પાપ પણ ન કરો તો પચ્ચખાણ રહિત કાળ—અવિરતિ કાળમાં કર્મ બંધન—પાપની વૃદ્ધિ થયાજ કરવાની એ વાત ચોક્કસ છે. આ બધી વાતનો સાર એ છે કે પચ્ચખાણ કરવાવાળો વિરતીને આદરવાવાળો છે. વિરતિને સ્વીકારવાવાળાએ આત્મ સ્વભાવને ખીલવ્યો છે, અને કર્મ બંધનના કિલષ્ટ બંધનથી મુકત થયો છે આ પચ્ચખાણનો લાભ છે.

પ્રશ્ન—૩૧. આ તો બકરૂં કાઢતાં ઉંટ પેસી ગયું કારણ કે પચ્ચખાણનો લાભ સમજાવતાં તમે તો પચ્ચખાણના લાભને એટલી હદે લઈ ગયાં કે જે પાપમાં મન—વચન—કાયા પણ પ્રવૃત્તિ ન હોય જે પાપનો કાંઇ એકદિ વિચાર પણ કર્યો ન હોય વાણીથી તે ઉચ્ચાર્યા ન હોય અને કાયાથી કર્યા પણ ન હોય છતાં તે પાપના ભાગીદાર થયા કરો છો એ વાત સાચી છે ?

સમાધાન—હા, એ વાત તમે દાખલા દલીલથી સાંભળશો એટલે તદ્દન સાચી લાગશે.

પ્રશ્ન—૩૨. તમારૂં સમાધાન સાંભળ્યા પહેલાંજ કલ્પનાની રેઇસના ઘોડા દોડે તેમ પ્રશ્નની પરંપરાઓ છૂટે છે. શું એક ચીજ અમેરિકામાં બની છે, તે ચીજને અમે ઓળખતા નથી, એના વિષે કંઈપણ જાણતા નથી. મેળવવા તાર ટપાલ કર્યા નથી. કઇ કંપનીએ કોણે કેવી રીતે બનાવી તેની માહિતિ પણ નથી. અરે એ સંબંધી વિચાર પણ કરતા નથી. તો શું તે બનતા કાર્યમાં અગર બનતી ચીજમાં થતાં પ્રાપના શું હમે ભાગીદાર ખરા ? મન, વચન અને કાયા એ કર્મબંધનના કારણ છે ખરા પણ જે વિષયમાં મન—વચન કાયાની લેશભર પ્રવૃત્તિ નથી ત્યાં કર્મ બંધાય ખરા ?

સમાધાન—હા, પાપના ભાગીદાર પણ ખરાં અને ત્રણે યોગની પ્રવૃત્તિ વગર પણ કર્મ બંધાય પણ ખરા. પરન્તુ શાંતિથી સાંભળશો તો વાત સમજાશે. ઉતાવળે આંબા પાકતા નથી.

પ્રશ્ન—૩૩. સમાધાનમાં જેમ વિલંબ વધુ થાય છે તેમ પ્રશ્નની પરંપરા પણ પોતાની મર્યાદાને છોડી દે છે. માટે જલ્દી સમજાવો. કારણ કે તમારા

સમાધાન સાંભળવા પહેલાં ફરી વિચારણા ઉઠી કે જેને વિષે અમે વિચાર્યું નથી, શબ્દ ઉચ્ચાર્યો નથી, અને પ્રવૃત્તિ કરી નથી એવી વસ્તુ અમને કર્મ બંધાવી દે તો પછી મન-વચન-કાયા માત્રથી પચ્ચખાણ કરાયતે નકામા કેમ નહિ થાય ?

સમાધાન—પ્રશ્ન કરનારાઓ સમાધાન સાંભળવા જેટલી ધીરજ રાખે નહિ અને ઉતાવળા થાય તો સમાધાન હૃદયમાં સ્થીર થતું નથી. મગજને સ્થીર રાખીને સમજવા શાંતિ પૂર્વક પ્રયત્ન કરો. સ્હેજમાં ન સમજાય તો મગજને વધુ કસો. આ બધા પ્રશ્નમાં અવિરતિનું સ્વરૂપ સ્પષ્ટ સમજી જાઓ તો પછી તમને પ્રશ્નોની પરંપરા ઉઠશે નહિ, કારણ કે જે વિષયમાં મન-વચન-કાયા પ્રવૃત નથી છતાં અવિરતિના જોરે આત્મા કર્મ બંધન કરે છે. માટેજ અવિરતિ સમજો. દાખલા દલીલ પૂર્વક અવિરતિ સમજશો એટલે તમારાં બધા પ્રશ્નોના સમાધાન થઈ જશે.

આત્માનો શુદ્ધ સ્વભાવ વિરતિમય છે. જેટલી અવિરતિ ઓછી તેટલો આત્માનો વિકાર ઓછો. અવિરતિ એ આત્માની વૈરિણી છે. શરીરમાં ગડ-ગુમડ કે રસોળી થાય અને થયેલા એ વિકાર પ્રત્યે આપણું ધ્યાન પણ હોય છતાં દહાડે દહાડે વધે છે. અરે ! એ વિકારરૂપી ગડગુમડમાં રશી વિગેરે ભરાતાં રહે છે. ગડગુમડ કે રસોળી જે ભાગમાં થઇ હોય તેને પોષવા વિચાર કર્યો ન હોય, ઉપચાર પણ કર્યો ન હોય અને વધારવા દોડધામની પ્રવૃત્તિ પણ ન કરી હોય તોયે વધ્યા કરેજ છે. તમે જે ખોરાક લો તે ખોરાકમાંથી ગડગુમડ અને રસોળી પોતાનો હિસ્સો લઇ લે છે, એજ પ્રમાણે આત્મારૂપી પાત્રમાં આવિર્ભાવ થયેલો અવિરતિ રૂપી વિકાર પણ મન-વચન અને કાયાથી કશોયે સંબંધ ન હોય તો પણ પોતેજ બીજાં કર્મો લઇને અવિરતિપણાને વિકારને પુષ્ટ કરે છે. જેમ તમારા શરીરમાં થયેલો વિકાર તમારાં મન, વચન કાયાની પ્રત્યક્ષ મદદ વિના પુષ્ટ થતો જાય છે તેમ અહીં આત્માનો અવિરતિ રૂપ અવિકાર પુષ્ટ થતો જાય છે. ગડગુમડ-ગાંઠ કે રસોળીને કપાવી નંખાવી એનો વિકાર વૃદ્ધિ ન થતાં રોગની શાંતિ થાય છે, તેવી રીતે અવિરતિ રૂપ રસોળીને કાપવા પ્રયત્નશીળ થાય. આ ઉપરથી જે ચીજને ઓળખતા ન હોય, ઈચ્છા ન હોય, મેળવવા માટે તાર ટપાલની ધમાલ પણ ન કરી હોય તો એ અવિરતિનું પાપ આવ્યા કરે છે તે તમારા બધા પ્રશ્નોના જવાબ ઉપરના સમાધાનથી સ્પષ્ટ થઇ ગયા.

પ્રશ્ન—૩૪. અવિરતિની રસોળીને કાપવા શી રીતે પ્રયત્ન કરવો ?

સમાધાન—અનાગત એટલે ભવિષ્યમાં કરવા લાયક પચ્ચખાણ રૂપ તેજાબ લગાડો તોજ તે વિકાર અટકી જાય, અર્થાત્ બળી જાય-નાશ પામે.

પ્રશ્ન—૩૫. જીવોને નહિ મારવાની પ્રતિજ્ઞા લેવાની છે તેમ સમાગમમાં આવતા જીવો બીજા જીવોથી મરે નહિ અર્થાત્ બચે એવો પ્રયત્ન કરવાની જરૂર ખરી કે નહિ ?

સમાધાન—પ્રથમ અહિંસા અને સંયમના વિભાગમાં સમજાવી ગયા કે-'જીવ મારવો નહિ' એ પ્રતિજ્ઞા માટે અહિંસા અર્થાત્ હિંસાના પચ્ચખાણ અને સંજમ એટલે જીવને બચાવવો અર્થાત્ મરવાના હરેક શકય સંજોગોમાંથી બચાવવા પ્રયત્નશીલ થવું.

પ્રશ્ન—૩૬. જીવવાની અને જીવાડવાની ઈચ્છા છતાં જીવવું કે મરવું એ આયુષ્ય કર્મને આધીન છે આ સિદ્ધાંત સાચો હોય તો પછી હિંસાના પચ્ચખાણ, અહિંસાનું પાલન અવિરતિને તિલાંજલિ ને વિરતિનું સેવન જીવને બચાવવાના સ્થાનમાં મુકવા માટે સંયમની આદરપૂર્વક સેવના આ બધું ઢોંગ જેવું નથી લાગતું ? ખરેખર પરસ્પર વિરોધિ સિદ્ધાંતોને સ્વીકારવા કરતાં તેજ સિદ્ધાંતોને તિલાંજલિ આપવી એ શું યોગ્ય નથી. જો કર્મ ધારાએ જીવન માનતા હોય તો અહિંસા સંયમાદિને છોડો. અગર એમ ન કરી શકતો હોતો કર્મ-ધારાએ જીવનની વાતો અને ઉપદેશનો ત્યાગ કરો.

સમાધાન—આયુષ્ય કર્મના હિસાબે જીવન-મરણ માનીએ છીએ અને સાથે સાથે અહિંસા સંયમ

વિરતિ આદિ પચ્ચખ્ખાણ માનીએ છીએ. આ બધી વાતો પરસ્પર વિરોધી નથી પણ વ્યવસ્થિત અને સુસંગત છે. પ્રશ્ન કરનારાઓ પ્રશ્નના પહાડને ગોઠવે છે પણ સમાધાન આપનારા તો હસીને વિચારદ્વારા એ ને સહજમાં દૂર કરે છે એ સમજાતું નથી ત્યાં સુધી આ બધી મુંઝવણ છે. જુઓ મનુષ્યને વસ્તુસ્થિતિ સમજવામાં નથી આવી ત્યાં સુધીજ તે સત્ય સ્વરૂપને સમજ્યો નથી અને ત્યાં સુધીજ ભ્રમણામાં ગોથાં ખાય છે એ ધ્યાન રાખો. કોઇ ચિત્રકારે મોરનું સુંદર ચિત્ર કાઢ્યું છે. અને કાચમાં મઢીને સુંદર આકર્ષક રીતે એવું ગોઠવ્યું છે કે જોનારને સાચોજ મોર લાગે. ત્યાં થઇને એક છોકરો જાય છે ત્યાં તે ચિત્રને સાચો મોર સમજી પકડવા જાય છે અને ઝાપટ લગાવે છે. મોર હાથ આવતો નથી. મોરને ઝાપટ મારતાં પોતાના આંગળાને વાગ્યું. બીજા છોકરાઓ હસ્યાં. સમજુ છોકરાઓ અણસમજુ છોકરાની હાંસી ઠઠ્ઠા કરે છે. કાંઈ કાચમાં સાચા મોરનો પડછાયો પડયો હોય અને પકડવા જાય તો ત્યાં પણ શું બને? આ ન બને. આયનામાં મોરને મારવા જાય તો નખ ઉખડી જાય, આંગળીઓને ઈજા થાય તેવી રીતે વસ્તુ સ્થિતિ નહિ સમજનારા અણુસમજુ છોકરાની ગણત્રીમાં ગણાય. માટે વસ્તુ સ્થિતિ સમજો. જીવન-મરણ સાથેનો આયુષ્યનો સંબંધ અને પચ્ચખાણ કરનારને અહિંસા-સંયમ આદિની પરસ્પર વ્યવસ્થા શી છે તે સમજો. જુઓ પ્રથમ સિદ્ધાંત એ છે કે આયુષ્ય હોય ત્યાંસુધી માણુસ જીવે છે, આયુષ્ય વગર કોઈ જીવતો નથી અગર જીવી શકતો નથી. આ સિદ્ધાંતમાં લેશભર અતિશયોક્તિ નથી. આમ છતાં કોઇને મારવામાં આવે તો હિંસાનું પાપ લાગે છે. અને દયા ધર્મની આવશ્યકતા જણાય છે. એમ જૈન તથા જૈનેતર દર્શનકારો પણ સ્વીકારે છે. ધનવાન્ કોને ગણવો? જવાબમાં જેની પાસે ધન હોય તેને ધનવાન્ ગણવો. ધન હોય ત્યાંસુધી નિર્ધન ગણાતો નથી અને કહેવાતો નથી પરન્તુ ધન ચોરી લેવાય તો ધનવાન પણ નિર્ધન થાય છે, અને ચોરી કરનારને ધન મળે છે. તેવીજ રીતે આયુષ્ય હોય ત્યાંસુધી જીવન, આયુષ્ય ચોરી લેવાય એટલે મરણ.

પ્રશ્ન—૩૭. આયુષ્ય એ ચોરી શકાય એવી વસ્તુ છે?

સમાધાન—હા, જો એમ ન હોય તો સાત પ્રકારે આયુષ્ય તૂટવાનો સંભવ માની શકાય નહિં. બીજાના આયુષ્યને નાશ કરવાનું અર્થાત્ જબરજસ્ત વિઘ્નદ્વારા આ આયુષ્ય પ્રવાહને રોકી દેવો એ વિગેરે બને છે, જેવી રીતે એક કરોડને હજારે ભાગવા હોય તો બંને બાજુના મીંડા ઉડાવી દઈ ભાગાકાર કરી શકીએ છીએ, અર્થાત્ ભાગવાની રીતિએ ભાગવા જતાં જે ટાઈમ થાય તેના કરતાં મીંડા ઉડાવી દેવાથી ભાગાકારની રીત સરળ સ્પષ્ટ અને જલ્દી કરવા લાયકની બને છે તેવી રીતે આ આયુષ્ય જે ક્રમથી ભોગવવાનું હતું. આયુષ્યની મર્યાદાને ક્રમવાર ભોગવવાની હતી. તેનો વિઘ્ન નાંખી ઉપઘાત કર્યો એટલે આયુષ્ય મર્યાદા જલ્દી ભોગવાઈ ગઈ. આ રીતે વિઘ્ન નાંખનારે આયુષ્ય લાંબા ટાઈમ સુધી ક્રમસર ભોગવવા લાયક હતું તેને ઉપક્રમ લગાડી ટુંકું કર્યું તેજ હિંસા તેથીજ કર્મ બંધન માનવું પડશે અને તેના રોકાણ માટે અહિંસા-સયમ વિરતીના પચ્ચખાણ સ્વીકારવા પડશે.

પ્રશ્ન—૩૮. અહિંસાની પારમાર્થિક વ્યાખ્યા શી?

સમાધાન—અહિંસા એનું નામ છે કે આયુષ્ય નાશ પામે તેવા ઉપઘાતના કારણો નાશના તત્ત્વો આપણે મેળવવા નહિ મેળવવા પ્રયત્ન કરવો નહિ બલ્કે તે સંબંધમાં વિચાર ન કરવો આ બધી પ્રવૃત્તિ માટે હિંસાની નિવૃત્તિ રૂપ પચ્ચખાણ લઈ અહિંસા ધર્મનું પાલન થાય છે.

પ્રશ્ન—૩૯. દયા કોનું નામ? દયાનું રહસ્ય શું?

સમાધાન—આયુષ્યમાં ભેળવાયલા આયુષ્યકને વિઘ્નરૂપ થનારા અગર નાશના તત્ત્વોને ખસેડવા, આપણા તરફથી કોઇપણ આયુષ્યમાં નાશનું સાધન ન ઉમેરાઇ જાય, અજાણ્યે પણ ઉમેરાઈ ગયું છે એવુ

સમજમાં આવે કે તુરતજ તે દૂર કરવા પ્રયત્નશીળ થવું તેનું નામ દયા છે.

પ્રશ્ન—૪૦. દરેક ભવમાં જીવવાની ઈચ્છા સાથે મરવાની ઈચ્છા થાય ખરી?

સમાધાન—દરેક જીવો જીવવાને ઇચ્છે છે મરવાને ઈચ્છતા નથીજ અર્થાત્ ઉપઘાતના પ્રસંગોથી દૂર રહેવા ઇચ્છે છે અને ઉપઘાતના આવી પડેલ કારણોને દૂર કરવા માંગે છે.

પ્રશ્ન—૪૧. ઉપરના સમાધાનમાં બે વાત કેમ જણાવી?

સમાધાન—ઉપઘાતના પ્રસંગોથી દૂર રહેવાની ઈચ્છા અને ઉપઘાતના આવી પડેલ કારણોને દૂર કરવાની ઈચ્છા આ બંન્ને વાકયો સ્વતંત્ર છે.

પ્રશ્ન—૪૨. હંમેશને માટે મરણનો ભય દૂર કરાય એવો ઉપાય છે?

સમાધાન—હા. જીનેશ્વર દેવના શાસ્ત્રને સમજનાર બનાવી શકે.

## સર્વજ્ઞ ભગવાનના સાહિત્યને વેગ આપવા માટે—

# ઈનામી પરીક્ષા બાર માસ પછી શરૂ થશે.

૧. **પરીક્ષા માટે** અભ્યાસ ક્રમ શો છે?

૨. **પરીક્ષામાં** પસાર થનારને કયા કયા ઈનામો મળશે?

૩. **પરીક્ષાના** ઇનામોની રોકડ રકમ મળશે કે પુસ્તકો મળશે?

૪. **પરીક્ષામાં** બેસવાના શા નિયમો છે?

૫. **પરીક્ષાનું** સ્થાન અને સમય શો છે?

૬. **પરીક્ષા** લેખિત છે કે મૌખિક છે?

૭. **પરીક્ષા** આપવા આવનારને ગાડીભાડું કોણ આપશે?

૮. **પરીક્ષામાં** ઉત્તીર્ણ થનારને કેટલા ગુણાંક મેળવવાની જરૂર?

૯. **પરીક્ષાના** દરેક વિષયમાં ગુણાંક આપવાની ગોઠવણ શી છે?

ઉપરના નવે પ્રશ્નના બધા ખુલાસા વાંચવા માટે સાથેની જાહેર ખબર વાંચો અને અભ્યાસ શરૂ કરો. વધુ ખુલાસા માટે સમિતિના સરનામે પુછો.

## ॥ अर्हं ॥

सकलसङ्घचूलकेभ्यः श्रीसिद्धचक्रेभ्यो नमो नमः ।

विश्वजनमनोवाञ्छितदायकः श्रीशङ्खेश्वरपार्श्वनाथो विजयतेतमाम् ॥

શ્રી વર્દ્ધમાન જૈનાગમમન્દિર-સંસ્થા-નિર્માતા પૂજ્યપાદ **આગમોદ્ધારક આચાર્યશ્રી આનંદસાગરસૂરીશ્વરજી**ના વિદ્વાન્-શિષ્ય, વ્યાકરણવિશારદ, 'નવપદ-સિદ્ધચક્રારાધક-સમાજ' સંસ્થા-સંસ્થાપક; શ્રી સિદ્ધચક્રારાધન તીર્થોદ્ધારક પન્યાસપ્રવર **શ્રી ચન્દ્રસાગરજી મહારાજ**ના સદુપદેશથી **"શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન સાહિત્ય પ્રચારક સમિતિ"** મુંબઇ. એ નામની સંસ્થા સ્થાપવામાં આવી છે.

પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ-પૂર્વાચાર્યપ્રણીત સાહિત્યનું પઠન-પાઠન અને પરિશીલનનો વેગ વધારવામાં પ્રથમતયા શિક્ષણ આપનારાઓનો અભાવ હોવાથી શિક્ષકો વિગેરેની પૂર્તિ માટે આ ઇનામી પરીક્ષા રાખવાની જરૂરીયાત જણાઇ છે. તે જરૂરીયાતને પહોંચી વળવા માટે ઉપર જણાવેલ સમિતિ તરફથી લેવાતી પ્રથમ વર્ષની પ્રથમ ધોરણની પરીક્ષામાં ઉત્તીર્ણ થનારાઓજ બીજા વર્ષની બીજા ધોરણની પરીક્ષા આપી શકશે. પરીક્ષામાં સંપૂર્ણ રીતિએ ઉત્તીર્ણ થવા માટે લગભગ પાંચ વર્ષનો અભ્યાસક્રમ છે. પાંચ વર્ષ સુધીની બધી પરીક્ષામાં ઉત્તીર્ણ થનારને યોગ્ય પદ અને સ્થાન આપવાનો પ્રબંધ સમિતિ કરશે. લાભ લેનારાઓએ અવશ્યમેવ ઉદ્યમ કરવાની જરૂર છે, કારણ કે 'એક પંથ ને દો કાજ' એ રીતિએ અભ્યાસમાં ઉત્તીર્ણ થવાની સાથે આર્થિક લાભ અને પરંપરાએ પારમાર્થિક લાભ અનુપમ રીતિએ મળી રહે છે. આ સાથે બે વર્ષનો બંન્ને ધોરણનો અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તક ઉત્તીર્ણ થવા માટેના ગુણાંક અને ઇનામો જણાવેલા છે. બીજા વર્ષની પરીક્ષાના અવસર પહેલાં બીજા બે વર્ષનો અભ્યાસક્રમાદિ બહાર પડશે.

પૂ૦ પન્યાસશ્રીજીના સદુપદેશથી રાજનગર નિવાસી દાનવીર **શ્રેષ્ઠિવર્ય કલ્યાણભાઈ છગનભાઈ નાણાવટીની** આર્થિક સહાયથી સમિતિ તરફથી પ્રથમ વર્ષની પ્રથમ ધોરણની પરીક્ષા શરૂ થનાર છે.

પાઠ્ય પુસ્તકોના પઠન પાઠન માટે:— **શ્રેષ્ઠિ કરમચંદ જૈન પોષધશાળા,**
ઠે. ઘોડબંદર રોડ; **વીલાપાર્લા.**
B. B. & C. I. RY.

**પરીક્ષાનું સ્થળ અને પરીક્ષાનો ચોક્કસ સમય:**-હવે પછી જાહેર કરવામાં આવશે, પરંતુ પરીક્ષા માટે બાર મહિનાથી વધુ કાળ નહિં હોય.

**પત્રવ્યવહારનું સ્થળ:-** શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન સાહિત્ય પ્રચારક સમિતિ.
ઠે. ઝવેરી જમનાદાસ મોનજીભાઈ, બુલીયન એકસચેંજ **મુંબઈ નં. ૨.**

તા. ક:—પરીક્ષા વિગેરે સંબંધીની વધુ પુછપરછ ઉપરના સરનામે કરો.

## —: સૂચના :—

**જૈન શ્વે. મૂર્તિપૂજક વિદ્યાર્થીઓને જણાવવાનું કે નીચે જણાવેલા નિયમોને અનુસરીને નીચે જણાવેલા ગ્રંથોની પ્રથમ વર્ષની મૌખિક તથા લેખિત ઇનામી પરીક્ષા હરીફાઈ પૂર્વક લેવાનું આ સમિતિ તરફથી નક્કી કરવામાં આવ્યું છે.**

### પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ માટેના નિયમો.

૧ પરીક્ષામાં નિયત કરેલ પુસ્તકોનો અભ્યાસ કર્યો છે એવું શિક્ષક તરફનું તથા દેવદર્શન પૂજનાદિ ધાર્મિક ક્રિયા રૂચિનું સ્થાનિક આગેવાન અગર સંસ્થાના સંચાલકનું પ્રમાણપત્ર પરીક્ષાના ટાઇમ પહેલાં એક માસ આગળથી રજુ કરવું પડશે.

૨ પરીક્ષામાં બેસનારે ઓછામાં ઓછી માતૃભાષાની પાંચ પુસ્તિકા પાસ કરેલી હોવી જોઇએ.

૩ પરીક્ષા હિન્દી અગર ગુજરાતી ભાષામાંજ આપવી પડશે.

૪ પરીક્ષામાં બેસનારે સમિતિ પાસેથી તે માટેનું ફારમ મંગાવી તેમાં જણાવેલી દરેક બાબતો ચોક્કસ રીતે ભરીને સમિતિને મોકલવું પડશે. જેનું ફારમ ચોક્કસ રીતે ભરેલું હશે તેનેજ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.

૫ કલમ પહેલીમાં જે પ્રમાણપત્રની વાત જણાવી છે તેનું ખાસ કારણ એ છે કે પરીક્ષામાં બેસનારનો જવા આવવાનો રેલ્વે ખર્ચ તથા ભોજનાદિનો ખર્ચ સમિતિ તરફથી કરવામાં આવનાર છે.

૬ દરેક વિષયના ગુણાંકમાંથી કરેક વિષયમાં અનુક્રમે ૫૦, ૪૦ અને ૩૩ ટકા અને સરવાળે અનુક્રમે ૬૦, ૫૦ અને ૪૦ ટકા ગુણાંક મેળવનારજ અનુક્રમે પ્રથમ દ્વિતીય અને તૃતીય શ્રેણિમાં પાસ થયેલા ગણાશે.

૭ પરીક્ષા આપવા આવનારે અભ્યાસ કર્યો છે તેની પૂર્ણ ખાત્રી માટે, નાપાસ થાય તો પણ ઓછામાં ઓછા ૨૦ ટકા માર્કો મેળવ્યા હશે તેને જતાં આવતાનું ગાડીભાડું આપવામાં આવશે.

૮ પરીક્ષામાં બેસનારને પાઠય પુસ્તકો ૨૫ ટકા કમીશન બાદ કરીને સમિતિ પુરાં પાડશે, માટે સમિતિના સરનામેથી મંગાવી લેવાં.

૯ પરીક્ષા માટેના પાઠય પુસ્તકોનું પઠન પાઠન ચાલુ વર્ષના જેઠ સુદ ૫ થી શરૂ થશે.

નિવેદક—**શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સાહિત્ય પ્રચારક સમિતિ-મુંબઇ.**

પ્રધાન-સંચાલક—**ઝવેરી પાનાચંદ રૂપચંદ** ઠે. ૨૫-૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ.

## પ્રથમ વર્ષની પ્રથમ ધોરણની મૌખિક પરીક્ષા માટેનો અભ્યાસક્રમ.

| વિષય | ગુણાંક |
|---|---|
| ૧ સિદ્ધહેમચન્દ્રશ૦ ચાર અધ્યાયના ફક્ત મૂળ સૂત્રો ૧૭૦૩. શ્રી હેમચન્દ્રકૃતિ-કુસુમાવલી પ્રકા૦ ઋ૦ છ૦ ની પેઢી. ઉજ્જૈન | ૧૦૦ |
| ૨ ,, પ્રથમાધ્યાય સંપૂર્ણ ત૦ પ્ર૦ સહિત. (સિ. સા. પ્ર. સમિતિનું) | ૧૫૦ |
| ૩ હૈમલિંગાનુશાસન પુલિંગ સ્ત્રીલિંગ પ્રકરણ (સંપાદક સ્વ. ક્ષમાભદ્રસૂરિ) | ૨૫ |
| ૪ વીતરાગ સ્તોત્રના પહેલેથી નવ પ્રકાશ (આત્માનંદ સભાનું) | ૨૫ |
| ૫ નિ. સા. પ્રેસની શબ્દ રૂપાવલી, ધાતુ રૂપાવલી, અને સમાસચક્ર. | ૭૫ |
| ૬ બે પ્રતિક્રમણ મૂલ સૂત્ર (મેસાણાનું) | ૫૦ |
| ૭ તત્ત્વાર્થ ફક્ત મૂલ સૂત્રના અધ્યાય પાંચ અને કારિકાના શ્લોકો (મેસાણાનું) | ૫૦ |
| ૮ સામાયિક સૂત્ર લેતાં પારતાં વિધિપૂર્વક આવડવું જોઈએ | ૫૦ |
| ૯ દેવાધિદેવ દર્શન વંદન પૂજન વિધિ પૂર્વક | ૨૫ |
| | ૫૫૦ |

## પ્રથમ વર્ષની પ્રથમ ધોરણની લેખિત પરીક્ષા માટેનો અભ્યાસક્રમ.

| નિચેના વિષયોમાંથી પ્રશ્ન પુછાશે. | ગુણાંક |
|---|---|
| ૧ સિદ્ધહેમ૦શબ્દાનુશાસન ચાર અધ્યાયના ફક્ત મૂલ સૂત્ર-શબ્દાર્થ સહિત | ૫૦ |
| ૨ તત્ત્વાર્થસૂત્ર પાંચ અધ્યાયના ફક્ત મૂલ સૂત્રો શબ્દાર્થ સહિત (મેસાણાનું) | ૫૦ |
| ૩ સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસન પ્રથમ અધ્યાયના ચાર પાદની સંપૂર્ણ પાદની તત્ત્વ પ્રકાશિકા અને આનંદબોધિની, એ બે ટીકા ઉદાહરણ પ્રત્યુદાહરણ અને રહસ્ય સહિત (સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિનું) | ૧૫૦ |
| ૪ હૈમલિંગાનુશાસન પુલિંગ સ્ત્રીલિંગ વિભાગ શબ્દાર્થ સહિત | ૨૫ |
| ૫ બે પ્રતિક્રમણ મૂલ અને અર્થ. (મેસાણાનું) | ૧૦૦ |
| ૬ વીતરાગ સ્તોત્રના નવ પ્રકાશ શબ્દાર્થ ભાવાર્થ સહિત (આત્મા૦ સભાનું) | ૨૫ |
| ૭ સંસ્કૃત ઉપરથી ભાષાંતર. | ૨૫ |
| ૮ ભાષાંતર ઉપરથી સંસ્કૃત. | ૨૫ |
| ૯ અશુદ્ધિઓનું સંશોધન. | ૨૫ |
| | ૪૭૫ |

## પરીક્ષામાં પાસ થનારાઓને આપવાના રોકડ રકમના ઇનામોની વિગત.

| ઈ. | પ્રથમ-શ્રેણિ | | ઇ. | દ્વિતીય-શ્રેણિ | | ઇ. | તૃતીય-શ્રેણિ | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | રૂ. | ૩૫૧-૦-૦ | ૧ | રૂ. | ૧૨૫-૦-૦ | ૧ | રૂ. | ૩૫-૦-૦ |
| ૨ | ,, | ૩૦૧-૦-૦ | ૨ | ,, | ૧૦૧-૦-૦ | ૨ | ,, | ૨૫-૦-૦ |
| ૩ | ,, | ૨૫૧-૦-૦ | ૩ | ,, | ૭૫-૦-૦ | ૩ | ,, | ૨૫-૦-૦ |
| ૪ | ,, | ૨૦૧-૦-૦ | ૪ | ,, | ૫૧-૦-૦ | ૪ | ,, | ૨૫-૦-૦ |
| ૫ | ,, | ૧૫૧-૦-૦ | ૫ | ,, | ૪૧-૦-૦ | ૫ | ,, | ૨૧-૦-૦ |
| | | | | | | ૬ | ,, | ૨૧-૦-૦ |
| | | | | | | ૭ | ,, | ૧૫-૦-૦ |
| | | | | | | ૮ | ,, | ૧૫-૦-૦ |
| ૫ | | ૧૨૫૫-૦-૦ | ૫ | | ૩૯૩-૦-૦ | ૮ | | ૧૮૨-૦-૦ |

કુલ રૂ. ૧૮૩૦] કુલ ઇનામ ૧૮.

## બીજા વર્ષની બીજા ધોરણની મૌખિક પરીક્ષા માટેનો અભ્યાસક્રમ.

| | વિષય | ગુણાંક |
|---|---|---|
| ૧ | શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દા૦ અધ્યાય ૫-૬-૭ ના ફક્ત મૂલ સૂત્રો ૧૮૬૩ શ્લોક સં. ૬૫૦ | ૧૦૦ |
| ૨ | ,, ,, ના ઉણાદિના મૂલ સૂત્રો ૧૦૦૬ શ્લોક સંખ્યા આશરે ૨૫૦ | ૫૦ |
| ૩ | ,, ,, બીજા અધ્યાયનો પ્રથમ પાદ બીજો પાદ તત્ત્વાર્થ પ્રકાશિકા સાથે (નામ પ્રકરણ ગુ. ૫૦. કારક ગુ. ૧૦૦.) શ્લોક સંખ્યા આશરે ૧૨૫૦ | ૧૫૦ |
| ૪ | શ્રી હેમલિંગાનુશાસન નપુંસકલિંગાધિકારથી સંપૂર્ણ શ્લો. સં. આશરે ૮૮ | ૨૫ |
| ૫ | અભિધાન ચિંતામણિ દેવાધિદેવકાણ્ડ અને દેવકાણ્ડ શ્લોક સં. ૩૩૬ | ૫૦ |
| ૬ | વીતરાગસ્તોત્ર પ્રકાશ ૧૦ થી ૨૦ સુધીના શ્લોક સં. ૯૧ | ૨૫ |
| ૭ | પંચ પ્રતિક્રમણના ફક્ત સૂત્ર સંપૂર્ણ (ગુ. ૭૫) અને નવસ્મરણ સંપૂર્ણ (ગુ. ૨૫) | ૧૦૦ |
| ૮ | બે વખતના પ્રતિક્રમણ લેતાં પારતાં ક્રિયારૂપે વિધિવિધાનપૂર્વક કરી બતાવવા | ૫૦ |
| ૯ | તત્ત્વાર્થાધિગમના ફક્ત સૂત્રો ૬ થી ૧૦ અધ્યાય સુધીના | ૫૦ |
| ૧૦ | આઠ થોઇ દેવવંદન, (૨૫) પૌષધ, (૨૫) સ્નાત્ર, (૨૫) (પં. વીરવિજયજી કૃત અથવા દેવચન્દ્રજી કૃત) | ૭૫ |
| | | ૬૭૫ |

## બીજા વર્ષની બીજા ધોરણની લેખિત પરીક્ષા માટેનો અભ્યાસક્રમ.

| | | |
|---|---|---|
| ૧ | સિદ્ધહેમચન્દ્રશબ્દા૦ અધ્યાય ૫-૬-૭ ના સૂત્રના શબ્દાર્થ | ૫૦ |
| ૨ | ,, ઉણાદિના ,, ,, | ૨૫ |
| ૩ | ,, અધ્યાય બીજાનો પાદ ૧ લો (નામ પ્રકરણ અને કારક પ્રકરણ) તત્ત્વપ્રકાશિકા અને આનન્દ બોધિની સાથે સંપૂર્ણ રહસ્ય વિ, | ૧૫૦ |
| ૪ | પંચ પ્રતિક્રમણ સૂત્રાર્થ રહસ્ય (૭૫) નવસ્મરણ શ્લોક ભાવાર્થ રહસ્ય (૨૫) | ૧૦૦ |
| ૫ | વીતરાગ સ્તોત્રના ૧૦ થી ૨૦ પ્રકાશના શ્લોક શબ્દાર્થ ભાવાર્થ. | ૨૫ |
| ૬ | તત્ત્વાર્થાધિગમ સૂત્ર ૬-૭-૮-૯-૧૦ ના સૂત્રાર્થ શબ્દાર્થ ભાવાર્થ. | ૫૦ |
| ૭ | હૈમલિંગાનુશાસન નપુંસકલિંગાધિકારથી સંપૂર્ણ શ્લોકના શબ્દાર્થ ભાવાર્થ. | ૨૫ |
| ૮ | અભિધાન ચિંતામણિ દેવાધિદેવ કાણ્ડ અને દેવકાણ્ડના શ્લોકના શબ્દાર્થ. | ૫૦ |
| ૯ | દ્વાશ્રય સંસ્કૃત મહાકાવ્યમ્ સર્ગ-૧ લો બીજો શ્લોક શબ્દાર્થ ભાવાર્થ પરીચયાદિ | ૫૦ |
| ૧૦ | સંસ્કૃત પરથી ભાષાંતર | ૨૫ |
| ૧૧ | ભાષાંતર પરથી સંસ્કૃત | ૨૫ |
| | | ૫૭૫ |

## બીજા ધોરણની પરીક્ષામાં ઉત્તીર્ણ થનારાઓને આપવાના રોકડ રકમના ઇનામોની વિગત

| ઇ. | પ્રથમ શ્રેણિ | | ઇ. | દ્વિતીય શ્રેણિ | | ઇ. | તૃતીય શ્રેણી | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૧ | રૂ. | ૯૧-૦-૦ |
| ૧ | રૂ. | ૫૦૧-૦-૦ | ૧ | રૂ. | ૨૦૧-૦-૦ | ૨ | ,, | ૮૧-૦-૦ |
| ૨ | ,, | ૪૦૧-૦-૦ | ૨ | ,, | ૧૭૫-૦-૦ | ૩ | ,, | ૭૧-૦-૦ |
| | | | | | | ૪ | ,, | ૬૧-૦-૦ |
| ૩ | ,, | ૩૫૧-૦-૦ | ૩ | ,, | ૧૫૧-૦-૦ | ૫ | ,, | ૫૧-૦-૦ |
| ૪ | ,, | ૩૦૧-૦-૦ | ૪ | ,, | ૧૨૫-૦-૦ | ૬ | ,, | ૪૧-૦-૦ |
| | | | | | | ૭ | ,, | ૩૧-૦-૦ |
| ૫ | ,, | ૨૫૧-૦-૦ | ૫ | ,, | ૧૦૧-૦-૦ | ૮ | ,, | ૨૧-૦-૦ |
| ૫ | | ૧૮૦૫-૦-૦ | ૫ | | ૭૫૩-૦-૦ | ૮ | | ૪૪૮-૦-૦ |

કુલ રૂ. ૩૦૦૬] કુલ ઇનામ ૧૮.

# પ્રપંચો-ખટપટો અને નાસ્તિકોના ઉલ્ટા વર્તનને કારણે
# નિષ્ફળ નિવડેલું જૈન અધિવેશન.

(ગયા અંકથી ચાલુ)

## શાશનપ્રેમીઓની માંગેલી મદદ.

સૌ કોઈની ઈચ્છા કોન્ફરન્સને થયેલ રોગમાંથી બચાવી સજીવન કરવાની હતી. એટલે સોળમું અધિવેશન મુંબઇ ખાતે ભરવાની તડામાર તૈયારીઓ ચાલી તે પહેલેથીજ કોન્ફરન્સના કાર્યવાહકો આચાર્યશ્રી સાગરાનંદસૂરીજીને મલ્યા, તેઓશ્રીનો વિહાર રોકાવ્યો, અને તેઓશ્રીની દોરવણી હેઠળ કોન્ફરન્સનું સોળમું અધિવેશન ભરાય, એવી આગ્રહ ભરી વિનંતિ કરી, અને ગોડીજીના ઉપાશ્રયમાં અધિવેશન અંગે વ્યાખ્યાનોમાં સારો પ્રચાર થયો, અને પરિણામે સારી સંખ્યામાં અધિવેશનમાં હાજરી થઈ. બીજી તરફ કોન્ફરન્સના કાર્યવાહકો શેઠ જીવતલાલ પ્રતાપસી તથા બીજા શાસન પક્ષના આગેવાનોને મલ્યા, અને આ બંને ઠરાવો મોટી સંખ્યાની બહુમતિથી પસાર કરાવવામાં મદદ માંગી. આવા કાર્યમાં સહકારનું કહેતા શાસન પ્રેમીઓ તરફથી સ્વાગત સમીતીના સભાસદો થવાનું જોર શોરથી કામ શરૂ થયું, અને શ્રી ગોડીજી, શ્રી શાન્તિનાથજી, લાલબાગ, કોટ વિગેરે ઉપાશ્રયોના ધર્મી ભાઇઓનો બધોજ વર્ગ સ્વાગત સમિતિના સભાસદોમાં નોંધાયો, અને કોન્ફરન્સના ઇતિહાસમાં કદી નહી જોયેલ સંખ્યામાં સભાસદો નોંધાયા, જેનો આંકડો લગભગ ૧૬૫૦) જેટલો પહોંચ્યો અને કોન્ફરન્સને હજારો રૂપીયાનો તડાકો પડયો.

## પ્રથમ ગ્રાસે મક્ષિકા.

અધિવેશન શરૂ થયું, વાતાવરણ ઉત્સાહિત હતુ, પણ પ્રથમ ગ્રાસે મક્ષિકાની માફક અધિવેશનના ઉદ્‌ઘાટન સમયેજ બસ અને ટ્રામની હડતાલ પડી. લોકો પારાવાર મુશ્કેલીઓ વેઠી, પગે ચાલીને પણ મંડપમાં આવ્યા સ્વાગત પ્રમુખ અને અધિવેશનના પ્રમુખના ભાષણો સૌએ શાંતિથી સાંભળ્યા, બીજે દિવસે ઐકય સમિતિના ઠરાવો રજુ કરવામાં આવ્યા તરફેણ અને વિરૂદ્ધ ઘણું બોલાયું અને પ્રમુખશ્રીએ તા. ૮ મીની રાતનાજ વોટીંગ શરૂ કરવાનું જણાવ્યું કે તરતજ નાટકીસીન ટ્રાન્સફર થવા લાગ્યા.

## બીનકાયદેસર કાર્યવાહી.

પ્રમુખશ્રીના ભાઈ શેઠ રવજીભાઈ પાંચ દશ માણુસો સાથે ચાલતા થયા અને કહેતા ગયા, કે હવે તમે જે કરો, તે અમને કબુલ નથી અને કોન્ફરન્સના સેક્રેટરી મી૦ ચંદુલાલ વર્ધમાન શાહે માઇક્રોફોન ઉપર આવી, આંખમાંથી આંસુ સેરવવા જેવું કરી, ગદ્દગદ્દ કંઠે બોલી ઠરાવ વિરૂદ્ધ મત આપવા માટે લોકોની લાગણી ઉશ્કેરી અને પ્રમુખે વોટીંગ લેવા માટે કરેલી જાહેરાત ભુંસાઇ ગઈ અને તા. ૮ મીની હાજરીથી ઠરાવો પાસ થઈ જતા અટકાવ્યા અને પ્રમુખને યુવકોએ ઉત્પન્ન કરેલા કોલાહલને કારણે ન છુટકે તા. ૯ મીની રાતના વોટીંગ લેવાનું કાયદા વિરૂદ્ધનું કર્તવ્ય જાહેર કરવું પડયું. તા. ૯ મીએ કઇ રીતિએ વોટીંગ થશે તે ન તો કાંઈ જણાવ્યું કે ન તો પેપરમાં આવ્યું બરાબર રાત્રે સાડા આઠ વાગે સભાસદો આવવા લાગ્યા, અને દાખલ થતાં રોકયા, ટીકીટ કપાવો, ટીકીટ લો, અને દાખલ થઈ ખાનામાં નાંખો. એક કલાકમાં એટલી ધમાલને હોહા મચી કે મતદારોને કેમ અને કયાં મત આપવા, તેની પુરી સમજણ પડવી મુશ્કેલ થઇ, તે બીનકાયદેસર કાર્યવાહીનો આખોએ અહેવાલ મુંબઈના દૈનિક પેપરોમાં આવી ગયો છે.

## સુધારકોની નાલોશી.

પરિણામ શું?, સુધારકોની ફત્તેહ?; ભલે છાપામાં

ફત્તેહ લખે, પણ સાચી રીતે સુધારકોને નામોશી છે. સુધારકોના સુત્રધાર મી૦ મોતીચંદ ગી. કાપડીઆ, સોલીસીટર, મી૦ મોહનલાલ ભગવાનદાસ સોલીસીટર; મી૦ ચંદુલાલ વર્ધમાન સેક્રેટરી વિગેરેએ શાસન પ્રેમીઓને આપેલી બાંહેધરીમાં નાટકનો પાઠજ ભજવ્યો છે. તથા પાછલા હાથે વિશ્વાસઘાત કીધો છે. ખુદ આચાર્યશ્રી સાગરાનંદસૂરીજી કહે છે કે તે લોકોમાં વિશ્વાસ કરવામાં મેં ઉતાવળ કરી હતી. ઐક્ય સમિતિના ઠરાવો તેઓએ પસાર કરાવી પછીજ ઐક્ય સ્થપાવાનું હતું, છતાં આપણી મદદ માટેની વિનંતી પુર્વક માંગણી કરતાં, આપણે ગયા અને દેખાવમાં જે હાર તથા નામોશી થઈ, તે શાસન પ્રેમીઓની નહીં, પરંતુ સુધારકોની પોતાનીજ છે, કે જેમણે બોલ પાળવાનો ખોટો ડોળ કરી વિરૂદ્ધ વર્તન કર્યું, અને પોતાને હાથે કરેલી સહીઓના લખાણને પાળવામાં દેવાળું ! એજ સુધારકોની ફત્તેહ !

## વિરોધીઓને ઉત્તેજન.

આવા મહત્વના સૈદ્ધાંતિક ઠરાવોનું વોટીંગ સો પચાસથી કદાચ પાસ કરી જીતાય તેમાં પણ ધર્મીઓને તો નામોશી જેવુંજ લાગે. શાસન પ્રેમીઓ તો આવા ઠરાવો એકીમતે અથવા તો મોટી સંખ્યાની બહુમતિથીજ પસાર કરાવવા ઇચ્છતા હતા, અને તોજ સાબીત થતે કે સમાજમાં બધાનો હૃદય પલટો થયો છે. અને ઐક્ય સાધી શકાયું છે.

સિદ્ધાંતના ઠરાવો ઉપર વોટીંગ કરવુંજ ખોટું છે, તે ઠરાવ તો એકી મતેજ હોય અને સાચા જૈનને તેમાં શંકાનું કારણ પણ ન હોય, એટલે પ્રમુખશ્રી મેઘજીભાઇએ આ ઠરાવો પસારજ કરાવવા હતા તો તેઓશ્રી જરૂર પોતાની જોખમદારીએ પ્રમુખસ્થાનેથી ઠરાવો રજુ કરી શકતે અને મોટી બહુમતીએ પસાર થતે તેમ ન થતાં ઉલ્ટું ઠરાવની વિરૂદ્ધ થઇ બોલવા ઉઠેલાને રોકી શકયા નહી, તેથી વિરોધીઓને ઉત્તેજન મલ્યું.

વિરૂદ્ધ બોલનારા પૈકીઓમાંથી ઘણાઓ, દેવ, ગુરૂ, ધર્મ જેવી વસ્તુને માનનાર નથી, અગર શંકાથી જુએ છે તેવાઓને સિદ્ધાંતના ઠરાવ વિરૂદ્ધ બોલવા સિવાય બીજું હોય પણ શું ? આવાને હાથ કોન્ફરન્સ હોય, તેમાં સાચો જૈન તો નજ ઉભો રહી શકે.

## બહિષ્કાર પોકારો.

પચીસ વધુ મતે ઠરાવ ઉડી જવાથી કોન્ફરન્સના સાચા સેવા ભાવી અને વર્ષોથી કોન્ફરન્સને સેવા અર્પનારા પ્રાણદાતાઓ જેવા કે રાવસાહેબ શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ જે. પી., રીટાયર્ડ જજ બદામી સાહેબ, ડૉ૦ ચીમનલાલ શ્રોફ, મહારાષ્ટ્રવાસી શેઠ મોતીલાલ વીરચંદ વિગેરેએ પોતાની વાણી, વચન, અને સહીની ખાતર આ કોન્ફરન્સનો ત્યાગ કર્યો છે, જ્યારે પોતાની વાણી, વચનમાં સહીની કીંમત નહીં આંકનાર સ્વાર્થ સાધુ, દાંભિકો અડ્ડા જમાવવા વધુ તૈયારી કરી, ચા, પાણી અને ભોજન સમારંભો ઉડાવી રહ્યા છે, એટલુંજ નહિ, પરંતુ પોતાની વાહવાહ પોકારનાર છાપાઓના અધિપતિઓને ખુશ રાખવા ખાતર શાશ્વતિ અઠ્ઠાઈની ઓળીના પહેલા દિવસે એટલે ચૈત્ર સુદ અષ્ટમીના પર્વ દીવસે હરીયાળી જમીન ઉપર અભક્ષ્યના ભક્ષણ અને અપેય પાનનાં સન્માનો યોજી ધર્મિ વર્ગની વધુ મશ્કરી ઉડાવી છે ! આવાઓની પાસેથી ધર્મ સમાજ અને સિદ્ધાંતના કયા કલ્યાણની આશા રખાય ? માટે પૂજ્ય મુની મહારાજને તથા ધર્મિ વર્ગને વિનંતિ કરવાની કે પોતાના દરેક ગામે ગામના સંઘોમાં કોન્ફરન્સના બહિષ્કારની જાહેરાત કરવી અને તેના દ્વારાએ ચાલતા કોઈપણ ખાતામાં પોતાનો પાઈ, પૈસો ભરવો કે આપણે આપવો તે સિદ્ધાંતદ્રોહી સંસ્થાને પોષી સિદ્ધાંતદ્રોહ કરવા બરાબર છે.

શા. રમણીકલાલ કાન્તિલાલ.

# સિદ્ધાન્તભેદમાં સમાધાન કેવું? દીક્ષાવિરોધીઓને જૈન કહેવાય?

## આચાર્ય–શ્રીસાગરાનંદસૂરીશ્વરજીના દીક્ષાવિરોધિઓને ચાબખા.

### કોન્ફરન્સના કાર્યકરોની ગંદી કાર્યવાહીના કાઢેલા ઝાટકણી.

કહેવાતી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના સોળમાં અધિવેશનનો તેમજ મોવડીઓએ કરેલા વચનભંગના કારણે બાંહેધરી તથા વિશ્વાસથીજ–આવેલા સંભાવિત હજારો જૈન ભાઈ બ્હેનોએ વોક આઉટ કર્યો તથા પહેલાની એ હડધુત થએલી ટોળીજ એ પડદા સમાન અધિવેશનમાં રહી એ સુવિદિત છે. બીજેજ દિવસે લાલબાગની સભાનો અહેવાલ પ્રગટ થઇ ગયો છે. જે ઠરાવોના માટેજ આ બધી ભાંજગડ હતી, જેને માટે વિશ્વાસ અપાયો હતો; જેને માટે બાંહેધરી હતી. ઐક્ય સમિતિએ જે પાસ કરવાની કોન્ફરન્સને ભલામણ કરેલી અને સ્ટેન્ડીંગ કમીટિએ પણ ભલામણ કરેલી તેથી જે પાસ કરવાની કોન્ફરન્સનીજ ફરજ હતી છતાં તે વસ્તુ કુટ નિતિથી ઉડાવી દીધી, તે પણ સુપ્રસિદ્ધ છે. ઉપરથી ચોર કોટવાળને દંડે એ ન્યાયે, વેશ્યા સતીને શીર આરોપો ધરે એ ન્યાયે જુન્નેરમાં કરેલી ગુંડાગીરીથી હડધુત થયેલી એ ટોળી છાપાના પ્લેટફોર્મને આધારે ભળતી વાતો રજુ કરે છે. અને 'ઐક્ય' સમિતિના બે ઠરાવો જાણે નમાલા છે. એ માટે ઝઘડો શો? એમ પ્રચાર કરે છે.

પણ એ બે ઠરાવોજ જૈનત્વના પ્રાણભૂત છે. એવા સમર્થનની જાહેર માટે જરૂર જણાવાથી આજ એટલે અધિક ચૈતર વદ ૧૪ બુધવાર તા. ૧૧–૪–૪૫ ના સવારે વ્યાખ્યાન સમયે એ વિષય પરત્વે શાસનના પરમ માન્ય આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીએ ખાસ પ્રવચન કર્યું હતું, અને જેની અગાઉથી જાણ કરવામાં આવી હતી. ઉપાશ્રય જૈન ભાઇ બ્હેનોથી ચિકાર ભરાયો હતો. સંભાવિત તથા અગ્રગણ્ય સદ્ગૃહસ્થોમાં જામનગરના નગરશેઠ પોપટલાલ ધારસીભાઇ સંઘવી, સ્વાગત સમીતીના પ્રમુખ રાવસાહેબ શેઠ કાન્તીલાલ ઇશ્વરલાલ જે. પી., શેઠ નગીનદાસ કરમચંદ સંઘવી, શેઠ જીવતલાલ પ્રતાપસી સંઘવી, શેઠ ભાઇચંદ નગીનદાસ, શેઠ મુલચંદ બુલાખીદાસ, સુધારકોને સપાટા મારનાર પરમ શ્રાદ્ધવર્ય માજી જજ શ્રીમાન સુરચંદભાઈ પરસોતમદાસ બદામી, શેર બજારના શાહ સોદાગર શેઠ અમૃતલાલ કાલીદાસ, શેઠ સાકરચંદ ખુશાલચંદ ઉસ્તાદ, શેઠ નવલચંદ ખીમચંદ, શેઠ નરોત્તમદાસ ભગવાનદાસ શાહ (ટાઇમ્સ ઓફ ઇન્ડીયાના રીટાયર્ડ સેન્સર), શેઠ કેશરીચંદ હીરાચંદ ખુબચંદ, બુહારીવાલા શેઠ ઝવેરચંદ પન્નાજી, શેઠ ગીરધરલાલ છોટાલાલાલ, શેઠ મોહનલાલ છોટાલાલ, શેઠ ચીમનલાલ મંગળદાસ, શેઠ જેસીંગભાઈ ઉગરચંદ, શેઠ મોહનલાલ મગનલાલ, શેઠ છોટાલાલ ભીખાભાઇ, શેઠ મોતીચંદ ગુલાબચંદ, શેઠ અમૃતલાલ કાલીદાસ દોશી બી. એ., શેઠ મોહનલાલ દીપચંદ ચોકસી, શેઠ જમનાદાસ મોનજી, શેઠ મગનલાલ લાલજી, માલેગામવાલા શાહ બાલચંદ હીરાચંદ, શેઠ ચંદુલાલ નગીનદાસ જરીવાળા, પંડીત મફતલાલ ઝવેરચંદ તેમજ બહારગામથી કેવળ ધર્મસેવાની ભાવનાએ આવેલા બહારગામના ડેલીગેટો, પ્રેક્ષકો કે જેઓ એ માંડવા સામે ફીટકાર વરસાવી ચાલી નીકળ્યા હતા તે બધાની અહીં હાજરી હતી. બરાબર સમયે આચાર્યશ્રીએ પોતાનું વ્યાખ્યાન શરૂ કર્યું હતું.

### અસહકાર શાથી હતો.

મહાનુભાવો આજે વ્યાખ્યાનના સમયેજ ઐક્ય સમિતિના બે ઠરાવો જૈનત્વના પ્રાણભૂત છે એવું સમર્થન કરવાનું છે કે જેની જાણ કરવામાં આવી છે.

પહેલાં એ વિચારવાની જરૂર છે કે ઐક્ય સમિતિને આ બે ઠરાવો કરવાની શા માટે જરૂર પડી, ઐક્ય સમીતિના આ ઠરાવ પહેલાં વિરોધ શા માટે હતો? એ સમજાવાની પ્રથમ આવશ્યકતા છે. એ સંસ્થા શ્રી. જીનેશ્વર દેવના મુખ્ય ધર્મ ભાગ

ઉપર, જગતમાં સર્વ શ્રેષ્ઠ સંયમ ધર્મ ઉપર ઘા કરવા માંડી તેની ઓઠે આવરણો ઉભા કરવા લાગી. તે માર્ગને વિચ્છિન્ન કરવા પ્રયત્ન કરવા લાગી એ દીવા જેવું સ્પષ્ટ છે. જે પક્ષ શાસન પ્રત્યે પ્રેમવાળો હતો તેને તો એમાં સર્વનાશ દેખાવા લાગ્યો. આત્માની અને દુનિયાદારીની એટલે ધન, સ્ત્રી, પરિવારની આબાદી વિગેરે પણ ધર્મથીજ છે એમ માનતો એ વર્ગ મુખ્યતઃ એ દેવ, ગુરૂ અને ધર્મનેજ પોતાનું સર્વસ્વ માને છે. એ પક્ષના આ જણાવેલા આચરણો સહન ન થાય એ સ્પષ્ટ છે. તેથી ધર્મપ્રેમી પ્રભુશાસનના રાગી પક્ષે વિરોધ કરનારા પક્ષ સાથે અસહકાર આદર્યો.

## અસહકાર નીતિનો રસ્તો.

અસહકાર એ નીતિનો રસ્તો છે. જેમાં નુકસાન દેખો તેનો ત્યાગ કરવો તેનાથી બચવું, તેનાથી દુર રહેવું એ ડાહ્યા પુરૂષોની સંરક્ષણાત્મક નીતિ છે. એ રીતમાંજ બચાવ છે. સાપથી દુર નાસવુંજ જોઇએ. સાપના મોમાં પણ અંગુઠો રાખવાનો સહકાર કરાય ખરો ? આગની ઝાળ પાસે જવાનો અખતરો હોય ખરો ? ઝેરથી તો ડરવાનુંજ હોય, થોડું લેતા રહેવું એવું કદી માનો છો ? પાણીમાં ડુબકી ખાઇ દેવા દેને, આવો પ્રયોગ કરવામાં ડહાપણ માનો છો ? એકજ નીતિ એકજ માર્ગ સલામતી દાયક છે. જડ કે ચેતનવાલા કોઈ પણ પદાર્થ કે પ્રાણી કે જેથી નુકસાન થાય, તેનાથી સહકાર છોડવો, ડાહ્યાની આ નીતિ રીતી છે. દેવગુરૂધર્મને જેઓ સર્વસ્વ માને તેઓ દેવગુરૂધર્મના પ્રહારકો સંહારકો સાથે સહકાર શી રીતે રાખે ? દુધપાક જરાક ઝેર, જરાક ખટાસથી સહકાર રાખે તો દુધપાકની દશા પણ ઉકરડે જવાનીજ થાય કે બીજું કાંઇ ? હું જે કહું છું તે વ્યક્તિગત નથી કહેતો પણ વસ્તુસ્વરૂપ સ્પષ્ટ કરવા પુરતુંજ કથન છે અને તે ધર્મ પરત્વે પ્રેમ ધરાવનારાએ સમજવુંજ જોઇશે. એમ તો વિરોધ કરનારાઓ વચનથી તો ખુબીથીજ બોલે છે, કેમ કે આર્યદેશનો એ પ્રભાવ છે. આર્યકુલ–આર્યધર્મનો એ પ્રભાવ છે કે કોઈ પણ પોતાને અધર્મી ગણાવવા ઇચ્છતું નથી.

## દીક્ષા વિરોધી પ્રચાર.

ધર્મના દેવ, ગુરૂ, ધર્મનો આથી જીવતો જાગતો બીજો કયો પ્રભાવ જોઇએ ? પણ વિરોધ કરનારાઓનું વર્તન તેમના સ્વરૂપ પ્રગટ કર્યા વિના રહેતું નથી. તત્વત્રથી એટલે દેવગુરૂ અને ધર્મશાસનનો આધાર આ ત્રણ ઉપર ધર્મતત્વને અંગે ધર્મવિરોધી વર્ગે પ્રચાર્યું મંદીરો શા માટે જોઇએ ? એથી શું ફાયદો ? ગુરૂતત્વને અંગે એ વર્ગે જોયું કે સંસાર વૃદ્ધિના પુલમાં ફટકા રૂપ ત્યાગી વર્ગ છે. માટે એ તત્વ ઉપર ફટકો મારો, એટલે ત્યાગ માર્ગને અંગે ઘા કર્યો તેમ કરવામાં વિચાર્યું કે ઘડાઘડા પડી રહેવા દો, પણ કુંભારને મારી નાખો એટલે નવા ઘડા કયાંથી પાકશે ? અર્થાત દીક્ષા લીધેલી છે તેઓ તો ભલે રહયા ત્યાં તો શું થાય ? પણ નવી દીક્ષાને રોકો દરવાજાજ બંધ કરો. આવા વિચારથી તેવો પ્રચાર તથા પ્રવૃત્તિ આદર્યા, કુંભારોને મારી નાખવાથી પરિણામ શું આવે એ પણ ન સુઝે એ કેવો કહેવાય અને ધર્મને અંગે એ વર્ગે કહેવા માંડયું, પ્રચાર્યું કે અઢી હજાર વર્ષ પહેલાં કે કરોડો વર્ષ પહેલા કહેવાયેલા વચનો અત્યારે શા કામના ? આનો અર્થ તો ધર્મ ઉપર મીંડુજ કે બીજું કાંઇ ? આ વચનો શ્રી. સર્વજ્ઞદેવના છે અને તેઓ તો સર્વ કાલના જ્ઞાતા હતા એમ આપણે માનીએ છીએ. આ રીતે દેવ ગુરૂધર્મ ત્રણેય તત્વો પ્રત્યે તત્વત્રથી તથા રત્નત્રથી પ્રત્યે વિરોધીઓ આક્રમણો કરવા લાગ્યા એટલે શાસન પરત્વે પ્રેમ ધરાવનારાઓએ તેમની સાથે અસહકારની નીતિનો અમલ કર્યો કે જે નીતિ ન્યાયસંગત છે. બચાવાત્મક છે. કુપથ્યથી બચવું એમાં પ્રશ્ન હોય ?

## ઐકય સમિતિના ઠરાવો.

રાજ્યનું શસ્ત્ર સજા છે. અને સજાનો ઉપયોગ સત્તાધારી કરી શકે. પણ અસહકારનો ઉપયોગ તો મોટો કે નાનો કોઇપણ મનુષ્ય કરી શકે છે અને હાલ વ્યવહારમાં કરાતો દેખાય છે. અસહકારનું અસરકારક શસ્ત્ર શાસનપ્રેમીઓએ અજમાવ્યું. ઐકય સમિતિમાં બંને પક્ષના મનુષ્યો હતા, આથી બન્ને પક્ષમાં સમાધાન

ફેંચવવાના આશયે બન્ને પક્ષના મનુષ્યો એકઠા થયા. જેને ઐકય સમીતિ કહેવામાં આવે છે. ઐકય સમિતિમાં એકલા શાસનપ્રેમી વર્ગનાજ મનુષ્યો હતા તેમ નથી પણ દેવગુરૂ ધર્મનો વિરોધ કરનાર પક્ષના મનુષ્યો પણ હતા, કેમકે ઉદ્દેશ ઐકયનો હતો.

ઐકય સંમીતિના બે ઠરાવો કેટલા અને કેવા સાદા સીધા છે. એ ઐકય સમીતિએ બે પક્ષના મનુષ્યોની બનેલી સમીતિએ જે બે ઠરાવો પસાર કર્યા છે તે એવા તો સાદા (Simple) છે કે જો કોઇપણ સામાન્યતઃ એને વાંચે તો કહી દે કે આમા વાંધો કયાં ? આ ઠરાવમાં કાંઈ ભલામણ છે માત્ર વીરોધ છોડવાની, દેવગુરૂ ધર્મનો વિરોધ છોડવાની ભલામણ છે.

એ ઠરાવોમાં એવું નથી કે અમુક દેરેજ જવું, કે અમુક ગુરૂને માન્યા માટે તેમનેજ વંદન કરવું, અમુક શેઠ સામાયક કરે છે માટે ત્યાં સામાયક કરવું, આવું કાંઈજ નથી, આમાં માત્રવીરોધ છોડો એટલુંજ છે. દીક્ષાને અંગે કરેલો વિરોધ રદ કરવાનું પ્રથમ ઠરાવમાં છે ને ? કાન્તીલાલ ભાઇ ત્યાં જેવા એમ પણ નથી કહેતા. માનો કે ઐકયની ભાવનાએ એ ઉદારતાએ કે વીરોધ રદ કરવો એટલી ભલામણ તો ઠીક પણ વીરોધ કર્યો તેનું પ્રાયશ્ચિત શું ? ચોર કહે છે કે ચોરી હવે નહી કરૂં, પણ ન્યાય કહે છે કે ચોરી કરી તેની સજા ખરી કે નહિ ? ખરી વાત એ છે કે એ વસ્તુ નથી, એનું કારણ સ્પષ્ટ છે કે એ ઠરાવોને સાદો સીંપલજ બનાવવાનો હતો કેમકે ભાવના ઐકયની હતી.

## કેવળ જ્ઞાન કયારે ?

એટલે ભુતકાળની વાતને તેમાં જતી કરવામાં આવી અને માત્ર ભવિષ્યની સાવચેતી રાખવામાં આવી. પહેલા ઠરાવમાં દીક્ષાનો વિરોધ રદ કરવાની વાત છે. એ ઠરાવની ભલામણ છે ને ? જેના પેટમાં હૃદયમાં એમાંયે વાંધો હોય તે જૈન ગણાય ? બરાબર વિચારો, શ્રી તીર્થંકર દેવને શાથી માનીએ છીએ ? તેમની રીદ્ધિ સમૃદ્ધિથી કે તેમણે કરેલા ત્યાગથી બરાબર લક્ષ્યમાં લો કે શાસ્ત્રમાં ભરત મહારાજે તેમજ મરૂદેવી માતાને ગૃહસ્થાશ્રમમાં કેવળજ્ઞાન થયાના દ્રષ્ટાંતો છે. વલ્કલ ચારીને અન્ય લીંગે કેવળ થયાનું દ્રષ્ટાંત છે. પણ અતીત કાળમાં અનંતા તીર્થંકરો થયા. વર્તમાનમાં થાય છે. ભવિષ્યમાં અનંતા તીર્થંકરો થશે. પણ તીર્થંકરને એકને પણ કેવળજ્ઞાન ગૃહસ્થાશ્રમમાં નહિ એ તો દીક્ષા પછીજ ત્યાગ પછીજ. દીક્ષા એ તો શાસનના પ્રાણભૂત તે ખરા કે જેને તેને જૈન કહેવાય ?

## કુતરાના પેટમાં ખીર ન ટકે.

ઠરાવમાં છે શું ? માત્ર વીરોધ છોડો, એ પણ નહિ છતાં પણ તે જૈન ? હવે એક દ્રષ્ટાન્ત આપું છું તે માત્ર પદાર્થના સ્વરૂપ સ્પષ્ટીકરણ માટે. કોઇએ એ વાત વ્યકિતગત માથે લેવી નહિ કુતરાના પેટમાં ખીર ન ટકે એ કહેવત છે તેનું રહસ્ય–સમજો. મનુષ્યના પેટમાં ખીર જાય અને ન પચે નીકળે તે પણ કયારે ? પેટમાં જાય પીત્તાશયમાં જાય ખટાશથી ફાટી જાય પછી ન પચે તો નીકળી જાય ફોદા ફોદા થાય છે તે દેખાય છે ને ? કુતરાના પેટમાં તો એટલો સમય ખાટી થવા જેટલો સમય પણ ખીર ટકતી નથી. તરતજ નીકળી જાય છે. તેટલો ટાઇમ પચે તો એ કાંઈ ઠીક પણ તે માટેની તેની કમનસીબી છે. જૈન શાસન જેવું અનુપમ શાસન આવી અણમોલ ખીરને ભાગ્યવાન થોડો સમય ધીરજ ખમીને પચાવે તો કલ્યાણ થઈ જાય પણ ત્યાં જવા વાંધો છે એ પરમહીણ ભાગ્ય છે દીક્ષા એજ મોક્ષ માર્ગ છે. દીક્ષા વિના બીજો કોઈ તરવાનો માર્ગ નથી. એ માર્ગની તો વૃદ્ધિજ સંરક્ષણજ કર્તવ્ય છે પણ એ બધી વાત આ ઠરાવમાં નથી. આ ઠરાવમાં તો માત્ર વીરોધ છોડો એટલીજ વાત છે. સભામાંથી પ્રશ્ન–એક વર્ગ કહે છે કે હમારો વાંધો તો અયોગ્ય દીક્ષા સામે છે.

## કાયદાબાજો.

ઉઃ—ઐકય સમિતીમાં કાયદાબાજો હતા ને ?

આટલી લાંબી મુદતથી એ વર્ગને કઈ દીક્ષા યોગ્ય લાગી ? એક પણ દીક્ષા એ વર્ગને યોગ્ય જણાઈ

છે ? અને એ વિચાર સાધુ સંમેલને ઠરાવ કર્યા પછી ઐક્ય સમીતીએ ઠરાવ કર્યો પછી ઐક્ય સમીતીનો ઠરાવમાં યોગ્ય અયોગ્ય એવું કંઇ છે, ત્યારે તો તમે સમીતીનું મુંડન કરો છો એમને ? માનનારો કલ્પીત-પણે અયોગ્ય માને માટે તે અયોગ્ય કહેવા માત્રથી થઈ જાય. આમ તો કોઈ કહે કે હું મહાવીરને કુદેવ માનું છું માટે નથી માનતો એટલે સમ્યકત્વ એમ ? તપાસ કરવી જોઇએ એ કોઈ કલ્પીત કહે તો સાચું માનવું જોઇએ જે ઐક્ય સમિતિએ ભલામણ કરી એ તેણે ન વિચાર્યું તે સમીતીમાં કાયદાબાજો પણ હતાને માત્ર વેપારીજ હતા. તેમ તો નહિ ને ? માનીએ તો. વેપારી તો માત્ર વેપારજ જાણે મત। લેને માલ આપે એટલે તેઓને બીજો અનુભવ ન હોય. પણ અહીં તો કાનુન બાજો હતાને, તેમણે વિચાર ન કર્યો ? તો આમને આજે એ વિચાર કયાંથી ફુટયો ?

## શાસન પ્રેમીઓની આશા.

શાસન પ્રેમીઓની આશા હૃદય પલટાની હતી. સભામાંથી ઐક્ય સમીતી આખા શાસનની માલીક છે?

એ સમયમાં બેય પક્ષના મનુષ્યો તો હતાને ? મુદ્દાની વાત આ છે હવે ઐક્ય સમીતીની ભલામણ છે કોન્ફરન્સે આ ઠરાવ પસાર કરવો. આમાં શાસન-પ્રેમીઓએ પાસ કરવો તેમની પાસે પાસ કરાવવો એવું છેજ નહી. કોન્ફરન્સ પાસ કરે પછીજ હાથ લંબા-વવાની વાત છે. પ્લેટ ફોર્મ પર એમ કહેવામાં આવ્યું છે કે એક પક્ષ હાથ લાંબો કર્યો પણ તે નર્યું જુઠાણું છે હાથ લાંબો કર્યોજ નથી પણ પારકાની આંગળી મોમાં નાંખી દાંત વચ્ચે દબાવી છે. શાસન પ્રેમીઓની આશા તો હૃદય પલટાની હતી.

## ગંદી કાર્યવાહી.

અહીં એક ભાઇએ જણાવ્યું આપણી ભુલ થયેલી. ચાલી આવવું ન જોઇએ. વગેરે તેનો ખુલાસો આપતાં શેઠ અમૃતલાલ કાલીદાસ બોલ્યા કે પુજ્યપાદ આચાર્ય મહારાજશ્રીના વ્યાખ્યાનમાં આજ હું ખાસ હેતુપુર્વક આવ્યો છું. ઐક્ય સમીતીના ઠરાવનું સમર્થન આચાર્યશ્રી કરવાના છે એમ જાણી તેમાંથી કાંઈક પચાવું બીજાને સમજાવી શકું વિગેરે હેતુથીજ આવ્યો છું અહીં સભામાંથી આ ભાઈ કહે છે કે તમે ચાલી ગયા કેમ ? ધ્યાન દઇને સત્ય ઘટના સાંભળો. હું કોન્ફરન્સ વિરૂદ્ધ નહિ બોલું પણ કાર્યકર્તાની ગંદી કાર્યવાહી તરફ બોલીશ. હવે શું બન્યું તે-શેઠ જીવતલાલ પરતાપસીને ત્યાં મોતીચંદ, ગીરધર કાપડીયા, મોહનલાલ ભગવાનદાસ, ડૉ૦ શ્રોફ વિગેરેએ આવીને સહકારની માંગણી જણાવતાં કહ્યું કે ઐક્ય સમિતિને આ ઠરાવ પસાર કરવાનો છે માટે અમને સહકાર આપો પાસ તો કરવાનોજ છે. અલબત ? યુવકો વિરોધ કરશે છતાં પાસ કરવાનો છે માટે સહકાર આપો. આ તો સહકારનું મુળ જણાવ્યું વખત લાંબો નથી આચાર્યશ્રીને આપણે સાંભળવાના છે. સબજેકટ કમીટીમાં ઠરાવ મુકયો વીરોધ થયો બીજા દિવસે ખુલ્લી બેઠકમાં એ ઠરાવ આવ્યો ઠરાવનો વિરોધ કરનાર છ ગૃહસ્થોના તથા તરફેણ કરનાર પાંચ ગૃહસ્થોના ભાષણો થયાં એક મુદ્દાની વાત ધ્યાનમાં લ્યો એક ભાઇએ તો સુધારો મુકવાનું કહ્યું ત્યાં પ્રમુખે સાફ સાફ કહ્યું કે, આ ઠરાવ માટે સુધારાના અંગે પ્રશ્નજ નથી. કોન્ફરન્સ સુધારો કરી શકે નહિ અહીં સુધી તો બધું બરોબર થયું પછી પેલી રમતની શરૂઆત થઈ. ગતકડાં રમાવા શરૂ થયાં અને તે કયાંથી ? કોન્ફરન્સના મોવડીઓ તરફથી ઠરાવ કેમ ઉડાવવો એજ ઉપાયો ક્રમવાર દેખાવ દેવા લાગ્યા. વખત થયો ધર્મીઓને તો રાત્રે ભોજનાદી બંધ હોય છે છતાં તેમણે તે દરકાર ન કરી અને એ ઠરાવ સંબંધમાં નિર્ણય માગ્યો. ત્યારપછી એક ઓધ્ધેદાર તરફથી કહેવામાં આવ્યું કે આ ઠરાવમાં થોડોક સુધારો કરો. આ રમત કોણે કરી ? કોન્ફરન્સનાજ ઓધ્ધેદારો ઐક્ય સમીતિમાં પાસ કરવા બદલ જેમની સહી છે. તેમણે ગંદી રમત ત્યાંથી શરૂ કરી. કાયદો હું જાણું છૂ. કોન્ફરંસનો છાપેલો કાયદો આ રહ્યો મારા ગજવામાં હું ભલતો ન હોઉં તો પ્રમુખ સાહેબે કહી દીધું કે આ બાબતમાં હવે વોટ લેવાશે માટે પ્રેક્ષકોએ ચાલ્યા જવું. ત્યારબાદ ગડમથલ દોઢ બે કલાક ચાલી. ત્યારબાદ

કોન્ફરન્સના એક અધીકારી તરફથી નવની સમીતીની વાત ચાલી. હવે તમે કાયદાશાસ્ત્રીને પુછો કે આ પ્રણાલીકા છે ?

## બંધારણનો ભેદ.

પ્રમુખના શબ્દો પછી આ રમત કયા નિયમે ? અને તે કાયદાબાજો આ રમત રમે છે ? આમાં સુધારા માટે બાજુ ઉપર લઈ જઇને કંકને સમજાવવામાં આવ્યા તેમ મને પણ કહેવામાં આવ્યું; પણ મેં એકજ વાત કરી ઐક્ય સમીતીની ભલામણ કાં માનો કાં ના કહો. સાડા નવ વાગે પ્રમુખે વોટીંગનું રૂલીંગ આપ્યું. બીજે દીવસે વોટ લેવાયા. એમાં શું શું બન્યું તેમાં ઉતરી ટાઈમ લેવો નથી. પ્રથમથીજ બંધારણનો ભંગ કોન્ફરન્સના મોવડીઓ વચન આપનારાઓ તરફથી થયો છે. પછી બીજી વાતો કહેવાનો અર્થ નથી. આ પ્રણાલીકા ભંગ આ વચન ભંગ આ છલ-નાટકની ઐક્ય સમિતીના આવી અવગણનાથી વિશ્વાસ ત્થા બાંહેધરીથી ગયેલાઓ ચાલી નીકળ્યા તે સદંતર યોગ્યજ છે. આ મારો મત છે.

ત્યારબાદ આચાર્યશ્રીએ શરૂ કર્યું ! ઐક્ય સમિતીની ભલામણ કોન્ફરન્સે ઠરાવ પાસ કરવાની. તેમાં વોટ ક્યાંથી ફુટી નીકળ્યા ?

આ મહાશયે તો ત્યાં બનેલી ઘટના કહી, હું તો કહું છું કે શાસનપ્રેમીઓએ જવામાં ભૂલ કરી. પણ એ ભૂલનો આરોપ કયાં વળગે છે ? શાસનપ્રેમીના શીરે ? ના. કેમકે એ પોતાના વીચારથી ગયાજ નહિ એ તો ગયા હતા વીશ્વાસ પાત્ર સજ્જનોની બાંહેધારીના આધારે. એ વાતમાં હાલ ઉંડો ઉતરતો નથી.

## જૈન કોણ ?

ઐક્ય સમીતીની ભલામણ ફરીથી વીચારો. એ ભલામણ કોન્ફરન્સને છે. ભલામણ એ છે કે આ બે ઠરાવો કોન્ફરન્સે પાસ કરવા. શાસન-પ્રેમીની મદદથી પાસ કરવાનું છેજ નહિ, શાસનપ્રેમીનો સહકાર તો આજીજીપૂર્વક માંગવામાં આવ્યો છે. મારી પાસે પણ અહીં તથા અંધેરી પણ એજ કહેવામાં આવ્યું હતું કે ઠરાવો તો અમારેજ વિના ફેરફારે પાસ કરવાના છે. પણ અમારી શક્તી નથી દેખાતી. અમને તમારો સહકાર જોઇએ છીએ. આપના હાથે માર્ગદર્શનપૂર્વક અમારે કાર્ય પાર ઉતારવું છે. આ શબ્દો છે. કાન્તીલાલભાઈ આ રહ્યા, જાણે છે. ઐક્ય સમીતીના કાનુન મુજબ તો ઐકયના મહેલમાં જવાનો પાસ ત્યારે મળે કે જ્યારે એ ઠરાવો પોતે પાસ કરે. કોન્ફરન્સે બે ઠરાવ પાસ કરવાના છે જ્યારે શાસનપ્રેમીઓએ એક ઠરાવ પાસ કરવાનો છે એવી ભલામણ છે. આમાં કોઇને કોઇને આંગણે જવાની વાત હતીજ કયાં ? છેજ કયાં ? પણ સહકાર માંગવામાં આવ્યો છે. ખરી રીતે તો આ ઠરાવ પ્રમુખ તરફથીજ વગર વાંધે પાસ થવોજ જોઇએ. પછીથી કોન્ફરન્સથી કાંઇક બોલી શકાય. જેવી ઐક્ય સમીતીએ ભલામણ કરી છે તેવીજ ભલામણ એજ કોન્ફરન્સની સુરતમાં મળેલી સ્ટેન્ડીંગ કમીટીએ પણ કરી છે કે આ ઠરાવો કોન્ફરન્સે પાસ કરવાના છે પોતે જાતે, નહિ કે શાસનપ્રેમીની મદદથી.

કોન્ફરન્સનો સભ્ય કોણ હોઈ શકે ? પહેલો ઠરાવ દીક્ષાને અંગે છે.

બીજા ઠરાવને અંગે સમજો. જેઓએ કોન્ફરન્સનું ધારાધોરણ, બંધારણ વાંચ્યું હશે તે સમજી શકશે કે આ સંસ્થામાં કોણ ઉભો રહી શકે ? શ્વેતાંબર જૈનજ. જો તેમજ હોય તો શ્વેતાંબર જૈન ધર્મના સિદ્ધાંતો ત્થા પ્રચલિત અનુષ્ઠાનો માન્ય ન હોય ? ત્યાં વિરોધ હોય ? અને વિરોધ હોય તો તે જૈન નથી અને કોન્ફરન્સમાં આવવાનો, રહેવાનો તેના સભ્ય ગણાવવાનો હકજ કયાં છે ? હજી આગળ વધો. તમે તો શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન, તમને આગમ અને અનુષ્ઠાનો પરત્વે વીરોધ હોય ? જેને વીરોધ હોય તે જૈન કહેવરાવવાને નાલાયક છે.

હું પ્રથમ કહી ગયો છું, ફરીને યાદ આપું છું કે શાસનપ્રેમીઓ તો ભરૂસે ગયા છે. કાયદો તો એમ જવાની ના કહે છે. કાયદેસર તો ત્યાં જવાનું છેજ નહિ, પણ કોન્ફરન્સે પાસ કરીને પછી શાસનપ્રેમીને કહેવાનું હતું કે અમે ઠરાવ પસાર કર્યો છે. હવે આપ

પધારો. શાસનપ્રેમીઓ સામા પક્ષના હૃદય પલટાની આશાએ ગયા છે.

સભામાંથી (કોન્ફરન્સમાં પાસ કરવાના તેમાં કોન્ફરન્સમાં બધાજ ખરાને ?)

## સિદ્ધાંત ભેદમાં સમાધાન ?

વાંચો, ભલામણ કોન્ફરન્સે એમ છે જ્યાં આમજ છે તો પછી વોટ (મત) કયાંથી ફુટી નીકળ્યા. આ સ્થિતીમાં આ પરીણામે ત્યાંથી ચાલી જવાનુંજ હોય, ઉદ્દેસ એક હોય પણ પુકારમાં ભેદ હોય તે વાત જુદી પણ ધ્યેયજ અલગ હોય તો સીદ્ધાંત ભેદમાં સમાધાન હોયજ નહિ.

## હૃદયપલટો નથી થયો.

હૃદયપલટો થવાની આશાથી ગયેલાઓ સામાને દંભી જાણ્યા પછી બેસી રહે ? આયર્લેન્ડમાં સરકાર પક્ષ અને પ્રજા પક્ષ બે પક્ષ થયા. સમાધાન નહિ તે નહિજ ! એ પ્રજા પક્ષે પણ કોર્ટો, જેલખાના પણ જુદા રાખ્યાને ? શાસનપ્રેમી શી રીતે બેસી રહે ? પાડોસણને ટોપલો ઉંચકાવવા બોલાવવામાં આવે પાડોશણ આવે છતાં પેલી બાઈ ટોપલો નજ ઉંચકી શકે, અગર નજ ઉંચકે તો શું પાડોશણે બેસી રહેવું ? એ ન્યાય કયાંનો ? કોન્ફરન્સના કાર્યવાહકોનું કાર્ય તો પ્રથમ તો પોતે પાસ કરવાનું હતું છતાં સહકાર માગ્યો, મળ્યો; તેમાં માનો કે તેઓ ઠરાવ પસાર ન કરી શકયા (એમ માનોને !) તો કોન્ફરન્સે સભા વચ્ચે વીશ્વાસથી બોલાવાયેલાને કહેવું જોઈતું હતું કે સજ્જનો અમને માફ કરો અને અમે તમને ઠરાવ-પસાર કરાવવાની શરતે લાવ્યા છીએ તમે પણ તે શરતે આવ્યા છો. દીલગીર થવા જેવું છે કે એ નથી બની શકયું; માટે માફ કરો અને પધારો ? ખરી રીત આ છે. પણ એ તો કયારે બને ? હૃદયપલ્ટો હોય અને કાર્ય ન થયું હોય તો ? એમ નથી તો પછી હૃદયપલ્ટાની આશાથી ગયેલા ધર્મનિષ્ઠ શ્રાવકો કઈ રીતે બેસી શકે ? શાસનપ્રેમીઓનો મનોરથ સ્હામા પક્ષના હૃદયપલ્ટાનો હતો પણ તે હૃદયપલ્ટો નથી થયો એ તો પ્રત્યક્ષ છે. જગ જાહેર વાત છે. ખરી વાત તો એ છે કે જયારે આ ભલામણ નથીજ માનવામાં આવી ત્યારે કોન્ફરન્સના સ્ટેન્ડીંગ કમીટીના દરેક સભ્યે નિવૃત્ત થવું જોઇએ પણ તે બને કયારે ?

હૃદયપલ્ટો હોય ત્યારે હૃદયની શુદ્ધી હોય નીતીની નીપુણતા હોય પરમાર્થની પ્રીતિ હોય તો હોદ્દાનો ત્યાગ થાય પણ ત્યાંજ મીઠું હોય તો શું થાય ?

## દોષ કોને શીર ?

જ્યારે આ લોકોએ ઠરાવો પસાર ન કર્યા અને મદદે ગયેલા પાછા આવ્યા એમાં વાંક કોનો ? કોના માથે દોષનો ટોપલો ? બાયડીઓ પણ ફટાણા જાનૈયાને નથી ગાતી ? કોને ગાય છે ? જેને ત્યાં પ્રસંગ હોય તેને મદદે ગયેલાને શીરદોષારોપણ કરનાર બાયડીથી પણ હલકા ખરાને ? (દયા જરૂર આવે કે મદદે આવ્યા છતાં આ બીચારા કાર્ય ન કરી સકયા).

કેટલાકો કહે છે કે આપણે હારી ગયા પણ એ ભુલે છે. હું તો તેમને ધર્મનો માર્ગ સંભળાવું. સાંભળનાર ના પામે તેમાં અમારો દોષ ? કેસના ચુકાદાનું જોખમ કોને શીર ? વાદી-પ્રતીવાદીને શીર, પણ સાક્ષીને શું ? શાસન પ્રેમીઓ તો સાક્ષી તરીકે ગયા છે. જપ્તિ-જેલ સળીયા પાછળ જવાનું વાદી-પ્રતીવાદીમાં આરોપી ઠરનારને, પણ સાક્ષીને શું ? સાક્ષીએ તો માત્ર જોયેલું કહેવાનું. તમે હાર્યા નથી, નાપાસ થયા નથી કહો કે બચી ગયા બચી. આ લોકોએ અમને મદદે બોલાવ્યા. અમે ટોળાબંધ આવી મદદ કરી છતાંય આ બીચારા કાર્ય કરી ન શકયા ? તમારો વાંક શી રીતે ?

હીજડાને કન્યા દેવાઈ પુત્ર ન થાય તેમાં વાંક પરણાવનારનો કે પરણનારનો ?

કોઇએ પોતાની કન્યા હીજડાને ભુલમાં પરણાવી દીધી અને પુત્ર સંતતિ ન થઈ તેથી કન્યાનો વાંક ? પરણાવનારનો વાંક ? કે રાંકડા એવા હીજડાનો ? કોનો દોષ કોના શીરે કંઈક વસ્તુ સમજો !

શાસનદેવીની સ્તુતિ કરો કે તમને બચાવી દીધા.

ઘડીભર માની લો કે પચીસ મત તમારા વધ્યા

હોત તો તમે જીત્યા એમ ? ના. ના. થેલીએ તમારી માલીકીની થાત અને વહીવટ હૃદય પલ્ટા વિનાનાઓ કરત, શાસનદેવીની સ્તુતિ કરો કે તમને એ હૃદય પલ્ટા વીનાનાઓના સંસર્ગથી બચાવ્યા. અનર્થકર ભવિષ્યથી બચાવી લીધા.

અનુષ્ઠાનોનો વિરોધ કરનારાઓને જૈન કહેવડાવતાં લજ્જા નથી આવતી ?

## જૈનત્વના પ્રાણભુત.

બીજા ઠરાવનો પહેલો ભાગ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન ધર્મના સિદ્ધાંતોને અંગે છે અને બીજો ભાગ મૂર્તિપૂજક જૈન ધર્મના આ રીત રીવાજો નથી ગમતાં, એ ધર્મના આ રીતરીવાજો નથી ગમતા તેવાઓ કંઇ રીતે શ્વેતાંબર જૈન કહેવડાવવા તૈયાર થાય છે ? લજ્જા નથી આવતી ? શાસન એવું મળ્યું છે કે સાધી લો ?

અને દીક્ષાનો વીરોધ કરે તે જૈન ? આપણા પંચેય પરમેષ્ટીઓ કોની દીક્ષાવાલા અને છતાં એ દીક્ષાનો વીરોધ કરે તે જૈન ? એવાઓ જૈન કહેવડાવવા નાલાયક છે. આજે આપણો વિષય એથીજ "ઐકય સમીતીના" બંને ઠરાવો જૈનત્વ પ્રાણભુત છે એના સમર્થનનો છે. સમજી લ્યો, કે જૈનને તો દીક્ષાત્યાગ તથા સર્વજ્ઞ ભગવાનના વચનો અનુષ્ઠાનો રોજ જૈનત્વના પ્રાણભૂત છે. આવું શાસન મલવા માટે મગરૂર છે, જીવન એમાં તન્મય બનાવો.

સભામાંથી પ્રશ્ન—છાપામાંના એક મુદ્દાની ચોખવટની જરૂર જણાય છે. એક પક્ષ અર્ધે રસ્તે આવે તો અસ્વીકાર શા માટે ? આ શીર્ષક તથા તે શીર્ષક તળે થતી ભળતી વાતથી થતી ગેરસમજ દુર કરવાની જરૂર લાગે છે.

## અર્ધો રસ્તો શાનો ?

ઉ:—અર્ધે રસ્તે આવ્યો એ કથન અહીં સાચું છે ?

આ ભાઇનો પ્રશ્ન પોતાનો નથી. છાપામાંથી ઉછીનો લીધેલો છે. એક લુટારૂં એક ધાડપાડુ આવ્યો અને એક મનુષ્યને લુંટી લીધો. અને પછી તે કહે છે કે મારી બે આંખો ફોડવા દે, પેલો ફોડવા દેવાની વાત કબુલે ? પછી કોઈ મુસાફીર ત્યાંથી જતો હતો, તેને કહ્યું, આવું હોય ? ત્યારે પેલો લુટારૂ કહે કાંઈ નહિ. એક આંખ ફોડવા દે, ત્યારે પેલો મુસાફીર કહે કે હવે તો એ અર્ધે રસ્તે આવ્યો; તેમાંથી એકજ આંખ ફોડવાનું કહે છે માની જા ! તો એ મુસાફીર કેવો ? મુર્ખ હોય તે એમજ કહે: કોઈ માણસ બીજા પાસે એકવાર મા તથા બાયડી બેયની માંગણી કરે પછી પેલો ન માને ત્યારે કહે કે કાંઇ નહિ કાં મા આપ કાં બાયડી આપ, આનું નામ અર્ધો રસ્તો ? આને અર્ધે રસ્તે આવ્યાનું કહેનાર માનો કે એવાનો સાગરીતજ હોય, અગર ગમાર હોય માગાં તો બ્હેન બેટીનાં હોય, કાંઇ મા બાયડીના હોય ?

શાસનપ્રેમીઓને મદદે બોલાવ્યા. અને તેઓએ કાયદો પાસ ન કર્યો પછી જેઓ ચાલ્યા આવ્યા તેમણે ફરજ બજાવી છે. બેસી રહ્યા તેમણે નહિ. પછી તો તેજ બેસી રહે કે જેનું કાળજું કુતરા ખાઈ ગયા હોય. હૃદયપલટાનું દેવાળું દેખાતાં ચાલ્યા આવવાનુંજ હોય ! એમાં નવાઈ શી ?

તમે કોઇની જાનમાં બનીઠનીને ગયા અને ત્યાં ચોરીમાં જાહેર થયું કે વરરાજા તો નપુંસક છે. પછી જાનૈયાની ફરજ શી ? બેસી રહેવું એમ ? પછી તો બેસી રહે તો એ પણ નપુંસકનો ભાઈ.

## જીવનનું સર્વસ્વ.

એક વાત ધ્યાનમાં રાખજો જેમ સારા વીચારની સારા ઉચ્ચારની જરૂર છે તેમ કાર્ય કરનાર (સારા કાર્ય કરનાર) ની પણ જરૂર છે.

છેલ્લે સર્વજ્ઞના આગમો તદનુસાર અનુષ્ઠાન આપરત્વે પ્રેમ વફાદારી એજ જીવનનું સર્વસ્વ છે. અને જેને સ્વજીવનનો ખપ હોય તો તેની બરાબર રક્ષા કરેજ.

સર્વ મંગલમાંગલ્યં સર્વ કલ્યાણ કારણં, પ્રધાન સર્વધર્માણાં જૈનં જયતિશાસનં, શ્રી વીર ભગવાનની જૈન શાસનની તથા આચાર્ય મહારાજાની જયની ગગન ભેદી જય ઘોષણાપૂર્વક સભા વીખેરાઈ.

(હીંદુસ્તાન અને પ્રજામીત્રમાંથી)

# અપૂર્વ સાહિત્યો.

| | | |
|---|---|---|
| ૧ શ્રી સિદ્ધચક્ર મહાત્મ્ય. | રૂ. | ૧-૪-૦ |
| ૨ શ્રી આગમોદ્ધારક (જીવન ચરિત્ર). | રૂ. | ૨-૦-૦ |
| ૩ તપ અને ઉદ્યાપન. | રૂ. | ૧-૪-૦ |
| ૪ સાગર-સમાધાન. | રૂ. | ૩-૮-૦ |
| ૫ તિથિ-ચર્ચાનો સ્પેશ્યલ અંક. | રૂ. | ૨-૦-૦ |
| ૬ શ્રી સિદ્ધચક્રની ફાઈલો. | | |
| વર્ષ ૧ અને ૪ થી ૧૦ સુધીના સેટના | રૂ. | ૫૧-૦-૦ |

ઉપરના દરેક પુસ્તકનો એક શેટ ખરીદનારને કમીશન ૧૨ાા ટકા આપવામાં આવશે.

**શ્રી સિદ્ધચક્ર સા. પ્ર. સમિતિ.**

ગોપીપુરા, બાવાસિદ્ધિ—સુરત.

૩૭. અને આપત્તિકાળમાં છકી જવું અને આપત્તિકાળમાં દીન બનવું એ વિવેકીઓ માટે ઉચીત પ્રવૃત્તિ નથી.

૩૮. ઉદય અને અસ્ત પામતો સૂર્ય બંન્ને અવસરે રકતતા તજતો નથી તો તેજસ્વી પુરૂષોએ બન્ને કાળમાં એક સરખી પ્રવૃત્તિ રાખવી તેજ શ્રેયસ્કર છે.

૩૯. ઓરડામાં ગોંધાયેલી બિલાડી જીવ પર આવીને પૂરનારની પૂરી ખબર લે છે તેવી રીતે ગુન્હેગારને ગુન્હાની શિક્ષા આપતાં ખુબ સાવધાની રાખવાની જરૂર છે.

૪૦. પ્રાર્થના કરવામાં પાવરધા બનેલાઓને પણ પ્રાર્થનાના પૂરાં મર્મ સમજાતાં નથી.

૪૧. કુદરતના કાયદાનું મહત્વ સમજનારે પુણ્ય પાપનો હિસાબ નક્કી કરી પછીજ પ્રવૃત્તિ શરૂ કરવી એજ વધુ હિતાવહ છે.

૪૨. નીચી કક્ષામાં રહેલા જીવોને કચડી નાંખવા તેઓનું સર્વસ્વ લુંટી લેવું એ દિલ કંપાવનારો અને ભાવિભયને નોતરવાનો અનુપમ પ્રસંગ છે ધ્યાનમાં રાખો

૪૩. જવાનું ચોક્કસ છે એ સમજતાં હોય તો જગતના આશીર્વાદ સાથે જતાં શીખો.

૪૪. જીતાયેલી જીત હારમાં ફરી જાય છે અને નક્કી થયેલી હાર જીતનું સ્વરૂપ પકડે છે માટે પુણ્ય પાપની ઘંટનાને વિચારો.

૪૫. સિકંદર, નેપોલીયન, કયસર, હીટલર કે મુસોલીની વિગેરે પણ ગયા પણ તેઓ સાથે જગતનો આશીર્વાદ લઇ જતાં ન શીખ્યાં એ એમના જીવનમાં મહાન્ ખામી છે.

૪૬. રસગારવના રસિકોને અને શાંતાગારવની શીતળતામાં લુબ્ધ થયેલાઓ ધર્મની વિચારણામાં મૃષા બોલે છે.

૪૭. ઋદ્ધિગારવના ગર્તામાં પડેલો મદોન્મત તે બીજાને તુચ્છ ગણે અને સત્યને દેશવટો દે એ નવાઇ નથી.

૪૮. ધર્મ ક્રિયાના આળસુઓ ધર્મ ક્રિયાના ઉદ્યમીઓની હાંસી કરવામાં ડહાપણ સમજે છે.

૪૯. ધર્મ ક્રિયા કરવામાં મંદ લોકો ધર્મની વિચારણામાં મૃષા બોલે છે. એ વાતને પ્રશ્ન વ્યાકરણકાર સ્પષ્ટ કરે છે.

૫૦. ગુણવાન્ પુરૂષોના ગુણોને આદર ન કરવા માટે આજે જગતમાં ષડ્યન્ત્રો ગોઠવવામાં જીવનની સાફલ્યતા મનાય છે.

૫૧. પાપના ઠેકેદારોને પાપનું પરિણામ શું આવશે એ લેશભર સમજાતું નથી.

૫૨. ગારવવંત ગર્વિષ્ઠ જીવો ગુણ રહિત હોવા છતાં કીર્તિની વાંછનાવાળા હોય છે. અર્થાત વગર ગુણે ગુણવાન્ બનવાની ઇચ્છાવાળા હોય છે. (ચાલુ)

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી–

( લેખકઃ—સુધાવર્ષી. )

૨૮. નમો અરિહંતાણું આદિ પાંચે પદોમાં તારનારો ચીજ નમો પદ છે. આરાધકના હૃદયમાં આરાધ્ય ભગવંતો પ્રત્યે હૃદય ત્રિકરણ વિશુદ્ધિએ નમસ્કારથી ઓતપ્રોત થઈ જાય તો જરૂર તે આરાધના આરાધકને તારનારી થાય. एसो पंच नमुक्कारो એ નવકાર મંત્રમાં અરિહંત સિદ્ધ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તારનાર નહિ પણ એ પાંચ પદના પાંચ નમસ્કાર સર્વ પાપનો નાશ કરનારા છે. આ ઉપરથી આરાધ્ય કક્ષામાં રહેલ ભગવંતો અને આરાધકો વચ્ચેનો યથાર્થ ભેદભાવ સમજી જવાય છે અને તે પછી તે ભેદને ટાળવા માટે યથાર્થ નમસ્કાર આદિ આરાધના શરૂ થતાં આત્મા ઇષ્ટ સિદ્ધિને પામી શકે છે. તે નિઃસંદેહ વાત છે.

૨૯. વિજયના નશામાં ચકચૂર થયેલાઓને પરાજયના પરિણામ સમજાતા નથી.

૩૦. પરાજયની પૂર્વ પિઠિકાનું દર્શન પૂરાં પુણ્યવાનોનેજ થાય છે.

૩૧. યુદ્ધના કારમા મુખમાં ફળદ્રુપ પ્રદેશો, સંસ્કૃતિ જનક–વર્ધક સ્મારકો, નિર્દોષ પ્રજાઓ, સબળ સૈનિકો અને સિંહાસનો પણ અદ્રશ્ય થઈ ગયા છે અને થાય છે માટે યુદ્ધના મૂળ કારણને તપાસવો એજ સર્વત્રિક શાંતિનો સાચો માર્ગ છે.

૩૨. શાંતિના ઇચ્છકે વિગ્રહનો જન્મ થાય તેવાં કારણોને આધીન થવુંજ નહિ.

૩૩. વિજયનો ઉન્માદ એ પરાજયનું પહેલું પગથીયું છે. એ ભૂલવા જેવું નથી

૩૪. સદાકાળ રાત્રિ અને દિવસ એક સરખાં રહ્યા નથી અને રહેતાં પણ નથી તેવી રીતે સદાકાળ સુખ અને દુઃખ પણ એક સરખાં નભ્યાં નથી અને નભતાં નથી.

૩૫. અમાવાસ્યાની અંધારી રાત્રિના અંધકારમાં મુઝાયેલાને પણ બાર કલાકે સૂર્યોદય દેખવા મળે છે તેવી રીતે ગાઢ દુઃખમાં ઘેરાયેલા જીવોને પણ પુણ્યોદય થતાંજ સુખનો સૂર્ય જોવા મળે છે. એ બીના ધૈર્યવંતોના લક્ષ્ય બહાર નથી.

૩૬. સત્યવ્રત માટે સર્વસ્વ સમર્પણ કરનાર સત્યવાદી હરિશ્ચન્દ્ર પ્રત્યે આદર રાખનાર જીવોએ અસત્ય વિરમણાદિ પાંચ મહાવ્રતોનું પાલન કરનારા શ્રમણ ભગવંતો પ્રત્યે તો અતિ આદર–બહુમાન કેળવવાં એજ કલ્યાણનો રાજમાર્ગ છે.

( વધુ માટે જુવો ટાઇટલ પાનું ૩ જું )

# શ્રી સિદ્ધચક્ર.

!!! વં....દ....ન....હો.... !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः

सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः

आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशा

मोक्षाध्वालम्बनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।

चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत ॥२॥


શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

[ ધનજીસ્ટ્રીટઃ ૨૫, ૨૭ ]

વર્ષ ૧૧ ]

અંક ૮-૯ મો.

વિક્રમ સં. ૨૦૦૧, વીર સં. ૨૪૭૧.

તા. ૧૭-૭-૪૫ મંગળવાર

લવાજમ રૂ. ૨-૦-૦

કિંમત ૨॥ આના.

મુ. સુરત, તા. ૧૭-૬-૪૫.

# શા. લખમીચંદ હીરજી ઘેલાભાઇને સ્પષ્ટ ચેતવણી.

શેઠજી ? તમે પેલા પ્રપંચીમાં ગવાએલા શ્રીમાન્ રામવિજયજી તરફથી તા. ૫-૪-૪૩ થી સન્માર્ગથી ખસેલા અને આબરૂ ઉપર કુચડો ફેરવનાર વૈદ્યને તેવાજ તે કાર્યમાં મદદ કરી રહ્યા હતા. અને મી. મોહનલાલ સખારામ આડતીયા તરીકે ગોઠવાયા હતા. તે આડતીયા દ્વારાએ તે પ્રપંચીના શિરદાર એવા રામવિજયજીએ નામ ઠામ ઠેકાણા વગરની અનેક ચીઠ્ઠીએ દ્વારાએ અધમ પ્રપંચો કરી શાસનદ્રોહનું અપકૃત્ય કરવા સાથે સત્યનું કારમું ખુન કર્યું અને છેવટનો શાસનનો દ્રોહ કરનાર અને સત્યનું કારમું ખુન કરનાર એવા ત્રણ પત્રો મજેવડી, જુનાગઢ અને જેતપુરથી પણ લખ્યા. આ બધા પત્રો જાહેર છાપાઓમાં, તથા પર્વતિથિ નિર્ણયની ચોપડીમાં છપાઇને જૈન જનતામાં ઠામ ઠામ વંચાઇ રહ્યા છે. અને જેથી ઠામઠામ રામવિજયજીના પ્રપંચોના કાળા વાવટા સુજ્ઞ વાંચકના હૃદયમાં દાખલ થઈ ગયા છે. આ બધા કાળા વાવટાની અપકીર્તિથી બચવા માટે શ્રીમાન્ રામવિજયજી અને તેના સાગરીતોએ ઊંટની માફક તમને એકલાને આગળ આણ્યા છે. જો કે ખરી રીતે તો શ્રીમાન્ રામવિજયજીએ વધારે આબરૂ ખોવાથી મોટો દાવો માંડવો જોઇતો હતો. પરંતુ તેમણે કે તેમના ગોઠીઆઓએ તેમ ન કર્યું અને તમો કે જેની આબરૂનો કયાસ કરવો કોર્ટને પણ મુશ્કેલ પડે તેવા તમને આગળ કરેલા છે. પણ તમે કોઈપણ સાચા સલાહકારને પૂછશો તો તે તુરત તમને સમજાવશે કે સાચા ગુન્હેગાર અને પ્રપંચીના શિરદાર એવા રામવિજયજી સજ્જડ સકંજામાં આવેલા હોવાથી ચૂંચા નહિં કરતાં તમારાં જેવા ગરીબને સૂળીને લાકડે ચઢાવે છે. કેમકે તમે અને તેઓ બન્ને જાણો છો કે તમારી ધર્મપત્ની બાઇ લક્ષ્મીના તા. ૧૪મી બુધવારના પત્રથી અને તમારા પત્રોથી તમે કોઈપણ પ્રકારે ખોટી નોટીશ ફરીયાદ કરનારા ઠર્યા સિવાય રહેવાના નથી. હજીપણ હું સુખી ભાવે જણાવું છું કે પ્રપંચીથી દૂર થાઓ, કુગુરૂને વોસરાવો, ઘરને સુધારો અને આત્મ કલ્યાણને રસ્તે આવો.—તમારો હિતેચ્છુ **જનક.**

**તા. ક:—** ઉકત પત્રની નકલો પૂ. જનકસાગરજી મ. તરફથી શ્રીમાન રામવિજયજી અને શા. બકુભાઈ મણીલાલને રજીસ્ટરથી તેમજ દાન મંદીર અને શા. લક્ષ્મીચંદ હીરજીને પોષ્ટથી રવાના કરવામાં આવી હતી જે નકલ હમને પ્રગટ કરવા સૂચના થવાથી રજુ કરવામાં આવે છે.

વધુમાં તિથી નિર્ણયમાં રામ ટોળી તરફથી ઘાલમેલની ચાલબાજીનો વધુ સ્ફોટ કરતો બાઇ લક્ષ્મી તે લક્ષ્મીચંદ હીરજીની ધણીઆણીના પત્રમાંથી નીચેની લાઇનો પ્રગટ કરવા મલી છે.

:———:

(૧) ધર્મસ્નેહી ભાઈ મોહનલાલ તમારો પત્ર મલ્યો.

(૨) સાગરજી મહારાજ હારશેજ કે કેમ તે સંબંધે ખુલાસો તમે કર્યો નહિ માટે જરૂર ખુલાસો કરશો.

(૩) બીજી વખત આવેલા છે અને તેઓ ત્યાંની વાત મહારાજજી પાસે કરે છે કે લવાદની સાથે વાતચીત થઇ ગઈ છે.

(૪) ફેંશલો જાણમાં આવે તુરત જણાવવું તમોએ જણાવ્યું કે હું દાખલા સહિત પત્ર લખી જણાવીશ તો જરૂર જણાવશો.

(૫) હળવદ.

(૬) લી. લક્ષ્મી તા. ૧૪ બુધવાર.

———

તા. ૫-૪-૪૩ એટલે ચૈત્ર સુદ ૧ ને સોમે

તા. ૯-૪-૪૩ એટલે ચૈત્ર સુદ ૫ ને શુક્રે

તા. ૧૦-૪-૪૩ એટલે ચૈત્ર સુદ ૬ ને શનિ

તા. ૧૪-૪-૪૩ એટલે ચૈત્ર સુદ ૯ ને બુધ

ઉપરની અંગ્રેજીની હીંદી તારીખો મેલવીને જોનાર મનુષ્ય શ્રીમાન રામવિજયજીએ હલવદમાં સ્થિતિ કરી તે વખતનું તેમનું માનસ સમજી શકશે.

નોંધ—શાસન રસિકોના ખરેખર સદ્‌ભાગ્ય કે ઉત્થાપક નવિન મતવાળા તરફથી રચાયલું કાવત્રું ખુલ્લું પાડવાને દઝનોબંધ પુરાવા મળી આવ્યા છે અને જે પુરાવાને અંગે ઉત્થાપક નવીન મતવાળાથી કેમ ચું ચા કરાતું નથી ? આથી આશા રાખીએ છીએ કરેલ મહાપાપોનું પ્રાયશ્ચિત કરવા સાથે સાચે માર્ગે વળે શાસનદેવ તેઓને સદ્‌બુદ્ધિ આપે અને તેઓને બચાવે એજ અભ્યર્થના.

ૐ
# શ્રી સિદ્ધચક્ર.

તંત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.

વર્ષ ૧૧.] વૈશાખ-જેઠ. [અંક ૯-૧૦.

# આગમોદ્ધારકની અમોઘદેશના.

દેશનાકારઃ—આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી. સ્થળ—સુરત.

[નોંધ—દેશના અવસરે દેશનાકારના વ્યાખ્યાનોનો સારભૂત સંચય પં. શ્રી હેમસાગરજી મહારાજે કરેલો છે. તે વ્યાખ્યાનો તેઓશ્રી પાસેથી મેળવી પ્રેસ કોપી માટે તૈયાર કરાવી અને વાંચકો સારી રીતે વાંચી શકે તે રીતિએ પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રસાગરજી મહારાજ પાસે પેરેગ્રાફ વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવી અત્રે અપાય છે, છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ કોઈપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ.] લિ૦ તંત્રી.

**વ્યાખ્યાનનાં સારભૂત રહસ્યો—**

૧. પ્રાપ્તસાધનનો સદુપયોગ કરવો એજ મનુષ્યોનું અવશ્યમેવ કર્તવ્ય.

૨. વિજ્ઞાન ભૂમિપર આવેલાઓ વધારેમાં વધારે આઠ ભવે પણ મોક્ષે જાય.

૩. વિજ્ઞાન ભૂમિપર આવીને ખસી જનારા પણ અર્ધપુદ્ગલ-પરાવર્ત્તે પણ મોક્ષે જાય.

૪. વિજ્ઞાન ભૂમિના સ્પર્શન વગર સમ્યકત્વની કરણી, દેશવિરતિના આચાર, સર્વવિરતિનું સેવન, શુકલ લેશ્યા ના પરિણામ અને ક્રોડ પૂરવના સંયમ પણ સફળ થતા નથી.

૫. સમ્યકત્વ બીજની ખામીને લીધે મળેલી નિષ્ફળતા.

## સાધનનો સદુપયોગ.

શાસ્ત્રકાર ટીકાકાર મહારાજ શ્રીમાન્ શાંતિચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે ધર્મોપદેશ કરતાં થકાં ધર્મરત્ન પ્રકરણની વ્યાખ્યા કરતાં આગળ શ્રાવકના ૨૧ ગુણ તેના દ્રષ્ટાંતો બતાવી ગયા. તે સાંભળીને ભવ્યોએ બજાવવા જોઇતા કર્તવ્ય બતાવી ગયા. તેથી શ્રોતાને શ્રવણ ભૂમિકા અને જ્ઞાન ભૂમિકા એ બે ભૂમિકા સ્હેજે પ્રાપ્ત થઈ શકે, કારણ કે મતિજ્ઞાનનો શ્રુતજ્ઞાનનો સહેજે ક્ષયોપશમ હોય અને શ્રવણ લબ્ધિ હોય તો સંભળાયા વગર રહે નહિં. વિષય ઈંદ્રિયો સાથે અથડાયો તો માલમ પડયા વગર રહે નહિં. આથી ચક્ષુના વિષયમાં આવેલું રૂપ ન દેખી શકીએ અથવા ન દેખાય તેમ બનવાનું નથી. ઇંદ્રિયોનું દમન શી રીતે? રૂપ દેખાય છે રોકાતું નથી. ચક્ષુ ઇન્દ્રિયનું આમ છે તો બીજીનું

કહેવું શું ? ચક્ષુ ઉઘાડવી અને મીંચવી એ સ્વાધિન છે. ટાઢ અને તડકો લાગે તે ઇંદ્રિયો પલટાવી શકે નહિં. સુગંધ દુર્ગંધનું પટ સ્વાભાવિક નથી. શ્રોત્રમાં શબ્દ પ્રવેશે તે સ્વાભાવિક સંભલાય. કાન વિગેરે ઈંદ્રિયોની વચ્ચે ને વિષય વચ્ચે પડદો નથી. ચક્ષુમાં પડદો છે. જે ઇંદ્રિય પડ વગરની છે, તેની વાત આગળ રહી. ચક્ષુનું દ્રષ્ટાંત એવું છે કે સ્વતંત્ર પડ ધરાવે છે. જે પડવાળી વસ્તુ છે. પડ લાવી શકીએ અને ખસેડી શકીએ એવા ચક્ષુના વિષયમાં આવ્યું પછી તે ન દેખાય તેમ નહીં બને તો ઇંદ્રિયનું દમન શી રીતે ? પ્રશસ્ત સ્પર્શ, રસ, ગંધ, રૂપ; અને શબ્દથી થતો જે રાગ તે રાગને વર્જવો તે મનુષ્ય કર્તવ્ય, તેમ ખરાબ સ્પર્શાદિકમાં દ્વેષ વર્જવો તે મનુષ્યનું કર્તવ્ય. મુખ્ય વાત કઈ છે ? શ્રવણ તે શ્રોત્ર ઈંદ્રિય મળી છે, અને ભાષાનું જ્ઞાન છે એટલે શ્રવણ તથા જ્ઞાન ભૂમિકા ઈચ્છા કરો અગર ન કરો તો પણ તે બે ભૂમિકા થવા નીજ છે. કોઇ ગાળ દે તેનો શબ્દ કાનમાં પ્રવેશે અને અર્થ ખ્યાલમાં હોય તો સાંભળવામાં અને સમજવામાં વાંધો આવવાનો નથી. દુનીયાના અધમ શબ્દો વગર ઇચ્છાએ સાંભળવામાં આવે છે. તેનું જ્ઞાન ફરજીયાતથી થાય છે. તેમ શાસ્ર સંબંધી નિરૂપણ થવાનું તેનું શ્રવણ તો જરૂર થવાનું શ્રવણ અને જ્ઞાન એ ભૂમિકા સહેજે મલનારી ચીજ ખરી મહેનતથી ત્રીજી ચીજ મેળવવાની છે.

## સમ્યકત્વનું સ્પર્શન એટલે વિજ્ઞાન ભૂમિનું સ્પર્શન.

વિજ્ઞાન ભૂમિકા એ મહેનતથી મેળવવાની છે. વિજ્ઞાન પ્રાપ્ત થાય અને જો ખસે નહીં તો વધારેમાં વધારે આઠ ભવે મોક્ષે જાય. ખસી જાય તો અર્ધ પુદ્‌ગલ પરાવર્તે પણ મોક્ષ થાય, પણ એ ખસે નહીં તો આઠથી નવમા ભવની જરૂર પડતી નથી. આ ઉપરથી ત્રીજી ભૂમિકા ન મલે તો આપણે ચાહે જેટલા કરેલા પ્રયત્નો, સમ્યકત્વની કરણી, દેશવિરતિ, સર્વ વિરતિની કરણી, શુકલ લેશ્યાના પરિણામ; ક્રોડ પૂરવના સંયમના પરિણામ નિષ્ફળ જાય છે. વાવેતર વગરનો વરસાદ એ પુષ્કલાવર્ત હોય તો પણ નકામો જાય છે. વરસાદ નકામો નથી પણ વાવેતર નથી કર્યું તે વરસાદ નકામો કરે છે. વાવેતર વગર વરસાદ નકામો જાય છે. વાસ્તવિક રીતિએ વરસાદ નકામો નથી પણ વાવેતર નહીં કરવાની ભૂલ તે વરસાદને પણ નિષ્ફળ બનાવે છે. ધર્મિષ્ટ અને ધર્મ સમજનારાઓ પણ આપણામાં ધર્મહીન મનુષ્યો તરીકે ગણાય છે. ધર્મની લાગણીવાળાપણું હોવા છતાં પણ શબ્દ ધર્મહીનતાના કાઢે કે આત્માનું સત્યાનાશ વળી જાય, પોષહ કરવાની વાત થાય ત્યાં તો કહે કે અનંતી વખત ચરવળા કટાસણા ફેરવ્યા, મેરૂ પર્વત જેટલા ઓઘા મુહપત્તી કર્યા પણ કંઇ મળ્યું નહિ. આ શામાટે કહે છે આ કહેવાની મતલબ સમજાવશો ? મોઢે નહીં બોલે કારણ માર પડે. એમ ન કહેવાય કે પોષહ નકામો છે, સાધુપણું નકામું છે, અનંતી વખત ચરવવા મુહપત્તી લીધા અને મેરૂ પર્વત જેટલા ઓઘા મુહપત્તી કર્યા, એમ બોલનારાઓ સાધુપણું લેશો નહિં એમ ચોકખું બોલતા નથી પણ આડકતરી રીતે ચારિત્રથી અને પોષહથી જીવોને ચુકવે છે. અનંતી વખત થએલા નકામા નહતા અને નિષ્ફળ પણ નથી. એને પુછો કે સમ્યકત્વ પામીશું ત્યારે ચરવળાથી કે ઓઘા મુહપત્તીથી કલ્યાણ થવાનું કે

ચરવળા મુહપત્તિ વગર કલ્યાણ થવાનું ? વાવીશું ત્યારે ફળ વરસાદથીજ થવાનું છે કે વરસાદ વગર ખેતી થવાની છે ? તેમ જ્યારે સમ્યકત્વ પામશો ઉચિત ભૂમિકાએ આવશો ત્યારે તમારૂં કલ્યાણ થશે કે ઓઘા મુહપત્તી વગર કલ્યાણ થવાનું છે ? પણ ભૂલ વાવેતર ન કર્યું તેની હતી તેથીજ ઉપયોગી એવો વરસાદ વાવેતરની ભૂલને લીધે નકામો ગયો, તેમ મોક્ષને અંગે જરૂરી એવી જે ક્રિયા તે ક્રિયા માત્ર સમ્યકત્વ બીજની ખામી હોવાથી નકામી ગઇ. ઉપયોગી વરસાદ વાવેતરની ભૂલથી નકામો ગયો. વરસાદ સ્વરૂપે નકામો ન હતો ત્યારે નકામો ગયો શાથી ? વાવેતર ન કરવાની તેં ભૂલ કરી તેમ ઓઘા મુહપત્તી ચરવળા કટાસણા વરસાદ માફક નકામા નથી. આત્મીય દ્રષ્ટિએ પણ નકામા નથી. કુવા, તળાવ, વાવ માટે વરસાદ કામનો છે. વાવેતર કરવાવાળાને પણ કામનો છે. નકામો કોને ? વાવેતર નહીં કરવાની ભૂલ કરી તેને વરસાદ નકામો છે. તેથી વરસાદ નકામો નથી. વાવેતરમાં ભૂલ કરે. મૂશળધાર વરસાદ વરસ્યો હોય તેમાં અનાજ ન થાય ને વરસાદને નિંદે. તો જો તેં વાવવામાં ભૂલ ન કરી હોત તો ઉપજ કરી દેત. એનો સ્વભાવ નિપજાવવાનો છે. બીજ બુઠું કરવાનો વરસાદનો સ્વભાવ નથી, પણ ધાન્યની શકિતને પ્રફુલ્લિત કરવાનો સ્વભાવ છે. તેમ અહીં આ વસ્તુ મોક્ષ ખેંચી લાવનારી દૂર હોય તો નજીક કરવાની તાકાતવાળી ઉપયોગી છે તે માટે આ વસ્તુ ઉપયોગી હતી. આ વસ્તુ વિજ્ઞાન ભૂમિકા જે સમ્યકત્વ બીજ તરીકે તેં કર્યું નહિં પછી વરસાદ નકામો ગયો તારી ભૂલને ગણુતો નથી. ક્રિયા આત્મ દષ્ટિએ પણ નકામી નથી, મોક્ષ સાધનારી ક્રિયા છે.

## ભૂલને ભૂલ તરીકે સમજતાં શીખો.

સમ્યકત્વ બીજ ન વાવ્યું તેની ભૂલ વરસાદ માથે નાંખે છે. છોકરો ભણવામાં લક્ષ્ય ન રાખે અને બાપે બાર વરસ માસ્તર રાખ્યો આમાં ન ભણ્યો તેમાં ભૂલ કોની ? આથી માસ્તર નકામો નથી. લક્ષ્ય થાય ત્યારે, ભણવાનું તો માસ્તર દ્વારાએજ છે. છોકરાની ખામી માસ્તર પર નાંખે તો મૂર્ખતાની પહેલી નિશાની, તેમ અહીં અનંતી વખત ઓઘા મુહપત્તી લીધા આ બોલનારા મનુષ્યો ધર્મ શત્રુ છે. મિથ્યાત્વી જીવની થએલી ભૂલ તે ભૂલ ક્રિયા ઉપર ચડાવે છે. પણ સમજવું જોઇએ કે વાવ્યા વગરનો પુષ્કલાવર્ત હોય તો પણ નકામો પણ વાવીશું ત્યારે ફળ વરસાદથીજ થવાનું. જ્યારે સમ્યકત્વ પામીએ ત્યારે પણ કલ્યાણ ક્રિયા દ્વારાએજ થવાનું માટે ક્રિયા નકામી નથી. ફળ નથી થતું માટે બીજ વાવવામાં ભૂલ કરીએ છીએ તે છતાં આપણે કહેનારને પુછીએ કે ભાઇ જે તારી બાયડી છોકરા માબાપ ભાઇ છે તે કેટલી વખત બાયડી છોકરા ભાઇપણે થયા ? તે કરતાં અનંતગુણા જો તે અનંતી વખત મલ્યા ત્યાં એ શબ્દ કેમ બોલતો નથી ? અનંતી વખત માબાપ બાયડી છોકરા મલ્યા કંઇ ન વલ્યું ત્યાં કેમ નથી બોલતો ? સમ્યકત્વની કરણી વિગેરે કરણી કરતાં અનંતગુણી વખત બાયડી છોકરા મલ્યા અહીં છોડવા માંગે છે ત્યાં સંઘરવા કેમ માગે છે ? લુચ્ચાને લેવા દેવાના કાટલા જુદા હોય છે. ધર્મને અંગે અનંતી વખત થયું કહીને જે કાટલું વાપરે છે તે કાટલું કુટુંબને અંગે વાપરતો નથી. ખાવા બેસે છે રોજ ભોજન કરે છે બે ત્રણ વખત રોજ ભોજન કરે છે. ભોજન કરતી

વખત એમ વિચાર આવ્યો કે ઘણી વખત ખાધું? આ ગયા ભવની વાત નથી. તારા અનુભવની વાત છે. એ તો લગીર મોડું વહેલું થાય તો દાવાનળ સળગે. ખાટું ખારૂં હોય તો આંખના ભવાં ચડી જાય. આ ભવની અપેક્ષાએ હજારો વખત ખાધું છે. ત્યાં કોઇ દહાડો યાદ કરવું નથી જેમાં તારા ભવમાં હજારો વખત ખાઇ ચૂકયો છે ત્યાં સારૂં ખોટું શું તે વિચારતો નથી માત્ર એ શબ્દ ધરમમાં ગોઠવવો છે. વૈ આવી કહેનારી પાડોશણ આવી હતી તેમ આવા શબ્દો બોલનારા ધરમ માટે અટકયા છે. શાસ્ત્રકારોએ અહીં કહ્યું છે તે કયા મુદ્દાથી? તારી વાવવાની ભૂલ થઇ છે તે સુધારી લે. ઓઘા મુહપત્તી કટાસણા ચરવળા છોડવવા માટે કહ્યું નથી. શાસ્ત્રકારોએ અહીં કરતાં ત્યાં સેંકડો જગો પર કહ્યું છે એક જગો પર બીજની ઉત્પત્તિ રક્ષણ અને ટકવા માટે તેમજ વૃદ્ધિ માટે જે કહ્યું છે તેને અવળું પકડવું છે. આવાં પણ શ્રવણ અને જ્ઞાન એ બે ભૂમિકામાં આવેલા છે. મિથ્યાત્વી શાસન-શત્રુ વિરોધીઓ પણ આ બે ભૂમિકામાં આવેલા છે. કારણ કે સાંભળ્યું છે અને અર્થ સમજ્યા છે. તમે કયારે જુદા ગણાવ? ત્રીજી ભૂમિકાએ આવો ત્યારે એમનાથી જુદા પડો. ત્રીજી ભૂમિકા કઇ? તે માટે વ્યાખ્યાકાર કહે છે કે ધર્મને રત્ન સમજનારો બધાને તુચ્છ ગણે, અર્થાત્ સર્વે પદાર્થોમાં, ચૌદ રાજલોકની ચીજોમાં, અને પાંચે ઇંદ્રિયોથી મળતા બધા વિષયોમાં હીનતાજ રહેલી છે.

**જગત્ માત્રના સર્વ પદાર્થોમાં અધમતા સમજાય ત્યારે ધર્મમાં ઉત્તમત્તા ભાસે.**

જગત માત્રના પદાર્થમાં અધમતા કેવળ ધર્મમાંજ ઉત્તમતા આનું નામ ત્રીજી ભૂમિ. આ બુદ્ધિ વિચારજો આ ભૂમિમાં કેટલા ચડયા છીએ અને કેટલા ટકયા છીએ. ચૌદ રાજલોકની ચીજ અધમ. ચક્રવર્તીપણું પણ કંઇ કીંમતનું નહિં. તમને જગતના પદાર્થો કંઇ કીંમતના નહીં એ ભાસવું મુશ્કેલ તો તેને ઝુલમની કોટિમાં તો નાખશો ક્યાંથી? કોડીને ક્રોડનું આંતરૂં ગણવું મુશ્કેલ તો એક કોડી દેનાર ને એક ક્રોડ આપનારની કિંમત શી? આ કોડીની કમાણીવાળાએ ક્રોડનો ખાડો ખોદ્યો કયાંથી આવશે?, એ સંકલ્પ લાવવાનું મુશ્કેલ તો પછી ભરત મહારાજાની વાત વિચારી લ્યો. અણદીઠાનું દીઠું, ભરત મહારાજા તેજ કે જેમને આર્યદેશના ભાગમાંનું ૧૦૦ માં ભાગનું રાજ્ય મલ્યું હતું. એટલુંજ નહિં પણ પેઢી દર પેઢીમાં જે પોતાને ચીજ મલે છે તે અસંખ્ય પેઢીમાં કોઇને મળી નથી. ભરત મહારાજને ઋષભદેવજીએ દેશ આપ્યા તે ૧૦૦ પુત્ર હતા તેથી ૧૦૦ માં ભાગનું મલ્યું હતું. ચક્રરત્નની અપેક્ષાએ ભરત મહારાજાની અસંખ્યાત પેઢીમાં કોઇને ચક્રરત્ન મલ્યું નથી. અઢાર કોડા કોડ સાગરોપમ સુધી જુગલીયા તેમાં ચક્રવર્તીપણાનો વખત નથી આવી વસ્તુ મલી નાના સરખા ઠાકોર જેવી સ્થીતિમાંથી આ સ્થીતિની નિશાની મલી એટલુંજ નહિં પણ જ્યાં ચક્રવર્તીપણાનું નામ નિશાન નથી તેમાં ચક્રરત્ન ઉત્પન્ન થાય છે. સંપૂર્ણ લાભ દેનાર એવું ચક્રરત્ન દેવતાને પણ ગુલામ કરનાર. ભરત મહારાજા ચક્રવર્તી થાય એટલે હજારો અધિષ્ઠાયકો દાસ-તરીકે યક્ષો હોય છે. ચક્રવર્તીના અધિષ્ઠાપક યક્ષો હોય છે. હજારો દેવતાને નોકર બનાવનારી ચીજ. ચક્ર રત્ન કોઇએ

દેખેલું કે સાંભળેલું નહીં. એક દેશની જગોએ બત્રીસ હજાર દેશને તાબે કરનારૂં. હજારો દેવતાઓ જેના પ્રભાવે પગે પડે તેવી સ્થીતિનું ચક્ર. પોતાના કુટુંબમાં સર્વોપરિ સત્તા આપનારૂં ચક્રરત્ન ઉત્પન્ન થયું. અને બીજી બાજુ ઋષભદેવજીને કેવળ જ્ઞાન થયું તે સંભલાય છે. અહીં તુલના કેવળજ્ઞાનની બીજાને કેવળજ્ઞાન થયું તેની ફક્ત વાત વધામણી લઇને આવ્યો તે કેવળજ્ઞાનની વાત. પોતાને કેવળજ્ઞાન થવું તે વાત જુદી, પણ પારકાને કેવળ થયું તેની હકીકત; અને તે હકીકતનો ઓચ્છવ.

## આકારની અવજ્ઞા કરનારાઓ અવળે રસ્તે છે.

આજકાલ ભગવાનની મૂર્તિ જડ છે આપણને શું દે? વાતમાં શું થવાનું હતું તો તેનો ઓચ્છવ. આ ઓચ્છવ કેવળજ્ઞાનની વાતનો ઓચ્છવ છે, આ વાતના વડા. તમારે તો મૂર્તિ નકામી, એ તો બિચારા ભૂલ ખાય છે કારણ કે એમના મરી ગએલા સાધુને ઉકરડે ફેંકતા નથી. અરે મડદા પંથી શું કરવા મથો છો?, મડદામાં કેટલા ગુણ છે?, મડદું કયે ગુણ ઠાણે છે. પ્રતિમા ગંધાતી ચીજ તો નથી માર લાત અને ફેંક ગંધાતી ચીજ છે એવું એ મડદું, ત્યાં તો ચાર આંખ થઈ. કહો એ કરાંચીવાલો દાખલો. કરાંચીમાં આર્યસમાજીનો પંડિત ગયો હતો ચાર વાગે ગયો અને રામકૃષ્ણની મૂર્તિ પૂજનારાઓને મળ્યો. ત્યાં સનાતનનો પંડિત કોઇ નહિં. આર્ય સમાજીસ્ટ કહે કે તમે તો મૂર્તિપૂજાદ્વારાએ આ તો ભોળાને ફસાવી નાંખો છો. આ વાત સાંભળીને કોઇક ચાલાક મનુષ્યે રસ્તો કર્યો. દયાનંદનો ફોટો લઇ ગધેડાને પુછડે બાંધ્યો, અને પછી કુટો ઢોલ વગાડયો. બીજાથને કુદે તેમ ગધેડાને ચારે બાજુ ફેરવે. આર્યસમાજીસ્ટે સરકારને ફરીયાદ કરી કે હમારૂં અપમાન કર્યું. સનાતની ધર્મવાળા આગેવાનો આવ્યા પ્રશ્ન કર્યો તારા ગુરૂનું અપમાન થયું તે સાચા દીલથી ફરીયાદ કરે છે કે ખોટા દીલથી. મારી લાગણી દુઃખાઇ એ તારી લાગણી ફોટાને લીધે દુઃખાય છે તો તેમની મૂર્તિને અપશબ્દ બોલે તો તેમની લાગણી ન દુઃખાય? મૂર્તિ જીનેશ્વરની છતાં તમે મા બાયડી છે તો માને બાયડી નહીં કહેનાર ખરા કેમ? કહો અમુક આકાર વિશેષ તેમાં લેવો પડે છે. વિશેષ આકારને અંગે મા કહું છું. તેમ અહીં પત્થરપણું જગત માત્રની અપેક્ષાએ સરખું છતાં જે તીર્થંકરનું પ્રતિબિંબ છે તેને અંગે જીનેશ્વરની મૂર્તિ કહેવાય છે. આમ છતાં તેમને આશ્ચર્યની વાત છે કે માને બાયડીપણું કહેતા સૂઝતું નથી. મૂર્તિ એટલે પત્થર કહેનારને માને બાયડી કહેવામાં શી અડચણ છે? માને બાયડી શબ્દથી બોલતા શરમ આવે છે. તો ત્રણ લોકના માલીકના આકારને પત્થર કહેતા શરમ કેમ નથી આવતી? પણ આ પુસ્તક શું છે? અક્ષરની આકૃતિ કે બીજું કંઇ? તો આકૃતિ પર પોતે આધાર રાખનારા જગતને આકૃતિ માનવાનો નિષેધ કરે તો તેમને ધિક્કાર છે. સ્થાપના એટલે આકાર જેઓ દરેક પળે હાલતાં ચાલતાં આકાર પર જીવન ગુજારે છે તે લોકો આકાર ન માને. આને (પુસ્તકને) કોરૂં પાનું કહે તો મૂર્ખ ગણીએ? આને કોરા કાગળ જેટલી કીંમત ગણીએ તો મૂર્ખ ગણાય, ત્યાં ભગવાનની આકૃતિ હોવાથી પત્થર ગણનારો મૂર્ખ ગણાય તેમાં નવાઇ શી? તેમ અહીં

ભગવાનને કેવળ જ્ઞાન થયું. તે તેમના આત્મામાં થયું છે તે પોતાને આવી જવાનું નથી. કેવળ જ્ઞાન થયાની હકીકત આવી છે. આ બાજુ બત્રીસ હજાર દેશની માલીકી કરાવનાર અસંખ્યાત પેઢીમાં દેખવામાં નહીં આવેલી અને ચક્રવર્તીની પદ્વી અપાવનાર ચક્રરત્ન આ ભરત ચક્રવર્તીને મળ્યું. આ બાજુ વિચાર આવ્યો કે ઓચ્છવ પહેલો કોનો કરૂં ? આપણે તો ઘેર જઇ આવું પછી દેરે જઈશ. માત્ર શંકામાં અને શંકા બોલવામાં લગીર સમજણની જરૂર છે. શંકા સમજણ પૂર્વકની હોય અણસમજુમાં શંકા કામ ન લાગે તારા બાપે દેવાળું કાઢયું હતું કે નહિં ? તો તેવી શંકા ન કરાય ?, કાઢયું તેમ નથી કહ્યું માત્ર શંકા કરી છે. શંકા ચાહે જેવી કરાય તેમાં અડચણ નથી તેવી ધારણાવાળા કેટલાક છે, પણ અજ્ઞાનતાની શંકા શંકા કહેવાય એ બદ દાનતથી શંકા કરાય તે બદદાનત છે, પણ શંકા નથી. બદદાનતથી થએલી શંકા શંકા નથી. જાણવા માટે શંકાની બધાને છુટ છે. દુકાન બંધ કરે ને પાટીયું ફેરવે તેને વારંવાર જવાબ ન દેવો પડે.

## નફા નુકશાનને એક સરખા ગણનારાને ધર્મની કિંમત નથી.

જીજ્ઞાસાની શંકા સારી પેઠે પુછી શકો. શંકાના આ બે વિભાગમાં અહીં ભરતને માત્ર પોતાને અંગે શંકા થાય છે. પહેલા ચક્રરત્નનો કે કેવળ જ્ઞાનની વાતનો ઓચ્છવ કરૂં ? બન્નેના ઓચ્છવ મારે પોતાને કરવા છે. છતાં પહેલો ઓચ્છવ આનો કરૂં કે આનો કરૂં ? એટલી શંકા થઇ કે બીજે ક્ષણે છાતી ભરાઇ ગઈ. છાતીનાં પાટીયા ઢીલા થયા, ત્યાં પોતેજ કહ્યું કે જે ક્રોડના લાભને કે ખોટને સરખી ગણે તેને કહેવું શું ? છતાં બે સરખા લાગે તેવો કાંતો વીતરાગ હોય કે વિકલ હોય. આ બે સિવાય આવો બીજો હોય નહિં ગાંડાને બન્ને લાભ અને ખોટ સરખા લાગે. હું શામાં ? ભરત મહારાજા પોતા માટે વિચારે છે. હું કેવો તેનો જાપ રાખો અને તે તપાસો. ફલાણો કેવો તે તમારૂં કલ્યાણ નહિં કરે. ભરત મહારાજા વિચારે છે કે વિતરાગ છું નહિં હવે રહ્યો ગાંડો. તું વીતરાગ નથી પણ ચક્રવર્તી. ચક્રવર્તીપણું સાતમી નરકે લઇ જનાર; શાસ્ત્રકાર નિર્ણય કરી કહે છે કે—ચક્રવર્તી મરે તો નરકેજ જાય બીજી ગતિ નહિં. ભરત મહારાજ સનત્કુમાર ચક્રવર્તી દેવલોકમાં તથા મોક્ષે ગયા તો આ બેસતું નથી, કારણ જે દેવલોકમાં ને મોક્ષમાં ગયા તે કોણ ? જેઓ ચક્ર ઉપર થુંકયાં તે દેવલોક મોક્ષે ગયાં. ચક્રવર્તીપણુંજ ત્યાં નથી ત્યાં તો ધર્મ દેવપણું છે, નરદેવપણું નથી. નરદેવ કાળ કરે તો નરકેજ જાય. તેમાં મૂખ્યતાએ સાતમીજ નારકી લલાટે લખાવેલી. કેવળજ્ઞાનની હકીકત સાંભળવી તે મોક્ષનો દૂત. આપણને ધરમની ક્રિયારૂપ મોક્ષનો દૂત માલમ પડવો મુશ્કેલ છે તો કેવળજ્ઞાનની હકીકત સાંભળી તે મોક્ષનો દૂત સરખા ગણ્યા ત્યારે શંકા થઇને ? ચોકસી આગળ સોનું પીત્તળ દેખાડે તો આ લઉં કે આ લઉં એવો વિચાર આવે કે નહિં ? રત્ન, હીરા ને કાચની વચ્ચે આ લઉં કે આ લઉં આવો વિચાર ઝવેરીને આવે નહિં. મેં એવો વિચાર કર્યો કેમ ? વિરોધીપણું પણ સરખાનું હોય. સીંહને શિયાળનું વિરોધીપણું ન હોય. કેવળજ્ઞાનની જોડે વિરોધી તરીકે ચક્રરત્નને શી રીતે મૂકયું ? કારણ વિજ્ઞાનની ભૂમિકાએ ગયા

ત્યાં જવાથી સ ્યક્ત્વનો, મોક્ષનો; અને શાશ્વતા સુખનો દૂત ે ચો. વિજ્ઞાનમાં આવેલો કઈ સ્થિતિમાં હોય ?,-સંવર આશ્રવને સ્વપ્નમાં પણ તુલના કરવાનો પ્રસંગ હોય નહિં. સંવરના સાધનોજ કર્તવ્ય છે, આશ્રવના સાધનો રાજ્ય-વેઠ તરીકે છે. કરમ રાજા વેઠ કરાવે તેટલી કરવી પડે છે. વિજ્ઞાન ભૂમિકાની સ્થીતિ કઇ ? આશ્રવના સર્વ કારણોને કર્મરાજાની વેઠ સમજે. સંવર નિર્જરાના કારણોને કલ્યાણની કોટિ સમજે. ત્યાં વિજ્ઞાન ભૂમિકા આ સ્થીતિએ આવે. આથી શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજને કહેવું પડયું કે આખા જૈન શાસનનો સમાવેશ બે શબ્દમાં બાકીના બધા શબ્દો વિસ્તારરૂપ છે.

**आश्रवः सर्वथा हेयः उपादेयश्च संवरः ।**

આશ્રવ કર્મ બંધનના કારણો છે, તે ત્રિવિધે વોસરાવવા લાયક છે, ને સંવર ત્રિવિધે આદરવા લાયક છે. આ બે શબ્દો આખા જૈન દર્શનના સર્વ શાસ્ત્રનું તત્ત્વ છે, બાકી ચૌદ પૂર્વો બધા આ બે શબ્દોની મોટાઇની વાતો છે. મૂળ શબ્દ બે. ઝાડનું મૂળ આટલું હોય પછી ચાહે જેટલું ઊંચું ગયું હોય પણ મૂળથીજ પોષણ. ઝાડ ઉપર રેડો ને મૂળમાં પાણી બંધ કરો, બલ્કે ઉપર નાંખી તળાવ ખાલી કરો. તો સુકાઈ જાય. ૧૬૩૮૩ મહાવિદેહના હાથીએ હાથી જેટલી રૂસનાઇએ લખાણુ થાય તે રૂપ શાસ્ત્રરૂપી મોટું ઝાડ, પણ 'સંવર ઉપાદેય આશ્રવ હેય' એ મૂળ ન છંટાય તો ? ઉપશમ શ્રેણિએથી જે પડયા તે બધા આશ્રવ સંવરનો વિવેક ભૂલ્યા તેથી પડયા. ઉપરની બુદ્ધિ કાયમ રહે તો આહારક શરીરવાળાને, ચાર જ્ઞાનવાળાને કે ઉપશમ શ્રેણિવાળાને પણ પડવું ન પડે. એ ગૌણ થઈ જાય ત્યાં ગોટાળો થાય છે. તમામ શુદ્ધ જ્ઞાનની જડ હોય તો બે શબ્દમાંજ જડ છે. આશ્રવ સર્વથા છાંડવા લાયક ને સંવર સર્વથા આદરવા લાયક એ બે શબ્દો બધાની જડ છે. આવી રીતે જે ત્રીજી ભૂમિકાએ ધર્મનેજ રત્ન ગણે અસંખ્યાત ભેદો ને રત્ન સરખા ગણે તે મગજ કયો રાખે ? સંવર મેળવવા ઉપરજ તેનો મગજ હોય. તેથી તલ્લિપ્સુના કહે છે. જાણનાર કહી છોડતા નથી. ત્યારે શું કરે છે ? તેને મેળવવા માટેજ તીવ્ર ઉત્કંઠા હોય. સંવર મેળવવાની તીવ્ર ઉત્કંઠા ને આશ્રવ છોડવાની તીવ્ર ઉત્કંઠા. હવે તેનો પ્રયત્ન શી રીતે કરવો ? તે અધિકાર અગ્રે વર્તમાન.

# પ્રશ્નપિયૂષ–પયોનિધિઃ

આગમોદ્ધારક પૂ. આચાર્યદેવેશશ્રી આનંદસાગરસૂરીશ્વરજીએ દેશના દેવાના–અવસરમાં વિષયની વધુ છણાવટ માટે ઉઠાવેલ પ્રશ્નરૂપ પિયૂષ-બિંદુઓ અને સમાધાન રૂપ સુધા-બિંદુઓનો સંચય અત્ર (આ કોલમમાં) આપવામાં આવશે.

સંચયકારઃ—પૂ. પં. ચંદ્રસાગરજી ગણિવર.

( ગતાંકથી ચાલુ )

પ્રશ્ન—૪૩. જન્મ સાથે મરણ સંકળાયેલું છે, જન્મના આનન્દ ને જગત જાણી શકે છે અને મરણનો ભય હોવા છતાં મરણનો ભય ટળતો નથી તે ટાળવાનો ઉપાય કર્યો તે બતાવો ?

સમાધાન—જન્મે એ તો જરૂર મરે પરંતુ મરે એટલા જન્મે એવો નિયમ નથી તેથીજ મરણની ગભરામણ ટાળવા માટે જન્મને થવા દેવો નહિ.

પ્રશ્ન—૪૪. જન્મને શી રીતે રોકાય ?

સમાધાન—જન્મ થાય એવાં કર્મ બન્ધનથી બચવું અને કર્મ બન્ધનથી બચવા માટે જૈન શાસનના માનનીય સિદ્ધાંતના મર્મ ગુરૂગમ સમજવાની જરૂર છે.

પ્રશ્ન—૪૫. જન્મ દશામાં જીવને કેવું દુઃખ થતું હશે ?

સમાધાન—સાડાત્રણ કરોડ રૂવાંટામાં લોઢાની સોયો ધગધગતી લાલચોળ કરીને એકી સાથે ભોંકીએ તો કેવી વેદના થાય ? અરે તે વેદના કરતાં અનંતગુણી વેદના ગર્ભાવાસમાં જન્મની પહેલાં આજીવ અનુભવે છે.

પ્રશ્ન—૪૬. વેદનાનો સાક્ષાત્કાર કેમ થતો નથી ?, અનુભવેલાં દુઃખો કેવી રીતે અનુભવી શકાય ?, અનુભવેલાનું ભાન કેમ ન રહે ? આ દુઃખોનું વિસ્મરણ શાથી થતું હશે ?, આ બધાં પ્રશ્નની પરંપરા માટે તમોરી પાસે શો ઉત્તર છે ?

સમાધાન—ઉત્તર એકજ છે કે સર્વ ભક્ષી કાળ દરેક ચીજનું ભક્ષણ કરે છે અને દુઃખોનું વિસ્મરણ તેજ કરાવે છે.

પ્રશ્ન—૪૭. એક વેપારમાં ખોટ જાય તો ફરી તે વેપાર કરતાં અચકાઇએ છીએ, છતાં આ ખોટ અને મુશ્કેલીઓનો ખ્યાલ કેમ રહેતો નહિ હોય ?

સમાધાન—ગર્ભાવાસમાં રહેનારો જીવ પૂર્વ ભવની બધી બાબતોના ખ્યાલને ભૂલીને આવે છે. જન્મકાળ પછી દુનિયાની સમજણ આવે છે, એ સમજણના સમયમાં પૂર્વ ભવની વેદનાનો ખ્યાલ વિસર્જન થયેલો હોય છે; એટલુંજ નહિ પણ આ ભવની પણ કંઇ અસહ્ય વેદનાઓ ભૂલી જવાય છે.

પ્રશ્ન—૪૮. શું અનુભવેલી વેદનાઓ ભૂલી જવાય ખરી ?

સમાધાન—હા, સમજણના ઇજારદારને વીંછી કરડે તો વીંછીના ડંખની વેદના તે સમયે આપણે પુરેપુરી અનુભવીએ છીએ, મોઢેથી કહીયે છીએ અને કબુલ કરીએ છીએ કે દુશ્મનને પણ વીંછી કરડશો નહિ. પણ ત્રણ દિવસ પછી એ અસહ્ય વેદનાનો ખ્યાલ કરીએ તો કહેનાર કહેશે કે ઘણી વેદના થાય એમ કહેશે પણ સાચો સાક્ષાત્કાર થશે નહિ. જન્મ આપનારી માતાઓ સુવાવડ અવસરે જમના દ્વાર જેવું દુઃખ અનુભવે છે અને આ દુઃખમાંથી છુટું તો ફરી તે રસ્તે જવું નહિ આવી ભાવનાવાળી બાઇઓ પણ ગર્ભાવાસમાં રહેલ ગર્ભને પરિપૂર્ણ કાળે બાળકને જન્મ આપ્યા પછી લગભગ અઠવાડીયામાં પંદર દિવસમાં કે મહીના પછી ભૂલી જાય છે તો પછી પૂર્વભવમાં અનુભવેલ જન્મ મરણની વેદનાઓને ભૂલી જવાય તેમાં નવાઇ શી.

પ્રશ્ન—૪૯. પુરેપુરી ભાનદશામાં અનુભવેલ વેદનાનું દૃષ્ટાંત આપીને અણસમજ કાળમાં અનુભવેલ વેદના સાથે ઘટના કરી હવે અણસમજમાં અનુભવેલ વેદનાનો સાક્ષાત્કાર ભાન અવસ્થામાં પણ થતો નથી તેવું દ્રષ્ટાન્ત આપશો ?

સમાધાન—હા જુઓ, બાળક જન્મે છે ત્યારે દાંતના છીદ્રો હોતા નથી, પૃથ્વીમાંથી અંકુરા જેમ પૃથ્વીને ભેદીને બહાર નીકળે છે તેવી રીતે તીક્ષ્ણ દાંત પણ અવાળુની કુમળી જગાને ભેદીને બહાર આવે છે. હવે આ કુમળાં અવાળુઓ તીક્ષ્ણ દંત—ધારા વડે ભેદાતાં હશે ત્યારે તે બાળકને કેવી અસહ્ય વેદનાઓ અનુભવવી પડતી હશે, કે જેથી તે અવસરે બાળક જોર શોરથી રૂદન કરે છે. જન્મ્યા પછી બાળકનું રૂદન, ચીચીયારીઓ, રૂદન સાંભળીને ઘરના માણસોની ગભરામણ; આ બધું દરેક માણસે જન્મકાળે અનુભવ્યું છે છતાં અત્યારે સાક્ષાત્કાર કરવા માંગશો તો કરી શકશો નહિ. તેવી રીતે અણસમજમાં અનુભવેલી વેદનાનો સાક્ષાત્કાર સમજદારીના સમયમાં પણ થતો નથી.

આ ઉપરથી જન્મ પછીની અનુભવેલી અણસમજકાળની વેદના હોય અગર સમજદારીના સમય કાળની વેદના હોય તો બંન્ને વેદનાને અનુભવનારાઓ કાળાન્તરે ભૂલી જાય તો પછી જન્માન્તરની વેદનાઓને સાક્ષાત્કાર થવો એ તો સેંકડો કોષ દૂરની વાતોનો સાક્ષાત્કાર કરવા જેવું છે.

પ્રશ્ન—૫૦. મરણનો ભય જીવનભરમાં સો ટકાની મુંઝવણ કરાવે છે. જ્યારે જન્મનો ભય એક ટકો પણ મુંઝવણ કરાવતો નથી તેનું શું ?

સમાધાન—અણસમજ અગર મિથ્યાત્વ હોય ત્યાંસુધી જન્મનો વાસ્તવિક ભય જીવને ઉત્પન્ન થતોજ નથી.

પ્રશ્ન—૫૧. ગર્ભાવાસના દુઃખ અને જન્મના દુઃખનો વાસ્તવિક ખ્યાલ ન હોય તો પછી ગભરામણ શી રીતે થાય ?

સમાધાન—ખ્યાલ ન હોય તેટલા માત્રથી ભય ચાલ્યો જતો નથી, આ માટે પૂર્વનાં સમાધાનમાં આપેલ દ્રષ્ટાંતો વિચારી લો. પરન્તુ ગર્ભાવાસ અને જન્મના વાસ્તવિક દુઃખો સંભળાય-સમજાય અને શ્રદ્ધાગમ્ય થાય તો પછી જરૂર જન્મનો ભય ઉત્પન્ન થાય. જન્મના ભય સાથે ફરી જન્મું નહિ એવી ક્રિયા કરવાનું મન પણ થાય છે.

પ્રશ્ન—૫૨. મરણનો ભય થાય છે પણ રોકયો રોકી શકાતો નથી તો પછી જન્મનો ભય કરવાથી ફાયદો શું ? કારણ કે એક ભય ટળતો નથી ત્યાં બીજા ભયના ભણકારાઓ વાગવા માંડે તો પછી ભય ટાળવાનો ખરો ઉપાય શો ?

સમાધાન—મરણ ભયથી બચવા જન્મ ન થાય તેમ કરો અને જન્મ થાય તેવાં કર્મ બાંધવા નહિ. જન્મ લાયકના કર્મ ન બાંધે તે જન્મે નહિ અને જન્મે નહિ તે મરતો નથી એટલે મરણનો ભય બંધ થાય છે.

# રામ ટોળીને કેમ ઓળખવી?

લેખકઃ—મુનિશ્રી કંચનવિજયજી મહારાજ.

૧. શ્રીનિશીથ અને દશા શ્રુતસ્કંધની ચૂર્ણિમાં પૂનમનો ક્ષય છતાં પર્વ તિથિને કાયમ રાખવા આષાઢી પૂનમ કહી છે છતાં પર્વ તિથિની હાનિ અને વૃદ્ધિ માને તે રામ ટોળી!

૨. ખરતર ગચ્છવાળાઓએ પણ પૂનમ કે અમાવાસ્યાની વૃદ્ધિએ પહેલી પૂનમ અમાવાસ્યાએ તપાગચ્છવાળા પખ્ખી એટલે ચૌદશ કરે છે. એમ ૧૬૬૫ માં જણાવ્યું છે. છતાં પર્વ તિથિની વૃદ્ધિ કહે અને માને તે રામ ટોળી!

૩. શ્રી હીરપ્રશ્નમાં ટીપ્પણાની બે અમાવાસ્યા છતાં એક અમાવાસ્યા કહી છે છતાં ટીપ્પણાનેજ માને તે રામ ટોળી!

૪. શ્રી વિજયદેવસૂરિજીએ ટીપ્પણામાં બે પૂનમ હોય ત્યારે બે તેરસ કરવાનું કહેલું છે. છતાં બે પૂનમને પકડી રાખનાર તે રામ ટોળી!

૫. શ્રી વિજયદેવસૂરિજીએ પૂનમની વૃદ્ધિ વખતે બે તેરશ ન કરે તેને ગુરૂ આજ્ઞાના લોપક અને ઠગ કહ્યા છે છતાં બે પૂનમજ કહે અને માને તે રામ ટોળી!

૬. ૧૮૭૧ ના પત્રમાં શ્રી દેવસૂરગચ્છવાળા પૂનમ અમાવાસ્યાના ક્ષયે બારસ તેરશ ભેળાં કરે એમ શ્રી દીપવિજયજી કહે છે છતાં તેમ ન માનતાં પર્વ તિથિનો ક્ષય માને તે રામ ટોળી!

૭. શ્રી તત્ત્વતરંગિણીમાં ચૌદશના ક્ષયે તેરશનું નામ ન લેવું પણ ચૌદશજ કહેવી એમ સ્પષ્ટ કથન છતાં તે દિવસે તેરસ કહેનાર અને માનનાર તે રામ ટોળી!

૮. ૧૮૯૬ ના પત્રમાં મહારાજ રૂપવિજયજી પણ પૂનમ અમાવાસ્યાના ક્ષયે બારસ તેરસ ભેળાં કરવાનું કહે છે. અને પૂનમની વૃદ્ધિએ તેરશની વૃદ્ધિ કરવાનું કહે છે. છતાં પર્વ તિથિનીજ હાનિ વૃદ્ધિ કહેનાર અને માનનાર તે રામ ટોળી!

૯. ૧૯૯૨ સુધીના સર્વ આચાર્ય ભગવંતો અને મુનિ મહાત્માઓ પર્વ કે પર્વાનન્તર પર્વ તિથિની હાનિવૃદ્ધિ વખતે પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિની હાનિ વૃદ્ધિ કરતાં આવ્યા છે છતાં તેથી ઉલટી કહેનાર ને માનનાર તે રામ ટોળી!

૧૦. શાસ્ત્રોકત ક્રિયાને જેમ આરાધના માનવી તેમ લૌકિક ક્રિયાને પણ આરાધના રૂપ માનવી એમ કહીને હવે પ્રવૃત્તિ કરે તે રામ ટોળી!

૧૧. પંચાંગી આગમો શાસ્ત્રો અને ગ્રંથો અને પ્રમાણો ન માનવા અને તે બધાને શાસ્ત્રાભાસ અને પ્રમાણાભાસ માનવા એમ કહે તે રામ ટોળી!

૧૨. શાસ્ત્રમાં કહેતા પાઠને પોતાના કદાગ્રહ, અભિનિવેશ અને કુમાર્ગને પોષવા માટે ત્રયોદશ્યાં પદની માફક લોપે તે રામ ટોળી!

૧૩. પોતાની વિરૂદ્ધ જે હોય તેને શાસન વિરોધી ગણીને તેને ગાળો ભાંડવી, નિંદવો, મારવો, અને જુઠું બોલીને કે છાપીને પણ જેટલા ઉતારી પડાય તેટલી નિર્જરા થઈ ગણે તે રામ ટોળી?

૧૪. સમુદાયમાં કરેલા ઠરાવોને પણ ચાલબાજી ગણાવી સ્વવૃદ્ધિના માર્ગથી ખસી જાય તે રામ ટોળી!

૧૫. જન્મ મરણનું સુતક ન માનતાં તેવે ઘેર ગોચરી જવું એમ માને તે રામ ટોળી!

૧૬. જૈનશાસ્ત્રને આધારે પર્વ તિથિને કહેવા ને

માનવાની વાત કબુલ કરાવનાર દસ્તાવેજને ઓળવે તે રામ ટોળી !

૧૭. આઠમ ચૌદશના ક્ષયે સાતમ તેરશને ખસેડીને સાતમ તેરશને આઠમ ચૌદશપણે એમ કબુલાત કરીને પણ આઠમ આદિ પર્વ તિથિનો ક્ષયજ લખે અને કરે તે રામ ટોળી !

૧૮. આઠમ આદિ પર્વ તિથિને વૃદ્ધિમાં બેવડી હોય તો પણ બીજાને ઉદયવાળી માનવી એમ કબુલ કરીને જે બન્ને દિવસ ઔદાયિક માની પર્વ તિથિની વૃદ્ધિ લખે અને કરે તે રામ ટોળી !

૧૯. અગિયાર અગિયાર મહિના જેવા લાંબા કાલ સુધી પોતાની તરફના પંચાંગો ચલાવીને બારમે મહીને છેડો ફાડી નાખનાર તે રામ ટોળી !

૨૦. પંચાંગના હેડીંગમાં પ્રતિજ્ઞા કરી સમાપ્તિ અને ઉદય સમાપ્તિ જેવા ગોટાળા કરનારી રામ ટોળી !

૨૧. પોતે પંચાવન પ્રશ્નો પંદર દિવસ સુધી કરીને ઉત્તરો મેળવ્યા પછી ઉત્તર દેવાની ના પાડનાર રામ ટોળી !

૨૨. એક પણ ઉત્તર દેવાની તાકાત નહિ ધરાવતા અને ઉત્તર નહિ દેતાં છતાં ચર્ચા શબ્દને પોકારનાર રામ ટોળી !

૨૩. કોઈપણ શાસ્ત્રમાં લૌકિક અને લોકોત્તર ભેદો નહિ કહ્યા છતાં પોતાના દાદાના કલ્પેલા તેવા જુઠા ભેદો શાસ્ત્રના નામે હાંકવા જાય તે રામ ટોળી !

૨૪. ચેલો, ચેલાનો ચેલો, ચેલાના ચેલાનો ચેલો બધા એક સરખી રીતે શાસ્ત્રથી વિરૂદ્ધ બોલવાની ગટરમાં ધુમે અને કાયમી સૂતકીજ એવા શબ્દો વાપરે તે રામ ટોળી !

૨૫. ટ્રસ્ટીઓને બોલાવી સ્હામા પક્ષને આવતો રોકીને રોકયાની વાત ખોટી છે એમ કહી કાળા બાગમાં કારમી લીલા કરે તે રામ ટોળી !

૨૬. વ્યાકરણના બોધ વિના વ્યાકરણને નામે જુઠું હાંકે અને જુઠું જાહેર સભામાં ખુલ્લું થાય તો પણ સુધારવા તયાર ન થાય તે રામ ટોળી !

૨૭ સભામાં યદ્વાતદ્વા બકીને ભગવતીજી આદિ જેવા સૂત્રોમાં શબ્દની ધાલમેલ સભા સમક્ષ કરે તે રામ ટોળી !

૨૮. શાસ્ત્રનો સાચો પૂરાવો જોયા જાણ્યા છતાં આગળ પાછળ પાઠ વાંચી સભાને ભરમાવે તે રામ ટોળી !

૨૯. પુનાના લેખકને ફોડયાનો લેખિત પૂરાવો જાહેર થાય તો પણ આડું અવળું બોલે અને લખે તે રામ ટોળી !

૩૦ પરદેશ રહેલાને છેતરવા માટે ભળતા આરો-પીના નામે સમાચાર લખી કાવત્રાં કરે તે રામ ટોળી !

૩૧. શાસ્ત્રાભાસ શબ્દથી શાસ્ત્ર જુદાં છે એવો અર્થ થાય તો પ્રાયશ્ચિત્ત લેવું એવી સીધી વાતને જેનો નેતા કબુલ ન કરે તે રામ ટોળી !

૩૨. પુનાના લેખકને ફોડવાનો પોતે કે પોતાના પક્ષકાર કારણ કે સલાહકાર સાબીત થાય તો પણ પ્રાયશ્ચિત લેવા જે તૈયાર ન થાય તે રામ ટોળી !

૩૩. શાસ્ત્રની, આચાર વિચારની, સમુદાયની કે વ્યકિતની અનેક વાતો પોતાની પાસે આવેલાની આગળ કાળા બાગમાં કે દાનવ મંદિરમાં હાંકે રાખે તે રામ ટોળી !

૩૪. કઇ સદીઓથી ચાલી આવતી અને શાસ્ત્રમાં કહેલી એવી પણ પરંપરા ઉઠાવી પોતાના પર દાદાગુરૂ અને ગુરૂને અજ્ઞાની ઠરાવવા અને વળી પરંપરાના રક્ષક બનનાર તે રામ ટોળી !

૩૫. ઉત્તર દેવાની વખતે ખૂણે ભરાઇ જવું અને એક પણ ઉત્તર દેવો નહિ અને જય પોકારવી તે રામ ટોળી !

૩૬. એક પણ યુક્તિ અને પ્રમાણ પોતાના પક્ષને સાબીત કરવા માટે આપ્યા સિવાય કે જાહેર કર્યા સિવાય ઉલટો બકવાદ કરનાર તે રામ ટોળી !

૩૭. શાસ્ત્ર અને પરંપરાને માનીને પર્વ તિથિ, સૂતક અને ગ્રહણ વિષયમાં સાચે માર્ગે નહિ આવનાર તે રામ ટોળી !

૩૮. શાસ્ત્ર અને પરંપરાથી ચાલી આવતી બાર પર્વ તિથિની આચરણોને ઉઠાવીને અગિયાર તિથિને આરાધવા તૈયાર થનાર તે રામ ટોળી !

૩૯. શાસ્ત્રમાં કહેલું કોઇક તેરશનું પદ ઉઠાવનાર અને કોઇક વખત ચૌદશનું પદ ઉઠાવનાર તે રામ ટોળી !

૪૦. સ્નાન અને સૂતકનો આખા જગતમાં ભેદ છે, છતાં ઉલ્ટા થઇને સૂતકના સ્થાને સ્નાન ગોઠવીને દેરાસરો-ઉપાશ્રયોને અભડાવનાર તે રામ ટોળી !

૪૧. જેમ ઢેડીઆઓ વિશેષે કરી દાન આપવાનો પોકાર કરે તેમ જેઓ ગ્રહણ વખતે વિશેષ પૂજા આદિનો પોકાર કરનાર તે રામ ટોળી !

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન.

(રાગ—કેવલ કમલા વિમલા તું વર્યોરે.)

રચયિતાઃ-પૂ. પં. શ્રીચન્દ્રસાગરજી મહારાજના પરમવિનેય મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી.

પાર્શ્વ શંખેશ્વર સાહેબ સાંભલોરે,
આવ્યો હું ભવમાં ભમતો આજ;
દુઃખ દુષ્ટ સહ્યાં બહુ સંસારમાં રે,
કહેતાં પાર ન પામું આજ...પાર્શ્વ૦ ૧

સ્વારથી પ્રભુજી તુમ સમકો નહિ રે,
થઇ બેઠા મ્હોટા વીતરાગ;
રાગમાં મુકી પ્રભુ ચાલ્યા ગયા રે,
જેમ વન ઊભો સૂકે સાગ...પાર્શ્વ૦ ૨

એમ કેમ સ્વારથ સાધે ચાલશે રે,
નામ ધરાવો મ્હોટા રાજ;
ભીડ ભંજન મન રંજન કેમ કહું રે,
જો નવિ સાધો સેવક કાજ...પાર્શ્વ૦ ૩

પ્રભુજીને તારક વારક જન કહે રે,
પણ નવિ માનું હું જિનરાજ;
માનું સેવક ને ઉગારશો રે,
જેમ ઊદધિમાં તારે જહાજ...પાર્શ્વ૦ ૪

કમઠ હઠી મદ ભંજન સાહિબા રે,
દાયક દર્શન પદ જગસાર;
પાતાલ લોકથી પ્રભુજી પધારીયા રે,
જરા કુલ જાદવની હરનાર...પાર્શ્વ૦ ૫

સંવત ઓગણીસે નવાણું એ રે,
આવ્યા રત્નત્રયીને કાજ;
પોષ કૃષ્ણ દશમી દિને ભેટીઆ રે,
અઠ્ઠમ તપ કરી પ્રભુને આજ...પાર્શ્વ૦ ૬

સૂરિગણ શોભે આનંદસાગરૂ રે,
ગણિ ગુણ રયણની ખાણ;
પંન્યાસ ચન્દ્રસાગરજી દિવાકર રે,
ચન્દ્રપ્રભ સમ જિન ગુણ ખાણ...પાર્શ્વ૦ ૭

# પ્રભુ શ્રીમહાવીરનો યતના-ધર્મ.

જૈન ગ્રન્થની પ્રાકૃત કથાનું અવતરણ—

અવતરણકાર—પં. શ્રી હેમસાગરજી.

કોઇક વખત શ્રી વર્ધમાન જીનેશ્વર રાજગૃહી નગર બહાર ગુણશીલ નામના ચૈત્યમાં સમવસર્યા ત્યાં આગળ અનેક દેવ દેવીઓ, મનુષ્યો, તેમજ તિર્યંચો અને સાધુ સાધ્વી આદિ બાર પર્ષદા વચ્ચે બીરાજતા ભગવંત ધર્મોપદેશના આપતાં યતના ધર્મનો ઉપદેશ આપે છે.

"જો સાધુ જયણા પૂર્વક બેસે, ઉઠે, ચાલે, ખાય, પીએ અને બોલે તો નવીન પાપ તો નજ બાંધે, એટલુંજ નહિં. પરંતુ પૂર્વે બાંધેલા કર્મોને પણ ખપાવે. જો સાધુ જયણા રહિત ગમે તેટલું આકરૂં પણ તપ સંયમાદિક આચરે તો પણ તે સુસઢની માફક દુઃખો દુઃખી થઇને ભવાટવીમાં ભટકે છે!"

આ અવસરે પ્રભુશ્રી વીર ભગવંતના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીજી વિનય પૂર્વક નમસ્કાર કરીને પ્રભુને પુછે છે કે "હે ભગવંત! આપે જે સુસઢ કહ્યો તે કોણ? અને તે સંસારમાં કેવી રીતે રખડયો? તે આપ કૃપા કરી જણાવો."

હવે શ્રી ગૌતમ સ્વામિના પ્રત્યુત્તરમાં પ્રભુ શ્રી વીર ભગવંત પણ ઘણા વિસ્તાર પૂર્વક તે સુસઢની કથાનું ભવ્ય નિરૂપણ કરતાં ફરમાવે છે કે.—

"આ જંબુદ્વીપના અવંતી નામે દેશમાં સંખેડ નામના કોઈક ગામમાં સુજ્ઞશિવ નામનો અતિ નિર્લજ્જ, જન્મથી દરિદ્ર અને દયા વગરનો એક બ્રાહ્મણ હતો, તેને યજ્ઞયશા નામની ભાર્યા હતી. વિષય સુખ અનુભવતાં કોઇક વખતે યજ્ઞયશાએ ગર્ભ ધારણ કર્યો. કાળક્રમે તેણીએ સુજ્ઞસીરી નામની પુત્રીને જન્મ આપીને દૈવયોગે તત્કાળ દેહનો ત્યાગ કર્યો."

પુનઃ ગૌતમસ્વામિ ભગવંતને પ્રશ્ન કરે છે કે—"હે સ્વામિન્ તે કન્યાએ પૂર્વભવમાં એવા કયા કર્મ કર્યા હશે કે જેથી જન્મતાંની સાથેજ એ બાલાની માતા મૃત્યુ પામી હશે?"

અહિં શ્રી વીર વિભુ પ્રત્યુત્તર આપતાં જણાવે છે કે—"હે ગૌતમ! આજ ભરતમાં ધરણી પ્રતિષ્ઠિત નગરમાં શત્રુ સમુદાયનું મર્દન કરનાર અરિમર્દન નામનો રાજા હતો આ. સુજ્ઞસીરીનો જીવ, તે આગલા ભવમાં તે રાજાની રૂપલાવણ્યનું નિધાન અને અનેક ગુણયુક્ત અતિપ્રિય નરકાન્તા નામની રાણી હતી. કોઇક વખતે પોતાની સપત્ની (શોક) રાણીએ ઉત્તમ પુત્રને જન્મ આપ્યો તે વખતે મત્સર અને ઇર્ષ્યાથી તે નરકાંતાએ એવો દુષ્ટ વિચાર કર્યો કે જો આ પુત્રની માતા જલદી મરી જાય તો યેનકેન મારા પુત્રને આખું રાજ્ય, સુખ, વૈભવ, અને ભોગો સ્હેલાઇથી પ્રાપ્ત થાય અને હું પણ ઈચ્છા મુજબ આનંદ કરૂં. એ પ્રમાણે દુષ્ટ એવા આર્ત્ત રૌદ્ર ધ્યાનથી તે નરકાન્તા અશુભ પાપકર્મ ઉપાર્જન કરવા વડે આયુષ્ય પૂર્ણ થયે દુર્ગતિના તીક્ષ્ણ દુઃખોને અનેક ભવો સુધી ભોગવીને સુજ્ઞસીરીપણે ઉત્પન્ન થઇ હતી. હે ગૌત્તમ! તે ભવમાં ઉપાર્જન કરેલાં કર્મો હજુ કંઇક ભોગવવાના બાકી રહેલાં છે, જેથી જન્મતાંની સાથે તેની માતા તત્કાળ મૃત્યુ પામી. હે ગૌતમ! જે જીવો બીજા જીવોનો વધ કરે

છે, જુઠું બોલે છે, વગર આપેલું ગ્રહણ કરે છે, આરંભ પરિગ્રહમાં રક્ત બને છે, મદિરા, માંસ, રાત્રિ ભોજન, તથા અભક્ષ્ય ભક્ષણુ સ્વચ્છંદતાથી કરે છે; તે બીચારા પ્રાણીઓ જન્માંતરોમાં જે તીવ્ર દુઃખો અનુભવે છે તે સમગ્ર દુઃખો કહી પણ શકાતાં નથી.

સુજ્ઞસીરીની માતા મૃત્યુ પામ્યા પછી તે કન્યાના પિતાએ કોઇપણ પ્રકારે અનેક નારીઓને મધુર વચને કરીને ધાવ તરીકે રોકી, ધવડાવી, પાળી પોષીને મોટી કરી. અનુક્રમે તે બાળા આઠ વર્ષની થઇ ત્યારે દુર્ભાગ્યે બાર વર્ષનો ભયંકર મોટો દુકાળ પડયો. તેવા ભીષણુ દુષ્કાળ વખતે બ્રાહ્મણાદિ લોકોના કૂળાભિમાન, સ્વજન ભાઇ બહેન વિગેરેના સ્નેહ સંબંધ, પરોપકાર વૃત્તિ, આશ્રિત અને દુઃખીને શરણુ આપવું. તેમજ ધર્મ, લાજ, મર્યાદા, દાક્ષિણ્યતા વિગેરેનો પણુ નાશ થયો. ભક્ષ્યાભક્ષ્યનો ખાવાપીવાનો વિવેક પણુ લોકોમાંથી ચાલ્યો ગયો. માતાપિતા પુત્ર પુત્રીને પણુ તત્સ્વરૂપે પરસ્પર ગણુતા નથી. માતાપુત્રનો ત્યાગ કરતી હતી એટલુંજ નહિં પરંતુ બ્રાહ્મણો પણુ ચંડાળને ત્યાં ભોજન કરવા લાગ્યા. એ ભયંકર દુષ્કાળના ભારી દુઃખથી કંટાળેલો અને ભૂખરૂપી રાક્ષસીના પંજામાં સપડાએલો તે ભાગ્યવિહીન સુજ્ઞશિવ એક વખતે એવા પ્રકારનો દુષ્ટ સંકલ્પ કરે છે કે હવે મારા ઘરમાં કુટેલું કાંસાનું એક ભાજન પણુ બાકી રહ્યું નથી, કે જે વેચીને પણુ હું પેટ ભરૂં. પહેરવાના પુરાં વસ્ત્રો પણુ નથી તેમજ અલ્પ પણુ ધન નથી કે જે આપીને આવા દુષ્કાળના વખતે મણિરત્નોથી અધિક કીંમતવાળું ધાન્યરત્ન ખરીદ કરૂં. માટે હવે તો દેશાંતર જઇ કોઇક શેઠને ત્યાં નોકરી કરૂં. અથવા તો ભિક્ષાવૃત્તિ કરી ગમે તેમ કરીને દેહ નિર્વાહ કરૂં. પરંતુ પરદેશ જતાં સુધી માર્ગમાં કંઇક ભાતુ તો ખાવા જોઇશેને? જ્યારે એક દીવસનું પણુ મારા ઘરમાં ખાવાનું નથી? હવે શું કરવું? આમ સંકલ્પ વિકલ્પ કરતાં કરતાં એ સુજ્ઞશિવને એવા પ્રકારનો વિચાર આવ્યો કે આ મારી પુત્રીને મારી નાખીને હાલ તો એનુંજ ભક્ષણુ કરૂં અર્થાત્ તો મારી પુત્રીનું માંસ ખાવું તે મને યોગ્ય નથી, તો તેનું માંસ નગરમાં વેચીને તેના પૈસા આવશે તેમાંથી ભાતા માટે અનાજ વેચાતું લાવીશ.

એ નિર્ભાગી સુજ્ઞશિવ આવા પ્રકારનો દુષ્ટ વિચાર કરી રહ્યો હતો, પરંતુ ક્ષણુવારમાં સંભ્રમપૂર્વકજ એનો એ પાપ વિચાર પલટાયો અને બોલી ઉઠયો કે 'હા–હાં, મેં પાપીએ આ કેવા અધમ પ્રકારનો સંકલ્પ કર્યો? અતિ નિષ્ઠુર અને નિર્દય એવા ચંડાળો પણુ પોતાની પુત્રીને માટે જે વિચાર ન કરે તેથી પણુ મેં અધમ વિચાર કર્યો. હું બ્રાહ્મણુ હોવા છતાં પણુ ખરેખર હીનજાતિનો છું કે જેણે પોતાની પુત્રીને પણુ મારી નાખીને આજીવિકાનો વિચાર કર્યો. ધિક્કાર છે મને એમ ગતિ પશ્ચાતાપ કરીને એ સુજ્ઞશિવે પુનઃ વિચાર કર્યો કે કોઇક શેઠને ત્યાં આ બાળાને જીવતી વેચીને તેના આવેલા પૈસાથી ભાતુ ખરીદીને દૂર દેશાવર જાઉં. એવો નિશ્ચય કરીને કોઈ એક સમૃદ્ધિ સંપન્ન એવા ગોવિંદ નામના શ્રાવકને ત્યાં પુત્રી વેચીને તેણે અનાજ ખરીદ કર્યું.

હે ગૌતમ! ત્યારબાદ તે ગામના રહીશ નગરજનોને ખબર પડી કે આ બ્રાહ્મણે પોતાની પુત્રીને વેચી છે. એથી પણુ નગરના લોકોએ તેને ઘણો ફીટકાર આપ્યો અને કહેવા લાગ્યા

કે ધીક્કાર છે તારી જાતને-લોકોના અતિ-અપમાનજનક વચનો સાંભળીને તે બ્રાહ્મણ તત્કાળ નગર બહાર નીકળી પડયો. ફરતો ફરતો અનુક્રમે તે ભૂવનાલંકાર નામના નગરમાં આવી પહોંચ્યો. ત્યાં પણ લોકોની કન્યાઓનું હરણ કરીને વેચી નાખવા લાગ્યો. આવા પ્રકારની અધમ પાપવૃત્તિથી તેણે ઘણું ધન ઉપાર્જન કર્યું. અને ઉત્તમ લક્ષણવાળા અનેક રત્નો ખરીદ કર્યાં.

એક બાજુ પોતાની સુજ્ઞસીરી દુર્ભાગી કન્યાના પ્રતાપે પેલા ગોવિંદ શેઠના ઘરની આયુષ્યવત્ દરેક ક્ષણ ક્ષય પામવાના સ્વભાવવાળી લક્ષ્મી પણ રફતે રફતે ક્ષય પામવા લાગી. એકદા શેઠજી વિચાર કરવા લાગ્યા કે ઘરમાંથી ધનનો તો સર્વ પ્રકારે નાશ થયો. જ્યારે હજુ આ દુષ્કાળનો અંત કયારે આવશે તે ખબર પડતી નથી, તો હવે મારે મારા કુટુંબનો નિર્વાહ શી રીતે ચલાવવો ? તેમજ મારા સ્વજન-પુત્ર-પુત્રી-સ્ત્રી આદિ કુટુંબનો ત્યાગ પણ કેમજ કરાય? આ પ્રમાણે શેઠ વિચાર ચલાવી રહ્યા છે તે અવસરે ગોકુળમાંથી કોઈક ગોવાલણ દહીં વેચવા ત્યાં આવી. ગોવિંદશેઠની ધર્મ પત્નીએ તેની પાસેથી દહીં ખરીદ કરીને તેના બદલામાં ચોખા આપવાના નક્કી કર્યા. અને દહીંના ચાર મટકા લઇ પોતાના કુટુંબને ખાવા આપી દીધા. ગોવાલણને ગોકુળમાં જવાની ઉતાવળ હોવાથી શેઠાણીને કહે છે કે "હે શેઠાણી મને ઠરાવેલા ચોખા જલદી આપો કે જેથી હું મારે ઘેર જલદી પહોંચી જઉં."

ત્યારે શેઠાણીએ સુજ્ઞસીરીને કહ્યું કે 'હે પુત્રી ! કાલે શેઠ રાજાને ત્યાંથી જે ધાન્ય લાવ્યા છે. તેમાંથી આ ગોવાલણને થોડાક ચોખા આપ.' હવે સુજ્ઞસીરી ચોખા લેવાને અંદરના કોઠારના ઓરડામાં જઇ તપાસ કરે છે છતાં થોડું પણ ધાન્ય દેખાતું નથી. એટલે આવીને શેઠાણીને કહે છે કે -'હે માતાજી ! અંદર લગીર પણ ધાન્ય નથી તો કયાંથી આપું'. એમ કહે છે એટલે તેને બ્રાન્તિ થાય છે કે મેં જાતે બધું ધાન્ય ત્યાં મુકયું એટલામાં કયાં જાય ? એમ વિચારી પોતે અંદરના ખંડમાં જેવી પ્રવેશ કરે છે તેટલામાં પોતાના મોટા પુત્રને વેશ્યાની સાથે બેસી ભોજન કરતો દીઠો. છોકરાએ જેવી માતાને આવતા દેખી કે તરતજ લાલચોળ આંખ કરી ભ્રકુટી ચઢાવી તેની માતાને કહ્યું કે-'હે ડોકરી ! જો અંદર આવીશ તો જીવતી રહેવા નહિ પામીશ.' આવા પ્રકારનું પોતાના મોટા પુત્રનું અનિષ્ટ વચન સાંભળીને શેઠાણી મનમાં અત્યંત ખેદ પામી અને મૂર્ચ્છા આવવાથી પૃથ્વી પર ઢળી પડી. એટલે સુજ્ઞસીરીએ મોટી રાડ પાડી કે 'માતાજી ભોંયપર ઓચીંતા ઢળી પડયા અને લાકડા જેવા ચેષ્ટા વગરના થઇ ગયા છે' તે બુમ સાંભળતાની સાથે ગોવિંદશેઠ એકદમ આવીને ચંદન જળ છાંટીને સ્વસ્થ કરીને તેને પુછે છે કે 'આમ એકાએક આ શું થયું' ત્યારે હવે શેઠાણી જવાબ આપે છે કે-'હે સ્વામિન્ ! આ ગોવાલણને ચોખા આપવાના હતા તે લેવા અંદર આવી એટલે આ કુલાંગાર પુત્રના વચનો સાંભળી મૂર્ચ્છા આવી અને જાતિ સ્મરણ તેમજ ઉત્તમ ભાવના પ્રગટ થઈ જાતિ સ્મરણ જ્ઞાનથી મેં મારા કેટલાક પૂર્વભવો જાણ્યા છે અને તેથીજ ધન, સ્વજન ઉપરનો મારો રાગ ગળી ગયો છે.

અહિં સાક્ષાત્ મારો નજર આગળ શ્રાવક

ધર્મ શુદ્ધ દેવાદિ પામીને પણ જે પુત્ર ખાતર કુભંડી દેવી દેવતાની પૂજા, માનતાઓ, તપ, જપ, સેંકડો કર્યા. અને સમ્યકત્વ ગુમાવ્યું. વળી નવ માસથી અધિક વખત સુધી કુક્ષીમાં સ્નેહથી ધારણ કરી રાખ્યો. જન્મતાંની સાથે ઘણી વધામણીઓ તેમજ દાન આપ્યાં. બાળ-અવસ્થામાં મોહાધિન થઇને અનેક વખત પીસાબ, ઝાડા કરી મારા સારા લુગડાં પથારી બગાડે તો પણ દુગંછા કર્યા વગર સાફ કર્યાં મિષ્ટ અને સ્વાદીષ્ટ ભોજનો તૈયાર કરી ખવડાવી રાત દિવસ તેને પોષ્યો. તેમજ સ્નાન અંગ-મર્દન વિલેપનાદિ વસ્તુથી ઘણા પ્રકારે તેનું સર્વ સાચવી મોટો કર્યો તે પુત્ર આજે યૌવના-વસ્થા પામ્યો એટલે મારા મનમાં કંઇક મનોરથો થયા કે આ પુત્રના પ્રભાવથી સ્નેહી સ્વજન કુટુંબી વર્ગ મારી પૂજા-ચાકરી કરશે.

અને મારી આશાઓ પૂર્ણ થશે અને હવે હું સુખ પૂર્વક કાળ નિર્ગમન કરીશ. તેથી જેના માટે મેં મારા શરીરના ભોગ વિલાસ સુખ સાહ્યબીનો ત્યાગ કર્યો. તે કુપુત્રે આજે મારી નજર આગળ કુળને કલંક દેનારૂં એવું કુકૃત્ય કરી મને નિષ્ઠુર વચનો સંભળાવ્યા. વળી મને હવે પશ્ચાતાપ થાય છે કે પુત્રમાં મોહાધીન થઇ મેં પરલોકમાં હિતકારી એવાં ધર્માનુષ્ઠાનો કશાં ન કર્યાં. મુક્તિરૂપી વૃક્ષના બીજ સમાન સમ્યકત્વને રૂડી રીતે ન સાચવી રાખ્યું. દર્શન શુદ્ધિ કરનાર એવી જીનબિંબોની પૂજા તેમજ વિધિ પૂર્વક ત્રિકાલ ચૈત્ય વંદન પણ ન કર્યું. તેમજ પરોપકાર શકિત અનુસાર તપ પણ ન કર્યો. પર્વ દિવસે પૌષધ અને હંમેશા સામાયક પણ ન કર્યું આ પુત્ર તેમજ ઘરના કાર્યને અંગે ધાર્મિક નવીન અભ્યાસ ન કર્યો, પૂર્વે ભણેલું પરાવર્તન ન કરવાથી તે ભણેલું પણ ભૂલી ગઈ. વધારે શું કહેવું ? પાપી કુટુંબમાં મોહાધીન થયેલું મન હોવાથી અલ્પ પણ ધર્મ ન કર્યો. હા ખરેખર મેં આ મહામુશીબતે મળેલો ધર્મ તેને આ જંજાળમાં ગુંચવાઇને ગુમાવ્યો અને મનુષ્ય જન્મ હારી ગઇ. હે ભાઇઓ ! બંધુઓ આ ભયંકર દુઃખદાયી એવા સંસારમાં સ્વજન કુટુંબીઓ ઉપર કૃત્રિમ અને સ્નેહથી મને સર્યું.

આ જગતમાં નક્કી ધર્મજ માતા, બંધુ, મિત્ર કે સ્વજન વર્ગ છે. અને ધર્મજ હિત યશ સકળ સુખ આપનાર સ્વર્ગ અને મોક્ષનું કારણ છે. તે ધર્મનું પૌષધ, સામાયક પ્રતિ-ક્રમણ, પૂજા, પ્રભાવના, તપ, દાન શીલવડે પોષણ કરવું જોઇએ અને ઉપદેશ પણ તેનોજ આપવો જોઇએ. કારણ કે આ પુત્રાદિક કોઇ સાથે આવનાર નથી પરંતુ આ આચરેલો, સેવેલો ધર્મ એ નિશ્ચે જીવની સાથે જનારો છે. જે કારણ માટે આ મનુષ્ય જન્મમાં અને આજીવલોકમાં સમ્યગ્જ્ઞાન દર્શન અને ચાત્રિની આરાધના કરી શકાય છે. પરંતુ તે આયુષ્ય તો દરેક ક્ષણે-દરેક સમયે હાથની અંજલીમાં રહેલા જળની જેમ ઝરતું ઝરતું ઓછું થાય છે, તેમ દરેક સમય ઘટતું જાય છે. તે આયુષ્ય પણ ઘણું ક્ષીણ થાય છે, ત્યારે શરીરમાંથી દિન પ્રતિદિન બળ, વીર્ય, શકિત વિગેરે ઘટવા માંડે છે અને છેવટે ખોખરી હાંલ્લીની માફક અસાર થઇ જાય છે. અત્યાર સુધી અતિ પવિત્ર અને એકાંત હિતકારી એવાં તપ, જ્ઞાન, ચારિત્ર, સમ્યકત્વ ધારણ ન કર્યા. આજે શરીરના ગાત્રો સત્વ અને શકિતહીન થયાં છે અને વૃદ્ધાવસ્થા-રૂપી રાક્ષસીના મુખમાં કોળીયો કરાઇ છું.

યુવાવસ્થામાં મને દેખી જે લોકો આનંદ પામતા હતા તેઓ આજે મને દેખીને ઉદ્વેગ પામે છે. માથાના પળીયા આવી ગયા છે. ચામડીમાં કરચલી પડી ગઇ છે. દાંત પડી ગયા છે. મુખમાંથા લાળ ગળી રહી છે. શરીરની શોભા ઉડી ગઇ છે. અરે આ વૃદ્ધાવસ્થા દુષ્પ્રેક્ષ્ય છે. ઘાસની અણી ઉપર રહેલ જળના બિન્દુ સમાન ચંચળ એવા આ જીવિતમાં-ક્ષણભંગુર શરીરમાં સમજુ અને વિવેકી પુરૂષોએ અલ્પ પણ મૂર્ચ્છા કરવી યોગ્ય નથી. હવે જ્યાં સુધી વૃદ્ધાવસ્થા આવી નથી, ઇંદ્રિયોની હાનિ થઇ નથી, શરીર પણ સ્વસ્થ છે, રોગાદિકથી ગ્રસ્ત થયું નથી ત્યાં સુધી સર્વ પ્રયત્નથી સતત ધર્મમાં પ્રયત્ન કર. વળી તે સર્વવિરતિ પાંચ મહાવ્રત ધારણ કરવા રૂપ છે. તે સર્વવિરતિરૂપ યતિધર્મને છોડીને આખા જગતમાં બીજો કોઇ ધર્મ નથી. ભવસમુદ્રમાં ડૂબતા એવા જીવોને તે ધર્મ જહાજ સમાન છે. જગતમાં સિદ્ધોનું દેવતાઓનું કે મનુષ્યોનું જે કંઇ પણ સુખ છે તે સર્વનું મુખ્ય કારણ આ જિનેશ્વર કથિત ધર્મજ છે. તેથી હવે અહિં મનુષ્યત્વાદિક દુર્લભ સામગ્રી પ્રાપ્ત કરીને જો ચારિત્ર અંગીકાર નહિ કરો તો જગતમાં કયાંય પણ તમોને શરણ મળવાનું નથી. આ ભવમાં સમ્યકત્વ રત્નને પામીને આવતા ભવમાં ધર્મ આરાધશું એ આશાએ અહિં કંઇ ન આચરે તો ભવાંતરમાં પણ અભ્યાસ વગર તે વસ્તુની પ્રાપ્તિ થતી નથી. અભ્યાસ-મહાવરો-પ્રેકટીસ હોય તોજ તે સંસ્કારો જન્માંતરમાં સાથે આવે છે.' ઇત્યાદિક જાતિ સ્મરણથી જેટલામાં શેઠાણીએ સર્વ વૃત્તાંત કહ્યો તેટલામાં ગોવિંદ શેઠ પ્રતિબોધ પામ્યા અને બોલ્યા. "હે પ્રિયા ! આ મોહરૂપી રાત્રિને વિષે ભવરૂપી ગહેલમાં પ્રમાદરૂપી અગ્નિથી જે આગ લાગી તે વખતે અજ્ઞાન નિદ્રામાં સૂતેલા એવા મને તેં આજે જગાડયો. ખરેખર સંયમવંત એવા સાધુ પુરૂષો દ્રવ્યથી કદાચ સુતેલા હોય તો પણ તે જાગેલાજ છે. અને જાગતા એવા મિથ્યાદૃષ્ટિ અધર્મીઓ તો પરમાર્થથી સૂતેલાજ છે." આ પ્રમાણે પ્રતિબોધ પામીને તે ગોવિંદ શેઠે ઘણા સ્રી પુરૂષ અને શેઠાણી સહિત શ્રુત કેવળી શ્રી ગુણધર નામના આચાર્યના ચરણ કમળમાં દીક્ષા અંગીકાર કરી. દીક્ષા લીધા પછી સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રની નિર્મળ આરાધના કરીને તેજ ભવે તે દરેક સિદ્ધિપદને પામ્યા. "

શ્રી ગૌતમ સ્વામી શ્રીવીરભગવંતને પ્રશ્ન કરે છે કે—"હે પ્રભો ! એ શેઠાણીએ પૂર્વે એવું શું સુકૃત કરેલું જેથી સુલભબોધિ બનીને અનેક લોકોને સમ્યકત્વ પમાડનારી થઈ ?" ભગવંત શ્રી વીરપ્રભુ ફરમાવે છે કે—"હે ગૌતમ! પૂર્વ જન્મમાં તેણીએ ગુરૂમહારાજ પાસે શલ્ય રહિતપણે આલોયણા લઇને ગુરૂ મહારાજના કહેવા પ્રમાણે સંપૂર્ણ પ્રાયશ્ચિત કર્યું હતું તે નિર્મળ ચારિત્ર પામીને ઇંદ્રિ મહારાજાની અગ્રમહિષી થઇ. ત્યાંથી ચ્યવી અહીં શેઠાણીપણે થઈ છે." ફરીવાર ગૌતમ મહારાજા ભગવંતને પ્રશ્ન કરે છે કે—"હે ભગવંત ! શું પહેલાં આ સાધ્વી હતી ?" ત્યારે ભગવંત કહે છે કે— "હે ગૌતમ! પહેલાં તો એ મહાન્ ગચ્છનો નાયક હતો." જેઓનો સંસાર પરિમિત હોય તેવા ગચ્છનાયકને પણ પંડિતપુરૂષોને નિંદનીય, અપયશની ખાણ અને કલેશ, કંકાશ અને કલંકાદિ દોષના ઢગલારૂપ સ્રીવેદ બાંધવાનો

હોય ખરો ? અને જો હોય તો તે ગચ્છ નાયકે એવું શું પાપ કર્યું કે જેથી તેમણે સકલ પાપોના સ્થાનરૂપ સ્ત્રીવેદ ઉપાર્જન કર્યો ? શ્રી ગૌતમસ્વામીએ કરેલા પ્રશ્નના ઉત્તરમાં ભગવંત શ્રી વીરવિભુએ ફરમાવ્યું કેઃ—

"હે ગૌતમ ! તે વખતે તે આચાર્યના ભવમાં તો તે મહાનુભાવે મન વચન અને કાયાથી અલ્પ પણ માયા-કપટ કરી નહતી, પરંતુ એ મહાનુભાવ એક વખત આ ભરતક્ષેત્રમાં ચક્રવર્તી હતો. તે ચક્રવર્તીએ કોઇક વખતે ભવથી કંટાળીને સદ્‌ગુરૂની પાસે દીક્ષા અંગીકાર કરી. દીક્ષા અંગીકાર કર્યા બાદ ગ્રહણ અને આ. સેવન રૂપ બંન્ને પ્રકારની શિક્ષા તેમજ સૂત્ર અર્થ અને તદુભય વિધિનો એ જાણકાર થયો. એટલે ગુરૂમહારાજાએ પણ તેને આચાર્યપદ સમર્પ્યું. હંમેશાં પંચાચાર પાળતો તેમજ દેશનાશકિતથી અનેક જીવોને પ્રતિબોધ કરતો હતો તે મહાનુભાવ નિર્મળ છત્રીશ ગુણને ધારણ કરનાર યુગપ્રધાન થઇને વિધિપૂર્વક ગચ્છનું પાલન કરતો હતો. પરંતુ પૂર્વભવની માયાથી તે દેવીપણે ઉત્પન્ન થયો હતો."

હે ગૌતમ ! આ ગોવિંદ શેઠના ઘેર જે શેઠાણી પણે ઉત્પન્ન થઇ તે પૂર્વના લાખમા ભવ પહેલાં શ્રી ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં કોઇક સામંત રાજાની રૂપ્પિણી નામની પુત્રી હતી. ક્રમે યુવાવસ્થાને પ્રાપ્ત થયેલી તેણીનો તેના પિતાએ વિવાહ કર્યો. દૈવયોગે વિવાહ બાદ તુર્તજ તેનો સ્વામી મરી ગયો. ભર્તારના વિરહે તેમજ શોકાગ્નિથી બળી જળી રહેલ એવી તે પુત્રીને એકદા તેના પિતાએ અમૃત સરખાં વચનોથી શાંત કરીને કહ્યું કે-"હે વત્સ ! આ દુઃખ જેનો પ્રતિકાર અશકય છે, એવા પૂર્વકૃત કર્મોનો વિપાક સમજીને હવે તું ધર્મ કાર્યમાં વિશેષ ઉજમાળ થા. હે પુત્રી નિશ્ચિંતપણે ધર્મકાર્ય કરવા માટે તને પાંચસો ગામ આપું છું તેની જે આવક થાય તેની ઉપજમાંથી જિનભવનો બંધાવ, તેમજ હંમેશા શ્રી તીર્થંકર પરમાત્માની ઉત્તમ પુષ્પ વિલેપનાદિકથી પૂજા કર. મોટા સ્નાત્રમહોત્સવો કર. શ્રી જિનેશ્વરદેવના પંચ. કલ્યાણકોના દિવસે બલિકર્મ તેમજ વીશ મોટા ઉત્સવો કરી પરલોકના કાર્યમાં મદદગાર એવા શ્રાવક શ્રાવિકાનું વસ્ત્ર, આભૂષણ, આસન, અને અશનપાનાદિ વડે સત્કાર અને સન્માન કર. સાધુ સાધ્વીજીઓને પ્રાસુક અને અર્પણીય ભાત પાણી વસ્ત્ર પાત્ર વસતિ ( મકાન ) અને ઔષધાદિકનું નિરંતર દાન કર તેમજ દીન અનાથ દુઃખી તેમજ વ્યાધિથી પીડાતા આંધળા લુલા લંગડાને દુઃખદારિદ્રયાદિકનાશક દાન દે. નિર્મળ શીલરત્ન ધારણ કર. અને ઉત્તમ શ્રાવકધર્મનું પાલન કર, જેથી પરભવમાં સેંકડો દુઃખના કારણભૂત વિધવાપણું પુનઃ પ્રાપ્ત ન થાય."

આ પ્રમાણે જ્યારે પિતાજીએ યોગ્ય હિત શિક્ષાના વચનો તે વિધવા પુત્રીને કહ્યાં ત્યારે અશ્રુમિશ્ર નેત્રોવાળી તે રાજપુત્રી રૂપ્પિણી પિતાજીને ગદ્‌ગદ્ સ્વરે કહેવા લાગી કે-"હે પિતાજી ! આપે જે કહ્યું તે હું બરાબર સમજી શકી છું, તો પણ હે પિતાજી ! મારા માટે કાષ્ટની ચિતા તૈયાર કરાવો. વિજળી જેવા ચપળ સ્વભાવવાળો સ્ત્રીપણાવડે કરીને ચંદ્ર સમાન ઉજ્વળ અને ત્રિભુવન વિખ્યાત કીર્તિવાળા આપના નિર્મળ કુળને કર્મવશાત્ ભવિ-

ષ્યમાં પણ કલંકિત ન કરૂં એ હેતુથી હું તો હવે બળીજ મરીશ.

હે પિતાજી! ઘણે ભાગે સ્ત્રીઓ નદી માફક નીચગામી, વિજળી માફક ચપળ હૃદયવાળી અને ભયંકર સર્પની માફક કુટિલતા ધરનારી હોય છે. રાત્રિ પૂર્ણ થયા પછીના દીવા જેવી, સંધ્યાના રંગ સરખી ક્ષણ રક્ત ક્ષણ વિરક્ત તેમજ કવચના વનની જેમ ઉદ્વેગને કરાવનારી હોય છે. વિશેષ આપને શું કહું? હે પિતાજી જલદી આપ કાષ્ટની ચિતા તૈયાર કરાવો. જેમાં બહુ દોષના નિધાનભૂત આ મારા દેહને ભસ્મીભૂત કરી નાખું. પોતાની કુળવાન પુત્રીની આ વાત સાંભળી તેણીનો પિતા સામંત રાજા ક્ષણભર વિચાર કરે છે કે મારા કુળની યશકીર્તિના રક્ષણ ખાતર આ મારી વહાલી પુત્રી બળી મરવા તૈયાર થાય છે. ખરેખર મારા કુળને ધન્ય છે કે જેના કુળમાં આવી ગુણશાળી યુવાન પુત્રી જન્મી છે. શું આ પુત્રીની બુદ્ધિ! કેવો એનો વિવેક! અહો એનો ધીરજ! અહો એનો વૈરાગ્ય! તેમજ અહો કુળને કલંક લાગવાની ભીતિ! જે સકળ ગુણના શિરોમણીભૂત એવા સુશિયળ અલંકાર વડે શોભી રહી છે. ખરેખર અનેક ગુણના સમુદાયવાળી આ પુત્રી મારે પણ ક્ષણે ક્ષણે નમનીય છે.

(અપુર્ણ)

## રજીસ્ટર કાર્ડ.

સુરત, ગોપીપુરા
નેમુભાઈની વાડી સં. ૨૦૦૧
જેઠ સુદ ૧૨ મુનિ ચંદનસાગર.

**વિજય રામચંદ્રસૂરિ યોગ્ય.**

લી. મુનિ ચંદનસાગર. જામનગર.

જત ભાઇ વિઠ્ઠલદાસ મોહનલાલ પરીખે જાહેર પેપરોમાં "ઘણા વર્ષો પૂર્વે પૂ. આચાર્યદેવે લખેલી ચીઠ્ઠીઓમાં કેટલેક સ્થળે ફાવતો ફેરફાર કરી નાંખીને તે પછીથીજ મજકુર ચીઠ્ઠીઓના બ્લોકો બનાવરાવીને ઉપર જણાવેલી પ્રકારે તેની જાહેરાત કરવામાં આવી છે."

આ પ્રમાણે છપાવ્યું છે તો તે બાબતમાં તમને વિનંતિ કરવાની કે:—

૧. તમે તે વાત કહી છે કે નહિં?

૨. જો કહી હોય તો વિઠ્ઠલદાસને એકાન્તમાં કહી છે કે જાહેરમાં?

૩. વિઠ્ઠલદાસ તમારા હસ્તાક્ષરની પકડાયેલી ચીઠ્ઠીઓની હકીકતમાં જે કાંઈ ફેરફાર જણાવે છે, તે આપેજ કહેલો છે કે કેમ?

૪. જો તમે કોઈ તમારા વિશ્વાસુ મનુષ્યને મોકલીને આ ચીઠ્ઠીઓ બીજા પ્રસંગની છે, બીજા વર્ષોની છે. વિગેરેની સંપૂર્ણ ખાત્રી થાય તેવી રિતે સમજાવી શકે તો શ્રી જૈન ધર્મપ્રભાવક સમાજ વિગેરેને સાચી હકીકત ચોક્કસ ગળે ઉતારી શકીશ તેની ખાત્રી આપું છું.

**તા. ક:** તમારો પ્રતિનિધિ તે ચીઠ્ઠીઓ વિઠ્ઠલદાસના લખાણ પ્રમાણેની છે એમ જ્યાં સુધી ખાત્રી થાય તેમ સમજાવી શકે નહિં ત્યાં સુધી તો મોહનલાલ સખારામનો કાગળ, ક્ષમાભદ્રસૂરિનો કાગળ, તમારા કાગળો, લક્ષ્મીચંદના કાગળો અને લક્ષ્મી બ્હેનના તા. ૧૪ બુધવારનો કાગળ. આ બધા કાગળો અને તે બધા કાગળોની હકીકતો બન્ને સંપૂર્ણ રિતે જૈન જનતા સત્ય માની આવી છે અને માને છે, અને માનશેજ તેમાં કોઈ પણ બુદ્ધિમાન મનુષ્ય વાંધો લઈ શકેજ નહિં. આશા છે કે આ કાગળનો ઉત્તર આપશો કે જેથી જાહેર પત્રોમાં આ મોકલવાની જરૂર ન પડે.

લી० **ચંદનસાગર.**

(**તા.** ક: હજુ સુધી તેમના તરફથી તેમને કોઈ પણ પ્રતિનિધિ તરીકે મોકલ્યો નથી એટલે આ કાગળ પૂજ્ય ચંદનસાગરજી મહારાજ તરફથી છાપવા મળ્યો છે જે અત્રે રજુ કર્યો છે.)

# આગમોદ્ધારકની અમોઘ દેશના

વ્યાખ્યાનકારઃ—પ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી, મહારાજ.

સંગ્રાહકઃ—મુનિ સૌભાગ્યસાગર

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન્ શ્રીમાન્ ઉમાસ્વાતિ વાચકજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતા થકા આગળ સૂચવી ગયા કે આ સંસારમાં આ જીવ અનાદિ કાલથી રખડી રહ્યો છે. તે શું કરે છે? દરેક જન્મમાં જન્મ ને મરણ. દેવતા, નારકી મનુષ્ય ને તિર્યંચ આ ચાર ગતિમાંથી કોઇપણ ગતિ લો; એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, ને પંચેન્દ્રિય આ પાંચ જાતિમાંથી કોઈપણ જાતિ લો; પૃથ્વીકાય અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, ને ત્રસકાય આ છ કાયોમાંથી કોઈપણ કાય લો. અથવા જીવના ચૌદ ભેદમાંથી કોઈપણ ભેદ લો. એમાં આ જીવ જન્મ ને મરણ આ બે વસ્તુ કર્યા વગર રહ્યો નથી તેથીજ તે જન્મ ને મરણ દરેક ભવમાં કર્યા ગયો છે પણ કોઇ ગતિ જાતિ કાય કે ભેદમાં આત્માના ઉદયનો વ્યાપાર કોઇ વખત કર્યોજ નથી પણ જન્મ ને મરણ તે બે તો અનાદિ કાલથી કર્યોજ ગયો છે. હવે તેનો છેડો કયારે? તો શાસ્ત્રકાર મહારાજા ફરમાવે છે કે—"सव्वाणिठाणाणि असासयाणि" એટલે જગતમાં જેટલા સ્થાનો છે તે બધા અશાશ્વતા છે પછી ચ્હાય તો સૂક્ષ્મ એકેન્દ્રિય અંતર્મુહૂર્તના પ્રમાણવાળું સ્થાન લો કે ચ્હાય તો સર્વાર્થસિદ્ધ વિમાનનું ૩૩ સાગરોપમ પ્રમાણવાળુ સ્થાન લો પણ ત્યાંથી ત્યારપછી ખસવાનું. તેનાથી વધારે કાલ આ જીવ રહી શકતો નથી કારણ કે ગતિ જાતિ કાયો ને ભેદો આ બધા અશાશ્વતા છે. તો શાશ્વતા રહેવાનું ને જ્યાંથી ફરીથી પાછું આવવું ન પડે એવું સ્થાન શાશ્વત કયું? આપણામાં કેટલાક એવું બોલવાવાળા હોય છે કે મોક્ષમાં ખાવાનું નથી, પીવાનું નથી, પહેરવાનું ઓઢવાનું હરવાનું ફરવાનું કાંઇપણ નથી? તો સુખ શું? તો આવું બોલનારે ધ્યાનમાં રાખવાનું કે શાશ્વતા રહેવાનું જો મોટામાં મોટું સ્થાન હોય તો તે મોક્ષ છે. જ્યાં જન્મ ને મરણનો ભયજ નથી. જેનો ભય જીવને દરેક ક્ષણે ને સમયે રહ્યો છે તે મરણ જ્યાં નથી તેનું નામ મોક્ષ અથવા અમરપટો. બીજી વાત જવા દો. પણ ત્યાં ગયા પછી મરવાનું નથી. હવે બોલ ભાઈ! તારે ખાવું પીવું હરવું ફરવું પહેરવું ઓઢવું વધારે કે મોત નહિ જેમાં એવું વધારે આ બેમાં વધારે શું. આને માટે પર્યુષણમાં આપણે સાંભળીયે છીએ કે એક રાજા હતો. તેને પાંચ રાણીઓ હતી. તેમાં ચાર માનીતી ને એક અપમાનીતી. હવે એક દિવસ રાજા ચાર માનીતી રાણીઓ સાથે ઝરૂખામાં બેઠો બેઠો વાતો કરે છે તેટલામાં તે ઝરૂખાની નીચેથી સજા પામે કોઈ રાજકુટુંબના માણસને ફાંસીએ લટકાવવા લઈ જવાતો જોયો. હવે દુનીઆનો નિયમ છે કે કાયદો ગુનાને અંગે સજા કરે છે તેમાં વ્યકિતની ઉત્તમતા માલદારપણું વિગેરે આડે આવવું ન જોઇએ. જો આડે આવે તો તે કાયદો ન ગણાય. ગુનાને સજાને સીધો સંબંધ વિચારાય તેનું નામ ન્યાય. ગુનો છે માટે સજા થવી જોઇએ. ગુનો નથી માટે સજા ન થવી જોઇએ તેનું નામ ન્યાય પણ ફલાણા ભાઈ ઉત્તમ છે માટે જવા દો તો તે ન્યાય ન ગણાય. પેલો રાજકુટુંબવાળો ગુનેહગાર સાબીત થયો સજા થઈ. તેને પછી રાણીઓએ જોયો તે વખતે રાણીઓને દયા આવી પણ કરે શું? કારણ કે ગુનો કર્યો છે, સજા થઇ છે હવે ઉપાય નથી માટે થાય શું?

જગતમાં એવા કેટલાક વગર વિચાર્યું બોલવાવાળા હોય છે કે ગુનો કર્યો, માટે સજા થવી જોઇએ તેણે સજા ભોગવવી જોઇએ. તેને સજા કરાવવી જોઈએ. આ વસ્તુ જો માનવામાં આવે તો જગતમાં દયા રહેમ કે મહેર જેવી

કોઈ ચીજ નહિ રહે. રહેમ દયા કે મહેર કરવાનાં કોની ઉપર. દુઃખી ઉપર તો દુઃખી કોણ કહેવાય? જુનો પાપી. અને ગુનેગાર કોણ ગણાય? નવો પાપી. પહેલા ભવમાં પાપો ન કર્યા હોય તો અત્યારે દુઃખી ન થાય પણ અત્યારે જે જે દુઃખી થાય છે તે પહેલાના પાપના ઉદયથી. પણ પાપ બાંધ્યા વગર દુઃખી થતો નથી. પાપ બંધાયા કયારે? તો ગુનો કર્યો ત્યારે ગુનો ન કર્યો હોય તો પાપ બંધાયજ નહિ. દુઃખી કોણ? જુનો પાપી. ભવાંતરનો પાપી તે દુઃખી. ગુનેગાર તે આ ભવનો પાપી હવે દુઃખી હોય એટલે દયા કરવાની નહિ એમને એણે પાપ બાંધ્યા છે માટે તેણે ભોગવવા જોઇએ. દયા ચીજ કયાં? સુખીઓ ઉપર દયા રહેમને મહેર કરો? દયા કોની ઉપર? તો કહેવું પડશે કે દયા દુઃખીઓ ઉપર. ગુનેગારને સજા થવી જોઈએ તેણે સજા ભોગવવી જોઇએ. તેને સજા કરાવવી જોઇએ. આ સિદ્ધાંતે ચાલો તો દયા જેવી કોઈ ચીજજ નહી રહે. આ વાત થઈ સમ્યકત્વની. બીજી વાત, આપણે દયા ને અહિંસાને એક માનીએ છીએ પણ અહિંસા ને દયામાં ફરક શો? તે આપણે નથી જાણતા માટે શાસ્ત્રકાર કહે છે કે અહિંસા ને દયા વચ્ચે રાત દિવસનો ફરક છે. શાસ્ત્રની દૃષ્ટિએ દયા સમ્યકત્વના ઘરની છે ત્યારે અહિંસા વ્રતના ઘરની છે. સમ્યકત્વના લક્ષણ પાંચ કયા કયા? તો સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા ને આસ્તિકય. હવે અનુકંપા કોના ઘરની? જીવો ઉપર અનુકંપા કરવી તે સમ્યકત્વના ઘરની દુનિયાની. અપેક્ષાએ દયા એ આપણામાં પ્રસિદ્ધ છે. તેથી જે વસ્તુ પ્રસિદ્ધ હોય તેમાં ઉંડા નથી ઉતરાતું. જેમ રવિવારથી માંડીને શનિવાર સુધીમાં સાત દિવસ થાય છે છતાં આપણે તેને અઠવાડીયું કહીએ છીએ ને બીજો રવિવાર આવે એટલે બીજું અઠવાડીયું શરૂ થયું તેમ માનીએ છીએ. છતાં સાત દિવસ માટે અઠવાડીયું કેમ બોલો છો કહો કે તે પ્રસિદ્ધ છે. તેમ દયા શબ્દ આપણામાં રૂઢ થઈ ગયો છે તેથી તેના ઉંડા અર્થમાં આપણે નથી ગયા આવું ઉત્તમ કાર્ય હોય તો તેને દયા કહીએ પણ ઉંડા ઉતરો તો માલમ પડે કે દયા કેટલી ઉત્તમ કોટીની ચીજ છે. કેમ? તો દરેક જીવ પછી તે ગતિ જાતિ કાય કે ચૌદ ભેદમાંથી ગમે તે ગતિ જાતિ કાય કે ભેદનો હોય પણ તે જીવવાને ઇચ્છે છે. હું જીવું તે ઇચ્છા તો દરેક જીવમાં છે. તેનાથી આગળ વધીએ તો અમે જીવીએ અમે શબ્દ વપરાય કયાં? તો સામુદાયિક દૃષ્ટિ થઈ હોય ત્યાં. સમુદાય સિવાય અમે શબ્દ વપરાતો નથી. એ પરસ્પર સમુદાય ભેગા થઇને થયેલો મહાન સમુદાય ત્યાં? આપણે જીવીએ. છતાં હજુ દયાનો દરબાર છેટો છે. હું જીવું, અમે જીવીએ કે આપણે જીવીએ તેમાં દયાનો દરબાર નથી મલતો. આપણા સાધનના ભોગે આપણા પ્રયત્ને તેઓ જીવે આ બુદ્ધિ આવે ત્યારે દયાના દરબારમાં દાખલ થવાય. તેઓ જીવે તે બુદ્ધિ ન આવે ત્યાં સુધી દયા કયાં? ક્ષણમાં થયેલી દયાની બુદ્ધિ તે અઘોરમાં અઘોર પાપોનો નાશ કરી નાંખે છે એટલી ક્ષણની દયામાં તાકાત છે. આ ઉપરથી ધ્યાનમાં રાખવાનું મેઘકુમારનું દૃષ્ટાંત. તે આપણે દરેક વર્ષે પર્યુષણમાં સાંભળીયે છીએ. આપણે સસલાની વાત ધ્યાનમાં રાખી છે તે કરતાં બીજી વાત ખ્યાલમાં લો. મેઘકુમાર પૂર્વભવમાં કોણ હતો? તો જંગલી હાથી કે જાનવર. કહો તે શું કરતો હતો? એક જોજનની ભૂમિ હતી. તે આખી જમીનમાં વરસાદની શરૂઆતમાં તપાસ કરે ને તેમાં જે થડ વેલડી વિગેરે થયું હોય તેનો નાશ કરે આવી રીતે વર્ષો સુધી કર્યેજ ગયો કારણ કે તેનું આયુષ્ય ૧૨૦ વર્ષનું હતું તેથી સદી સુધી આ કામ તેને કર્યું. તો પછી પાપના પોટલાં બાંધવામાં કયું બાકી રહ્યું? આ સિવાય બીજું તેણે શું કર્યું? હવે તે વાત જવા દઈએ. ચોમાસાની શરૂઆતમાં મધ્યમાં ને અંતમાં આખી જોજનની જગા સાફ કરે તેમાં પાપના પોટલાનો હિસાબ ખરો! બીજા જંગલીપણામાં પાપો નહિ બન્યા હોય કે બન્યા હોય તે તો તે જાણે કારણ કે યુથનો માલીક તેથી તેને કેટલાએ જીવોને હેરાન કરેલા, મારી નાંખેલા વિગેરે પાપો તો થયા હશેને? પરંતુ જ્યારે એ થયું કે મારા અમારા કે આપણા દુઃખે પણ આપણા સુખના ભોગે પણ તે જીવે. આ બુદ્ધિ સસલાને

અંગે થઈ કે બીજા કોઈના અંગે આપણો હાથ ભાંગ્યો હોય ને તે હાથ જ્યારે અદ્ધર રાખવો પડે છે તો તે આપણને પાલવતું નથી પણ પાટો બાંધવો પડે છે ત્યારે હાથી જેવાને પગ અદ્ધર રાખવો પડયો તેમાં તેને કેટલી મુશ્કેલી પડી હશે.

છતાં, એક સિદ્ધાંત, મારા અમારા આપણા સુખના ભોગે તે જીવે, ને જીવે હવે વિચારો તેની દૃષ્ટિ કયાં? મારા સુખના ભોગે, મારા કિંચિત મહાન દુઃખે પણ તે જીવે આ દૃષ્ટિ આવી. વિચારો કે જંગલી હાથી જેવા પ્રાણીમાં આ દૃષ્ટિ આવી. સસલાને બચાવવામાં મારા સુખે દુઃખે, સાધનના ભોગે પણ તે જીવે ત્યારે શું થયું? હું જીવું, તેના કરતાં ચડિયાતું અમે જીવીએ, તેના કરતાં ચડિયાતું આપણે જીવીએ; ત્યાંસુધી દયાનો દરબાર છેટો, પણ દયાનો દરબાર કયાં? તો તે જીવે ત્યાં આગળ સંબંધ ને સંપર્કને સ્થાન છે. એકજ જીવને અંગે તે મેઘકુમારને આવો પ્રસંગ આવ્યો પણ તે એકજ ક્ષણ અંગે મારા સુખના ભોગે ને દુઃખે પણ તે જીવે આ બુદ્ધિ આખા જંગલીપણાના કર્મને ફેંકી દેનારી થઈ. જે હાથીની આ બચાવ બુદ્ધિ તે પણ મરવાના ટાઇમે ને પાછી છેલ્લા ભાગમાં. પહેલાં દયા કરેલી નથી કારણ કે જંગલીપણામાં દયાની મુશ્કેલી. છતાં, આ દયાની બુદ્ધિએ જંગલીપણાના પાપોનો નાશ કર્યો ને મનુષ્યપણું બંધાવ્યું ને સંસાર પાતળો કરાવ્યો એમ શાસ્ત્રકારે જણાવ્યું.

આ બધું શાના પ્રતાપે? તો મારા સુખને ભોગે, મારા દુઃખે પણ તે જીવે તેના પ્રતાપે. મનુષ્યપણું તો અભવ્ય ને મિથ્યાદૃષ્ટિ પણ અનંતી વખત બાંધે છે તેથી ભવ્ય ને સમકિતના ત્યાં મનુષ્યપણું રજીસ્ટર નથી. ત્યારે જોડે સંસાર પાતળો કરે છે એમ સૂત્રકાર મહારાજા જણાવે છે. કયાં જંગલી જાનવર. જીવન! તેવા વખતમાં એક ક્ષણની દયા આ સંસારને પાતળો કરે, મનુષ્યપણું બંધાવે અને જંગલીપણાના પાપોને નાશ કરે એટલુંજ નહિ પણ એ ક્ષણની દયા બીજા ભવમાં જિનેશ્વર ભગવાનનો યોગ કરી આપે ને તેમજ ચારિત્રનો પણ યોગ કરી આપે.

એક ક્ષણની આવેલી દયાની બુદ્ધિ તે કેટલું કામ કરે છે તે વિચારો તેથી તું મિથ્યાદૃષ્ટિ હતો એમ શાસ્ત્રકાર કહે છે. જો આ સમકિતનો ગુણ ન હોત તો મિથ્યાત્વીમાં દયાનો સંભવ કયાંથી હોત? પહેલું અહિંસા. અહિંસા કંઇ ચીજ તો તેનો ભેદ ધ્યાનમાં લો. હું જીવું અમે જીવીએ અને આપણે જીવીએ પરંતુ તે જીવે તે બુદ્ધિ તેમજ આપણા સાધનોના યોગે ને આપણા સુખના ભોગે પણ તે જીવે તેનું નામ દયા અને તે સમકિતના લક્ષણ તરીકે. માટે મિથ્યાત્વીમાં પણ થાય. અહિં કોઇએ પ્રશ્ન કર્યો કે જે વખતે દયા થાય તે વખતે તે મિથ્યાત્વી કેમ ગણાય? તો ઉત્તરમાં જણાવ્યું કે તેને કર્મ ખપાવવાનું કે મોક્ષનું ધ્યેય નહોતું. લગીર બારીક દૃષ્ટિએ વિચારીએ તો અહિંસા એટલે શું? ત્યારે મોતીભાઇ જેવા કહેશે કે હિંસા ન કરવી. તેમાં અઢળક પુણ્ય જ્યારે દયાના દુશ્મનો કહે છે કે હિંસા ન કરી અહિંસા કરી. હવે તેને કહીયે કે તારા અહિંસા શબ્દ ઉપર આવીએ હિંસા ન કરવી તે અહિંસા ને તે અઢળક પુણ્યને એમ તો હોય. હવે આને કબુલ કર પછી આગળ ચાલીએ. વ્યવહારની અપેક્ષાએ મચ્છીમાર જગતના કેટલા માછલાં મારે ને કેટલા માછલાં ન મારે. ત્યારે મચ્છીમાર જગતના માછલાના હિસાબમાં લાખોમા ભાગના મારશે. આ તો ક્રોડ હોય તો તેની અપેક્ષાએ હવે કેટલા બચ્યા? તો ૯૯૯૯૦૦૦ બચ્યાંને? ત્યારે આ બચ્યાં તેમાં પાપ ન લાગ્યું ને? ન મારવું તેનું નામ ધર્મ કે બચ્યા તેનું નામ ધર્મ. સસલાની હિંસા ન કરવી એટલે ધર્મ થયો તો જેટલા જીવો ન માર્યા તે બધાને ધર્મ ગણવો ને? દયાને લઈ ગયો અહિંસામાં ને પાછું તેને પુરવાર ન કરી શકયો. અહિંસાનો અર્થ હિંસા ન કરવી હોય તો? તો તો કષાઇને અને મચ્છીમારને ફલ ઘણું ને તોટો આછો. અહિંસા ચીજ કઈ છે! તે તો પહેલાં કહે? હિંસા ન કરવી તેનું નામ અહિંસા અને તેનુંજ નામ પુણ્ય હોય તો? મચ્છીમારને પુણ્ય વધારે આ વાત થઈ વ્યવહારની દૃષ્ટિની. હવે શાસ્ત્રની દૃષ્ટિએ વિચારીએ તો પરમ

અહિંસક પરમ દયાળુ ને પરમ અહિંસાના ઝંડાવાલા કોણ? તો સુક્ષ્મ એકેન્દ્રીય. કેમ? તો તે જીવો એવા છે કે ન તેઓ કોઇથી મરે ને ન તેઓ કોઇને મારે. જેમ દ્રષ્ટાંત તરીકે કાચ અને અજવાળું. કાચ જેમ અજવાળાને ન રોકે તેમ અજવાળું કાચને ન રોકે, અજવાળું હોય તો કાચ ચાલ્યો જાય ને કાચ હોય તો અજવાળું ચાલ્યું જાય છે જેમ કાચ અને અજવાળું આ બે કોઈ કોઇની રોકટોક વગરના છે, તેમ સૂક્ષ્મ એકેન્દ્રિય ચૌદ રાજલોકમાં રોકટોક વગરના છે તે કોઇને રોકે નહિ અને પોતે કોઈથી રોકાય નહિ.

આ સ્થિતિ તમારા અયોગી કેવળીને મળવાની નથી. કેમ? તો અયોગીને શરીર પડયું છે તેથી મચ્છર માખી વિગેરેને આઘાત થવાનો સંભવ રહે આથી પરમ અહિંસક સૂક્ષ્મ એકેન્દ્રિય માનવા પડશે માટે તેઓ માટે મોક્ષનું દ્વાર ખુલ્લું ને જ્યારે ન મારવું તેનું નામ અહિંસા કહો તો?

અહિંસા નામ કોનું? તો 'ન મારવું' તેવી પ્રતિજ્ઞાનું નામ અહિંસા. હું મરૂં નહિ, અમે મરીએ નહિ, આપણે મરીએ નહિ આટલા સુધી તો જગતનો વ્યવહાર. હવે કોઇપણ પ્રસંગ એવો આવે તોપણ કોઇને મારૂં નહિ, કોઇને મરાવું નહિ અને કોઈ મારતો હોય તો તેને, રોકું આ પ્રતિજ્ઞા તેનું નામ અહિંસા. આ અહિંસા શબ્દ એટલો બધો ઉંચ કોટિનો છે કે બધાને કબુલ કર્યા વગર છુટકો નથી. 'અહિંસા પરમો ધર્મઃ' તે શબ્દ બીજા લોકોએ કેમ વાપર્યો છે?

જેમ છોકરો ઘરેણું પહેરીને બહાર નીકળ્યો હોય અને લુચ્ચો મનુષ્ય કહે કે બેટા પાણી પીવું છે? ત્યારે છોકરો હા કહે તો લુચ્ચો કહે કે આવ બેટા અંદર, પાણી પાઉં તેમ કરીને ઘરમાં ઘાલી દે. પણ દાનત કયાં? ઘરેણાં કાઢીને ખાડામાં પુરવાની કે બીજું કંઈ તે વિચારો? તેમ અહિંસાનો ઝંડો આખા જગતમાં જૈનોએ ફેલાવી દીધો છે, તેથી પોતાને બહાર કેમ આવવું? જૈનોને કેમ ફોસલાવવા? જૈનોને કેમ ભરમાવવા? આટલા માટે પોતાને અહિંસા કહેવી પડી છે. હવે અહિંસા પોકારનાઓને પુછીએ કે હિંસા નહિ કરવાના ઉપદેશો હિંસા ટાળવાના ઉપદેશો, હિંસા કરે તો આ નુકશાન અને હિંસા કરે તો આવું પામે તેવું દષ્ટાંત આવું તેમના વેદો પુરાણો અને કથામાં વિચારો? છે કોઈ જગો પર વળી હિંસા કરવાથી પાપ છે. અહિંસા કરવાથી પુણ્ય થાય છે. હિંસા કરવાથી દુર્ગતિ થાય છે, અહિંસાથી સદ્ગતિ થાય છે. હિંસા કરવાથી નુકશાન થાય છે, અહિંસાથી ફાયદો થાય છે. આના સાધનો ઉપદેશો આચારો દષ્ટાંતો બતાવો. હવે બોલને ભાઇ એક બાઇએ કહ્યું કે મારો જમાઈ આવ્યો ત્યારે કોઇએ પુછ્યું કે તારે છોકરી કેટલી તો બાઇ કહે કે એકે નહિ કેમકે હું પરણી નથી તેમજ મારે ધણી નથી તો પછી જમાઈ આવ્યો કયાંથી તેમ જેના શાસ્ત્રોમાં હિંસાના અહિંસાના સ્વરૂપો નથી અહિંસા પાળવા અને હિંસા ટાળવાના જેમાં સાધનો નથી તેના ઉપદેશો નથી તેના આચારો નથી તે હિંસા અને અહિંસાના નુકશાન ફલ કે દષ્ટાંતો એકે નથી તેથી બીજાને ફસાવવા અને ભરમાવવા માટે આ કહેવું પડયું છે તત્વની વાત તો હજુ આગળ. હવે આગળ ચાલીએ. અહિંસા શબ્દ થકી પાલન આચાર ફલ દષ્ટાંત તેને છોડી દઇએ માત્ર શબ્દની અપેક્ષાએ ચાલીએ તો અહિંસા કઈ ચીજ હિંસા નહિ કરવાની પ્રતિજ્ઞા. સૂક્ષ્મ એકેન્દ્રિય હિંસા નથી કરતા તે વાત સાચી પણ તેઓને પ્રતિજ્ઞા નથી.

એટલે હિંસા ન કરવાની પ્રતિજ્ઞા તેનું નામ અહિંસા. તેનુંજ નામ ધર્મ અને તેથીજ તે પહેલું વ્રત પ્રાણાતિપાત વિરમણું હવે વિચાર કરો કે એ મરે નહિ એમ પ્રતિજ્ઞા નથી કરી તેને હિંસા નહિ કરવાના પચ્ચકખાણ શા? હું મારૂં નહિ, મરાવું નહિ અને મારતો હોય તેને રોકયા વગર રહું નહિ તેનું નામ અહિંસા અને તેજ પ્રાણાતિપાતવિરતિ. આપણે કોઇને મારતા નથી કોઈ આપણાથી મરતું નથી, મરવું તે તો સૌને આધીન છે તો તેને પ્રતિજ્ઞા કયાં રહી, જે દયાને બચાવને શકય માને તેજ દયા અને અહિંસા શબ્દ માની (કહી) શકે જેઓ દયા અને બચાવને

શકય નથી માનતા તે દયા શબ્દ બોલવાને માટે નાલાયક ગણાય. જેઓ બચાવને શકયજ માને તેજ દયાળુ ગણાય તેમ "અહિંસા પાણાઇવાયાઓ વેરમણું" હિંસાની નિવૃત્તિ તે કોણ માને? તો બચાવને શકય માને તેજ. હું મારનાર છું, મારાથી મરી શકે, હું મારનારને રોકી શકું છું. તે માને તેજ 'પાણાઈવાળાઓ વેરમણું' બોલી શકે. જેઓ મોત કરી શકતા નથી તે અહિંસા શબ્દ કઈ રીતે વાપરી શકે? આપણા યોગ અને ક્રિયા તે બીજાના બચાવમાં કારણ બને તેથી બીજાના બચાવ કરી શકીએ એ માન્યતા ધારણ કરે તેજ અહિંસાને દયા શબ્દ બોલી શકે અને માની શકે. બચાવ શકય નથી તેને દયાનો વખત કયાં? મારવું શકયજ નથી એ માનનારને અહિંસામાં સ્થાન કયાં. મહાવ્રત દયા યોગને જે બચાવને શકય ન માને તે અહિંસાને દયા શબ્દ વાપરે તો ઢોંગ. હવે આમાં તર્કને સ્થાન છે તો તે તપાસીએ. તમે દયા અંશની કરી પણ આખા જગતની ન કરી તેનું કારણ શું? પૂર્વકર્મના ઉદયે થયેલી ચીજ તેમાં ધર્મ ઘાલ્યો કયાંથી? કુટીલ મનુષ્યો કુટીલતા કયાં દાખવે છે તે વિચારો. સો મરે તેમાં પાંચને, હજારો મરે તેમાં દશ ને, લાખો મરે તેમાં ૧૦૦ને બચાવ્યા તો પછી બાકીનાને કેમ ન બચાવ્યા તેથી જે બચાવ્યા તેમાં તમારે તેની જોડે પહેલાં ભવનો સંબંધ હશે તેથી તેને બચાવવાની બુદ્ધિ થઈ તેથી તમે બચાવ્યા.

તમે જેને મારો છો તેમાં જગતમાં આટલા જીવો હતા તેમાં આટલાજ માર્યા ને એટલાજ મર્યા તેથી તમારા પહેલાં ભવના કર્મો ને તેના કર્મો તે બન્ને અંગે તમારે તેનો સંબંધ તે બચ્યાને જેની સાથે તમારો સંબંધ નહિ તે મર્યો તો તેમાં ધર્મ કયાંથી ધકેલી દીધો? કુટીલ બુદ્ધિવાળા કયાંસુધી પહોંચે છે? તે વિચારો. ઠાકોરભાઈ મોહનભાઈ જેવા કહે કે આ સાંભળીએ ત્યારે આ સાચું. તે સાંભળીએ ત્યારે તે સાચું જેમ હાઇકોર્ટ સેસન્સ જજ વાદીને પ્રતિવાદિની ફરિયાદો સાંભળે છે જ્યારે ચાઇફેસ કરે છે, વાદીનું સાંભળીને પ્રતિવાદીને ગુનેગાર માને છે ને પ્રતિવાદીનું સાંભળીને તેને બીનગુનેગાર જાહેર કરીને છોડી મુકે છે. આવા ન્યાયાધીશો દશ હજારના પગારો ખાવાવાળા જ્યાં અટવાઈ જાય છે તો તેના કરતાં તમારી બુદ્ધિ વધારે નથી. જ્યાંસુધી આપણી બુદ્ધિને બેઉ બાજુ કસીએ નહિ ત્યાંસુધી ભલભલા બુદ્ધિમાનો માર ખાય માટે શાસ્ત્રકારે કહ્યું કે કુતિર્થીનો સંસર્ગ સોબત કરવી નહિ તેમજ તેના વચનો પણ સાંભળવા નહિ. શા માટે? ન્યાયાધીશથી વધારે બુદ્ધિવાળા છો. અહિંઆ કુયુક્તિ કરી તમે બચાવ્યા કે મર્યા તે તેના નસીબે, નસીબ સિવાય કંઈપણ થતું નથી તમે તો ગાડાની નીચે કુતરૂં ચાલે ને માને કે હુંજ ગાડાનો ભાર ઉચકું છું તેના જેવા તમો છો તેમ અહિં પણ જે મરે છે તે તેના કમનસીબે ને બચે છે તે તેના નસીબે. તેમાં હું બચાવું છું મારૂં છું તે કહેવું ખોટું છે.

(અપૂર્ણ)

---

## ગ્રાહકોને નમ્ર વિનંતિ.

શ્રી સિદ્ધચક્ર માસિકના આપને આ અંક સાથે નવ અંક મલ્યા છે. હવે પછી ત્રણ અંકો આપને મલેથી ચાલુ વર્ષ પુરૂં થશે તો આપનું લવાજમ હજુ સુધી મલ્યું નહિ હોવાથી મનીઓર્ડરથી રવાના કરશો. જો મનીઓર્ડરથી રવાના કરવામાં નહિ આવે તો આસો સુદ ૧૫ થી શરૂ થતા નવા વર્ષનો બીજો અંક બે વર્ષના વી. પી. થી રવાના કરીશું જેથી ગ્રાહકને ડબલ વી. પી. ખરચ લાગે નહિ. જેઓ ગ્રાહક તરીકે રહેવા ઇચ્છિતા ન હોય તેમણે અંક બંધ કરવા લખી દેવું અને ચાલુ સાલનું લવાજમ મોકલી આપવા મહેરબાની કરવી. લી. તંત્રી.

૬૭. જીતવું જેટલું સહેલું છે તેના કરતાંયે તે જીતને પચાવવી ઘણીજ મુશ્કેલ છે.

૬૮. લુટારાઓ લુંટના માલને સહેલાઈથી વહેંચી શકતા નથી.

૬૯. આધિ–વ્યાધિ–ઉપાધિ–જન્મ–જરા અને મરણની ગુંચોથી ગુંચાયલો આ સંસાર છે.

૭૦. વ્યવહાર કુશળ આત્માઓ વ્યવહારની ગુંચને ઉકેલી શકે છે પણ સંસારની ગુંચને ઉકેલવા જતાં વધુને વધુ ગુંચાય છે એ આત્માની કમનશીબી છે !!!

૭૧. સમ્યકત્વના ઈજારદારોએ સમ્યકત્વ ધર્મને પિછાણ્યો નથી.

૭૨. સમ્યકત્વ એ સાકરનું પડીકું નથી પણ આત્માનો વાસ્તવિક વિશુદ્ધ પરિણામ છે.

૭૩. પરિણામના પાકા પાયા પર આરૂઢ થયેલ પ્રવચનની ઇમારતો સદાય જયવંતી છે.

૭૪. સમ્યકત્વની સાચી સમજ વગર મિથ્યાત્વની મુંઝવણ ટળતી નથી.

૭૫. કળા કરનારો મોર પુંઠના દર્શન કરાવે છે તેમ સમ્યકત્વાભાસિઓ સમ્યકત્વની કળા દ્વારાએ નિરતિચાર મિથ્યાત્વના દિગ્દર્શન કરાવે તેમાં નવાઇ શી ?

૭૬. દેવાધિદેવનું દેવત્વ સ્વીકારનારને નામ–આકાર–ક્ષેત્ર–કાળ અવસ્થાદિના ઝઘડા પાલવતા નથી.

૭૭. શ્રમણ નિગ્રન્થ ભગવન્ત ગુરૂવર્યના ગુરૂત્વને પિછાણ્યા પછી ચ્હાય જે ક્ષેત્રના ચ્હાય જે કાળની અગર ચ્હાય જે અવસ્થામાં બિરાજમાન હોય તે તે સર્વ નિગ્રંથો પ્રત્યે એક સરખો આદરભાવ રાખવો ઘટે છે.

૭૮. શ્રમણ નિગ્રંથ ભગવન્તો, શ્રાધ્યગુણ સંપન્ન શ્રમણોપાસકો અને સંવેગ–પાક્ષિકો આ ત્રણે સર્વજ્ઞ કથિત મોક્ષ–માર્ગના આરાધકો છે.

૭૯. જે નિર્ગુણીઓ ગુણગણ ભંડારોને નિન્દે છે. પોતાથી હલકા જણાવે છે એટલુંજ નહિ પણ પોતાના સરિખા જણાવે છે તે આત્માઓ સમ્યકત્વના સારભૂત રહસ્યથી રહિત છે એમ કહેવું એજ યોગ્ય છે.

૮૦. સૂત્ર અને પરંપરાથી વિરૂદ્ધ આચરનારાઓ વિવિધ માર્ગનો લોપ–કરીને અવિધિના અવનવા ચાળાનું પ્રદર્શન કરાવે છે એટલુંજ નહિ પણ નિબિડ મિથ્યામતિપણાની જગત્ સમક્ષ જાહેરાત કરે છે.

૮૧. બીજાઓના દુર્ગુણો દેખવા જતા પહેલાં આત્માએ પોતાના અવગુણોને નિરખવાની અવશ્યમેવ જરૂર છે.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ–ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી–

(લેખકઃ—સુધાવર્ષી.)

૫૩. દુનિયામાં કહેવાતા સમજુઓને ગર્ભાવાસના અનુભવેલાં દુઃખોની સમજણ સરખીએ નથી.

૫૪. 'હું રખડેલ છું' એ સાંભળવાની ઈચ્છા નથી, 'હું રખડુ છું' એમ માનતા નથી, 'રખડવું' એ પસંદ નથી અને રખડવાની કબુલાત કરતો નથી છતાં આત્મા ચારે ગતિમાં રખડે છે, શાથી એ વિચારો ?

૫૫. ચાર ગતિના ચકડોળ પર ચઢેલો જીવ કર્મની કળના વેગે વધુ ચક્કાવામાં ભમે એ નવાઇ નથી.

૫૬. કાર્યની ઉત્પત્તિ એ પસંદગીને આધીન નથી.

૫૭. નફાની પસંદગીવાળો વેપારી આવડતના અભાવે નુકશાનને અનુભવે છે, તન્દુરસ્તીની ઇચ્છાવાળો તન્દુરસ્તીના નિયમ વિરૂદ્ધ વર્તી રોગીપણાને અનુભવે છે, તેવી રીતે સુખ શાન્તિ અને આનન્દની ચાહનાવાળો જીવ આવડતના અભાવે દુઃખ અશાન્તિ અને શોકને અનુભવે તેમાં નવાઇ નથી.

૫૮. ઘાતી કર્મની કારમી કાર્યવાહીઓ પર વિજય મેળવવો એમાંજ સાચું જૈનત્વ છે.

૫૯. સંપૂર્ણ જ્ઞાની બનવાની ઇચ્છાવાળાને પણ મોહનો વિજય કરવોજ પડશે.

૬૦. ચારિત્રવંત આત્માઓ, ચારિત્ર અને ચારિત્રના સાધનોની ઠેકડી કરનારાઓ માટે કેવળજ્ઞાન તો કરોડો કોશ દૂર છે એટલુંજ નહિ પણ સમ્યક્જ્ઞાનની યથાર્થતાને હજુ પિછાણી નથી.

૬૧. મમતા પાછળ માનવ જીવન વેડફી નાંખનારને સમતાની સાચી કિંમત સમજાઈ નથી.

૬૨. મમતા પાછળ સર્વસ્વ સમર્પણ કરનારાઓ જે નથી પામી શકયા તે સમતાના સામાન્ય સેવનથી પામ્યા છે.

૬૩. જીવનભરની મમતા અને ક્ષણભરની સમતા એ બન્નેના ફરક અને તે બન્નેની સાચી કિંમત કરતાં શીખો.

૬૪. ધર્મનું ફલ મેળવનારને ધર્મનું સ્વરૂપ સમજવું પડશે.

૬૫. દુનિયામાં પ્રાપ્ત થયેલ કિંમતી પદાર્થના રક્ષણ માટે સાધનની જરૂર છે. તેવી રીતે ધર્મની કિંમત સમજનાર માટે પ્રાપ્ત થયેલ ધર્મને ટકાવવા સાધનની અવશ્યમેવ જરૂર છે.

૬૬. ધર્મની કિંમત સમજનારાઓએ ધર્મનું ફલ-સ્વરૂપ અને સાધનને સમજવા જોઇએ.

(વધુ માટે જુવો ટાઇટલ પાનું ૩ જું)

# શ્રી સિદ્ધચક્ર

!!! વં....દ....ન....હો.... !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशा
मोक्षाध्वालम्बनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत ॥२॥


શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

[ જનજીસ્ટ્રીટ: ૨૫, ૨૭ ]

વર્ષ ૧૧ ] [ અંક ૧૦-૧૧ મો

વિક્રમ સં. ૨૦૦૧, વીર સં. ૨૪૭૧. તા. ૧૭-૮-૪૫ શુક્રવાર

લવાજમ રૂ. ૨-૦-૦ કિંમત ૨॥ આના

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી–

( લેખકઃ—સુધાવર્ષી )

૮૨. અંતઃકરણને વિશુદ્ધ કરનારી ચીજ વીતરાગની વાણી છે.

૮૩. સંસારિયોને અમૂલ્ય વસ્તુ સમર્પણ કરી ઓછામાં ઓછી જરૂરીયાતોથી નભાવી લેનારા શ્રમણ ભગવન્તોજ છે.

૮૪. નિસ્પૃહતાના નિર્મળ ભાવે અને અકિંચનતાના અપૂર્વ તેજે સર્વસંપત્કરિભિક્ષા વૃત્તિપર જીવન જીવવું એજ શ્રમણજીવનની સાર્થકતા છે.

૮૫. સુપાત્રદાન દેનારા શ્રમણોપાસકોએ અને ગ્રહણ કરનારા શ્રમણભગવન્તોએ અનુક્રમે દેવાની અને લેવાની મર્યાદાને સમજવી જોઇએ.

૮૬. દેવાની અને લેવાની મર્યાદાને પ્રસંગે 'મુધા દાયી મુધા જીવી' આ સૂત્રના ઐદંપર્યને સમજવાની જરૂર છે.

૮૭. સંવેગની સમરાંગણભૂમિમાં સંયમધારિ–સૈનિકો વિજયવરમાળને વરી શકે છે.

૮૮. સંવેગની સમરાંગણભૂમિથી સરકેલા સંયમધારિયોને સંસારની ચારે ગતિમાં ભટકવુંજ પડે છે.

૮૯. પતિતોના પડતા આલંબનને જોનારાઓ અને પતિતોની જીવનચર્યાને શ્રવણ કરનારાઓ મંદસંવેગી બને તેમાં આશ્ચર્ય નથી.

૯૦. ચઢનારે ચઢવું છે તો પડનાર કેમ પડયો ?, કેવી રીતે પડયો ?, આ જગોએ આ આ પડયો કે પૂર્વે બીજો કોઇ પડયો હતો ?, આવો પરિણામ પાડનારી પ્રશ્નાવળી ચઢનારને શોભતી નથી.

૯૧. સંયમસીડીપર ચઢનારે તો ચઢનારના ચઢતા અવલંબનોને જોઇને, સાંભળીને અને હૃદયમાં તે તે પ્રસંગો ધારી ધારીનેજ ચઢવું એજ હિતાવહ છે.

૯૨. ચઢેલા આત્માઓને પાડનારી ચીજ માન છે.

૯૩. કાંચળી ઉતારનારો સર્પ જેમ નિર્વિષ થયો છે એમ મનાતું નથી તો પછી નવવિધ પરિગ્રહ છુટયા માત્રથી અર્થાત્ ગૃહસ્થાશ્રમને છોડયા માત્રથી હવે સાધુને છોડવાનું કંઇ રહ્યું નથી એમ સમજશો નહિ.

૯૪. નવવિધ પરિગ્રહની પકડમાં પકડાયેલાને છુટવું જેટલું મુશ્કેલ છે, તેના કરતાંયે અભ્યંતર પરિગ્રહની પૂરી પકડમાંથી છુટવું એ અત્યંત મુશ્કેલ છે.

૯૫. વંદના કરનારો તરે છે અને વંદના ઝીલનારો ડુબે છે એનો મર્મ સમજતાં શીખો.

૯૬. વંદના ઝીલવાના પ્રસંગે અને વંદના પચાવવાના પ્રસંગે મદોન્મત્ત થનારાઓની દશા ઉવી દીન બને છે તે ધ્યાનમાં છે કે નહિ ?

( વધુ માટે જુવો ટાઇટલ પાનું ૩ જું )

ॐ श्री सिद्धचक्र

તંત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી

વર્ષ ૧૧ ] અષાઢ-શ્રાવણ [ અંક ૧૦-૧૧

# આગમોદ્ધારકની અમોઘદેશના

દેશનાકારઃ—આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી. સ્થળ—સુરત.

[નોંધ—દેશના અવસરે દેશનાકારના વ્યાખ્યાનોનો સારભૂત સંચય પં. શ્રી હેમસાગરજી મહારાજે કરેલો છે. તે વ્યાખ્યાનો તેઓશ્રી પાસેથી મેળવી પ્રેસ કોપી તૈયાર કરાવી અને વાંચકો સારી રીતે વાંચી શકે તે રીતિએ પંન્યાસપ્રવર શ્રી ચંદ્રસાગરજી મહારાજ પાસે પેરેગ્રાફ વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવી અત્રે અપાય છે, છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ કોઈપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ. લિ૦ તંત્રી.]

વ્યાખ્યાનનાં સારભૂત અવતરણો—

૧. ઈષ્ટ અને અનિષ્ટ પદાર્થના શ્રવણ અવસરે આદરવા લાયકની અને છોડવા લાયકની દોડધામ દેખી છે?

૨. પોતાના ઘરમાં નીકળેલ સાપના સમાચાર અને પારકા ઘરમાં નીકળેલ સાપના સમાચારમાં ફરક કેમ પડે છે?

૩. આશ્રવની આગ અને સંવરનો જલપ્રવાહ.

૪. માનવ જીવનની ડુબતી સ્ટીમરને બચાવવા ઉદ્યમ કરો.

૫. પાંજરામાં પુરાયેલા પોપટને પુરાયો છું એ જ્ઞાન નથી તેવી રીતે શરીર પીંજરમાં પુરાયેલા આત્માને પણ ભાન નથી.

૬. ડુબતી સ્ટીમરને બચાવવા માટે શાસ્ત્ર દોરડાનું અવલંબન કરો.

૭. નહિં બનવાનું બની જાય છે, બનેલું બગડી જાય છે, આવી અઘટિત અને ઘટિત ઘટનાઓને ઘટાવવાનું સામર્થ્ય વિધિમાં છે.

૮. વિજ્ઞાનભૂમિના વિલાસિયોને હેય-ઉપાદેયની તમન્ના હોવીજ જોઈએ.

૯. ચીંથરાં ચુંથનારા શાશ્વતધામમાં ચાલ્યા અને જ્ઞાનની અપૂર્વ વાતો કહેતા રહી ગયા તે સમજમાં છે.

૧૦. એક સર્વજ્ઞ શાસનને અનુસરીને ગુણની તીવ્રતમતા થઈ જાય તો બેડો પાર.

## વિજ્ઞાનભૂમિનું સ્વરૂપ

શાસ્ત્રકાર મહારાજ શ્રીમાન્ શાન્તિચન્દ્રસૂરીશ્વરજી ભવ્ય જીવોના ઉપકારને માટે

**ધર્મરત્ન** પ્રકરણમાં શ્રાવકને લાયક અગર ધર્મને લાયક ૨૧ ગુણ આગળ જણાવી ગયા તેનું સ્વરૂપ અને તે સંબંધની કથાઓ આગળ જણાવી ગયા એ બતાવવાથી તે વસ્તુ શ્રોતાને પ્રાપ્ત થઇ ગઇ. શ્રવણ અને જ્ઞાન એ બાબતમાં આગળ વિચાર કરી ગયા છીએ. પાંચે ઇંદ્રિયોનો ક્ષયોપશમ થયો છે. પાંચ ઇંદ્રિયવાળો તેને ઇષ્ટ અનિષ્ટ કે ઉવેખવા લાયક શબ્દ આવ્યો હોય તો તેને શ્રવણ કરે છે. ઇષ્ટજ સંભલાય અનિષ્ટ ન સંભલાય તેમ છેજ નહિં એટલે શ્રવણભૂમિકા ને પંચેંદ્રિયપણું મળી ગયું એટલે સિદ્ધ થએલી છે. શ્રવણભૂમિકા પંચેંદ્રિયપણાથી સિદ્ધ થએલી છે. તેમ ભાષાનું જ્ઞાન હોય તો ઇષ્ટ કે અનિષ્ટ ઉપેક્ષણીય પદાર્થને કહેનારો શબ્દ હોય તો તેના અર્થનો ખ્યાલ આવે છે. વધામણી અને ગાળ તેના શબ્દનો તથા અર્થનો ખ્યાલ આવે છે. તો તેને લીધે જ્ઞાનભૂમિકા એ પણ બધાને પ્રાપ્ત થાય છે. પ્રથમ કહેલું આથી નિશ્ચિત થશે કે આ જીવને શ્રવણ ને જ્ઞાનભૂમિકા અનંતી વખત મળી ચૂકી છે. શ્રવણ અને જ્ઞાન નવી ભૂમિકા નથી. વિજ્ઞાનભૂમિકા નવી ભૂમિકા છે. વિજ્ઞાન ભૂમિકા કોને કહેવી? વિજ્ઞાન ભૂમિકાનું સ્વરૂપ પ્રથમ સમજવું જોઇયે. આ ડાભડી તમારી હોય ખોવાઇ ગઇ હોય. કેસરીભાઇએ કહ્યું કે તમારી ડાભડી અમુક જગોએ મેં જોઇ હતી. શ્રવણજ્ઞાન થયું એટલે લેવાની બુદ્ધિ કરો છો. સર્પને કાઢી મૂકવા તૈયાર થાવ છો. **જેમ જગતમાં ઇષ્ટ પદાર્થને કે અનિષ્ટ પદાર્થને અંગે શ્રવણજ્ઞાન થાય કે તરત આદરવા લાયકની છોડવા લાયકની દોડાદોડ થાય છે, તે બે બુદ્ધિ તે વિજ્ઞાન ભૂમિ.**

## વકીલાતની વિદાયગિરિ અને અસીલપણાનું આવાગમન

હવે તમારા ઘરમાં સાપને માટે જે છોકરાએ જે શબ્દ કહ્યો અને તમારો હીરો અમુક જગોએ દેખ્યો છે તે શબ્દ કહ્યો. જેવો તમે તેવો બીજાએ પણ તે બંને શબ્દો સાંભળ્યાં છે, શબ્દ કે અર્થમાં બીજાએ સાંભળ્યો તેમાં ફરક ન હતો પણ તમારા બંનેના અંતઃકરણ તપાસો. તમને સાપ કાઢવા માટે અને એ હીરો લાવવા માટે કેટલી તાલાવેલી લાગે છે. સાપ કાઢવા માટે અને હીરો લાવવા માટે જેટલી તાલાવેલી તમને લાગે છે તેટલી તાલાવેલી પાડોશીની કે બીજાને તેટલી તાલાવેલી લાગે છે? વકીલાતમાં વલખા ઘણાં માર્યાં છે. શાસ્ત્રકાર આ વકીલાતને આશ્રવ–પાપ અર્થાત્ પાપસ્થાનક કહે છે. પારકા ઘરના સાપ અને પારકા ઘરના હીરા તે તો વકીલાત છે. તમે અસીલ બનો. શી રીતે તે બનવું? જે હીરાની વાત પાડોશી કોઇને કરે કે ફલાણાના ઘરમાં સાપ હતો તે વાતમાં પાડોશી સાંભળે તો બેના અંતઃકરણમાં આકાશ પાતાલનો ફરક છે. આ વાકયો પાડોશીના છે. ઘરધણી તો તાલાવેલીવાળો થાય જ્યારે જિનેશ્વરના વચનો અસીલ તરીકે સાંભળીએ તો આપણને આપણી જોખમદારી માલમ પડે.

## આશ્રવનો આગ અને સંવરનો પ્રવાહ

આશ્રવની આગ તમારામાં સળગી છે. સંવરનો પ્રવાહ તારામાં છોડવાની જરૂર છે. આશ્રવ છોડવો અને સંવરને રાખવો તે તારા માટે છે. પછીનું રાખ અને પહેલાંનું છોડ, પાંચ આશ્રવ ત્રણ જોગ પચીસ ક્રિયા

જ્યાં સુધી તારામાં રહ્યા છે. ત્યાં સુધી કર્મનું પૂર આવ્યું છે. કર્મની રેલ આવી છે. ઘરમાં વરસાદનું પાણી આવે તે વખતે કેમ થાય છે? તે જગો પર અહીં આશ્રવના પુર આવ્યા છે તોપણ ભયની નિશાની પણ નથી. દરિયામાં સ્ટીમર ડૂબતી હોય તે વખતે કાળો વાવટો ચઢાવી વાયરલેશથી ખબર આપે. જો આપણે આશ્રવના પાણીમાં ડૂબીએ છીએ એમ માનીએ તો કીનારે બેઠેલાને ખબર આપો. ત્રણ જગતના નાથ જિનેશ્વર ભગવાન્ કેવળી મહારાજ આશ્રવરૂપી દરિયાના કિનારે-કોરાણે બેઠા છે તેમને ખબર દો. જ્યારે ભય લાગે ત્યારે ખબર આપો ને? વાતો કરીએ છીએ, વાતોમાં વાંધો નથી. સ્ટીમરવાળાને તોફાની દરિયામાં પાણીના ઉછાળાથી ડર લાગે છે.

## ડુબતી સ્ટીમરને બચાવનારાં શાસ્ત્રરૂપી દોરડાં

આ આત્માએ પોતાની સ્થિતિ તપાસી હોય તો માલમ પડે કે કેટલા સુધી પાણી ભરાયું છે. કેવળજ્ઞાન મનઃપર્યવજ્ઞાન અવધિ-જ્ઞાનના માલ પુરાઇ ગયા છે. મતિશ્રુતમાં કંઇક બાકી છે. આવી સ્થિતિમાં ભયનું સિગ્નલ કરવાનું સૂઝતું નથી. સ્ટીમરનો માલીક અને સ્ટીમરમાં બેઠેલા એક દોરડાને જીવન સમાન ગણે, તમે કેવળજ્ઞાનીઓએ આ માનવ જીવન-રૂપ ડૂબતી સ્ટીમરને તારવા માટે આ શાસ્ત્રરૂપી દોરડાં નાંખ્યાં છે. આપણે દોરડાં મજબુત કરવામાં નથી તેને કાપવાના પ્રયત્ન કરીએ છીએ. આ દોરડું લાગે છે અને છુટે છે. વિચારો શાથી આ થાય છે? હજુસુધી ભયાનક-પણું લાગ્યું નથી. પોતાનું જીવને આ સંજોગો વચ્ચે ભયાનક લાગ્યું હોય તો દોરડું છુટવું મુશ્કેલ પડે. હાથને લોહી નિકળે તો પણ દોરડું છુટવા ન દઇએ. અહીં બધી શાંતિ રહે તો શાસ્ત્રરૂપી દોરડાને વળગવું છે. શરીરને તડકો તાપ તરસ ભૂખ ન લાગે કોઇ ઉપદ્રવ ન થાય તો દોરડું મને કાઢે તો નિકળવું છે. તો કહો કે આની ગરજ વધારે કે ભય વધારે.

## પાંજરામાં પુરાયા છો એમ મનાતું નથી

પાંજરાના રક્ષણ માટે પોપટ મૂર્ખા ને પાંજરું ગમી જાય બીચારો ફરી ફરી ફટ પાંજરામાં પેસે છે તેમ આ પણ એવો પોપટ જેવો મૂર્ખ છે કે પાંજરામાં પેઠો છે, તેને તત્વ ગણે છે. પાંજરામાંથી મુકાવનારા પણ પછી પ્રથમ પાંજરું; આ પાંજરાને ટાઢ તડકો ન લાગવો જોઇએ. કોઇપણ હેરાનગતિ ન હોય તો મારે કબુલ કરે છે છતાં તે પ્રમાણે બનતું નથી, ગળું સુકાય છે. પાંજરાના પહેરેગીર કેટલા થયા છો તે તપાસો. આ પાંજરું કયારે નાશ પામે તેવા વિચારમાં કયારે જશો? અત્યારની સ્થિતિ કઈ? પાંજરાની એક સળી પણ ઢીલી પડવી ન જોઇએ. સાધ્ય દશા કઈ? પાંજરું ભાંગી ચૂરો કયારે થાય? મોક્ષ બધા માંગીએ છીએ, પરન્તુ મારે મોક્ષ નથી જોઇતો તેમ કોઈના રૂંવાડામાં પણ રહેતું નથી. પાંજરું લઇને મોક્ષે જવાતું નથી. પંખીને ઉડવું હોય તો પાંજરું છોડવું પડે છે. પાંજરા લઇ ઉડતા નથી તો મોક્ષે જવું હોય તો પાંજરાના ભુક્કા કરવાના છે. આ પાંજરાના ભૂક્કા કેમ થાય? તે રસ્તે જવાનું છે. આ પાંજરાના (શરીરના) મારે ભુક્કા કરવાના છે. અને તેમાંજ મારૂં

શ્રેય છે. તે ભુક્કા કરવામાં મદદ કરે તે મારો ઉપગારી તેવી કલ્પના આવતી પણ નથી. તે કલ્પના આવે તો ટકતી નથી. ઉપવાસ તો કરું પણ ટાંટીયા ચું થાય છે. તત્વ એ છે કે હજુ સુધી આપણી સ્થિતિ ધર્મની લાગણીવાળી છે પણ પાંજરાનું રક્ષણ કર્યા પછી. આથી નાશીપાસ ન થશો. આટલી ઊંચી સ્થિતિએ આવ્યા છતાં પાંજરાની રક્ષણ બુદ્ધિ ૨૪ કલાક રહે તો તે પાંજરાનો ખુરદો કરનાર બને તે સંભવજ નથી. બીજો ભુકકો કરવા આવે તો ઉપગારી માનીએ તે દશા સ્વપ્ને પણ આવવા સંભવ છે નહિં. આમ વિચારી કદાચિત તમે કાયર બનશો. અમે ધર્મ કરીએ છીએ પણ એવી દશા સ્વપ્ને પણ આવે તેવો સંભવ નથી. પાંજરાનો નાશ કરનાર થઇએ, આવી ધારણાવાલા થઇએ તે કોઈપણ પ્રકારે સંભવતું નથી. આથી નિરાશ ન થશો પણ પાંજરાનું પહેરેગીરપણું ઓછું કરજો. કાર્યના નાશમાં લઇ ન જતાં કલ્યાણ તો આમ થશે. ભુકકો કરનારને ઉપગારી ગણીએ ત્યારે કલ્યાણ થવાનું છે. તો અત્યારે કલ્યાણ થવાનું નથી. ને કરીએ છીએ તે શું બધું નકામું છે? કામ કયારે થવાનું? આ સ્થિતિએ જવાના ત્યારે.

## વિધિની વિચિત્રતા

આમ ધારણા કરવાથી ધર્મકાર્યથી ખસી જવાનું થાય તેથી તેવાએ એક દૃષ્ટાંત ખ્યાલમાં રાખવું. તે માટે એક સ્થળે કહ્યું છે કે—

"अघटित घटितानि घटयति सुघटित घटितानि जर्जरीकुरुते।
विधिरेव तानि घटयति यानि पुमान्नैव चिंतयति" ॥१॥

કોઇપણ પ્રકારે પ્રયત્ન કરે તો પણ બને નહિં. પ્રયત્નથી બનવા અસંભવિત—અઘટિત બ્રહ્મદત્ત જે વખતે બાળપણમાં હતો. (હંસને કાગડાની ચેષ્ટા કરાવે છે) તે વખતે રૂંવાડામાં પણ ચક્રવર્તીપણાનો ખ્યાલ નથી કે હું ચક્રવર્તી થઇશ. સુભૂમ નાશી ભાંગી ભોંયરામાં રહ્યો છે, તે વખતે સ્વપ્નમાં પણ ચક્રવર્તીપણાની દશાનો ખ્યાલ નથી. તે વખતે પ્રયત્ન કરે તો અસંભવિત જે પ્રયત્નથી સિદ્ધ થઈ શકે નહિં તે પણ બનાવી શકે. એટલુંજ નહિં પણ અત્યંત પ્રયત્નથી સિદ્ધ કરેલી. પ્રતિવાસુદેવ ત્રણ ખંડ સિદ્ધ કરે છે. જે વખતે શત્રુનું નામ સાંભળે તો પ્રાણ કાઢી નાંખે. શત્રુને તકાસી રહેલો આવો સમર્થ તેને સ્વપ્ને પણ ખ્યાલ હોય કે હું મારે ઓજારે મરવાનું છું. ત્રણ ખંડનો માલીક શત્રુની ખોળ હંમેશ કરનાર તેવાને સ્વપ્ને પણ ખ્યાલ નથી કે મારૂં ચક્ર મારૂં માથું કાપશે? ચક્ર શત્રુ હણવા માટે. અહીં સુઘટિતમાં કેટલું બાકી છે? દેવતા અધિષ્ઠિત ચક્રરત્ન આવું સુઘટિત છતાં જર્જરીકુરૂતે. વાસુદેવને મારવા માટે ચક્ર ફેંકે તેજ પ્રતિવાસુદેવનું ચક્ર વાસુદેવનું થાય તેજ ચક્રે પ્રતિવાસુદેવ મરે. અત્યંત પ્રયત્નથી દ્રઢ કરેલી વસ્તુ કેવી રીતે ગબડી જાય છે. એટલુંજ નહિં પણ નિશ્ચયનો एव કાર જ્યાં જોડવો હોય ત્યાં જોડાય **यानि पुमान् नैव चिंतयाति** જે બનાવો પુરૂષ કલ્પી શકતો નથી તે બનાવોને બનાવી દે છે. પરસુરામ વખતે દાઢાનો થાળ ભરવામાં આવ્યો હતો દાનશાળામાં સિંહાસન ગોઠવીને તે ઉપર દાઢાનો થાળ. કહો કલ્પના પણ આવે છે કે એ દાઢા ખીર થઇ જાય અને થાળ ચક્કર બને તે અકલ્પ્ય કલ્પના પણ સાચી થાય છે.

સુભૂમ ચક્રવર્તીએ પણ એ ચિંતવ્યું ન હતું કે હાઢા ખીર થશે ને ચક્રવર્તી ખાશે એ ચિંતવ્યું ન હતું. એટલુંજ નહિં પણ બ્રાહ્મણો વચ્ચે પોતે ખીર જમે છે. જેની અંશે સંભાવના ન હતી કલ્પના ન હતી તેવી ચીજ નશીબે બનાવી દીધી. હાઢાની ખીર થાળનું ચક્કર બનાવ્યું કલ્પી ન શકાય તેવી વસ્તુ નશીબ બનાવે છે, આથી તમારી વિચાર સ્થિતિ પ્રમાણે પાંજરાનો ભુકકો કરનાર થઇશ તે કલ્પનામાં નહીં આવે, પરન્તુ શરીરના રક્ષણ સાથે આગમનું આલંબન લેવા માંડયું છે તેથી મોડા પણ આ સ્થિતિએ આવશો. છોકરો ચાર પાંચ વરસનો હોય તે વખતે કક્કો ભણાવતાં એકડો લખાવતાં મુશ્કેલી પડે છે તે દૃષ્ટાંતે ધારણા કરો. કક્કામાં એકડામાં મુશ્કેલી છે તે વખતે પ્રોફેસરની સ્થિતિની કલ્પનાના વિચાર મેળવીએ તો અસંભવિત લાગે. આપણે જન્મ્યા તે વખતે બેસવાની તાકાત ન હતી એ દશા વખતે દોડનાર પહેલવાન થશે તેવી કલ્પનાને સ્થાન રહે છે. જે ગબડી પડનાર હતા તે શરીરની સ્થિતિમાં ટકે તો પહેલવાન દોડનાર થાય છે, તેમ આપણા કરતાં અનંતા ખરાબ સ્થિતિવાળાને આગમરૂપી દોરડાએ બહાર કાઢી ઉદ્ધર્યા છે. આ જોઇએ નહિં. શું? શરીર જોઇએ નહિં. પ્રદેશી રાજા, ગૌતમસ્વામી, દૃઢપ્રહારી, અર્જુનમાળી; વિગેરે કઈ સ્થિતિમાં હતા? છતાં પાંજરાનો ભુકકો કરનાર થઇ શકયા.

## વિજ્ઞાન ભૂમિના વિલાસિયોને હેય-ઉપાદેયની તન્મયતા હોય છે

હલકી સ્થીતિ વાળા ત્યાં આવી શકયા તો આપણે ઊંચી સ્થીતિવાળા આવીએ તેમાં નવાઇ નથી. આલક્ષ્ય વિજ્ઞાન ભૂમિ રખાવે છે. પોતાની અત્યારની ભવિષ્યની સ્થીતિને અંગે કેમ વર્તવું જોઇએ તે વિચારે તે ત્રીજી ભૂમિકા. હેયને અંગે તન્મયપણે છાંડવા માટે કટિબદ્ધ થવું અને ઉપાદેય માટે પણ તન્મયપણે કટિબદ્ધ થવું તે ત્રીજી ભૂમિકા. ત્રીજી ભૂમિકામાં જ્યારે આવે ત્યારે તેને માટે અર્ધ પુદ્ગલપરાવર્તથી વધારે સંસાર હોય નહિં તે નક્કી થયું. શ્રવણ જ્ઞાનભૂમિકામાં કોઇ નિર્ણય નહિં, અને તેથી એ ભૂમિકા અભવ્ય દુર્ભવ્ય મને મિથ્યાત્વીને બે હોય, ત્રીજી ભૂમિકા ઉપાદેયને ઉપાદેય ગણી તેને અંગે આદરની તીવ્ર બુદ્ધિ. હેયને અંગે હેયબુદ્ધિ તે અભવ્યને હોતી નથી, પરન્તુ તે ભૂમિકા વખતે સમ્યકત્વજ હોય છે. ૨૧ ગુણ સાંભળી તેની કથા સાંભળી તમે શ્રવણ જ્ઞાન ભૂમિકામાં સહેજે આવી શકયા હશો, પરન્તુ હવે તમારે ત્રીજી ભૂમિકામાં આવવાની જરૂર છે. આથી ધર્મરત્ન આગળ કહી ગયા છીએ તેનો અર્થ શું? ધર્મ એજ રત્ન. દુનીયામાં રત્ન કોઇ ચીજ નથી. રત્ન ચીજ હોય તો ધર્મજ. ધર્મ એજ રત્ન કહી શું કર્યું? જગતમાં હીરા, મોતી, રત્ન, પત્થરના ભાઇ છે, ખરેખર રત્ન ધર્મ. ધર્મ રત્નજ એકદી મોક્ષે જવાના અસંખ્યાત સાધનો તે રત્ન તરીકેજ છે. તે ખ્યાલમાં લઇએ એટલે સમજાશે કે એક પણ રત્ન કોઇના હાથમાં આવ્યું તો એક જાતના અસંખ્યાત રત્નો હોય તો પણ ધર્મના અસંખ્યાત યોગમાંથી કોઇ પણ યોગ મળી ગયો તો બેડો પાર. આ સ્થીતિએ વિચારીશું તો ખુલાસો થશે કે

કોઇ જીનપ્રતિમા દેખી બોધ પામી મોક્ષે ગયા. કોઇકે સાધુ દેખ્યા બોધ પામી મોક્ષે ગયા. કોઇકે દાન દીધું બોધ પામી મોક્ષે ગયા. એક ગુણ વખતે સેંકડો અવગુણ એમને છે છતાં સેંકડો અવગુણની ખરાબી કયાં ગઇ ? એક પ્રતિમાના દર્શનથી આર્દ્રકુમારને એક ગુણ થયેલો છતાં અનાર્ય દેશાદિ ઘણાજ અવગુણ હોવા છતાં ધર્મ અંશે મળી જાય તો પાર પામી જાય પણ તન્મય થવો જોઇએ. એક ગુણ ને નવાણું અવગુણ એક ગુણમાં તન્મયતા થાય તો કલ્યાણ. ઢાંકયો ગુણ નિકલ્યો તો બોલબાલા. ગુણ તીવ્રતાવાળો નિકળે તો નવાણું એક બાજુ રહે. મોક્ષનું સાધન બરોબર મળી જાય તો બેડો પાર થઇ જાય. આથી મોક્ષ પામવાના અસંખ્યાત યોગ છે.

## વલ્કલચિરી ઋષિ વિગેરે મહાપુરૂષોમાં વિજ્ઞાન ભૂમિના સ્પર્શન.

વલ્કલચીરી જંગલમાં રહેનારો જંગલી જેને બળદ ને મૃગલાનું ભાન નથો. પુરૂષ ને સ્રોના ભેદની જેને ખબર નથી. જેને સ્રો પુરૂષ ને બળદ ને મૃગલાનો ભેદ માલમ નથી. જેને અંગે કવિ જંગલનું રોઝ કહે છે. જે અંદર જઇ લુગડાથી પાત્ર પ્રમાર્જન કરે છે એ એને કેવળજ્ઞાન આપે છે. જે ક્રિયાના કટ્ટર વિરોધી હોય તેને ભરત ચક્રવર્તી તથા પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાંત આગળ થાય છે. ભરતચક્રવર્તીને વીંટી ત્યાગ કરી તો વૈરાગ્ય થયો છે. ત્યાગની જડેજ શ્રેણિ વધી છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિમાં પણ જુઓ કયાંથી વળ્યા ? સાતમી નરકના વેદનીય કોણે મટાડયા ? માથાના લોચે સાધુપણાનું ભાન કોણ લાવ્યું ? માથાનો લોચ તમારા હિસાબે સાતમી નરક વેદતો હોય તો તેવાને તારનાર છે. વલ્કલચીરિ કેવળજ્ઞાન લે શાથી ? વીણતા ચીથરાથી હવે વિચારો એક પડિલેહણએ કેવા જંગલીને કેવા ધર્મહીન ને કેવા મૂર્ખને કેવળજ્ઞાન આપે છે. આથી વલ્કલચીરિની અવજ્ઞા કરતો નથી પણ અજ્ઞાન મૂર્ખ જંગલીપણે થતું પડિલેહણ પણ આત્માને ફાયદા કરે છે તે સમજવા માટે અજ્ઞાનાદિ વિશેષણો દીધા છે. ધર્મના એક યોગ સિવાય બીજું કશું ઝુંપડામાં નથી. જયણાની બુદ્ધિ નથી. ધૂળ ઉડાડવાની બુદ્ધિ છે. પોતાના ઉપગરણને લુગડાથી સાફ કરે છે. જે ધૂળ ઉડાડવાની બુદ્ધિએ અજ્ઞાનીને જંગલીના હાથમાં આવેલી પડિલેહણની ક્રિયા કેવળજ્ઞાન આપે છે. પછી પડિલેહણમાં શું વળ્યું ? ચીંથરા ચુંથ્યા તેમાં શું વળ્યું તે કહેનારની બુદ્ધિ ચાલી ગઇ છે. માટે ધર્મનો એકપણ યોગ મોક્ષનું કારણ છે માટે ધર્મનું એક પણ અંગ મોક્ષ આપનાર છે આવું કંઇક કર્યું છે. એમ કરતાં જાતિ સ્મરણ થયું. ચારિત્ર પૂર્વનું યાદ આવ્યું તે ભાવનામાં કેવળજ્ઞાન પામ્યા. તાપસના ઉપગરણ ઉપર ધૂળ ઉડાડવા માટે થએલું પ્રમાર્જન કેવળજ્ઞાન અપાવે તો તીર્થંકરે આમ કરવાનું કહ્યું છે તે ક્રિયા કરનારને આપણે જેમ તેમ બોલીએ તો રત્ન પારખનાર ઝવેરી થયા નથી. આથી ધર્મ રત્નજ. ધર્મ સિવાય કોઇ

જગતમાં રત્ન નથી. ધર્મના એક ભેદમાં રત્નથી ઓછાપણું છેજ નહિં. ત્રણુકાળ મહાવિભૂતિથી પૂજા કરતા હોઇએ છતાં રસ્તાનો ગમાર ભગવાનને માત્ર સામાન્ય નમસ્કાર કરે તો તેની પણ અનુમોદના ધનવાને કરવીજ જોઇએ. દરેક સમ્યકત્વવાળાએ ધર્મની દરેક ક્રિયાની કિંમત કરવીજ જોઇએ. આ બે નિશ્ચય થાય ત્યારે ત્રીજી ભૂમિકા પ્રાપ્ત થાય. ત્રીજી ભૂમિકાની મુશ્કેલી કઇ જગો પર છે તે માલમ પડશે. તે મુશ્કેલ એવી ત્રીજી ભૂમિકા પ્રાપ્ત કરી તો બેજ દશામાં હોય. સાધુને શ્રાવક બેજ દશા એ દશાનું સ્વરૂપ કેવા પ્રકારનું છે તે વિષે શાસ્ત્રકાર શું જણાવે છે. તે અધિકાર અગ્રે વર્તમાન.

---

## ગ્રાહકોને નમ્ર વિનંતિ

શ્રી સિદ્ધચક્ર માસિકના આપને આ અંક સાથે ૧૧ અંક મલ્યા છે. હવે પછી છેલ્લો અંક આપને મલેથી ચાલુ વર્ષ પુરૂં થશે તો આપનું લવાજમ હજુસુધી મલ્યું નહિ હોવાથી મનીઓર્ડરથી રવાના કરશો. જો મનીઓર્ડરથી રવાના કરવામાં નહિ આવે તો આસો સુદ ૧૫ થી શરૂ થતા નવા વર્ષનો બીજો અંક બે વર્ષના વી. પી. થી રવાના કરીશું જેથી ગ્રાહકને ડબલ વી. પી. ખરચ લાગે નહિ. જેઓ ગ્રાહક તરીકે રહેવા ઇચ્છતા ન હો ય તેમણે અંક બંધ કરવા લખી દેવું અને ચાલુ સાલનું લવાજમ મોકલી આપવા મહેરબાની કરવી.

લી. તંત્રી.

### પરમપૂજ્ય આગમોદ્ધારક આગમદિવાકર શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના ૭૧ મા વર્ષની શાનદાર

# ઉજવણી

પરમપૂજ્ય આગમોદ્ધારક આગમદિવાકર શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજની અષાડ વદી ૦)) ની પૂણ્ય જન્મતિથિ હોઇ સુરત ગોપીપુરા નેમુભાઇની વાડીના ઉપાશ્રયે સુરતના શ્રી સંઘે અષાડ વદી ૦)) ના મંગળવારના રોજ તે પૂણ્યતિથિની શાનદાર ઉજવણી કરી હતી.

સવારે દસ વાગે નેમુભાઈની વાડીના ઉપાશ્રયે સેંકડોની માનવ મેદની સમક્ષ શરૂઆતમાં શ્રી રત્નસાગરજી જૈન વિદ્યાશાલાના બાળકોની મંગળસ્તુતિ બાદ શ્રી અમૃતલાલ એમ. મોદીએ જણાવ્યું હતું કે ‘આચાર્ય મહારાજનો જન્મદિવસ ઉજવવો એ ખુબજ આવશ્યક છે; કારણ કે તેમણે ઘણાં મહાન કાર્યો કર્યાં છે.’ ત્યારબાદ શ્રી ઠાકોરભાઇએ મનોહર અવાજે આચાર્ય મહારાજના ગુણોનું વર્ણન કરનાર શ્લોક ગાયા બાદ જણાવ્યું હતું કે–‘શ્રી દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ બાદ જૈનશાસ્ત્ર ગ્રંથોના ઉદ્ધાર કરનાર આ મહાપુરૂષ છે. સમેતશિખર, અંતરીક્ષજી, કેસરીયાજી વિગેરે તીર્થોની રક્ષામાં આ મહાપુરૂષે અપૂર્વ ફાળો આપ્યો છે. દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ, આગમોદય સમિતિ, જૈનાનંદ પુસ્તકાલય, રત્નસાગરજી કાયમી ફંડ, નગીનભાઇ મંછુભાઇ ફંડ, ‘સિદ્ધચક્ર’ પાક્ષિક, શ્રી વર્ધમાન જૈન આગમ મંદિર, વિગેરે અનેક કાર્યો આ મહાપુરૂષે કર્યાં છે. સુરતના શ્રી સંઘને મારી વિજ્ઞપ્તિ છે કે સુરત સંઘ આ

મહાપુરૂષનો ઉપકાર ભવોભવ વિસરી શકે તેમ નથી માટે શ્રી સંઘે કાંઇને કાંઇ કરવું જોઇએ.' ત્યારબાદ મુનિ શ્રી સૂર્યોદયસાગરજી મહારાજે બોલતાં જણાવ્યું હતું કે 'પૂજ્ય આચાર્ય મહારાજની વિદ્વત્તા એવી અપૂર્વ છે કે પૂછનારનો પ્રશ્ન પુરો ન થાય તે પહેલાં તે ઉત્તર તેને મળી રહે છે. તેઓએ જૈનશાસનના કંટકોને એકલે હાથે દુર કર્યા છે અને અભૂતપૂર્વ આગમ મંદિર બંધાવ્યું છે.' ત્યારપછી પંડિતશ્રી મફતલાલે જણાવ્યું હતું કે-'દીક્ષા પછી પાંચ વરસે સં. ૧૯૫૨ માં તે વખતના વૃદ્ધ અને સ્થવિરોને નીડરતાથી સત્ય શું છે તે તેમણે જણાવ્યું હતું. અંતરીક્ષજીના કેસમાં સત્યવકતૃત્વપણાને લઇ વિદેશી જજ પરમભક્ત બન્યો હતો. પૂજ્ય આચાર્ય મહારાજ એકલે હાથે અપેક્ષા વિના જૈન શાસનના સંરક્ષક પુરૂષ છે.' આ પછી શ્રી ચંપકલાલે બુલંદ અવાજે જણાવ્યું હતું કે તેઓશ્રી બુદ્ધિ વૈભવની પ્રશંસા સારા ધારાશાસ્ત્રીઓ પણ કરે છે.' આ પછી બે પંડિતોએ શ્લોકો ગાયા હતા. અને પછી સુરચંદભાઇ પુરૂષોત્તમદાસ બદામીએ ઉભા થઇ જણાવ્યું હતું કે આ શુભ પ્રસંગે નીચે મુજબ કરવામાં આવ્યું છે.

૧૦૦૧) લક્ષ્મીબેન તે મોહનલાલ માણેકચંદ કચરાની ધણીઆણી તરફથી (સાધુ સાધ્વીઓની દવા માટે રૂમ બંધાવવા)

### તદુપરાંત વૈયાવચ્ચ માટે નીચે મુજબ દાન થયું હતું

૫૦૧) માણેકચંદ ઝવેરચંદ
૫૦૧) નગીનદાસ ચુનીલાલ ચોકશી
૫૦૧) કલ્યાણચંદ દેવચંદ હા. શા. કલ્યાણચંદ દેવચંદ
૨૫૧) શા. નગીનદાસ મણીલાલ હા. સૌભાગ્યચંદ અમીચંદ
૧૦૧) પરસનબેન તે ભાઇચંદ સોમચંદની ધણીઆણી હા. નેમકુંવરબેન ઝાંપાવાળા
૧૨૫) નગીનદાસ ચુનીલાલ હા. રતીલાલ ગુલાબચંદ

ત્યારબાદ બાલિકા જયપ્રભાએ સુંદર સ્વરે આચાર્ય મહારાજના જીવન પ્રસંગો સુચવતી સુંદર ગહુંલી ગાઇ હતી. બાદ સભા વિસર્જન થઇ હતી.

બપોરે-નેમુભાઇની વાડીમાં નવ્વાણું અભિષેકની પૂજા ખુબજ મહોત્સવપૂર્વક ઉજવવામાં આવી હતી. નવ્વાણું અભિષેકની ક્રિયા શ્રી બાલુભાઇ ઉત્તમચંદે કરાવી હતી અને સુપ્રસિદ્ધ સંગીતરત્ન મોહનલાલ પાનાચંદે મધુર સ્વરથી જનતામાં અપૂર્વ ભાવોલ્લાસ પ્રગટાવ્યો હતો. આ પ્રસંગનો હજારોની માનવ મેદનીએ લાભ લીધો હતો. પૂજા પૂર્ણ થયા બાદ પ્રભાવના થઇ હતી.

રાત્રે ખુબજ ઉલ્લાસપૂર્વક ભાવના થઇ હતી. આ પૂણ્ય પ્રસગે શહેરના તમામ મંદિરોએ ભવ્ય આંગી રચવામાં આવી હતી અને મહારાજશ્રીની પૂણ્ય જન્મતિથિ નિમિત્તે લાખો જીવોને છોડાવવામાં આવ્યા હતા તેમજ ૭૦૦) ૮૦૦) માણસોને અન્નદાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે 'આચાર્યશ્રી અમર રહો' ની શુભ ભાવના પાઠવતાં ઘણા તારો અને પત્રો આવ્યા હતા. આ પૂણ્ય પ્રસંગ ઘણા વર્ષો સુધી યાદ રહે તેવી ભવ્ય રીતે શ્રી સુરત જૈન સંઘે ઉજવ્યો હતો.

## મંગલવાદની આછી રૂપરેખા

**મંગલાચરણની આવશ્યકતા**—વિદ્વાનોનો નિયમ છે કે કોઇ પણ ઇષ્ટ વસ્તુની સિદ્ધિ માટે પ્રયત્ન કરાતો હોય ત્યારે ઇષ્ટ દેવતાની સ્તુતિ કરીનેજ પ્રવર્તવું. એનેજ શાસ્ત્રકારો શાસ્ત્ર પ્રવૃત્તિમાં 'મંગલાચરણ' કહે છે. મંગલાચરણને માટે કેટલાકો વિવાદ કરે છે. તેઓનું કહેવું એવું છે કે મંગલાચરણ કરવાથી કંઈ પણ વિશેષ ફલ જોવાગાં આવતું નથી તો તે નિરર્થક મંગલાચરણ કરવાની જરૂર શી ? કદાચ જણાવવામાં આવે કે ગ્રંથની સમાપ્તિનું કારણ મંગલાચરણજ છે. જે મનુષ્યને જે કાર્યની સિદ્ધિ કરવી હોય તેણે તેનાં કારણો જરૂર મેળવવાં જોઇએ. આથી ગ્રંથની સંપૂર્ણતા કરવાની ઇચ્છાવાળાઓએ મંગલાચરણ જરૂર કરવું જોઇએ. તે સિવાય વિઘ્નોનો નાશ નહિં થાય અને વિઘ્નોથી ધારેલું સમાપ્તિરૂપી કામ પણ થશે નહિ. પણ આ વાત પાયા વિનાની છે. કારણ કે કારણ તો તેજ કહેવાય કે કાર્યની ઉત્પત્તિ થવામાં જરૂર તેની ઉપયોગિતા હોય અને તે ન હોય તો કદાપિ કાર્ય બને નહિં. આ સ્થલે તેમ નથી, કેમકે નાસ્તિકના ગ્રંથોમાં મંગલાચરણ નહિ છતાં પણ સમાપ્તિ થએલી દેખાય છે ને કાદંબરી આદિમાં મંગલાચરણ છતાં પણ સમાપ્તિ થએલી નથી. માટે સમાપ્તિનું કારણ મંગલાચરણ નથી ને તેથી તે નકામું છે ને તેને કરવાની જરૂર નથી.

આવી રીતે જ્યારે કેટલાકો મંગલાચરણને માટે શંકા કરે છે ત્યારે સૈદ્ધાન્તિકોનું માનવું એમ છે કે "श्रेयांसि बहुविघ्नानि भवन्ति महतामपि" અર્થાત્ મોટા પુરૂષોને પણ કલ્યાણકારી કામો ઘણાં વિઘ્નોવાળાજ હોય છે. કોઇ પણ ગ્રંથકાર પોતાનો ગ્રંથ લોકોના ઉપકારને માટે કરતો હોય ને તે ઉપકાર માટે બનાવવામાં આવતો ગ્રંથ કલ્યાણકારી કામ તરીકે છે એથી વિઘ્નો જરૂર સંભવે છે ને તેને નાશ કરવા જરૂર પ્રયત્ન થવો જોઇએ. તે પ્રયત્નનું નામજ 'મંગલાચરણ' છે. કેટલીક જગો પર મંગલાચરણ નહિં છતાં જે સમાપ્તિ દેખવામાં આવે છે ને મંગલાચરણ છતાં સમાપ્તિ નથી દેખાતી તો તેમાં મંગલાચરણનું કારણપણું ચાલ્યું જતું નથી. કેમકે જે જગો પર વિઘ્નો ઘણાંજ થોડાં હોય તો તે મંગલાચરણ વિના પણ ભોગવવા આદિથી નાશ પામે ને જો ઘણાં હોય તો થોડા મંગલાચરણથી તેનો નાશ ન થાય જેમકે અગ્નિનો એકાદ નાનો તણખો પોતાની મેળે નાશ પામે ને વિશેષ અગ્નિનો થોડા પાણીથી નાશ ન થાય તો તેથી અગ્નિને પાણી નાશ કરતું નથી તેમ કહેવાય નહિં. જેમ અગ્નિ અને પાણીને નાશ્યનાશકપણે વિરોધ છે તેમ મંગલાચરણ પણ વિઘ્નોની સાથે નાશ્યનાશકપણે વિરોધી છે. માટે દરેક ગ્રંથકાર ગ્રંથની શરૂઆતમાં મંગલાચરણ કરે છે ને તે કરવુંજ જોઇએ.

મંગલાચરણ કરવું જોઇએ તે વાત ઉપર નક્કી કરી આવ્યા છતાં તે લખવાની શી જરૂર? એમ કદાચ કહેવામાં આવે તો તેના ઉત્તરમાં એટલુંજ કહેવાનું કે સાંભળનાર તથા વાંચનારને પણ માંગલિક તે જરૂર લખવું જોઇએ ને તે મંગલાચરણ જોઇને શિષ્ય વગેરે પણ ગ્રંથ કરતાં તેવી રીતેજ પ્રવૃત્તિ કરશે. મંગલ કરવાથીજ ગ્રંથકાર કયા મતને અંગીકાર કરીને ચાલે છે તે તથા અમુક સિદ્ધાંત તેનો પ્રતિતંત્ર

સિદ્ધાંત છે તે પણ તે ઉપરથી માલુમ પડે છે. ને તેથીજ શ્રીગણધર મહારાજ વગેરેને મંગલ કરવાની જરૂર હોતી નથી, કારણ કે તેઓને વિઘ્નની સંભાવના નથી. તેમજ તેઓ શાસ્ત્ર-રચનામાં સ્વતંત્ર છે. ફક્ત તીર્થંકર મહારાજે જણાવેલી ત્રિપદી ( उप्पन्ने इ वा, विगमे इ वा, धुवे इ वा[1] ) ઉપરથી આગમની રચના છે. એમ જણાવવા તેઓ શ્રીતીર્થંકર મહારાજના ગુણો જણાવે છે ને તેમણે ( શ્રીતીર્થંકર મહારાજે ) કહ્યું તે પ્રમાણે પોતાની વક્તવ્યતા જણાવે છે, કે જેથી કેવલીઓથી દેખી શકાય તેવા પદાર્થોનું વિવેચન પણ માન્ય કરવામાં આવે.

મંગલને માટે ઇષ્ટ દેવને નમસ્કાર કરવાથી શુદ્ધ શ્રદ્ધાવાળાઓને તે ગ્રંથ માન્ય કરવા લાયક થાય, કેમકે સ્વમતિથી કરેલું વિવેચન કોઇ પણ પ્રકારે શુદ્ધ શ્રદ્ધાવાળાઓને માન્ય કરવા લાયક થતું નથી. અતીન્દ્રિય પદાર્થો (જીવ, ધર્મ, સંવર, મોક્ષ આદિ)ના જ્ઞાન વિના તે સંબંધી કરેલું વિવેચન કોઇ પણ શાણો મનુષ્ય માની શકે નહિં ને તેટલાજ માટે શ્રી કેવલી મહારાજે કહેલો ધર્મ પ્રમાણ તરીકે માન્ય થવા સાથે મંગલ, લોકોત્તમને શરણ કરવા લાયક ગણાય છે. આ ઉપરથી ગુરુપર્વક્રમ નામના સંબંધની યોગ્યતાને જરૂરી પણ માલમ પડશે.

---

૧. 'વિગમ' શબ્દથી ધર્મ લીધો અને 'ધ્રુવ' શબ્દથી ધર્મી લીધો છતાં 'ઉપ્પન્ને' શબ્દને બદલે उप्पाए કેમ ન લીધું? સામાન્ય રીતે ઉત્પન્ન થયેલો પદાર્થ વ્યવહારનો વિષય છે તેથી આવા ભેદ પાડયા હોય એમ જણાય છે. નિત્યત્વ વસ્તુરૂપે છે, છતાં એ વ્યવહારનો વિષય નથી. વિગમ એટલે અભાવ કે જે ભાવથી ભિન્ન નથી છતાંએ એમાં મુખ્યતા અભાવની છે.

**કૃતજ્ઞતા**—મંગલ કહેવાથી ગ્રંથકારને કૃતજ્ઞ ગણી શકાય છે, કારણ કે જે મનુષ્યને જે દ્વારા ઉપકાર થયો હોય તેને ઉપકારી તરીકે માનીને દરેક કાર્યમાં યાદ કરે, નમસ્કાર કરે, ગુણસ્તુતિ કરે તોજ તે કૃતજ્ઞની પંક્તિમાં આવે. દરેક મનુષ્યને શ્રી જિનેશ્વર મહારાજના શાસન-પ્રવર્તનના પ્રયત્નથીજ ઉપકાર થએલો છે. તો દરેક કાર્યમાં તેમની (શ્રીજિનેશ્વરની) સ્તુતિ કરવી યોગ્ય હોવાથી મંગલાચરણ કે જે તેઓની સ્તુતિમય હોય છે તે કરવું તથા બીજાઓને જણાવવા લખવું તે યોગ્યજ કહેવાય.

**ગુણોત્કીર્તન**—મંગલ કરવાથો શ્રોતાને ઉત્તમ પુરુષોનું ગુણોત્કીર્તન થાય છે ને તેથી આત્માની શુદ્ધિ થવા સાથે તેઓ સાવધાન થઈ પરમોલ્લાસથી સાંભળે છે અને તેની ઉપર આદરબુદ્ધિની તીવ્રતા થાય છે. એટલાજ માટે શાસ્ત્રકારો કહે છે કે શિષ્યની બુદ્ધિમાં મંગલતા ઉત્પન્ન કરવા માટે મંગલ કરવુંજ જોઇએ.

**ઇષ્ટ અને અધિકૃત દેવતા**—મંગલ કરતાં ઉત્તમ પુરુષોના જણાવેલા ગુણો સાંભળી શ્રોતાઓને સાધ્યબિંદુનો નિશ્ચય કરવાનો મુદ્દો મળે છે ને તેથીજ જેવા પ્રકારનું શાસ્ત્ર હોય છે તેની આદિમાં તેના અધિષ્ઠાતાને નમસ્કાર કરવારૂપ મંગલ કરવામાં આવે છે. આ અધિકૃત દેવતા સ્તુતિરૂપ 'મંગલ' કહેવાય છે. જૈન શાસ્ત્રમાં તો ઇષ્ટ અને અધિકૃત બન્ને પ્રકારના દેવતા શ્રીજિનેશ્વર મહારાજ હોય છે, કારણ કે તેઓના ગુણોનું કીર્તન કરવા સાથે તેઓનેજ સકલ વિદ્યાના મૂલ માનવામાં આવે છે, સહસ્રાગમે હસ્તિપ્રમાણ મષીથી ન લખી શકાય અને સર્વ વિદ્યા આદિનું નિધાન ચતુર્દશ પૂર્વની રચના તેઓનાંજ વચન

ને જ્ઞાનને આભારી છે. કોઇ પણ એવું સદ્વાક્ય દુનીઆમાં નથી કે જે શ્રીદ્વાદશાંગીમાં ન હોય. આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે શ્રી-જિનેશ્વર મહારાજના ગુણો અનુકરણ કરવા લાયક છે ને તેઓજ સકલવિદ્યાની આદિના મૂળભૂત છે. તો તેઓને નમસ્કાર કર્યા વિના કોઇ શ્રેયસ્કર ઈષ્ટની સિદ્ધિ થઇ શકતી નથી. આજ કારણને ઉદ્દેશીને જૈનાચાર્યો કોઈ પણ વ્યાકરણ, છંદ, કાવ્ય, ન્યાય કે ધર્મશાસ્ત્રના ગ્રંથોમાં શ્રીજિનેશ્વર મહારાજને નમસ્કાર કરીને મંગલાચરણ કરે છે. ઉપર જણાવેલા મુદ્દાથી જણાશે કે કેટલીક જગો પર દેવ અને ગુરુ બન્નેને પણ નમસ્કાર કરવામાં આવે છે તે પણ ઇષ્ટ અને અધિકૃત દેવતારૂપે ધારીને છે.

**આદિ, મધ્ય અને અંતિમ મંગલા-ચરણના ફલ**—ઉપર જે મંગલાચરણ કરવાની જરૂર બતાવી છે તેને માટે વિચાર કરીએ તો શાસ્ત્રકારો સમાપ્તિ, વિઘ્નધ્વંસ, વિઘ્નપ્રાગ્ભાવ પરિપાલન, પ્રચયગમન, શિષ્ટાચારપરિપાલન અને કૃતજ્ઞતા આદિ જુદા જુદા ઉદ્દેશથી કરે છે. ને એક મંગલથી બધાં ફળ મળે તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી, કેમકે કેટલીક ક્રિયાઓ ચારિત્ર અગર તપની માફક એવી શક્તિવાળી હોય છે કે જેથી અનેક ફલની પ્રાપ્તિ પણ થઇ શકે. આ ઉપર જણાવેલાં ફલો પણ અમુક હદ સુધીનાંજ સમજવાં કે જેથી ગ્રંથની આદિ, મધ્ય અને અંતમાં કરાતાં મંગલોનાં જુદાં જુદાં ફલોની પ્રાપ્તિ માટે કોઇ જાતની શંકા ઉદ્ભવવાનો વખત આવશે નહિં અને તેથીજ શાસ્ત્રકારો આદિ મંગલનું વિઘ્નધ્વંસપૂર્વક સમાપ્તિ, મધ્ય મંગલનું ગ્રંથાર્થ-સ્થૈર્ય અને અંતિમ મંગલનું શિષ્યપરંપરા દ્વારાએ શાસ્ત્રનો અવિચ્છેદરૂપી ફલ માને છે. આદિમાં શ્રોતાને પરમ પુરુષોના ગુણ સાંભળવાથી થએલો આહ્લાદ વિઘ્નનો નાશ કરીને સમાપ્તિ કરાવનાર, મધ્યમાં શાસ્ત્રરહસ્યના જ્ઞાનથી થએલો આહ્લાદ તેના પ્રણેતાના તીવ્ર બહુમાનને અંગે તેના વચનની પરિવર્તના કરવામાં પરિણામની દઢતા અને અંત્યમાં શાસ્ત્રાર્થ સમાપ્તિને લીધે દેવગુરુના બહુમાનથી અંતઃકરણમાં થએલો અપૂર્વ આહ્લાદ તેઓની કૃતાર્થતાને ઉપકારીપણાનું સ્મરણ થવાથી જગતના જીવોની ઉપર પડતી અદ્વિતીય છાપથી જુદાં જુદાં ફલો પ્રાપ્ત થાય તેમાં કાંઇ પણ નવાઇ જેવું લાગશે નહિં.

મંગલનું ફલ માત્ર વિઘ્નધ્વંસ છે અને એ સમાપ્તિ તો બુદ્ધિપ્રતિભા આદિ કારણોથી થાય છે. જો વિઘ્નધ્વંસ ન થાય તો સમાપ્તિ ન થાય એમ છે. છતાં વિઘ્નધ્વંસવાળાને પણ બુદ્ધિ આદિ ન હોય તો સમાપ્તિ થાય નહિં. આટલા માટેજ ગ્રંથકાર મહારાજાએ નિર્વિઘ્ન સમાપ્તિ રૂપી મંગલનું ફલ કહે છે. અર્થાત્ તાત્પર્ય તપાસતાં વિઘ્નનો નાશ કરવો એજ ફલ રહે છે. ને તે માટે શાસ્ત્રકારો "सत्थत्था विग्घपारगमणाय निद्दिट्ठं" (વિસેસાવસ્સયભાસ ગા. ૧૩) એ વાક્યથી વિઘ્નધ્વંસજ ફલ જણાવે છે. જો કે તમામ સ્થાને સમાપ્તિ લેવામાં આવે છે છતાં "विधिर्वा प्रतिषेधो वा विशेषणं प्रति संक्रामते" એ ન્યાયથી વિઘ્નધ્વંસરૂપી વિશેષણમાં વિધાન સમજવું. આવી રીતિએ જ્યારે કેટલાકો મંગલનું વિઘ્નધ્વંસજ ફલ માને છે. ત્યારે કેટલાક શાસ્ત્રકારો "समाप्तिकामो मंगलमाचरेत्" એવી અનુમાન પ્રમાણથી જણાતી શ્રુતિથી મંગલનું સમાપ્તિલક્ષણ ફલ માને

છે. અને જે જે જગો પર નિર્વિઘ્ન શબ્દથી 'વિઘ્નધ્વંસ' લેવામાં આવે છે, તે સર્વસ્થાનકે તેઓ વિઘ્નધ્વંસને સમાપ્તિ રૂપી કાર્યનું દ્વાર જણાવે છે.

મંગલ એ કારણ છે અને સમાપ્તિ એ કાર્ય છે. મંગલથી સીધી સમાપ્તિ થતી નથી, પણ મંગલથી વિઘ્નધ્વંસ થાય છે ને તેનાથી સમાપ્તિ થાય છે. તેથી વિઘ્નધ્વંસ એ દ્વાર કહેવાય છે. જો કે બુદ્ધિ, પ્રતિભાદિ કારણોની સમાપ્તિ કરવામાં જરૂર પડે છે તો પણ તે (બુદ્ધિ આદિ) જ્ઞાનસ્વભાવ આત્માના જ્ઞાનાવરણીય કર્મરૂપી પ્રતિબંધક દૂર થવાથી સ્વતંત્ર બહાર આવે છે. આ સ્થલે જેઓ "प्रारिप्सितप्रतिबंधक निवृत्त्यसाधारणकारणंमंगलं" કહેતા હતા તેઓને પરંપરાએ પ્રતિબંધકપણું લેવું પડતું હતું, કારણ કે જ્ઞાન, આરોગ્યતા આદિ પ્રારિપ્સિતમાં પરંપરાએ સાધનો છે; પણ જેઓ પ્રારિપ્સિત વિશેષણ ન લેતાં કેવલ પ્રતિબંધક નિવૃત્તિને લેતા હતા તેઓને તો પરંપરા સુધી દોડવાની જરૂરજ નથી. આ સ્થલે એટલો વિચાર કરવાની જરૂર છે કે પ્રારિપ્સિત વિશેષણ ન લગાડીએ તો સંવર અને નિર્જરાના સર્વ કારણો મંગલ થઇ જાય પણ તેની હરકત નથી, કારણ કે જ્ઞાન આદિને પણ 'મંગલ' માની લેવા સાથે તેનો નિર્દેશ માત્ર પણ 'મંગલ' તરીકે માનવામાં આવે છે. ને તેથીજ શાસ્ત્રોમાં 'સુયં' એવું સાંભળવાના અર્થવાળું પદ પણ શ્રુતજ્ઞાનવાચક લઇને 'મંગલ' તરીકે ગણાવાયું છે. વળી કેટલીક જગો પર સમ્યક્ તથા કેટલીક જગો પર ધર્મ આદિ શબ્દોને પણ 'મંગલ' તરીકે ગણવામાં આવેલા છે. તત્ત્વ એ કે સંવર ને નિર્જરાના કારણોને 'મંગલ' તરીકે લઇ

તેનાથી થતી પ્રતિબંધકની નિવૃત્તિ ફલ તરીકે માનવામાં આવે છે. આ પક્ષથી એક ફાયદો એ થાય છે કે સ્વતઃ વિઘ્નાભાવવાળાને પણ મંગલાચરણ કરવામાં હરકત આવતી નથી, કેમકે તૃતીય ઔષધ માફક આ મંગલ પ્રારિપ્સિતના પ્રતિબંધકની હયાતીમાં તેને દૂર કરે છે; નહિંતર આત્માના શુભ અધ્યવસાયની પુષ્ટિ કરી નવાં આવતાં પ્રતિબંધકોનું રોકાણ અગર આવેલાનો નાશ કરી અધિક નિર્મલતા કરી જ્ઞાનોદય કરે છે કે જેથી બીજા ગ્રંથોમાં પણ તેને સરલતા થવા સાથે શીઘ્ર સમાપ્તિનો વખત આવે છે. આ વાત તો અનુભવસિદ્ધ છે કે દરેક ગ્રંથકારને આગળ ઉપર કરવામાં આવતા ગ્રંથોમાં અલ્પ વખત લાગવા સાથે ચમત્કારનો વધારો થાય છે. જો કે બીજાઓ અભ્યાસને તેનું (શીઘ્રતા અને ચમત્કારનું) કારણ જણાવે છતાં તે અભ્યાસ તેનું સાક્ષાત કારણ બનતું નથી. પણ તેના ક્ષયોપશમરૂપ કારણનું કારણ થાય છે. ને તેથી ક્ષયોપશમને હેતુ તરીકે લેવો વધારે સારો છે. ઉપર જણાવ્યા પ્રમાણે જો ક્ષયોપશમ હેતુ માનીએ ને તેને માટે મંગલાચરણની જરૂર માનીએ તો અતીન્દ્રિય જ્ઞાનીઓ અને ગણધર મહારાજો આદિને વિશેષ મંગલાચરણની જરૂર નહિં પણ રહે. ને તેથીજ મૂલ ગ્રંથોમાં નમસ્કારાદિ રૂપે મંગલાચરણો હોતાં નથી. બીજું નાસ્તિક આદિના ગ્રંથોમાં મંગલાચરણ નહિં હોવા છતાં પણ અન્ય કારણોથી તેનો તેવો ક્ષયોપશમ થવાથી તેઓના ગ્રંથોની સમાપ્તિ થઇ શકશે. ક્ષયોપશમના અનેક કારણો છતાં નિયમિત ઇષ્ટ દેવતા સ્તુતિ આદિ મંગલાચરણ કરવાનું કારણ એજ કે તેઓને (મહાપુરુષોને) ઉદ્દેશીને તેની

પ્રાપ્તિ થઈ શકી છે, થાય છે, અને થશે. કેટલાક આચાર્યો શાસ્ત્રમાત્રને 'મંગલ' માને છે, કેમકે તે પણ ક્ષયોપશમનું કારણ છે. છતાં તેઓ પ્રથમથી પ્રવૃત્તિ કરનાર શિષ્યોની બુદ્ધિને પ્રફુલ્લિત કરવા મંગલ કરવા જણાવે છે ને સાથે જણાવે છે કે યદ્યપિ શાસ્ત્ર સ્વતઃ મંગલભૂત છે તો પણ તેને મંગલ બુદ્ધિએ ગ્રહણ કરવામાં આવે તોજ 'મંગલ' તરીકે કામ લાગે પણ જો બીજી રીતે ગ્રહણ કરવામાં આવે તો તે 'મંગલ' તરીકે કામ લાગે નહિં. જેમ સાધુને શુભ બુદ્ધિએ ગ્રહણ કરનાર સારૂં ફલ પામે છે. પણ અપશુકન બુદ્ધિએ ગ્રહણ કરે તો અપશુકનનું ફલ થાય છે તેમ આ મંગલને માટે પણ સમજવું ને તેથી મંગલભૂત શાસ્ત્રની શરૂઆતમાં મંગલ કરવાની જરૂર છે. તેવી રીતે મંગલ કરવાથી શાસ્ત્ર મંગલ શૂન્ય છે કે કેમ એવી શંકા રહેતી નથી. વળી સ્પષ્ટ પ્રણિધાન વગેરેથી શિષ્યને મંગલ બુદ્ધિ થઈ જવાથી બીજાં મંગલો કરવાની પણ જરૂર નથી. કેટલાકો તો કહે છે કે શાસ્ત્ર સ્વતઃ મંગલભૂત છે પણ તે (શાસ્ત્ર) વિદ્યા અને મંત્રરૂપ હોવાથી તેના પ્રણેતા આચાર્યોને નમસ્કાર કરીએ તોજ યથાવસ્થિત સિદ્ધિ મેળવી આપે. (આવસ્સય નિજ્જુત્તિના ગા. ૧૧૦૮માં કહ્યું છે કે "आयरिय नमुक्कारेण विज्जा मंता य सिज्झंति" આચાર્યના નમસ્કારે કરીને વિદ્યા અને મંત્રો સિદ્ધ અર્થાત્ થાય છે. જે પરમાચાર્યને નમસ્કાર કરવો તેજ મંગલાચરણ છે ને તેથી મંગલાચરણ શાસ્ત્રની પૂર્ણાહુતિ કરનાર થાય તેમાં આશ્ચર્ય નથી.

# શ્રી પંચાશક સૂત્ર

વ્યાખ્યાતાઃ—પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ
શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ

આદ્યપ્રવચન—૨૦૦૧ આષાઢ શુક્લા ૧૦.

સંગ્રાહકઃ—મુનિ સૌભાગ્યસાગર.

नमिऊण वद्धमाणं, सावगधम्मं समासओ वोच्छं।
सम्मत्ताइभावत्थ-संगयं सुत्तनीईए ॥१॥

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન્ શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે પંચાશક નામના પ્રકરણને રચતાં થકાં જણાવે છે કે—

## ઉપદેશ કેવો હોવો જોઇએ ?

પ્રથમ શાસ્ત્રકારોએ જે કંઇ ઉપદેશ આપવો તે પોતાની કલ્પનાનો હોવો જોઇએ નહિ. સર્વજ્ઞના વચનને આધિન તેમની મર્યાદામાં રહીને જે ઉપદેશ અપાય તેનું નામજ સત્ય ઉપદેશ અથવા જૈનધર્મ રૂપી ઉપદેશ ગણાય. આ જૈનશાસનમાં સ્વતંત્ર કલ્પનાને સ્થાન નથી. પરંતુ સર્વજ્ઞ ભગવાનના વચનને અનુસરવાનું સ્થાન છે. બીજાઓને કલ્પનાઓ સમજાવાય એમ માને તો તે પણ આરાધક ન ગણાય પણ વિરાધના કરનારો ગણાય. આ માટે શાસ્ત્રકારો મદ્દુક શ્રાવકનું દૃષ્ટાન્ત આપે છે.

## મદ્દુકનું દૃષ્ટાન્ત.

મદ્દુક નામે શ્રાવક હતો. તે ભગવાન્ મહાવીરસ્વામી સમવસર્યા છે તેમને વંદન કરવા જાય છે. રસ્તામાં અન્યધર્મી મનુષ્યો મળ્યા. હંમેશા અન્યધર્મીઓને જૈનધર્મ ઉપર લાલ આંખ હોય છે, કેમકે જૈનધર્મ ત્યાગપ્રધાન છે ત્યારે અન્ય ધર્મો ભોગપ્રધાન

છે. અહિં જ્યાં પેલા શ્રાવકને જોયો એટલે તેઓએ પૂછયું—'તું કયાં જાય છે?' મદ્દુકે જવાબ આપ્યો—'ભગવાન્ મહાવીર મહારાજા સમવસર્યા છે તેમને જન્મ પવિત્ર કરવાને માટે વંદન કરવા જાઉં છું.' અજવાળાને અને અંધકારને, સજ્જનને અને દુર્જનને વેરનું કારણ હોતું નથી. અહિં ત્યાગ પ્રધાન છે એટલે મહાવીરસ્વામી ભગવાનને અંગે બીજું બોલાયજ નહિ કારણ કે તેમણે કુટુંબકબીલો રાજઋદ્ધિ વિગેરેનો ત્યાગ કરીને સંયમ લીધું તેમાં પણ તપશ્ચર્યા કરીને કેવળજ્ઞાન મેળવ્યું તેથી.

### શ્રદ્ધા કેમ કરવી?

મનુષ્ય ઉપદેશ દેવાવાળો ને ઉપદેશ સાંભળવાવાળો બન્ને શ્રદ્ધાવાળા હોવા જોઇએ. 'શ્રદ્ધા કેવી હોવી જોઇએ? બુદ્ધિને મારી નાંખનારી તો ન જોઇએ ને?' આમ જ્યારે અન્યધર્મીઓએ કહ્યું ત્યારે મદ્દુકને કબુલ કરવું પડેને? ત્યારે મદ્દુકે કહ્યું—'હા.' ત્યારે અન્યધર્મીએ કહ્યું—'તમારા મહાવીરસ્વામી અજીવના પાંચ ભેદ કહે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય ને કાળ. આને તું માને છે કે નહિ?' ત્યારે આમાં મદ્દુકે તો સીધું કહેવાનું રહ્યું કે—ભગવાન્ મહાવીરમહારાજા જે પ્રમાણે અજીવ પદાર્થોનું નિરૂપણ કરે છે–ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને કાળનું તેને હું માનું છું. મદ્દુકે જવાબ આપ્યો ત્યારે અન્યધર્મી કહે—'તું માને છે તો પછી તેને દેખે છે?'

અહિં, જો મદ્દુક કહે કે–હા, હું દેખું છું, તો પેલા શું કહે? એમજ કહે કે તું દેખતો હોય તો દેખાડ. દેખાડ કહે ત્યારે મદ્દુક જવાબ આપી શકે કે ભાઇ! સ્વપ્નું મનુષ્ય દેખે તો છે. તેમાં જે વસ્તુ જોવામાં આવી હોય તે પોતે જાણે છે. જ્યારે તે બીજાને સ્વપ્નનું દેખ્યાની વાત કરે ત્યારે પેલો કહે કે–'મને દેખાડ તો સાચું માનું, નહિ તો નથી માનતો.' તો પછી? તેમ, અહિં 'શ્રી જિનેશ્વર ભગવાને કહેલા અરૂપી પદાર્થો શ્રદ્ધાવાળાને ગમ્ય હોય પણ અશ્રદ્ધાવાળાને ગમ્ય નથી,' આમ સીધો ઉત્તર મદ્દુક દઇ શકતને? છતાં, કેમ નથી આપતો? એટલાજ માટે કે બીજાઓને કલ્પનાએ સમજાવાય તો પણ તે પ્રમાણે સમજાવનાર આરાધક ન ગણાય પણ વિરાધના કરનારો ગણાય. માટે, અહિં મદ્દુક જવાબ આપે છે–'હું દેખતો તો નથી; પરંતુ હું પૂછું છું કે–'આ સામે બગીચો દેખાય છે. તેમાંથી સુગંધ આવે છે એ વાત ખરી કે ખોટી?' અહિં, અન્યધર્મીઓથી ના પડાય તેમ છેજ નહિ તેથી તેઓ કહે કે–'હા'. મદ્દુક કહે કે–'જો આવતી હોય તો મને દેખાડો?' અહિં અન્યધર્મી દેખાડી શકતા નથી અને જણાવે છે કે—'સુગંધ તો અનુમાનથી માનીએ છીએ.' વળી મદ્દુક પૂછે છે–'આ દરિયો છે. તેની સામી બાજુ દેખાય છે?' તો તે અન્યધર્મી કહે–'નથી દેખાતું.' મદ્દુક કહે–'ત્યાં દેશ હશે કે?' અન્યધર્મીઓ કહે–'હા, દેશ છે.' મદ્દુક કહે–'તે તમે શાથી કહ્યું?' ત્યારે પેલાઓને કહેવું પડે છે કે–'બીજાઓ ત્યાં ગયા હતા ને તેમણે જણાવ્યું હતું તેથી માનીએ છીએ.'

### યુક્તિ અને શ્રદ્ધા

મદ્દુક કહે–'દરિયા પારના દેશો ન દેખાયા છતાં મુસાફરોનાં વચનોથી માનવા તૈયાર છો તો પછી સર્વજ્ઞભગવાન કે જેઓ રાગદ્વેષ રહિત છે તેમના વચનોને માનવા તૈયાર થાઉં

તેમાં શો વાંધો ?" જગતમાં જો ધર્માધર્માસ્તિકાય ન હોત તો આ સમુદાય ભેગો થાય નહિ; કારણ કે લોકાલોકની વ્યવસ્થા ન રાખીએ તો આકાશ કેટલો ? અનંત. તેનો પાર નહિ. તો પછી એક એક કણીઓ ને એક એક જીવ કયાં વિખરાઇ જાત તેનો પાર ન આવત. બીજું, જો ધર્માધર્માસ્તિકાય મર્યાદા કરનારા ન હોત તો જીવ ને પુદ્ગલને એકઠા થવાનો વખત ન આવત. આથી, કોઇ મર્યાદા કરવાવાળી વસ્તુ માનવીજ પડશે. પછી તું તેને ભલે ધર્માસ્તિકાય વિગેરે ન કહે. આ પ્રમાણે યુક્તિથી કબૂલ કરૂં છું ને સર્વજ્ઞભગવાનના વચનો ઉપર શ્રદ્ધા છે માટે માનું છું.'

આવી રીતે ઉત્તર દઇને તે ભગવાન મહાવીર મહારાજા પાસે ગયો ત્યારે ભગવાન મહાવીર મહારાજાએ કહ્યું—"હે મદ્દુક ! તેં કહ્યું કે 'આવી રીતે દેખતો નથી પણ અનુમાન કે વચનના વિશ્વાસથી દેખું છુ" એમ ન કહેતાં 'હું દેખું છું. મને શ્રદ્ધા છે તેથી તે દેખાય છે. તમે અશ્રદ્ધાવાળા છો તેથી નથી દેખાતું,' એમ જો અવળો ઉત્તર આપ્યો હોત તો અનંત તીર્થંકરો ગણધરો અને સિદ્ધોની આશાતના કરનારો થાત." શ્રોતાએ શ્રદ્ધા કરવાની તે શ્રદ્ધા કરવી જરૂરી છે માટે કરવી જોઇએ પણ આધારે નહિ. આધારે કરવા જાય તો અરૂપી અતીન્દ્રિય પદાર્થોની શ્રદ્ધા ન કરી શકે. ભવાંતરની જે શ્રદ્ધા તે, અતીન્દ્રિયના પદાર્થોની જે શ્રદ્ધા તે સર્વજ્ઞના વચનને માન્યા સિવાય થાય નહિ; માટેજ શાસ્ત્રકારે જણાવ્યું કે જે કંઇ ઉપદેશ આપવો, પદાર્થની સિદ્ધિ કરવી તે સર્વજ્ઞના વચન પ્રમાણેજ, પણ સ્વતંત્રપણે નહિ.

## મંગલાચરણ

આ વાત વિચારશો ત્યારે શાસ્ત્રકાર મહારાજા ગ્રંથ રચતાં શરૂઆતમાં મંગલાચરણ કરે છે તેનું કારણ સમજાશે. પહેલેથી મંગલાચરણ કરીને પ્રતિજ્ઞા કરે છે કે—હું જે કંઈ કહીશ તે આ મહાપુરૂષના વચનને અનુસારે કહીશ પણ સ્વતંત્રપણે નહિ કહું. શાસ્ત્રકાર મંગલાચરણથી શ્રોતા આગળ પોતાની દિશા નક્કી કરી દે છે. શાસ્ત્રકાર ગ્રંથ રચે છે તે ગ્રંથ કલ્યાણરૂપ છે, કેમકે તે બીજાઓના ઉપકારને માટે રચે છે. માટે જે કલ્યાણરૂપ છે તે ચંદ્રસેનસૂરિના સિદ્ધાંત પ્રમાણે ઉત્તમ. ઉત્તમ ચીજ શાથી ગણવી ? વચમાં વિઘ્નો આવે તેથી શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણના વચન પ્રમાણે ઉત્તમ હોય તેથી વિઘ્નો આવે છે. જેને અંગે વિઘ્નો આવે તેજ ઉત્તમ હોય.

## ઉત્તમને વિઘ્નો હોયજ

આત્માનો જ્ઞાન ગુણ છે તેથી જ્ઞાનાવરણીય; અને તેથીજ જ્ઞાનની મહત્તા, દર્શન ગુણ છે માટે દર્શનાવરણીય, ચારિત્ર ગુણ છે માટે મોહનીય, દાન લાભ ભોગ ઉપભોગ વીર્ય આ આત્માના ગુણો છે માટેજ અંતરાય. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને દાનાદિકની મહત્તા જો આત્માના ગુણોને રોકનાર કર્મો ન હોત તો ન રહત. પરંતુ આવરણોને ખસેડાય ત્યારેજ ગુણો મળે માટે તેની મહત્તા. અર્થાત્ જેને આવરણો હોય તે વસ્તુ કીમતી. કીમતી વસ્તુને આવરણ હોયજ. માટે આવરણ ન હોય તે વસ્તુ કીમતી ન ગણાય. નામ, ગોત્ર, વેદનીય અને આયુષ્યને અંગે આત્માનું શું આવરાવાનું હતું ? કંઇ નહિ માટેજ તેને અઘાતિ કહ્યા. જ્ઞાન, દર્શન,

ચારિત્ર અને દાનાદિકને રોકનાર કર્મોને ઘાતિ કહ્યા. જ્ઞાનાદિની મહત્તા ગણાઇ તે આત્માના ગુણોની અપેક્ષાએ. ક્ષયોપશમ-ક્ષય ને ઉપશમ થયા ત્યારે ગુણ થયા માટે ગુણ ઉત્પન્ન કરનારે વિચારવું જોઇએ કે જેને જેને આવરણ છે તે ઉત્તમ છે.

## સાવચેતી રાખવાની જરૂર

હવે આત્માની વાત બાજુએ મૂકીએ. દુનિયાદારીની અપેક્ષાએ વિચારીએ. ઉત્તમ કાર્ય કરવાનું મન થાય ત્યારે તેણે ધ્યાનમાં રાખવાનું કે આમાં પ્રતિબંધકો અને પ્રતિઘાતકો નડવાના તે કોને નડે ? જે વસ્તુ કીમતી હોય, સારી હોય તેને. રસોઇ કરવાવાળાએ ઢોળાઇ ન જાય, ફેંકાઇ ન જાય, જાનવર ખાઇ ન જાય તે ચૂલેથી ઉતાર્યા પહેલાંથાજ ધ્યાનમાં રાખવાનું. પ્રવૃત્તિ કરતાં પહેલાં ઉત્તમત્તા ખ્યાલમાં લેવી ને ત્યારપછી તેને રોકનારા નુકશાન કરનારા હોય તેમનાથી સાવચેત રહેવું. જ્યારે કોઇપણ ઉત્તમ કાર્ય કરતાં પહેલાં તેને રોકનારા અને નુકશાન કરનારાઓથી સાવચેત રહેવું પડે તો પછી આ પરોપદેશ શાસ્ત્ર જેવી સારી વસ્તુને અંગે તો તેના પ્રતિબંધકો—રોકનારા અને પ્રતિઘાતકો—નુકશાન કરનારાથી વિશેષ કરીને સાવચેત રહેવુંજ જોઇએ. જો તેમ સાવચેત ન રહેવાય તો વસ્તુની સિદ્ધિ થાય નહિ. અહિં, શાસ્ત્ર કરનાર અને સાંભળનાર બેયને સન્માર્ગ મેળવવો, પોષવો અને વધારવો છે તો પછી તેણે એ વાત ધ્યાનમાં લેવાનો કે પ્રતિબંધકો અને પ્રતિઘાતકો મારી મહેનતને રોકનારા અને નુકશાન કરનારા ન થાય. આ માટે, આ શ્રી જિનેશ્વર ભગવાનનું શરણ નિશ્ચળપણે હૃદયમાં ધ્યાનમાં ધારણામાં આવે તો આપણા સન્માર્ગને પ્રતિબંધકો કે પ્રતિઘાતકો કંઇપણ નુકશાન કરી શકે નહિ. તેથી સમર્થ પુરૂષને હૃદયમાં દાખલ કરી દેવા માટે કહે છે—

## नमिउण वद्धमाणं શા માટે ?

હું તેમના ચરણકમલમાં નમસ્કાર કરીને તેમની આજ્ઞા અને વચનોને અનુસરી ચાલુ છું અને બોલું છું. કોની આજ્ઞા અને વચન ? **वद्धमाण.** ભગવાન મહાવીર મહારાજાને કેવલજ્ઞાન-દર્શન, યથાખ્યાતચારિત્ર, દાનાદિક ગુણોથી ન સ્તવતાં વર્ધમાન નામે કેમ સ્તવ્યા ? વર્ધમાન નામ કોનું સ્થાપેલું ? માબાપનું સ્થાપેલું. માબાપે નાત જમાડી તેમની આગળ કહ્યું કે-જ્યારથી આ પુત્ર ગર્ભમાં આવ્યો ત્યારથી અમે ધન, ધાન્ય, હીરા, મોતી, સુવર્ણ, રાજ્યઋદ્ધિથી વધીએ છીએ માટે આ પુત્રનું નામ વર્ધમાન હો. આથી તમે વર્ધમાનની સ્તુતિ કરી તેથી તે નામની તમે સંમતિ આપી એમ ને ?

તો કે, અહિં મહાવીર મહારાજા ગર્ભમાં આવ્યા તે વખતે જ્ઞાતકુલને ધન, ધાન્ય, કુટુંબ વિગેરેથી વધવાનું થયું તેનું કારણ શું ? તીર્થંકરપણાનું પુણ્ય જેવું તેનામાં કારણ. ઇન્દ્ર મહારાજનું ભક્તપણું એ કારણ- **रज्जसिरिं कारमाणसु पालेमाणसु** રાજ્ય કરતા હોય, પાળતા હોય તેવે ઠેકાણે ગર્ભ લાવવો ને તેવે સ્થાને ગર્ભ મૂકવો. આ વિચારથી ઇન્દ્ર મહારાજે જે સંક્રમણ કર્યું તે માત્ર તીર્થંકરપણાને અંગે. કેમ તીર્થંકરો હલકા કુળોમાં ઉપજે નહિ. તેથી.ત્યારે આ ઉપજ્યા તે આશ્ચર્ય. તે જણાવનાર શ્રી વર્ધમાન. તેવા વર્ધમાનસ્વામી આસન્ન-ઉપકારી શાસનના માલિક તેમને નમસ્કાર કરું છું.

અભિધેય

હવે તમે કહેવા શું માંગો છો? તો શ્રાવક ધર્મ. આ ધર્મ બીજાઓએ નથી કહ્યો? ત્યારે બીજા આચાર્યોએ કહેલો છે. તો તેમણે કહેલો ને તમે કહેશો તેમાં ફેર શો? તો પૂર્વાચાર્યોએ શ્રાવકધર્મ વિસ્તારથી કહ્યો છે જ્યારે હું સંક્ષેપથી કહેવાનો છું. તમે સંક્ષેપથી કહેશો તો આજકાલના લોકોને સમજવું મુશ્કેલ પડશે કારણ કે જ્યારે પૂર્વાચાર્યોએ વિસ્તારથી કહેલો આજના લોકો ન સમજી શકયા તો તમે સંક્ષેપથી કહેશો તેમાં કેવી રીતે સમજી શકશે? તો તેમ ન થાય કેમકે ભાવાર્થપૂર્વક કહીશ. જે પૂર્વાચાર્યોએ શ્રાવકધર્મ કહ્યો તે વ્રત વિગેરે સમ્યકત્વને સિદ્ધ કરીને વ્રતથી ધર્મની શરૂઆત કરી ત્યારે હું સમ્યક્ત્વથી શરૂઆત કરી વ્રત વિગેરે ભાવાર્થ સહિત કહીશ. તમે આ બધું તમારી બુદ્ધિથી કરવાના? કાણર કે તમે પોતે કબુલ કરો છો કે આ સૂત્રમાં નથી. તો, સૂત્રમાં ન હોય પણ બીજી જગા પર છે ને? માટે જે ભાવાર્થ કહીશ તે 'સૂત્ર નીતિથી' એમ શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે.

અહિં ત્રણ વસ્તુ સિદ્ધ થઇ. જે શ્રાવક ધર્મ કહેવાશે તે (૧) સંક્ષેપથી (૨) ભાવાર્થ સહિત (૩) સમ્યકત્વથી માંડીને. એ રીતે, શ્રાવક ધર્મ કહેવા માટેના પહેલા પંચાશકની આ પહેલી ગાથા જણાવી.

હવે શ્રી અભયદેવસૂરિ મહારાજ વ્યાખ્યા કરતાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કોણ હતા? કેવા હતા? તે વિગેરે જે જણાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

# સાગર—સમાધાન

પ્રશ્ન ૧—શ્રી નંદિસૂત્રમાં અનુજ્ઞાના વર્ણનમાં, શ્રી દશવૈકાલિક નિર્યુક્તિમાં ધર્મના વર્ણનમાં અને શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં આવશ્યકના વર્ણનમાં અને તે વિના અન્ય સ્થાનોએ પણ લૌકિક, કુપ્રાવચનિક, અને લોકોત્તર એવા ત્રણ ભેદો પાડવાનું કારણ શું અર્થાત્ કુપ્રાવચનિક ભેદને લૌકિક ભેદમાં નાંખીને લૌકિક તથા લોકોત્તર એવા બેજ ભેદો કેમ કહેવામાં આવતા નથી?

સમાધાન—કુપ્રાવચનિક એવું આવશ્યક તથા કુપ્રાવચનિક એવો ધર્મ સર્વથા છાંડવા લાયક હોય છે અને મિથ્યાત્વ રૂપ હોય છે પરન્તુ લૌકિક ધર્મ તથા લૌકિક આવશ્યક મિથ્યાત્વ રૂપજ હોય એવો નિયમ નથી. અને તેથીજ શૌચ વિગેરેના નિયમો લૌકિક છતાં પણ તે છોડવાના નથી એટલુંજ નહિ પરન્તુ તે ન કરવામાં શાસ્ત્રકારોએ પ્રાયશ્ચિત વિધાન પણ કર્યું છે.

શૌચ સંબંધી આ વસ્તુ સમજવાથી સૂતક વગેરે લૌકિક છતાં પણ તે જન્મ તથા મરણના સૂતક વગેરે વાળાને ત્યાં રહેવું, સ્વાધ્યાય કરવો તેમજ તેને ત્યાંથી ભાતપાણી વસ્ત્રાદિ લેવામાં શાસ્ત્રકારોએ પ્રાયશ્ચિત જણાવ્યું છે અને નંદિસૂત્રમાં અનુજ્ઞાના અંગે કહેલા ત્રણ ભેદો તો માત્ર સ્વરૂપની ભિન્નતા જણાવવા માટે છે.

પ્રશ્ન ૨—ક્ષાન્તિ વગેરે દશ પ્રકારના શ્રમણધર્મ કે જે ઉત્તરગુણ રૂપ કહેવાય છે તેમાં 'સત્ય' નામનો ગુણ શા માટે લેવામાં આવ્યો કારણ કે મૂલગુણ એવા મહાવ્રતોમાં બીજું મહાવ્રત મૃષાવાદવિરમણ રૂપ એટલે

જુઠું નહિ બોલવા રૂપ અંગીકૃત છેજ અને મૂલગુણમાં કહ્યા છતાં પણ ઉત્તરગુણમાં તે વસ્તુ લેવી હોય તો બીજાં મહાવ્રતોને પણ કેમ ન લેવાં?

સમાધાન—મૃષાવાદ વિરમણનો અર્થ ક્રોધ, લોભ, ભય કે હાસ્યથી જુઠું બોલાય નહિ એવી પ્રતિજ્ઞા થઇ છે પરન્તુ ક્રોધાદિના આવેશ વિના મર્મઘાતક સત્ય કે એવાં બીજાં પાપહેતુક સત્ય વચનો પણ ન બોલવાં. તેટલા માટે અહિં 'સત્ય' નામનો ઉત્તરગુણ કહ્યો એટલે અપરુષ, સભ્ય, સહેતુક એવાંજ વચનો બોલવાની ફરજ આ ઉત્તરગુણથી પડે છે. એવીજ રીતે ચોથા મહાવ્રતમાં મૈથુનનો ત્યાગ કરવામાં આવેલો છે છતાં જે ઉત્તરગુણમાં બ્રહ્મચર્ય કહેવાયું છે તે પણ મૈથુનને અંગેના કારણો એટલે ઔદારિક અને વૈક્રિયનાં કામ અને ભોગો એટલે પાંચેય વિષયોથી સાવચેત રહેવાને માટે અને તેથી પકખી સૂત્રમાં **सद्दा रूवा** વગેરે ગાથા જણાવી છે, એટલે વિષયોની મૂર્ચ્છા પરિગ્રહ રૂપ હોય છતાં પણ સ્ત્રી આદિક સંબંધી તે વિષયો બ્રહ્મચર્યના દૂષણ તરીકે જણાવ્યા છે માટે ઉત્તરગુણમાં બ્રહ્મચર્યને સ્થાન આપવાની જરૂર છે. એવીજ રીતે જે ત્યાગ નામનો ઉત્તર ગુણ છે તે પિણ્ડ, શય્યા, વસ્ત્ર કે પાત્ર જે કાંઇ પોતે લાવ્યો હોય કે પોતાની પાસે હોય તે બધાનો આચાર્યાદિક સર્વની વૈયાવચ્ચને અંગે સમર્પણ કરવાનું જણાવવા માટે છે.

પ્રશ્ન ૩—શ્વેતાંબર સંપ્રદાયમાં શ્રી તત્ત્વાર્થસૂત્ર ઉપર રચાયેલું ભાષ્ય શ્રી ઉમાસ્વાતિવાચકજીનું કરેલું છે એમ સ્પષ્ટપણે માનવામાં આવે છે પરન્તુ દિગમ્બરોના કોઇ પણ પ્રાચીન શાસ્ત્રકારે તે તત્ત્વાર્થભાષ્યને ઉમાસ્વાતિવાચકજીની એટલે સૂત્રકારનીજ કૃતિ ગણીને જણાવેલ છે?

સમાધાન—દિગમ્બરોમાં પરમ માન્ય અને પરમ પ્રાચીન એવા ષટ્ખંડાગમમાં શ્રીતત્ત્વાર્થભાષ્યને તત્ત્વાર્થના નામથીજ જણાવીને ઉલ્લેખ કરેલો છે કેમકે તે ધવલા ટીકામાં અનાદિના મિથ્યાદૃષ્ટિ જીવને પ્રથમ જે સમ્યકત્વ ઉત્પન્ન થાય તે નૈસર્ગિક પણ સમ્યગ્દર્શન હોય એમ તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે એવું સ્પષ્ટ શબ્દોથી જણાવેલું છે (ચૂલિકા પૃષ્ઠ ૪૩૧). મૂલ તત્ત્વાર્થસૂત્રમાં માત્ર બે કારણ (૧ અધિગમ ૨ નિસર્ગ)થી સમ્યગ્દર્શન થાય એમ જણાવવામાં આવ્યું છે પરન્તુ અનાદિના મિથ્યાદૃષ્ટિ જીવને પણ પ્રથમ સમ્યકત્વ નૈસર્ગિકપણે પણ થાય એ વાત એજ સૂત્રના ભાષ્યમાં શ્રી ઉમાસ્વાતિવાચકજી મહારાજે જણાવેલી છે. (તત્ત્વાર્થભાષ્ય પૃષ્ઠ ૪) આ વસ્તુને વિચારનારો મનુષ્ય સ્પષ્ટપણે કબુલ કરશે કે ધવલાકાર શ્રી વીરસેન આચાર્ય તત્ત્વાર્થના ભાષ્યને માનતા હતા એટલુંજ નહિ પરન્તુ તે ભાષ્યને પણ તત્ત્વાર્થના નામેજ રજુ કરીને તે ભાષ્યની કૃતિ પણ શ્રી ઉમાસ્વાતિવાચકજી કે જેઓ મૂલ તત્ત્વાર્થસૂત્રના કર્તા છે તેગના નામેજ તત્ત્વાર્થ તરીકે ગણીને જણાવેલ છે.

# આગમોદ્ધારકની અમોઘ દેશના

વ્યાખ્યાનકારઃ—પ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ

સંગ્રાહકઃ—મુનિ સૌભાગ્યસાગર

( ગતાંકથી ચાલુ )

## ઝેરનું પારખું કરો કે ?

શું કર્યું ? આ કુયુક્તિ કરી. પરંતુ તે કુયુક્તિ ઘર ઘાલી જાય તે તમે અનુભવથી જોજો. શાસ્ત્રકાર કહે છે કે—તમારાથી પરિશીલન થાય તો પૂર્વમહર્ષિના વચનોનું પરિશીલન કરો, વાંચન થાય તો શાસ્ત્રોનું વાંચન કરો પણ કુતીર્થીના વચનો તો ન માનો. નવલભાઇ જેવા કહે કે બેય બાજુનું જોવું જોઇએ. બે બાજુ જોઇએ ત્યારે માલમ પડે ને. તો તેને પૂછીએ કે—તમને ખોરાકનો અનુભવ છે ? વિષ મારે છે, સાપ કરડે છે, અગ્નિ બાળે છે, પાણી મારે છે, તલવાર કાપે છે એમ બધા લોકો કહે છે તે માટે 'તેની પરીક્ષા કરવા દે પછી સાચું માનું ' એમ કોઇ દહાડો વિચાર કર્યો ? કહો કે જીવન વ્હાલું છે ને સમકિત અળખામણું છે. જીવન જાય તો મોટો અનર્થ થાય માટે તેની પરીક્ષા નહિ. જેટલાએ ઝેર ખાધું, જેટલા પાણીમાં ડુબ્યા, જેટલા અગ્નિમાં બળ્યા, જેટલાને સાપ કરડયા તે બધા મરી ગયા ખરા કે ? નહિં, કેટલાક બચ્યા પણ ખરા. બચ્યો તેને તમે શું કહો ? કેટલો ભાગ્યશાળી ! કે બચી ગયો. જીવન વહાલું પણ તેનું પારખું નહિ. કોઇ કહેવા આવે કે તું તો કર્મે જીવે છે. તો તેને કહીએ કે તું ઝેર ખાઇ જો. પછી કર્મ હશે તો બચીશ નહિંતર મરીશ. તે ઝેર ખાવા તૈયાર થાય છે ? તો પછી ધર્મ સમ્યકત્વ શાસ્ત્રશ્રવણ તેને માટેજ પરીક્ષાને સ્થાન કેમ ?

## પરીક્ષક બની કોણ શકે ?

મહાનુભાવ ! પરીક્ષા લેવા પહેલાં પરીક્ષામાંથી પસાર થવું જોઇએ. પોતે પરીક્ષામાં પાસ થયા વગર પરીક્ષા લેવા તૈયાર થનારને ઢોંગી ગણીએ. પરીક્ષા લેનારો કોણ ? પરીક્ષામાં પાસ થયેલો કે બીજો કોઇ ? તું સમ્યકત્વની પરીક્ષામાં પાસ થાને. નથી જાણુવો નવકારનો અર્થ. **नमो अरिहंताणं** કહ્યું પણ **अरिहंताणं नमो** કેમ નહીં ? બીજાઓમાં **विष्णवे नमः, हरये नमः, शिवाय नमः** વિગેરેમાં પહેલાં દેવનું નામ ને પછી નમસ્કાર; ત્યારે આપણામાં પહેલાં નમસ્કાર ને પછી દેવનું નામ તે શા માટે ? તમે નવકાર કેટલી વખત ગણ્યા ? તો પણ આ ધ્યાનમાં છે ? નથી. તો કહો કે અમે જાણીએ ત્યારે સાચા ખોટાની ખબર પડે ને. માટે પહેલાં પરીક્ષામાં પાસ

થા ને પછી પરીક્ષક બન. કોઇ ખોટો ડેપ્યુટી ઇન્સ્પેકટર બનીને આવે ને પરીક્ષા લેવા જાય તો તે ગુન્હેગાર. સરકાર તેને શું કરે? તો વગર ભાડાની કોટડીમાં દાખલ કરે. તેમ તમો નિપુણ ને પારંગત થયા વિના પરીક્ષા કરો તો ગુનાની કબુલાત ગણાય ને? અહિં આ કુયુકિત તે પણ બધાના મગજમાં ઠસી ગઇ કે—એના નસીબે બચે ને એના કમનસીબે મરે. પણ તમે કોણ? હિંસા એ પાપ ને દયા એ ધર્મ એ ચીજ નથી જાણી ત્યાંસુધી તમને બચવું તે તેના નસીબે ને મરવું તે તેના કમનસીબે એ કુતર્ક થાય. પણ તે કયાંસુધી? જેમ અમાવાસ્યાનું અંધારું કયાં સુધી? તો સૂર્યનો ઉદય ન થાય ત્યાંસુધી. તેમ અહિં શાસ્ત્રનું વચન સાંભળવામાં ન આવે ત્યાંસુધી કુતર્ક ટકે. જ્યાં શાસ્ત્રનું વચન સાંભળવામાં આવશે કે કુયુકિતઓ એની મેળે નાશ પામશે.

## કર્મનો બંધ પરિણામને આધિન

મરવું ને બચવું તે તેના નસીબે એમ માનો તો જો તું ન મળ્યો હોત તો તે બચત ખરો? ત્યારે તુંજ કહીશ કે મારા પ્રયત્નથી બચ્યો. મારો યોગ ન થયો તેથી મર્યો. દુનિયામાં બિલાડીના શુકન ખરાબ ને ગાયના શુકન સારાં ગણાય. પણ ગાય સામી કોને મળે? તો, જેના ભાગ્યનો ઉદય થવાનો હોય, બે પૈસા મળવાના હોય તેને. ત્યારે બિલાડી સામી કોને મળે? તો જેનાં ભાગ્ય ફુટેલાં હોય, કંઇ ખરાબ થવાનું હોય તેને. આ બિલાડી ને ગાય તો કારણ માત્ર બને છે. બચાવવામાં હું બચાવું એ બુદ્ધિ અને મારવામાં હું મારું એ બુદ્ધિ. પરિણામને આધિન બંધ હોવાથી આ ધર્મ ને પાપ ગણાય કે નહિ? શાસ્ત્રકાર ચૌદ પૂર્વધર શ્રુતકેવલી ભગવાન સ્વયંભવસૂરિ મહારાજા જણાવે છે કે **जयं चरे जयं चिट्ठे** તું જયણાથી ચાલ, જયણાથી બેસ. બધું જયણાથી કર. કોઇને બચાવવો ને મારવો યોગથી થાય છે તેથી દયા ને અહિંસા સત્ય છે. આટલી વાત પ્રાસંગિક થઈ. હવે મૂળ વાતમાં આવીએ.

## શ્રેષ્ઠ દાન—અભયદાન

રાણીઓને પેલા ગુનેગાર રાજકુટુંબના માણસ ઉપર દયા આવી. ઉપરી હોવાથી બીનગુનેગાર ગણવો તે જુદી વાત ને દયા કરવી તે જુદી વાત. આપણીજ વાત લઇએ. લાલનશિવજી વખતે લાલનશિવજીને બીનગુનેગાર જાહેર કર્યા તેથી આટલી બધી ભાંજગડ થઈ. તેમ અહિં આગળ સજા થઇ એટલે કાયદો પળાયો. ઉપલા અધિકારી છોડી દે તો ન્યાયમાં વાંધો નહીં. હવે રાણીઓ રાજાને વારાફરતી કહે છે કે—એકએક દિવસ અમને બચાવવા આપો. રાજાએ, એટલા દહાડા બચશે પણ ફાંસી તો આપવાનીજ છે ને માટે કબૂલ કર્યું. રાણીઓએ એકએક દિવસ ચડસાચડસીમાં એવી માવજત કરી કે એક એકને ટપી જાય. હવે છેલ્લે પેલી અણમાનિતી રાણીએ વિચાર્યું કે આ ચારે તો એક એક દહાડો માંગીને સારી રીતે માવજત કરી. મારી પાસે નથી પૈસા કે નથી કોઇ જાતનું સાધન કે જેથી તેવી માવજત કરાય. છતાં પણ રાજા પાસે જવા તો દે. પછી રાજા જે જવાબ આપશે તે

ઉપર આધાર. હવે તે રાજા પાસે જાય છે. રાજાને જણાવ્યું કે આપે મારા ઉપર કૃપાદૃષ્ટિ રાખવી જોઇએ. શિરશ્છત્ર છો માટે છાયા કરવી જોઇએ. છત્ર તો માથે પાઘડી હોય કે ટોપી તો પણ છાયા કરે તેમ આપે મારા ઉપર કરવું જોઇએ. મારી પાસે પૈસા કે સાધન નથી તે તો તમો જાણો છો તેથી એક અરજ કરવી છે તો આપ માનો તો કરું. ત્યારે રાજાએ કહ્યું કે માંગ. રાણીએ કહ્યું કે આને અભયદાન આપો. આ વરદાનમાં કંઇ શરત નહોતી કે આ સિવાય માંગવું. હવે આપવાનું કબૂલ કર્યું તેથી રાજાએ તે ગુનેગારને છોડી દીધો. તેને છોડી દીધો ત્યારે પેલી ચાર રાણીઓ કહે કે આ પાંચમીએ તો કંઇ ન કર્યું. ત્યારે રાજાએ ચોરને બોલાવીને પૂછયું કે તને આ પાંચ દહાડા કેવું ગમ્યું? ચોર કહે કે ચાર દહાડા કેમ ગયા તેની મને ગતાગમજ નહોતી કારણ કે ફાંસીનું લાકડું નજર સામે તરતું હતું. પણ આ પાંચમો દહાડો મને શાંતિનો થયો કારણ કે મરણનો ભય જતો રહ્યો.

## સાચું સુખ—મોક્ષ

જ્યારે ચોર જેવાને પણ મરણનો ભય જતો રહ્યો ત્યારે શાંતિ થઇ. તો પછી કોઇ કહે કે મોક્ષમાં ખાવાનું, પીવાનું, હરવા-ફરવાનું વગેરે નથી તો ત્યાં શું? આવું કહેનારને પૂછીએ કે તું ચોર કરતાં ઉતરતો કે નહિ? ચઢિયાતું કોણ? ચોર કે તમે? મરણપંથમાંથી સર્વકાળ માટે નીકળી જવાનું જો કોઈ સ્થાન હોય તો તે માત્ર મોક્ષજ. તે સિવાય મરણના પંથ વગરનું કોઇ સ્થાન નથી. તેથીજ આઝાદીવાળું; એટલે કે તમારા ઉપર કોઇનો દંડો ન ફરે, કોઇની ગુલામી નહિ વિગેરે કંઇ નથી. તે કરતાં પણ વિશેષ. તે આબાદીવાળું સ્થાન છે. ખરી ઋદ્ધિ ત્યાં છે. તે ઋદ્ધિ કેવી રીતે મેળવાય? તો કે જન્મ અને મરણની સફળતાએ મેળવાય.

જન્મ અને મરણની સફળતા કોને કહેવી? જન્મની અને મરણની સફળાતામાં ચઢિયાતી કોણ? તો કે જન્મની. હવે તે જન્મની સફળતા ચઢિયાતી કેમ? તે વિગેરે અધિકાર જણાવાશે તે અગ્રે વર્તમાન.

# પ્રભુ શ્રી મહાવીરનો યતના-ધર્મ

**જૈન ગ્રન્થની પ્રાકૃત કથાનું અવતરણ**

અવતરણકાર—પં. શ્રી હેમસાગરજી

(ગતાંકથી ચાલુ)

અનેક ગુણયુક્ત એવી આ મારી પુત્રી જ્યાંસુધી મારે ઘેર છે ત્યાંસુધીજ મારા ઘરની શુદ્ધિ છે. આ કરતાં વિશેષ પરિવારથી પણ શું? એમ વિચારીને રાજા વિશેષ પ્રેમપૂર્વક પુત્રીને કહેવા લાગ્યો કે:—હે પુત્રી! મારે પુત્ર નથી. હે વત્સે! આજથી તું મને પુત્ર કરતાં પણ અધિક વહાલી છું. વળી હે પુત્રી! શ્રી તીર્થંકર પરમાત્માએ ગમે તેવી આપત્તિ કે દુઃખો આવી પડયા હોય છતાં પણ જળહળતાં અગ્નિની જ્વાળામાં દેહને હોમી નાંખી આત્મઘાત જેવું ભયંકર પાપ ન કરવાનું ફરમાવે છે. જો અગ્નિપ્રવેશાદિકથી ક્ષણવારમાં સ્વર્ગ કે મોક્ષ મળે તો દુષ્કર એવા દાન શીલ તપ ચારિત્રાદિ અનુષ્ઠાનોને દીર્ઘકાળ સુધી કોણ સેવે! જેમ અગ્નિથી કાષ્ઠનો ઢગલો અલ્પ સમયમાં રાખ થઈ જાય છે, તેમ અનેક ભવસંચિત પાપો પણ તીવ્ર તપ સંયમાદિક ધર્માનુષ્ઠાનથી બળીને ખાખ થઈ જાય છે, માટે કરીને પ્રશાંત મનથી શક્તિ અનુસાર તપાચરણ છઠ્ઠ, અઠ્ઠમ, ચાર ઉપવાસ પાંચ ઉપવાસ, માસખમણાદિક તપસ્યાએ તેમજ શ્રીતીર્થંકર પરમાત્માઓએ અતિશય દુષ્કર એવા ગુણરયણ સંવત્સર તેમજ શ્રી વર્ધમાન આયંબીલ તપ એકાવલી, રયણાવલી, કનકાવલી, મુક્તાવલી, શ્રેણી, ઘન, પ્રતર, વર્ગ પ્રતિમા યવ વજ-મધ્ય લઘુ તેમજ મહાસિંહ નિષ્ક્રીડિત ભદ્રપ્રતિમા, સર્વભદ્રપ્રતિમા, સર્વતોભદ્રપ્રતિમા, સાત સાત, આઠ આઠ, નવ નવ તપોપધાન, કેવળજ્ઞાન, અને નિર્વાણના દિવસોનો તપ તેમજ ઇંદ્રિયજયાદિ બીજા પણ અનેક તપો આત્મ કલ્યાણ માટે બતાવેલા છે.

આ સર્વ તપો આ લોકના સુખ અને યશની ઇચ્છાએ, પરલોકમાં દેવ-દેવેન્દ્રાદિકની રિદ્ધિને અર્થે કે કીર્તિ આદિની ઇચ્છાએ ઉપદિશ્યા નથી, પરંતુ મોક્ષાર્થીને કર્મક્ષય માટે ઉપદેશેલા છે. આવા પ્રકારનો તપ કરવાથી-આચરવાથી નિશ્ચયે મોક્ષ પ્રાપ્ત થાય છે. કદાચ તત્કાલ મોક્ષ ન પણ થાય તો પણ ખેતી કરતાં વચમાં ઘાસની પ્રાપ્તિની જેમ એ તપના આનુષંગિક ફળરૂપ દેવલોક અને મનુષ્યગતિના સુખો તો અવશ્ય પ્રાપ્ત થાય છે. માટે હે પુત્રી! ચિતામાં બળી મરવાનો તારો ખોટો આગ્રહ છોડીને પરમ કલ્યાણ કર. આ ધર્મમાંજ તું આદરવાળી થા.

એમ કહીને રાજાએ પોતાની શાંત બનેલ પુત્રીને પોતાના અંતઃપુરના વિશ્વાસુ ચાકરને સોંપી. ત્યારપછી રજત સરખાં નિર્મળ ચિત્તવાળી તે રૂપ્પિણી રાજપુત્રી હંમેશા ત્રણે કાળ શ્રી જિનેશ્વરની પૂજા કરે છે, શ્રુત ભણે છે, તપ સામાયિક પૌષધાદિક ધર્મકરણી કરે છે, સુપાત્રમાં ભક્તિથી અને દીન અનાથાદિકને અનુકંપાદિકથી દાન છે. આ પ્રમાણે ધર્મ કરતાં તે રૂપ્પિણી રાજકુંવરી વિધવાનો કાળ સુખપૂર્વક ચાલ્યો જાય છે.

હવે કોઇક દિવસ રાજા સમાધિપૂર્વક મરણ પામ્યો. ત્યારપછી સેનાપતિ, મંત્રી, વિગેરેએ મળીને મંત્રણા કરી કે સીમાડા શત્રુ રાજાને માલમ પડશે તો લડાઇ કરવા આવશે અને રાજ્ય પડાવી લેશે. આપણા રાજાને પુત્ર પણ નથી કે જેને આપણે રાજગાદીએ બેસાડીએ. માટે આ શીલસંપન્ના રાજપુત્રીને ગાદી પર બેસાડો. એમ નક્કી કરી રૂપ્પિણીકુમારીને ગાદી પર બેસાડી. હવે આ રાજપુત્રી પણ નીતિથી પ્રજાપાલન કરે છે, અને સામંત મંત્રી સહિત રાજસભામાં બેસે છે. હવે કોઇક દિવસે દુર્જય યૌવનાવસ્થામાં તે રાજકુંવરીને કામદેવ ઉત્પન્ન થયો. અનેશીલસંનાહ નામનો સામંત હતો તેની તરફ વિકારદષ્ટિથી ઘણા લાંબા વખત સુધી દષ્ટિ ફેંકી. તે સામંત સૌમ્યતાથી ચંદ્ર જેવો, શરીરની કાંતિથી ભાનુ સમાન, રૂપાદિ ગુણો વડે દેવાંગનાઓના શરીરથી પણ મનોહર હતો. વળી જીવાજીવાદિક નવતત્વોના જ્ઞાતા તેમજ બીજા અનેક ગુણો યુકત અને શીલાલંકારથી વિભૂષિત શરીર છે જેનું એવો તેમજ દેવતાઓથી પણ નિર્ગ્રંથ પ્રવચનમાં ચલાયમાન ન કરી શકાય તેવો દઢ હતો. હવે તે સામંતકુમારે પોતાની તરફ આ રાજપુત્રી રાગવાળી દષ્ટિથી જોઇ રહી છે એમ જોયા પછી નક્કી કર્યું કે જરૂર આ કામાવેશવશાત્ પરવશ થઇ છે.

કહ્યું છે કે–'લગીર પણ ન ચાલે, ન બોલે, એકદમ ગાઢ વિચારમાં બેસી રહે, આગળ પાછળ શું થાય છે, તેની પણ તેને ખબર ન પડે' એવા પ્રકારની કામદેવની પીડાથી પીડા પામતા માણસને લાખ માણસની વચ્ચે પણ ઓળખી શકાય છે. હવે આ સામંત મનમાં વિચાર કરે છે કે આ કુંવરીએ મનથી શીલનું ખંડન કર્યું. આટઆટલું તેનું મન જિનવચનમાં ભાવિત હોવા છતાં સુગુરુઓના ઉપદેશને અવગણીને પરલોકના ભયથી પણ ન ડરી. સભામાં બેઠેલા લોકોની લજ્જા પણ તજી દીધી અને પોતાના આત્માને કલંકિત કર્યો. ધિક્કાર હો આવા પ્રકારના સ્રીસ્વભાવને. ખરેખર આ જીવલોકમાં શીલ એજ ઉત્તમ રૂપ સૌભાગ્ય પંડિતપણું આભૂષણ ને જીવીત છે. વળી જગતની સ્થિતિ છે કે સત્પુરૂષની નિંદાના વિષયમાં આવ્યા કરતાં મરી જવું સારૂં. કારણ કે પ્રાણનો ત્યાગ કરવો તે તો આખા જગતને સાધારણ છે. હવે શું કરૂં ? આ રાજકુમારીએ તો લાંબા વખત સુધી મારા તરફ રાજસભામાં સરાગ દષ્ટિથી મને જોયો. સભામંડપમાં બેઠેલા લોકો મારા માટે શો વિચાર કરશે ? તેમજ મારા મિત્રો સ્વજનો માતાપિતાદિક વડીલો જેઓ અહિં વસે છે. તેઓ પણ મારા માટે કેવા પ્રકારની ધારણા કરશે ? બીજું એ પણ દુઃખ થાય છે કે ઉત્તમ કુળમાં જન્મેલી આ બાળા મારા નિમિત્તે ઘોર અંધકારવાળા ભવકૂપમાં ગબડી પડશે. માટે મારે તો હવે કોઈપણ પ્રકારે અહિંથી ગુપ્તપણે દેશાંતરે નીકળી પડવું અને સમયે નિરવદ્ય અંગીકાર કરીને આત્મકલ્યાણ સાધવું એજ ઉત્તમ છે.

એમ વિચાર કરી ઘેર ગયા બાદ કોઇ પણ પ્રકારે માતા અને સ્વજનને મનાવીને જિનેશ્વર પરમાત્માના દર્શન કરીને તે કુમાર સજ્જન લોકના મન સરખી સરળ નેતરની સોટી લઇને ઘર બહાર નીકળી પડયો. ચાલતાં ચાલતાં ક્રમે હિરણ્યઉક્કરડિય નામનું નગર હતું ત્યાં આવીને વિચાર કર્યો કે જ્યાં સુધી કોઇ

ઉત્તમ ગુરૂનો યોગ ન મળે ત્યાં સુધી અહિંજ રહેવું યોગ્ય છે. વળી આ રાજા ઘણો ધર્મિષ્ઠ છે એમ લોકો પણ વાતો કરે છે તો તે રાજાને પણ પ્રતિબોધ કરવા તેની સેવા સ્વીકારું કે જેથી તેનું પણ હિત થાય. એમ નિશ્ચય કરીને તેમણે રાજા પાસે જઇને રાજાને નમસ્કાર કર્યો. તે રાજાએ પણ સુંદરાકૃત્યાદિક વડે તેને કોઇ ગુણવાન્ આત્મા જાણીને પોતાની નજીકના આસન પર આદરપૂર્વક બેસાડયો. એ પછી તો રાજા સાથે પ્રેમાલાપાદિમાં કેટલોક વખત ચાલ્યો ગયો.

કોઇક દીવસે રાજાએ કુમારને બહુ માનપૂર્વક પુછયું કે–'હે કુમાર! તેં પહેરેલી આ નામાંકિત મુદ્રા (વીંટી) કોની છે? આટલા વખત સુધી તેં કોની સેવા કરી? તું કયાંનો રહીશ છે? વિગેરે પ્રેમપૂર્વક પુછયું. કુમારે પ્રત્યુત્તરમાં જણાવ્યું કે "હે સ્વામિન્! મારી પાસે જેની આ મુદ્રિકા–વીંટી છે તેની આજ સુધી સેવા કરી છે." રાજા કહે છે કે–'એમજ છે તો તેનું નામ લેવામાં તને શું હરકત છે?' કુમારે કહ્યું—'હે રાજન્ તે ચક્ષુકુશીલ હોઈ મારો શત્રુ બનેલ છે તે શત્રુનું નામ જમ્યા પહેલાં લેવું ઠીક નથી.' કુમારના એ મુજબના કથનથી તો વળી નૃપને તે વાત જાણવાની વધુ જિજ્ઞાસા થઇ અને બોલી ઉઠયો કે–'હે કુમાર! તે તારો શત્રુ કેમ અને તે શત્રુમાં એવું તે શું કારણ છે કે જમ્યા પહેલાં તેનું નામ લેવું વ્યાજબી નથી?' કુમાર કહે–'હે રાજન્! આ કથા ઘણી લાંબી હોવાથી કોઈ એવાજ અવસરે આપને એકાંતમાં કહીશ.' અનુક્રમે એવોજ અવસર આવી મળતાં બંને જણા એકાંતમાં બેસી વાર્તાલાપમાં નિમગ્ન થઈ રહ્યા છે. રસોઇઆને આદેશ આપી રસવતી પણ ત્યાં આગળજ મંગાવીને બંને જણા ત્યાંજ જમવા બેઠા. ચક્ષુકુશીલના નામ માત્રથી શું વિઘ્ન આવે છે તેની પ્રત્યક્ષ પરીક્ષા કરવાને માટે નૃપતિએ જમણા હાથમાં કવલ (કોળીયો) ધારણ કરી કુમારને કહ્યું કે–'હે કુમાર! ચક્ષુકુશીલનું નામ શું છે તે કહો? દૈવયોગે અહિં એ નામના પ્રભાવે કદાચ એવુંજ વિઘ્ન આવી પડશે તો 'મારા પરિવાર સહિત દીક્ષા અંગીકાર કરવી' એવી પ્રતિજ્ઞા હું તારા સમક્ષ કરૂં છું.' એમ પણ રાજવીએ તે કુમારને સાથેજ કહી દીધું. કુમારે પણ એ પછી 'એ ચક્ષુકુશીલના નામોચ્ચારપૂર્વક એની સમસ્ત વાત આપને જણાવું છું' એમ કહ્યું. અધમ એવા તે ચક્ષુકુશીલનું નામ રૂપ્પિણી છે કે જેણે આ ઉત્તમ એવો પણ મનુષ્ય ભવ ફોગટ ગુમાવ્યો છે. કુમાર એ મુજબ બોલી રહ્યો છે તેટલામાં આ કુમાર જુઠો ન પડે તેટલા ખાતર શાશનની અધિષ્ઠાયિકા દેવી રાજાની રાજધાની ફરતું ઘેરો ઘાલીને પડેલું મહાન્ લશ્કર વિકુર્વે છે. રાજા આ બનાવ જોઇને ક્ષોભાયમાન થયો થકો કુમારને નમસ્કાર કરીને ભયભ્રાન્તપણે સહસા નાસી ગયો.

એકાએક બનેલા આ ચમત્કારિક પ્રસંગને જોઇને અહીં કુમાર ચિંતવે છે કે–'સેનાધિપતિ વગરનું લશ્કર નિર્માલ્ય છે. લશ્કરનો માલીક રાજા નાસી ગયો તેમ જો હું પણ નાસી જાઉં તો તે યુક્ત નથી. કારણ કે જો તેમ બને તો આ સામે ઘેરો ઘાલીને પડેલ લશ્કર રાજ્યનો કબજો તુરત લે. તેમજ મારે યુદ્ધ કરવું તે પણ ઠીક નથી કારણ કે મને પ્રાણાતિપાત રૂપી પાપ કરવાનાં પચ્ચખ્ખાણ છે.

જોયું કે દૃષ્ટિ કુશીલવાળાનું નામ દેવાનું ફળ કેવું મળ્યું ? ખેર હવે તો મારી શરત મુજબ મારે માટે એકજ વાતનું શરણુ છે અને તે એ કે હું એકદમ અત્યારે સાગારિક અનશન કરું. અને મન વચન કાયાથી નિર્મળ એવા મારા શીયળના પ્રભાવની પરીક્ષા કરું. કહ્યું છે કે નિર્મળ શીલ ધારણુ કરવાવાળા પુરુષોને કામકૂટ વિષ અમૃત થાય છે. જળહળતી અગ્નિની જ્વાળા જળરૂપે થઇ જાય છે. વિશેષપણે કુમાર ચિંતવે છે કે જો હું મનથી કોઈપણુ પ્રકારે કુશીલવાળો હોઉં તો પરચક્ર (શત્રુ) નું સૈન્ય ખચીત મને હણી નાખે. નહીતર મારા સાથે બંધુપણું પણુ કેમ વહન ન કરે ? વિગેરે ચિંતવીને **नमोजिणाणं** એ પ્રમાણે પ્રભુને નમસ્કાર ભણીને જેટલામાં આગળ જાય છે તેટલામાં શત્રુ સૈન્યના યોદ્ધાઓ કુંવરને ઘેરીને કહેવા લાગ્યા કે આજ રાજા છે માટે તુટી પડો. શત્રુ સુભટોના એ ભયોત્પાદક વચનો સાંભળીને આ સામંતકુમાર કહેવા લાગ્યો કે હું રાજા છું એ વાત સાચી છે. માટે જો તમારામાં તેવી શકિત હોય તો મારા ઉપર સુખે હથીયાર ચલાવો. કુંવરે એ પ્રમાણે બોલતાંજ ઉંચી તલવાર કરીને કુમારને મારવા માટે તૈયાર થયા બાદ મૂર્તિમંત યમરાજાના સ્વરૂપને ધારણુ કરીને હણો હણો મારો મારો એમ બોલવા લાગ્યા. અને કુમાર પ્રતિ દોડવા લાગ્યા. એટલામાં હે ગૌતમ ! શાસનદેવીએ તે સર્વ સૈનિકોને ત્યાં થંભાવી દીધા. થંભાવતાની સાથેજ તેઓ જાણે લેપમય પ્રતિમા હોય તેમ ચેષ્ટા વગરના થઈ ગયા. ત્યારપછી શ્રી શાસનદેવીએ પ્રત્યક્ષપણે આકાશતલમાં રહીને ઉલટ-પૂર્વક ઉદ્દઘોષણા કરી કે હે માનવો ! જેઓ મેરૂ પર્વતને ચલાયમાન કરે, સમુદ્રનું શોષણ કરે, ચક્રવર્તિને જીતે એવા સમર્થ પરાક્રમી સર્વ પુરૂષો પણુ શીલવ્રત ધારણુ કરવાવાળાને પહોંચવા સમર્થ નથી. વળી તેજ પુરૂષ પોતાના ઉચ્ચત્તમ કુળરૂપી નિર્મળ આકાશતળમાં શરદ્ ૠતુના ચંદ્રની જેમ શોભે છે, તેજ સર્વ પુરૂષમાં સત્પુરૂષ છે, તેજ પુરૂષ ત્રણે લોકને પૂજ્ય છે કે જે નિર્મળ શીલગુણુ સંપન્ન છે. પરંપવિત્ર સત્પુરૂષથી સેવાયેલું સકળ પાપને નાશ કરનાર સર્વોત્તમ સુખના ખજાના સમાન એવું શિયળજ જીવલોકમાં જય પામે છે. માટે હે લોકો ! શીયળરૂપી બખ્તર જેણે ધારણુ કર્યું છે તેવા આ ઉત્તમ પુરૂષને તામસભાવ છોડીને તમે એકાગ્રપણે સેવો. એમ કહીને દેવીએ તે પુણ્યવંત ઉપર પુષ્પની વૃષ્ટિ કરી. એ રીતે એ શાસનદેવી તરફથી પુષ્પવૃષ્ટિ થતાંની સાથે દૈવયોગે એ ભાગ્યવંત કુમાર મૂર્છા પામીને ક્ષણુવારમાં સાવધાન થયો, એટલે તરતજ તે પુન્યવંત કુમારને જાતિ સ્મરણુ અને અવધિજ્ઞાન ઉત્પન્ન થયાં.

એ વખતે ભવિતવ્યતા યોગે પેલા રાજાએ પણુ પોતાની નગરીની અને સામંતકુમારની સ્થિતિ તપાસવા માટે ગુપ્ત પુરૂષોને નગરીમાં તપાસ કરવા માટે મોકલ્યા. તે ચર પુરૂષો તેજસ્વી અશ્વો (ઘોડા) ઉપર આરોહણુ કરીને પર્વતોની ગુફામાંથી પસાર થઇ જેટલામાં તે નગરમાં આવી પહોંચે છે. તેટલામાં તો તેઓએ પુન્યવંત કુમારને પોતાનાજ દક્ષિણુ (જમણા) હસ્તે લોચ કરતો નીહાળ્યો. એથી વધુ આશ્ચર્યરૂપે એ સુભટોએ તે મહોદયી કુમારની પાસે જયજય શબ્દના અસ્ખલિત ઉચ્ચાર કરવા પૂર્વક ધર્મોપકરણોને પોતાના પવિત્ર કરકમળમાં ધારણુ કરીને ઉભેલા દેવતાઓને દેખ્યા. અને ભવ્યાત્માઓને બોધ પમાડનારા એવા ઉત્તમ બનાવને જોઇને આશ્ચર્ય પામેલા તે ગુપ્ત પુરૂષોએ પોતાના રાજા પાસે ઉતાવળા દોડી જઇને અથથી ઈતિ પર્યંત સર્વ હકીકત નિવેદન કરી. આ હકીકત શ્રવણુ કરીને રોમાંચિત થયેલ નરપતિ પણુ પ્રમોદપૂર્ણ ચિત્તે એ પુન્યવંત કુમારના દર્શનાર્થે સપરિવાર આવી પહોંચ્યો. (અપૂર્ણ)

# શ્રી નમીરાજર્ષિ સજઝાય.

## ઢાળ—૧

(રાગ—નમવા નેમિ જિણંદને, રાજુલ ચલી નાર રે)

સમેતશિખરગિરિ શોભતા, પુરૂષાદાનીય પાસજી,
હૃદય કમલ ધરો ધ્યાનથી, આપે શિવપુર વાસજી;
ગાઓ હેતેરે નમિરાજને પ્રત્યેક બુદ્ધ મહંતજી. ૧
સુરભવ વૈભવ પરિહરી, શિવપથ સાધન હેતજી;
ગ્લાનિરહિત ચવિ ઉપજ્યા, મિથિલા સુખ સંકેતજી. ગાઓ.૨
બાલ્યવયે માતતાતજી, કરતા વિવિધ પ્રકારજી;
પાલે પોષે બહુ હેતથી, કલ્પવૃક્ષ અનુસારજી. ગાઓ. ૩
મનુજ જીવન હોય નવનવા, રાયરંકને પ્રસંગજી,
નિવરિ હોય કલા થકી, લીધી બહોતેર રંગજી. ગાઓ. ૪
યૌવનવય, ગત દેખીને, માત તાત વિચારજી;
ઉત્તમ કુલમાં ઉપની, પરણાવે વધૂ સારજી. ગાઓ. ૫
રાણી સાથે રહે રંગશું, ધરે રાજ્ય અપારજી;
હય, ગય, રથને પદાતિએ, કોશ કોઠાર ધારજી. ગાઓ. ૬
મંત્રી, મહામંત્રી વળી, સામંત સેનાની સાથજી;
પાલે વિદેહ વિદેહની, ધરતા ધ્યાનમાં બાથજી. ગાઓ ૭
શરમ નહિં કાંઈ કરમને, હુઓ દાહ અપારજી;
પીડા લહે રે રોમરોમમાં, નહિં છેદ પલવારજી. ગાઓ. ૮
બાવાના ચંદન લેપનો, વૈદ્ય દાખે ઉપાયજી;
ગોરડી ગુણમણી ઓરડી, ઘસે પ્રીત ન સમાયજી. ગાઓ. ૯
શિર ચઢી ગરમી વેગથી, શબ્દ થાતે દુઃખાયજી;
કિણુવિધ સહેવી તે વેદના, આકુલવ્યાકુલ થાયજી. ગાઓ.૧૦
મહિલા હેત ધરી ઘણું, નમિરાયની બાધજી;
ટાળવા વલય કર ધરે, એક એક શુભ સાપજી. ગાઓ. ૧૧
યોગ થયો ભવિતવ્યતા, ધારે ઇમ મન રાયજી;
કંટકને ન્યાયે સંયોગથી, જીવ દુઃખે ભરાયજી. ગાઓ. ૧૨
સંયોગથી મુજ નવનવી, થઈ પીડા સંસારજી;
નરકાદિગતિ જીવને, થઇ એહથી સારજી. ગાઓ. ૧૩
એહ જીવે ભવચક્રમાં, સહ્યાં દુઃખ અપારજી;
ચિંતવતાં ગત જન્મનું થયું સ્મરણ ભોરજી. ગાઓ. ૧૪
વૈરાગ્યે મન વસિયું, ધરે નિશ્ચય ત્યાગજી;
પુત્રને રાજ્ય ભળાવીને, સાધુ થયા વડભાગજી. ગાઓ. ૧૫
પુત્ર પ્રિયા જન સામટા, ધરતા દુઃખ વિયોગજી;
લાજ તજી સહુ રોવતાં, પુર કોલાહલ જોગજી. ગાઓ. ૧૬
ઇણુ અવસર સુરલોકથી, આવે શક્ર સુરેશજી;
માહણુરૂપે નમી કહે, કરે વાદ વિશેષજી. ગાઓ. ૧૭

## ઢાળ—૨

(રાગ—અહો અહો સાધુજી સમતા વરિયા, ખંધક ક્ષમાના દરીયા રે)

ઇંદ્ર કહે સુણો નૃપ વૈરાગી, તુમ લગની ખૂબ લાગી રે;
પુત્ર પ્રિયાપ્રભ જનબહુલા, શોક રૂદન દુઃખ ડુલા રે.
અહો અહો નમિમુનિ સાહસ મૂકો,
શિવપથથી કેમ ચૂકો રે. ૧
જીનવર ભાખ્યો ધર્મ અહિંસા, મુખ્ય નહિં લવ હિંસા રે;
રાજમહેલ ચૌટે ઘરઘરમાં, રોવે જન ઘટઘટમાં રે.
અહો૦ ૨
પરદુઃખવારણ કાજે સાધુ, પાવે મરણ ન બાધ રે;
કિમ તુમને હોય દુઃખ દીયંતાં, ધર્મ અબાધ ધરંતા રે.
અહો૦ ૩
રાજરૂષી પ્રતિભાખે શક્ર, વાકય તુમારાં છે વક્ર રે;
સહુ નિજનિજ સ્વાર્થને કાજે, રૂદન કરે રવ ઝાઝે રે.
અહો અહો ઇંદ્ર ધરમધુર ધાર્યું, જગ ઉદ્ધારે વિચાર્યું રે. ૪
મિથિલાએ વર ચૈત્યવૃક્ષ, પુષ્પ પત્ર ફૂલ પક્ષે રે,
વાયુ હરે ચઉદિસિ તસ ગંધો, પંખી રૂવે થઈ અંધો રે,
અહો૦ ૫
ભવભવ ફરતાં માતપિતા સુત, છોડયા રૂદન કરંતા રે;
નહિં સગપણ છે જીવની સાથે, નહિં તિમ તનુદહે હાથે રે.
અહો૦ ૬
સહુ નિજનિજ સ્વારથ સાધનમાં, મગ્ન રહે મન ધનમાં રે;
આતમ કાર્ય કરણુ રતિ સાધુ, નવિ ધારે એહ બાધો રે.
અહો૦ ૭
ઇંદ્ર કહે મુનિપાય નમીને, સાધુ થયા સહુ વમીને રે;
રાજમહેલ અંતેઉર સાથે, દાવ દહે લઈ બાથે રે.
અહો અહો—નમિ૦ ૮

મુનિવર એ અગ્નિને ઠારો, શરણાગતને ઉગારો રે,
નરગતિ પુણ્ય ઉદયથી પામ્યો, જીવ એ કિમ નવિ જાણ્યો રે.
અહો૦ ૯

મુનિવર આતમભાવ ધરંતા, સમિતિ વાકય વંદતા રે,
ઈન્દ્ર હમે નિજ આતમઘરમાં, વસીએ સુખ ધરી ભરમાં રે.
અહો૦ ૧૦

આતમભાવ છે સાચું જીવન, તે વસિયું મન ભગતે રે,
નહિં બાળે તેહને એ અગ્નિ, ભાવની લાગી છે લગની રે.
અહો૦ ૧૧

પુત્ર કલત્રને ઘર વ્યાપારો, આતમભાવે ન ધારો રે,
નહિં જગમાં મુજ વલ્લભ વૈરી, કિમ જાનું મોહ શેરી રે.
અહો૦ ૧૨

નિજ નિજ કર્મ પ્રભાવે જીવો, દુઃખ લહે કિમ કીધો રે,
આતમભાવ શ્રુતી નિજ દેખે, કિમ પરભાવને પેખે રે.
અહો૦ ૧૩

### ઢાલ—૩

ધારો ધારો ધારો વિનતિ ધારો (માનો)
કરજોડી વયણાં ઇમ ઉચ્ચરે, સુરપતી જુગતે પુરાં,
ક્ષત્રિય કુલ નભતલ વિધુસમનૃપ, ધારો ભૂપતિ ધૂરાં. ૧

ભૂમિપતિ તુજ સુત છે બાલો, રાજ્ય રક્ષા નહિં સાધે;
સાધન વિન નહિં જગમાં કારજ, સમરથ નર પણ સાધે.
ધારે૦ ૨

નગરે વજ્રમયી કરી કિલ્લો, પરિખા યંત્ર સમેતા;
ગોપુર ભાગલ ઇન્દ્રકિલકશું, ખીલા અણીયા જુત્તા.
ધારો૦ ૩

બુરજ બહુજન વાસે જુગતાં, શસ્ત્રાગારા ને સરજી;
કંટક રાજ્યના સર્વ વિનાશી, થાઓ મુનિ નરેસરજી.
ધારો૦ ૪

વયણ સુણી સૌધર્માધિપનાં, ભાખે રાય વૈરાગી;
બાહ્ય સંગ્રામનાં સાધન સર્વે, કરી ગયા નરક અભાગી.
નિજગુણ રાચો, આતમ હીરો જાચો નિજ૦ ૫

અભ્યંતર નિજ કર્મ રિપુને, હણશું કરી એક ધ્યાનો;
એક વખત કરી યુદ્ધ તે આતમ, પામે અવિચલ ઠાણો.
નિજ૦ ૬

સંવર તપ અર્ગલ કરી શ્રદ્ધા, નગરનું કરશું જતન;
ક્ષાન્તિને પ્રકાર કરીને, ધરું મન ગુપ્તિ સફલરે. નિજ૦ ૭

શુદ્ધ ઉદ્યમધનુ ધરી નિજકરમાં, સમિતિ શુદ્ધિ શુભ જીવા;
ધૃતિક તનધરી સત્ય શરોથી, કરશું કર્મ પલીવા. નિજ૦ ૮

કર્મ કંટકને તપ નારાચ, ભેદે મુનિવર સાચો;
આતમ રંગે રંગ્યો પ્રાણી, મોહને દેશે તમાચો. નિજ૦ ૯

જ્ઞાનાવરણીમુખ સહુ કર્મો, નાશ કરી એક ક્ષણમાં;
કેવલયુગ ધરતો આ આતમ, જીત લહે એહ રણમાં.
નિજ૦ ૧૦

રાય કરી પ્રાસાદ મનોહર, ષટ્ઋતુ વૃક્ષ સમેતા;
વર્ધમાનગૃહ સહિત તે વલભી, સાંપડે જિમ સુખ રહેતાં.
ધારો૦ ૧૧

અબલા બાલકને સહુ જ્ઞાતી, આશ્રય સબલ વખાણો;
સહવસતાં સહુ એક મનેથી, રિપુ ગુણનો અંત આણો.
ધારો૦ ૧૨

રહેવે એકમના સહુ સાથે, રિપુગણ ભેદ ન પાવે;
દિનદિન સંપે ચઢત કલાએ, ઋદ્ધિ સમૃદ્ધિ નિપાવે.
ધારો૦ ૧૩

વળતું રાજઋષી ઇમ ભાખે, ઈન્દ્ર તુમે ધ્રુવ જાણો;
આતમરૂપ તે અજરામર પદ, દેવે અચલ સુખ ખાણો.
નિજ૦ ૧૪

પંથ વહેતો હોય મુસાફર, શું કરશે થિર ધામો;
વચમાં સ્થાન કરે જે માનસ, તે સંશયના કામો. નિજ૦ ૧૫

બાહ્ય પદારથ ચયથી હોવે, નહિં આતમ રૂપ પોષો,
પગ પગ કર્મબંધનથી હોવે, જનમ જનમ બહુ દોષો.
નિજ૦ ૧૬

ઈંદ્ર કહે નગરે તે તસ્કર લુંટારૂ ગ્રંથીના ભેદી;
પથભેદક સહુ દૂર કરીને, થાઓ યોગી અવેદી. ધારો૦ ૧૭

રાય કહે અજ્ઞાને ભરીઓ, જાણે ન ચોર વેપારી;
અંતર ચોર કરમ કરી દૂરે, હોય સદાશિવ ધારી. નિજ૦ ૧૮

ક્ષત્રિય શેખર જે નહિં તુમને, નમતા નૃપ અભિમાને;
જાઓ તેહને વશ કરી શુરા, કાયર કિમ થાય જાણે. ધારો૦ ૧૯

ઇન્દ્ર સુણો જગમાં જે જીત્યા વસિયા તેહ નિગોદે;
નરકે પણ નવિ પામે ચેતન, આપે નિજ ઘોર ખોદે. નિજ૦ ૨૦

જસ નહિં આતમ વશમાં તેહનો, રિપુજય હાસ્યનો હેતુ;
આતમનો જે જય નીપજાવે, હોવે સુખશ્રત કેતુ. નિજ૦ ૨૧

જીતો ઇંદ્રિય વિષય કષાયો, જે દુર્જય બહુ ભુંડા;
જેહથી પામો ઋદ્ધિ અનંતી, જ્ઞાનાદિક ફલ રૂડાં. નિજ૦ ૨૨

ઢાળ—૪

(રાગ—શ્રી સ્થુલિભદ્ર મુનિગણુમાં શિરદાર જો.)

ઇંદ્ર કહે સુણો રાજઋષી ગુણખાણુ જો,
વિષય કષાયને જીતો મારગ જાણુ જો;
કિમ નવિ જાણો મારગ નિજ કલ્યાણુનો જો. ૧

કલ્યાણે વસિયું મુજ મન દઢ રંગ જો,
કરમ કઠિનદ્રુમ પરશુ જિમ મન રંગ જો;
આદરીએ સંયમ નિજભાવને સાધવા જો. ૨

સાધો યજ્ઞ કરો બ્રાહ્મણુને ભોજ્ય જો,
દક્ષિણા દ્યો વળી જે જે હોવે યોગ્ય જો;
ગૃહસ્થ તણો એ ધર્મ નવિ તુમ મન વસ્યો જો. ૩

વસ્યો સંજમ ઇંદ્ર હમારે ચિત્ત જો,
પ્રતિમાસે ગો સહસનું દેવે વિત્ત જો;
તેહને પણુ હોય લાભ અધિક નહિં એહથી જો. ૪

એહથી કિમે ઉભગ્યા નરપતિ તુમ આજજો,
ઘેરાશ્રમ એ સકલ આશ્રમ શિરતાજ જો;
પૌષધરત થઈ વિચરો નરપતિ એહમાં જો. ૫

એહમાં પાપ ન જાણે જે અજ્ઞાન જો,
માસખમણુ કરી નિત્ય કુશાગ્રે ખાન જો;
પણુ તે નહિં સંજમને ભાગે કોડમાં જો. ૬

કોડિ અબજ ભંડારે રત્ન હિરણ્ય જો,
કંચનમણિ મુગતાફલ દૂષ્ય રતન્ન જો;
નાથ વધારી જાઓ કોશ કોઠારને જો. ૭

કોઠારે ભરિયા ન સંતોષ કાજે જો,
કંચન રતનનો પર્વત મેરૂ રાજે જો;
નવિ ઇચ્છા આકાશ સમી એ શામતી જો. ૮

શમતી નહિં ઇચ્છા તુમ જગ રાખી રાય જો,
છોડી સર્વને સુરભવ ચિત્ત લગાય જો;
સંકલ્પે હણીયા સુરભોગને ઇચ્છતા જો. ૯

ઇચ્છા મદન તે જાણો જગ જન શલ્ય જો,
વિષ હાલાહલ નાગ ફણીધર ભલ્ય જો;
કામરહિત થઈ જાતા દુર્ગતિ દેખીએ જો. ૧૦

દેખો ક્રોધે થાય અધમ ગતિ લોક જો,
માને વિનયનો નાશ કપટ પુણ્ય ફોક જો;
લોભ માર્ગમાં સર્વ વ્યસન મળી આવતાં જો. ૧૧

આવ્યું મનમાં સાધુ તુમારે સારૂં જો,
મોક્ષ તણું લહું વિઘ્ન રહિત એ બારૂં જો;
તુમ સ્તવને કરી ભવદુઃખ હમે પણુ મેટશું જો. ૧૨

મેટયા તેં મદ લોભ કપટને ક્રોધો જો,
આર્જવ માર્દવ ક્ષાન્તિ મુગતિ બોધો જો;
રાજ ટાળી ઉત્તમ પદ રહેજે પામશો જો. ૧૩

પામી શ્રદ્ધા તુમ પદપંકજ નમીએ જો,
ચક્રાંકુશલક્ષણધર પાપને દમીએ જો;
દેઇ પ્રદક્ષિણા શક્ર ગયો નિજ ધામમાં જો. ૧૪

ધામની જ્યોત નિહાલી નમતા આપ જો,
રાજઋષિ નમિ સાધે સાધ્ય અમાપ જો;
ભોગ વમી નિજ રૂપ આનન્દને ભોગવે જો. ૧૫

॥ इति श्री नमीराजर्षि सज्झाय संपूर्ण ॥

૯૭. ભરત ચક્રવર્તી વંદના કરે છે. (ભગવાન્ મહાવીરનો જીવ) મરીચિ વંદના ઝીલે છે, વંદના ઝીલીને પચાવવાના અવસરે અજીર્ણ થવાથી હરખે છે, નાચે છે અને કૂદે છે. પરિણામ એ આવ્યું કે નિંદનીય નીચ ગોત્રની ગહન ખાઈમાં ઉતરી જવું પડયું.

૯૮. શાસનના સંસ્થાપકો, સંચાલકો, પ્રભાવકો અને પ્રાતઃસ્મરણીય શ્રમણ ભગવન્તો તથા શ્રમણોપાસકો માટે કર્મસત્તાના અમલ એક સરખા છે.

૯૯. સ્મશાનની શય્યાપર રાજા અને રંક, વિદ્વાન અને મૂર્ખ, યુવાન અને બાળ, વૃદ્ધ અને યુવાન અને પુરુષ કે સ્ત્રીના શબ પણ સરખાંજ છે.

૧૦૦. ગયેલું આયુષ્ય પાછું મળતું નથી, જવા બેઠેલું આયુષ્ય રોકી શકાતું નથી તો પછી રહેલા આયુષ્યનો સદુપયોગ કેમ કરતા નથી ?

૧૦૧. પાપને પાપ તરીકે સ્વીકારવું એ સુધરવાની સુંદર સડક છે.

૧૦૨. પાપને પાપ તરીકે સમજમાં આવ્યા છતાં પાપનો બચાવ કરવો એ પાપને દ્રઢીભૂત બનાવવાનો રાજમાર્ગ છે.

૧૦૩. પાપના પશ્ચાત્તાપ અવસરે પાપનો બચાવ કરનારાઓ સોમલના વધારપૂર્વક કડવી તુંબડીના શાકને ખાઈને જીવવાની કોશીશ કરે છે.

૧૦૪. પરનિન્દામાં પાવરધા બનેલાઓને પોતાની પર્વત જેવી ભૂલો પણ નજરે ચઢતી નથી.

૧૦૫. પારકાના દોષો દેખીને પારકાની ચિન્તામાં પડેલાઓને પણ પોતાના દોષો દેખીને પોતાનીજ ચિન્તા કરવી એજ હંમેશનો હિતકર માર્ગ છે.

૧૦૬. અધિકાર બહારની વાતો કરનારાઓ સ્વ-પર હિતનું નુકશાન કરે તેમાં નવાઈ નથી.

૧૦૭. પરહિતચિન્તા અને પરદોષદર્શનની વિચારણામાં વિવેકીઓ પણ ભૂલથાપ ખાઈ જાય છે.

૧૦૮. આત્મઘાતક કથાઓથી ક્રોડો કોષ દૂર રહેવું એજ આત્મોન્નતિનો સાચો રાહ છે.

૧૦૯. આત્મઘાતક કથાશ્રવણમાં રસિક બનેલાઓ પોતાની નિર્મળ બુદ્ધિને પણ કલુષિત બનાવે છે.

૧૧૦. મલિન કાદવ કીચડ નિર્મળ પાણીને મલિન બનાવે છે તેમ મલિન વાતાવરણ વિશુદ્ધ વિચારોને મલિન બનાવે છે.

૧૧૧. મનોરથોની મહેલાતો એ પાયા વગરના મકાનો છે.

૧૧૨. દિવસભરના મનોરથોની નોંધ લેનારાઓ નોંધ લેઈ શકતા નથી, કારણ કે અવાચ્ય-મનોરથો પણ સમુદ્રના તરંગોની માફક ઉભરાઈ જતાં હોય ત્યાં વિચાર અને નોંધનો મેળ ખાતોજ નથી.

૧૧૩. મલિન મનોરથોની મહેલાતો કોઈની પણ પુરી થઈ નથી, થતી નથી અને થશે પણ નહિ એ સિદ્ધાંતને લક્ષ્યમાં રાખીને આત્મહિતકર આજ્ઞાઓનું અવલમ્બન કરો.

૧૧૪. ચૌદ વિદ્યાના પારંગતો પ્રભુ પાસે આવે છે. પ્રચ્છન્ન પ્રશ્નને શ્રવણ કરે છે અને સમાધાન સાંભળે છે તે અવસરે તેઓ પણ અજ્ઞાનિપણાનો એકરાર કરે છે આ બીનાને આજના પંડિતોએ ખૂબ ખૂબ પચાવવાની જરૂર છે.

૧૧૫. ચૌદ વિદ્યાના પારંગતો દિક્ષિત થયા પૂર્વે અજ્ઞાનીમહના અને દિક્ષિત થયેલ જમાલિ અગીઆર અંગનો પારંગત છતાં અજ્ઞાની બન્યા માટેજ જૈનદર્શનના મૂળભૂત સિદ્ધાન્તને સમજતાં શીખો.

૧૧૬. પુસ્તકીયા જ્ઞાનમાં પ્રવીણ બનેલા પંડિતોને પંડિત જ્ઞાની કે જાણકાર માનવાની સાફ સાફ મનાઈ કરે છે એ વાત ધ્યાનમાં આવે તોજ સમ્યગ્દર્શનની દિવ્યતાના આબેહુબ સ્વરૂપની સાચી કિંમત મગજમાં સ્થિર થાય.

૧૧૭. સમ્યગ્દર્શનની ગેરહાજરીમાં જ્ઞાનિયો પણ અજ્ઞાનિયો બની જાય એ નવાઈની વાત નથી.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

# શ્વેતાંબર જૈન આગમો અને દિગંબર આચાર્યો

વર્તમાનકાલના દિગમ્બર ભાઇઓ અને આજથી પહેલાં થોડા વખત ઉપર થએલા દિગમ્બર ભાઇઓ શ્વેતાંબર સમાજમાં અવિચ્છિન્નપણે મનાતાં જૈન આગમોને જૈન આગમો તરીકે માનવાની ના પાડે છે; એટલુંજ નહિ પરન્તુ જે દશવૈકાલિક વગેરે સૂત્રોનો ઉલ્લેખ તત્ત્વાર્થસૂત્રની સર્વાર્થસિદ્ધ ટીકા, રાજવાર્તિક ટીકા વગેરેમાં કરવામાં આવેલ છે અને જે સૂત્રો પ્રમાણમાં ઘણાં નાનાં છે છતાં તેવા શ્વેતાંબર જૈન આગમોને પણ વચલા કાળના અને વર્તમાન કાળના દિગંબર ભાઇઓ ના પાડે છે પરન્તુ ઘણા પ્રાચીનકાળ તરફ દૃષ્ટિ કરવાથી સુજ્ઞ મનુષ્યોને એ વાત સ્હેજે માલૂમ પડશે કે તે પ્રાચીનકાળના દિગમ્બર ભાઇઓ શ્વેતાંબર સમાજે માનેલા જૈન આગમોને માનતા હતા. જો એમ ન હોય તો ષટ્ખંડાગમની ધવલા નામની ટીકાને કરનારા વીરસેન આચાર્ય નીચે જણાવેલું વાકય પ્રમાણિક તરીકે જણાવત નહિ.

" अक्खरस्स अनंतमावो निच्चुग्गाडीओत्ति सुत्तग्गादानुकूलत्तणादो "

જેવી રીતે વીરસેન આચાર્યે આ પ્રમાણથી શ્રીનંદિસૂત્ર કે જેની અંદર આ ઉપર જણાવેલું વાકય છે અને બીજા કોઇ પણ દિગમ્બર ગ્રન્થમાં આ 'અનુકુલ' વાળું વાકય છેજ નહિ, એટલે તેઓશ્રીએ શ્વેતાંબર સમાજે માનેલા શ્રી નંદીસૂત્ર નામના જૈન આગમને પ્રમાણ માનેલું છે, તેવીજ રીતે તેઓએ પ્રથમ સમ્યકત્વ ઉત્પાદમાં નૈસર્ગિક નામના સમ્યકત્વની ઉત્પત્તિને અંગે તત્ત્વાર્થના નામે તત્ત્વાર્થના ભાષ્યની સાક્ષી આપેલી છે. એટલે તત્ત્વાર્થ ઉપર શ્વેતાંબરોએ માનેલું સ્વોપજ્ઞભાષ્ય પણ શ્રી વીરસેન આચાર્ય માનતા હતા એ સ્હેજે સમજાય તેવું છે. છેવટે મૂલ આરાધનાની ટીકા કરનારા દિગમ્બર આચાર્ય શ્રી શીલવિજયજીએ તો શ્રી દશવૈકાલિક સૂત્ર ઉપર વિજયોદયા નામની ટીકા પણ લખી છે. અને આચેલકયાદિ દશ કલ્પોને જણાવવાવાળી શ્વેતાંબર જૈન આગમોની ગાથાને પણ અગ્રપદ આપેલું છે. આ બધી હકીકત વિચારનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે પ્રાચીન કાળના દિગમ્બર આચાર્યો વર્તમાન કાળના શ્વેતાંબરોએ માનેલા જૈન આગમોને માનનારાજ હતા.

# શ્રી સિદ્ધચક્ર

!!! વં....દ....ન....હો.... !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः

सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः

आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशा

मोक्षाध्वालम्बनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।

चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत ॥२॥

कैलाससागरसूरि
महावीर जैन आराधना केन्द्र
(गांधीनगर) पि ३८२००९

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

[ ધનજીસ્ટ્રીટ: ૨૫, ૨૭ ]

વર્ષ ૧૧ ] [ અંક ૧૨ મો

વિક્રમ સં. ૨૦૦૧, વીર સં. ૨૪૭૧. તા. ૧૭-૯-૪૫ સોમવાર

લવાજમ રૂ. ૨-૦-૦ કિંમત ૨॥ આના

છે' એમ કહે. પછી શિષ્ય વિનયથી દ્વાદશાવર્ત્ત વંદન કરે.

તમે પ્રતિક્રમણમાં દ્વાદશાવર્ત્ત વંદન તો રોજ કરો છો ને! અર્થગાંભીર્ય, રહસ્ય લક્ષમાં લીધું? કે તોતા અચરે અચરે રામ! 'અહો, કાયં, કાય, સંફાસં' બોલો તો છો પણ તે કથનમાંની મર્યાદા–ત્યાં રહેલી નિરવધિ મર્યાદાને સમજવાની જરૂર છે. પહેલાં इच्छामि હું ઇચ્છું છું શું? 'ખમાસમણો' હે ક્ષમાશ્રમણ ભગવાન્! હું ઇચ્છું છું શું? वंदिउं जावणिज्जाए निसीहियाए 'શરીર સ્વાસ્થ્ય દ્વારે આપને વંદન કરવા ઇચ્છું છું'' ગુરૂ 'હા' કહે પછી? अणुजाणह मे मिउग्गहं હે ભગવન્! વંદન કરવા માટે અવગ્રહમાં આવવાની આજ્ઞા આપો!

ગુરૂના અવગ્રહની સાડા ત્રણ હાથની મર્યાદા છે. વંદનાર્થે તે મર્યાદામાં જવા માટે પણ આજ્ઞા માંગવાની મર્યાદા છે. ગુરૂ આજ્ઞા આપે પછી निसीही વંદન વિના તમામનો નિષેધ! પછી अहो कायं काय संफासं खमणिज्जो भे किलामो। 'હે ભગવન્! વંદન કરતાં કાયાનો સ્પર્શતા થઇ તેમાં થયેલી કિલામણા માટે ક્ષમા કરજો!' સમજાય છે ગુરૂનું ગૌરવ? ગુરૂને વંદન કરતાં થતા કાયાના સ્પર્શ માટે પણ, કિલામણને અંગે ક્ષમા યાચના! ત્યાં કિલામણાની સંભાવના તથા તેને અંગે ક્ષમા યાચના આ બધું અંતરમાં કેટલી ભકિત હોય ત્યારે થાય! અને ત્યારપછી તમામ પ્રકારની આશાતનાને ત્રિકરણ યોગે ખમાવવામાં આવે છે. આ છે દ્વાદશાવર્ત્ત વંદન!

શિષ્ય—સૂત્ર ભણવાનો અર્થી શિષ્ય પણ આ રીતિએ વિનયથી દ્વાદશાવર્ત્ત વંદન કરે પછી ગુરૂ આસનથી ઉભડક થઇને અથવા નંદી હોય તો પ્રભુ સન્મુખ જઇને ત્યાં ચૈત્યવંદન કરે. ઉભા ઉભા ચૈત્યવંદન કરે, શિષ્યને ડાબી તરફ ઉભો રાખે. યોગ પ્રારંભાર્થે અર્થાત્ યોગોત્ક્ષેપ માટે પચીશ શ્વાસોશ્વાસનો કાઉસગ્ગ (ચંદેસુ નિમ્મલયરા સુધી લોગસ્સ વિચારે) કરે પછી ત્રણવાર પંચપરમેષ્ઠી મંત્ર અર્થાત્ નવકારનું ઉચ્ચારણ કરે. પછી શિષ્ય જે ભણવા ઇચ્છતો હોય તેના નામપૂર્વક ગુરૂ ઉદ્દેશ કરે કે–'અમુક સૂત્ર કે અમુક શ્રુતસ્કંધ ભણવાની હું તને રજા આપું છું.' ગુરૂ આ રજા પોતાના હક્ક તરીકે નથી આપતા પણ ક્ષમાશ્રમણો તરફથી રજા આપે છે. શેરીફ ઢંઢેરો વાંચી જાય છે માટે ઢંઢેરાના ઉત્પાદક તે નથી. તેનો હક માત્ર શહેનશાહી ઢંઢેરો વાંચવાનો છે. ગુરૂ પણ તે રીતે પોતાને ક્ષમાશ્રમણો મારફત મળ્યું છે તેમ તેમની વતી શિષ્યને રજા આપે છે કે—'અમુક સૂત્રના ઉદ્દેશ, અર્થના ઉદ્દેશ, બન્નેના ઉદ્દેશની તને રજા આપું છું.''

હવે આ વિધિ વિશેષપણે કહેવામાં આવશે તે અગ્રે વર્તમાન.

# શ્રી સિદ્ધચક્ર

તંત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી

વર્ષ ૧૧ ] ભાદ્રપદ [ અંક ૧૨


# આગમોદ્ધારકની અમોઘદેશના

દેશનાકારઃ—આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી. સ્થળ—સુરત.

[નોંધ—દેશના અવસરે દેશનાકારના વ્યાખ્યાનોનો સારભૂત સંચય પં. શ્રી હેમસાગરજી મહારાજે કરેલો છે. તે વ્યાખ્યાનો તેઓશ્રી પાસેથી મેળવી પ્રેસ કોપી તૈયાર કરાવી અને વાંચકો સારી રીતે વાંચી શકે તે રીતિએ પંન્યાસપ્રવર પૂ. શ્રી ચંદ્રસાગરજી મહારાજ પાસે પેરેગ્રાફ વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવી અત્રે અપાય છે, છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ કોઈપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ. લિ૦ તંત્રી.]

વ્યાખ્યાનનાં સારભૂત અવતરણો—

૧. પંચેન્દ્રીયો એકેન્દ્રિય કહેવાય અને એકેન્દ્રિયો પંચેન્દ્રિયો પણ કહેવાય.

૨. પાંચ વિષયના સેવનમાં ઉપયોગતો એકજ હોય.

૩. હીંગવાળો અડદનો સુંવાળો પાપડ.

૪. નિર્માણ કર્મ અને જાતિકર્મના તફાવતને સમજો.

૫. એક સબન્ધિ જ્ઞાન થાય તે અવસરે બીજાનું સ્મરણ શી રીતે થાય છે?

૬. તાદાત્મ્ય, તદુત્પત્તિ, વાચ્ય-વાચક સંબંધને સમજવાની જરૂર.

૭. અભવ્યપણાની છાપ કેવળી સિવાય આપી શકેજ નહિ.

૮. શ્રવણ-જ્ઞાન-સમજ આવ્યા છતાં પણ હોય-ઉપાદેયના પ્રસંગોમાં સાવધાન રહેવાની અનિવાર્ય જરૂર.

૯. અનંતી વખત મળ્યું અને ફળ ન બેઠું તો કારણ શોધો?, આંખો મીંચીને બોલવું એ મૂર્ખાઈ છે.

૧૦. નમો પદનો નકાર સાંભળનારાઓ ૬૯ ક્રોડાક્રોડ ખપાવ્યા વગર શ્રવણ કરતાં નથી એ પણ શ્રુતનો અજબ ચમત્કાર છે.

## વિષય અને ઉપયોગની તરતમતા.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાન્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે ધર્મરત્ન પ્રકરણ કરતાં થકાં આગળ શ્રાવકોના-૨૧ ગુણો કે જેને અંગે ધર્મની લાયકાત આવે છે. એક ગુણપર એક એક દ્રષ્ટાંત સાંભળી શ્રોતાએ કઇ દિશા લેવી તે અધિકાર જણાવ્યો. તેથી સામાન્યથી એ ભૂમિકા દરેક શ્રોતાને પ્રાપ્ત

થાય છે. એક શ્રવણ ભૂમિકા ને બીજી જ્ઞાનભૂમિકા. પંચેન્દ્રિય જાતિને લીધે પાંચ ઈંદ્રિયોનો ક્ષયોપશમ છે, એટલુંજ નહિં પણ પંચેન્દ્રિય જાતિ ન હોય તો પણ પાંચ ઇન્દ્રિયોનો ક્ષયોપશમ હોઇ શકે છે. કેટલાક વનસ્પતિના જીવો પાંચે ઈંદ્રિયોના વિષયો ગ્રહણ કરી શકે છે. બકુલવૃક્ષને પાંચે ઇન્દ્રિયોના વિષયો હોય છે તેથી તેને પાંચેનો ક્ષયોપશમ હોય છે. પાંચ ઇન્દ્રિયોનો ઉપયોગ જગતમાં ઉપયોગે કરી કોઇ પંચેન્દ્રિય જીવ હોતો નથી. **जुगवं दो नत्थि जीवओगा** સર્વ કેવળજ્ઞાની લઇએ તો પણ એક સમયે બે ઉપયોગ હોય નહિં તો પછી એવો કયો જીવ હોય જેને એક સમયે એક ઇન્દ્રિયવાળાને પાંચે ઇન્દ્રિયનો ઉપયોગ કરી શકે ?, કદાચ આપણામાં કોઇક વિચાર કરનાર કહી શકે કે અમે પાંચે ઇન્દ્રિયોમાં એકી સાથે ઉપયોગ રાખી શકીએ છીએ. હીંગવાળો અડદનો સુંવાળો પાપડ ખાઇએ તે વખતે ગંધ, રસ, સ્પર્શ; અને શબ્દ એ પાંચે વિષયો એકી સાથે પાપડ ખાતાં અમને ઉપલબ્ધ થાય છે. આમ કહેનાર જરૂર જાણે કે, પાંચે ઇન્દ્રિયનો એક-સાથે ઉપયોગ ખોળી કાઢયો તેમ માને. એકી સાથે પાંચે જણાય છે તેથી પાંચે ઇન્દ્રિયનો એક વિષય મેં ખોળી કાઢયો. મનમાં લાગે પણ વિચારવાની જરૂર છે કે એ પાપડમાં એકી-સાથે વિષય લાગ્યા પણ એક સમયે નહિં. જે વખતે સ્પર્શનો ઉપયોગ કરવા જાય તે વખતે રસનો ઉપયોગ નહિં. રસ વખતે શબ્દનો નહિ, શબ્દ વખતે ગંધનો ઉપયોગ, નથી.

## પંચેન્દ્રિયપણામાં એકેન્દ્રિયપણું.

ચંચળપણાથી ઉપયોગ લાગે છે, પણ વાસ્તવિક રીતે એક સિવાય બીજો ઉપયોગ એક સમયમાં હોય નહિં. વિષય આવવાના અંગે નથી લેવું ઉપયોગને અંગે લેવું છે, માટે શાસ્ત્રકાર કહે છે કે સર્વ જીવો ઉપયોગની અપેક્ષાએ એકેન્દ્રિય છે. ઉપયોગની અપેક્ષાએ કોઇ બેઇંદ્રિય નથી. તો પંચેન્દ્રિય તો હોય કયાંથી ?, વિષયને અંગે એકેન્દ્રિય પંચેન્દ્રિય છે; ઉપયોગની અપેક્ષાએ પંચેન્દ્રિય એકેન્દ્રિય છે.

## જાતિ કર્મની આવશ્યકતા.

પાંચે ઇન્દ્રિયનો ક્ષયોપશમ પાંચે ઇન્દ્રિય નિર્માણ કર્મથી જેને થએલી છે નિર્માણ નામ કર્મથી બકુલ વૃક્ષને એકેન્દ્રિય છે તેમજ ઉપયોગે એકેન્દ્રિય હોય તો નિર્માણ નામ-કર્મથી પાંચે ઇન્દ્રિય બની હોય તો પંચેન્દ્રિય ગણાય. આ જગો પર નિર્માણ કર્મથી પાંચે ઇંદ્રિયો બને છે. મતિશ્રુતના ક્ષયોપશમથી પાંચેનો ક્ષયોપશમ થાય છે. તો જાતિનામ કર્મ માનવાની જરૂર નથી. મતિજ્ઞાનાવરણીય ચક્ષુ અચક્ષુદર્શનાવરણીયના જવાથી ક્ષયોપશમ હવે જાતિ નામ કર્મની જરૂર શી ? નિર્માણ નામ કર્મમાં અનુક્રમ નિયમિત નથી. જાતિ કર્મમાં અનુક્રમ નિયમિત છે. રસના થયા પછીજ ઘ્રાણ હોય. ઘ્રાણ પછી ચક્ષુ ને પછી શ્રોત્ર આ નિયમ આ જાતિને અંગે છે નિર્માણમાં ઉપઘાત પણ હોય આંખે આંધળો હોય ને કાને સાંભળતો હોય તેને ચઉરિંદ્રિય ગણવો કે પંચેન્દ્રિય ગણવો ? નિર્માણની અપેક્ષાએ ઉપઘાત થયા છતાં પંચેન્દ્રિય કહી શકીએ તે જાતિ નામ કર્મના લીધે. બોબડાને પણ પંચેન્દ્રિય કહી શકીએ છીએ.

## ભૂમિકાની વ્યવસ્થા અને વાચ્ય-વાચક સંબંધ

જેને પંચેન્દ્રિય જાતિ પંચેન્દ્રિયનું નિર્માણ પાંચ ઇંદ્રિયનો ક્ષયોપશમ મલ્યો હોય તે શબ્દ સાંભલ્યા વગર રહેતો નથી. શબ્દ સાંભળવાની ન સાંભળવાની મહેનત કરો અગર ન કરો તો પણ શબ્દ સંભલાયજ છે. શબ્દ સંભળાય તેથી શ્રવણ નામની પ્રથમ ભૂમિકા જરૂર મળે. શ્રવણ ભૂમિકા મળી એટલે આર્યક્ષેત્રમાં જન્મ લ્યો ને તેમાં જન્મેલો જ્ઞાન નામની ભૂમિકાએ જરૂર આવે 'એક સંબંધી જ્ઞાનં, અપર સંબંધી સ્મારકં' ઓઘો મુહપત્તી બે જોડે રહેતા હોય એનો ઉપયોગ સાથે થતો હોય તો ઓઘો શબ્દ સાંભળો તો મુહપત્તી તરત ખ્યાલમાં આવે. બે પદાર્થ સંબંધવાળા હોય તો એકનું જ્ઞાન થાય તો બીજો પદાર્થ જરૂર યાદ આવે. તેમ શબ્દ અને અર્થ માંહોમાંહે સંબંધવાળા છે. મેં ઘડો શબ્દ કહ્યો એટલે ઘડાનો આકાર (વાચ્ય) ખ્યાલમાં આવી ગયો. અર્થ એ શબ્દને યાદ લાવનાર છે. શબ્દ એ અર્થને યાદ લાવનાર છે. અર્થાત્ આ ઉપરથી જેઓ કહેતા હતા, શું કહેતા હતા ? શબ્દને અર્થને સંબંધ નથી ? તાદાત્મ્ય કે તદુત્પત્તિ સંબંધ ? તે બે વાત સમજી લ્યો. જેમ ઘડો ને માટી, ઘડાને માટીને માંહોમાંહે તાદાત્મ્ય સંબંધ છે. માટી એજ ઘડો, ઘડો એજ માટી. સાંપડો ને લાકડું તે તાદાત્મ્ય સંબંધ. લાકડા સાંપડામાં કોઇપણ જાતનું ભિન્નપણું નથી. અભેદરૂપ સંબંધ તે તાદાત્મ્ય સંબંધ. બીજો તદુત્પત્તિ સંબંધ જેમ દીવાથી અજવાળું, બીજથી અંકુરો; તે બેને સંબંધ દીવા અજવાળા વિગેરેનો તદુત્પત્તિ સંબંધ તેમ શબ્દ ને અર્થ બે વચ્ચે કયો સંબંધ છે ? આ દાભડી પદાર્થ અને દાભડી શબ્દ વચ્ચે કયો સંબંધ ? જો તાદાત્મ્ય કહો તો જેમ લાકડામાં સાંપડાપણું જોડેજ છે. ઘડામાં માટી જોડેજ છે તેમ દાભડી પદાર્થ સાથે દાભડી શબ્દ જોડે હોવો જોઇએ. સાંપડા શબ્દને નહીં જાણનાર સાંપડા જોડે લાકડું જોડે જાણે છે. વસ્તુનો શબ્દ સાથે સંબંધ રહેતો નથી. જ્યાં જ્યાં પદાર્થ છે ત્યાં તે શબ્દ નથી માટે તાદાત્મ્ય સંબંધ નથી. પણ દાભડી બનાવનારે પ્રથમ દાભડી વિચારી તે શબ્દથી વિચાર કર્યો ત્યારે પદાર્થ બન્યો તેમ દાભડી જગતે દેખી ત્યારે કયા નામથી બોલાવવી ? કે હવે દાભડી નામથી બોલાવો. તેથી વાચ્ય-વાચક સંબંધ.

## શબ્દથી પદાર્થની ઉત્પત્તિ માનવામાં વિરોધી કારણો.

શબ્દથી પદાર્થની ઉત્પત્તિ આજ મુદ્દાએ વેદાન્તિએ શ્રુતિ જાહેર કરી કે જે જે પદાર્થ બનાવ્યા તેના નામરૂપ પ્રથમ મગજમાં લીધા પછી બનાવ્યા માટે પદાર્થને મૂળ કારણ શબ્દ છે. તેથી શબ્દથી પદાર્થની ઉત્પત્તિ તેમ પદાર્થથી શબ્દની ઉત્પત્તિ. પદાર્થ દેખીએ એટલે તેનું નામ પાડીએ શબ્દથી પદાર્થની, પદાર્થથી શબ્દની ઉત્પત્તિ તેમ બીજાએ માન્યું છે. તેમ કબુલ કરવા બૌધ ના કહે છે. જો શબ્દથી પદાર્થ થતા હોય તો કોટિધ્વજ શબ્દ જેટલા બોલે તેટલા બધા કોટિધ્વજ થવા જોઇએ. અગ્નિ શબ્દ બોલ્યા તો શું દાઝવા મંડયા ? શબ્દથી પદાર્થ થઇ જતો હોય તો, અગ્નિ શબ્દથી જીભ બળવા લાગત; પણ અગ્નિ શબ્દ છરી શબ્દ બોલતા જીભ બળતી કે કપાતી નથી. માટે શબ્દ બોલવાથી પદાર્થ ઉત્પન્ન થઇ જાય છે તે કહી શકાય નહિં. નાના બચ્ચા સેંકડો પદાર્થ દેખે છે તેનો એક અર્થ આવડતો

નથી. આ પદાર્થથી આ શબ્દ પણ આવતો નથી. માબાપ નવા બનવાના નથી માટે શબ્દ અર્થનો તાદાત્મ્ય કે તદુત્પત્તિ કોઇપણ પ્રકારનો સંબંધ નથી તો શબ્દથી અર્થ અર્થથી શબ્દનું આવવું ઘટતું નથી આમ બૌદ્ધ કહે છે. જૈનો કહે છે કે—એક આંખ બંધ કરી તેથી એક બાજુનો પદાર્થ ન દેખાય તેથી જગતમાં પદાર્થ નથી એમ કહેવાય નહિં એમ અહીં તું પોતે ખરો સંબંધ જોવાનો હતો તે જોતો નથી. તાદાત્મ્ય તદુત્પત્તિ બે સંબંધ માનતા નથી. અમારી માન્યતા સમજ જે આંખથી સ્વાભાવિક ન દેખે તો મોં ફેરવ. મોં ન ફેરવે તો નહિં દેખે તો પદાર્થ નહીં દેખાય. અહીં શબ્દ અર્થનો વાચ્ય વાચકપણે સંબંધ છે. શબ્દ અર્થ એક રૂપે નથી અગર પરસ્પરથી ઉત્પત્તિ માનતા નથી શબ્દ વાચક ને પદાર્થ વાચ્ય. આ બેનો વાચ્ય વાચકપણે સંબંધ તેથી વાચ્ય યાદ આવે તો વાચક યાદ આવે, વાચક યાદ આવે તો વાચ્ય યાદ આવે અર્થાત્ બેનો વાચ્ય વાચક ભાવે સંબંધ હોવાથી એક યાદ આવવાથી બીજો યાદ આવે. જગતમાં દેખીએ છીએ કે દાભડી શબ્દ કહે તો દાભડી પદાર્થ ઉપર લક્ષ્ય જાય પદાર્થ દેખવાથી શબ્દ યાદ આવે એક સંબંધીનું જ્ઞાન બીજા સંબંધીને યાદ કરાવી દે છે. તેમ અહીં જ્યારે શબ્દ અર્થને વાચ્ય વાચકનો સંબંધ છે તો જેને શબ્દનું શ્રવણ થવાનું તેને અર્થનું સ્મરણ થવાનું તેને જ્ઞાનભૂમિકા જરૂર મળવાની આથી બે ભૂમિકા.

### અનંતી વખત મળ્યું છતાં ફળ ન બેઠું તેમાં ખરું કારણ શોધો ?

ભાષાને જાણનારા પંચેન્દ્રિય મનુષ્યને શ્રવણ ને જ્ઞાન એ બે ભૂમિકા સહેજે મળવાની, અને તે બે અનંતી વખત મળી ગઇ છે. જો અનંતી વખત મલ્યા તેથી કાર્ય ન થયું તો છોડી દેવું. દવા લીધી પથ્ય ન પાળ્યું ગુણ ન થયો તો વાંક દવાનો ?, કે પથ્ય ન પાળ્યું તેનો ?; જેમ દવા જરૂરી, ભૂલ પથ્ય ન પાળવામાં, તેમ શ્રવણ જ્ઞાન જરૂરી ચીજો છતાં પણ ફાયદો ન થયો તેનું કારણ કોણ ? વિજ્ઞાન ભૂમિકા ન આવી તે. મૂર્ખ હોવાથી છોકરો દવા લે અને પથ્ય ન પાળે તો ફાયદો ન થાય. તો કહે કે દવા છોડી દે તો તે શત્રુ કે મિત્ર ? હિતૈષી કે અહિતૈષી ? છોકરા પાસે દવા છોડાવે તેમાં કહેનારો તો સમજે છે કે છોકરાને દવા કેમ ફાયદો કરતી નથી. કોઇ જાણકાર છોકરાને દવા છોડવાનો ઉપદેશ આપે તો શું હિતૈષી કે મિત્ર ગણશો ? જો આ વાત તમને ગળે ઉતરી હોય તો અનંતી વખત ઓઘા મુહપત્તી લીધા તેમાં કશું ન વળ્યું તો છોડને આમ બોલનાર કોણ ? કહો કે જીવોના ખરા શત્રુ-કટ્ટા વૈરી. તેમને પુછો કે અનંતી વખત ઓઘા મુહપત્તી લીધા તેમાં કંઈ ન વળ્યું તો એ ક્યું એમાં ન વળ્યું ? ન વળવામાં કંઇ કારણ છે ? ઓઘા મુહપત્તી ફાયદો કરનાર નથી તેથી નથી વળ્યું ? કે બીજું કંઇ અંદર છે ? ખરી વાત એ છે કે ઓઘા મુહપત્તી પૂજા પ્રભાવના કલ્યાણ કરનાર હતા પણ જીવે પરમતત્વ લક્ષ્યમાં લાવવું જોઇએ તે આણ્યું નથી. કુપથ્ય ન ટાળ્યું તેનો કે દવાનો વાંક છે? મુહપત્તીના ચરવળાના ઢગલા કર્યા પૂજા પ્રભાવના ઘણીવાર કર્યા છતાં કલ્યાણ ન થયું આવા શબ્દો ઘણી વખત બોલાય છે. ચાર આંગળની દલાલણ જીભડા કેમ નચાવે છે, તેનો વાંક કાઢતા નથી. દલાલને અને વેપારીને અડચણ

ન હોય છતાં દલાલણનું તરભાણું ન ભરાય તો સોદો થવા દે નહિં. ઘરાક વેપારીને વાંધો નથી ત્યારે વાધો કોનો છે? લુચ્ચી દલાલણનો વાંધો છે. એ જો પુષ્ટ થાય એને મોજ કરવાનું થાય તોજ સોદો થવા દે. તીખું ખાટું મસાલાદાર હોય તોજ વેપારી પાસે લઈ ઘરાકને માલ અપાવે, એને ગમતો સોદો કરવા દે; નહીંતર પેટમાં પાંચ શેરની ભૂખ હોય તો પણ લેવા ન દે. આ વેપારી અને ઘરાકનો સોદો લુચ્ચી દલાલણ થવા ન દે. લુચ્ચી દલાલણની પાછળ ચાલેલો દરદી દરદના ફાયદા ન વિચારતાં કુપથ્ય કરતો ગયો, તેથી કુપથ્ય રોકવું કે દવા રોકવી? શાણો કુપથ્ય રોકે, પણ કુપથ્ય ન રોકતાં દવા ઘણી ખાધી હવે છોડ દવા, એમ કહે તો છોકરાને મારવાને બદલે શાણાને ઠપકો દેવા માંગે છે. આપણે વિજ્ઞાનમા ન ગયા તો અનંતી વખતના જ્ઞાન ચારિત્રની આરાધનામાં પુસ્તક ચરવળા અને મુહપત્તિઓ નકામા ગયા તેમાં વાંક કોનો? વાક વિજ્ઞાનભૂમિકા મળી ન હતી. તે કુપથ્યનો વાંક હતો પણ આપણે તો છોકરાને દવા છોડાવવા તૈયાર થયા છીએ. આપણે જ્ઞાન શીખ્યા છીએ છતાં ચારિત્ર ચરવળાને ચૈત્યો છોડાવો છો તો જે કલ્યાણના કારણો છે તે રોગને મટાડનાર દવા જેવાં છે. રોગ ન મટયો તેનું કારણ કુપથ્ય છે. અનંતી વખત શ્રવણજ્ઞાન પામ્યા કલ્યાણ ન થયું તેનું કારણ વિજ્ઞાન ન થયું તે માટે વિજ્ઞાન મેળવો તે ઉપદેશ હિતૈષીનો. જે આ વાકયો બોલે છે કે અનંતી વખત ઓઘા મુહપત્તો કર્યા તે શાસનના-ધર્મમાર્ગના શત્રુ છે. મૂર્તિ-મન્દિર ચારિત્ર તથા ચૈત્યો અને ચરવળા વિગેરેનું શ્રવણજ્ઞાન ફાયદો નથી કરતાં આ મિથ્યાત્વી બોલે છે. એ વસ્તુ ઉદ્ધાર કરનારી છે છતાં જે ઉદ્ધાર કરનાર પદાર્થને નકામો કહેવો તે મુર્ખાઇ છે. વરસાદ છે જમીન સારી છે વાવ્યું નહિં તો વરસાદ ને જમીન નકામી કહેવી કે? ન વાવ્યું તે ભૂલ ગણવી? વરસાદ જમીન તો જરૂરી. ખેડૂત પણ નહીં વાવવાની ભૂલ ને જમીન વરસાદ ઉપર નાખતો નથી તો સ્વપ્નામાં સમજુ અને અધ્યાત્મી ગણાતાં શું જોઇને આ બોલે છે? ભીલ કોળી ન બોલે તે તું બોલે છે. ન વાવવાની ભૂલને આગળ કરે અને તે ભીલ કોળી ન વાવ્યાનો ઠપકો દે છે તો આ ભીલ કોળી કરતાં પણ ગએલો છે. અહીં કહો કે અનંતી વખત નિષ્ફળ ગયા તો વિજ્ઞાન ભૂમિકાએ આવ, અને વિજ્ઞાન ભૂમિકાની ખામી બતાવ. વરસાદ ભૂમિ નકામાં છે તે સ્વપ્ને પણ ન લાવ.

## દ્રવ્ય ચારિત્રની યથાર્થતા સમજો.

ભાવની વાત તો દૂર રહો કારણ કે ભાવ ચારિત્ર એતો અંતઃ કોટાકોટિ સાગરોપમમાંથી સંખ્યાતા સાગરોપમ તોડી નાખે ત્યારે મળે છે પણ દ્રવ્ય ચારિત્ર કયું? ઘેર ખાવાનું નથી બીજે પણ લથડીયા ખાતા પણ ખાવા મળતું નથી. સાધુપણું લઉં તોજ ખાવાનું મળે. સાધુપણું લે છે તે માનપૂજા અને દેવલોક માટે. નરકાદિક દુર્ગતિએ ન જવું તે માટે ચારિત્ર લેનારો ચારિત્ર મોક્ષનું કારણ છે તે ધ્યાવાડે નથી. માત્ર ભોજન મળે માન પૂજા દેવલોક જવાય અને દુર્ગતિ આથી રોકાય તેવી છે એવું ધારી જેઓ ચારિત્ર દેશવિરતિ જીનેશ્વરના પૂજનમાં પ્રવર્તે તેવાની વાત કરૂં છું, કોડાકોડ સાગરોપમમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ

ગયો ત્યારે સમ્યક્ત્વ તેમાંથી સંખ્યાતા સાગરોપમ-ત્રુટે તો ભાવ ચારિત્ર મળે તે વાત દૂર રહી આને ભાવ ચારિત્ર આવ્યુંજ નથી તે કહેવાનો હક નથી. જે આંધળાને આંધળો જાણતો હોય તો અંધ. લીલું નથી પણ ધોળું છે તેમ કહેતો દેખતો માને તેમ આ કહે કે ભાવચારિત્ર નથી દ્રવ્ય ચારિત્ર છે. આમ માનનારા કોણ થાય? આંધળો લાલ કે પીળું કહે તેની કિંમત નથી કર્મની સ્થીતિ જાણવાની અપેક્ષાએ આપણે બધા આંધળા છીએ તો પછી આપણને ચિહ્નથી ઉદય કહેવાનો શું હજુ હક છે? પચ્ચખાણ ન કરતો હોય તો પ્રત્યાખ્યાનીનો ઉદય છે તે કહેવાનો હક છે પણ ભાવ ચારિત્ર નથી એ કહેવાનો હક નથી, ભાવ ચારિત્ર નથી તે કહેવાનો હક નથી. દ્રવ્ય ચારિત્ર ઉપર દ્રવ્ય ક્રિયા ઉપર આવું છું. ખાવા માટેજ ચારિત્ર લીધું છે. પોષહ લીધો છે. પરભાવના દેખી વખાણમાં આવ્યો છે તો તે પણ હળુકર્મીજ છે. આવનાર ખાવા માટે ચારિત્રમાં આવેલો લાડવા માટે પોષાતીમાં આવેલો હળુકર્મી છે.

## ભવ્યપણું અને અભવ્યપણું એ બંન્ને પદાર્થો આજ્ઞા-ગ્રાહ્ય છે.

હજુ આ જીવોમાં કોઇની તાકાત નથી કે તમે અભવ્યપણાની છાપ મારી શકો ભવ્યાભવ્યપણું સમજવાનો રસ્તો છે. પણ બીજાના આત્માનું અભવ્યપણું જાણવાનો રસ્તો કેવળી સિવાય બીજામાં છેજ નહિં. તેથી ભવ્યપણું અભવ્યપણું પદાર્થ આજ્ઞાગ્રાહ્ય રાખ્યા, અનુમાન યુક્તિ હેતુ સિદ્ધ નહિં. આપણા લોકના હાથમાં એ સત્તા હોત તો જુલમ થાત. અભવ્યપણું આપણામાં હોય તો તે જાણવાની આપણામાં સત્તા નથી. ગોશાળા અને જમાલીને શાસ્ત્રકારે અભવ્ય કહ્યા નથી. આપણે અનુકૂળ ન હોય અને મહાત્મા પ્રતિકુળ પડે તો અધર્મી. અભવ્યનો નિર્ણય કરવો તે તમારી અક્કલ—બુદ્ધિની બહારનો વિષય છે. અભવ્ય પણ હલુકર્મી થયા સિવાય દ્રવ્ય ચારિત્ર પોષહ કે પ્રભાવના પામતો નથી. દ્રવ્ય દર્શન અભવ્ય પણ પામે તો તે હલુકર્મી થાય તોજ. હલુકર્મી થયા વગર અભવ્યને પણ દ્રવ્ય ચારિત્ર મળતુંજ નથી. નિર્ણય થશે કે દ્રવ્ય ચારિત્ર ચરવળો કે ચૈત્ય પોતાનું કામ જરૂર કરે છે. અભવ્યમાં પણ દ્રવ્ય ચારિત્ર હળુકર્મી હોય તો મલે છે.

## દ્રવ્ય-ક્રિયાનો અજબ પ્રભાવ!

શાસ્ત્રકાર કહે છે કે અભવ્ય દુર્ભવ્ય કે ભવ્ય હોય પણ દ્રવ્યથી નમસ્કારનો ન કરમિભંતેનો ક્ર ૬૯ કોડાકોડ ખપાવ્યા પછીજ પામે છે. ૬૯ ખપાવ્યા પછી દ્રવ્યથી શ્રુત કે ચારિત્ર પામતો નથી. કોઇના કરાવ્યાથી દેખાદેખાથી કર્યું તેમાં વળ્યું શું? છોકરાએ બાપ કહ્યા તે કહેવડાવ્યા કહ્યા કે સમજીને બાપા કહ્યા? મા કે બાપ કહેનારને ધોલ મારો છો? જેમ દુનીયાદારીના સુંદર યોગ્ય શબ્દો શિખામણથી લાલચથી અણસમજથી કહેતો એ શબ્દને ખરાબ કહેતા નથી તો જીનેશ્વરના શબ્દમાં જનારો મનુષ્ય લાલચથી જાય તો પણ ૬૯ તોડીને આવ્યો છે. હળુકર્મ થયા સિવાય લાડવા માટે પ્રભાવના માટે પણ પોષહ કરી શકતો નથી. આ પોતાના આત્મા માટે કહેતો નથી. પોતાના આત્મા માટે વાવવાની ભૂલ-સમજવી. વાવવાની ભૂલને લીધે જમીન વરસાદ નકામો

ગણાય તે ભીલ ને કોળી પણ નકામા ગણતા નથી. આપણાથી ચારિત્ર દેશવિરતિ ચૈત્યો નકામા એ કેમ બોલાય છે? આ બધું નકામું કોને લીધે? વિજ્ઞાનની ભૂમિકાને ખામીને લીધે. જ્ઞાન શ્રવણ આ બે તો અમને માલમ છે. પણ વિજ્ઞાન ભૂમિકા કઇ?

## ધર્મ રત્નજ, અને ધર્મજ રત્ન; આ બંન્ને પ્રકારના અવધારણની યથાર્થતાને સમજો.

એકજ ધર્મરત્ન. જેમ પુદ્ગલો રૂપી. બે બાજુ લઇએ તો પુદ્ગલોજ રૂપી અને પુદ્ગલો-રૂપીજ બે બાજુ અવધારણ લીધું, તેમ અહીં ધર્મ એજ રત્ન અને ધર્મ રત્નજ. ધર્મ સિવાય જગતમાં કોઈ ચીજ નથી આ સ્થાતિ હશે તો ઉત્કૃષ્ટ ચારિત્રમાં રહેલા જીવની અનુમોદના દ્રવ્યથી દર્શન કરનાર બે કયાં? જ્યારે ધર્મ રત્નજ છે એક પણ યોગ રત્ન-સમાન કીંમતી છે તે ધારણાવાળાને મુનિ દર્શનનું પણ અનુમોદન થઇ શકે છે. એ બુદ્ધિ ન હોય તો હું કરૂં છું તે સો ટચ અને છોટાભાઇ કરે તે નકામું કહો ધર્મ રત્ન છે તે બુદ્ધિ ઉડી ગઈ નહિંતર આટલું આને મલ્યું બાકીનું મેળવી આપીએ. શ્રી મુનિ-સુવ્રત સરખા કેવળજ્ઞાની ભગવાન છે, અને એક ઘોડો ૬૦ જોજન છેટો રાજાથી તગડાયો છે. એવા એકને માટે આટલી યોગ્યતા કેવળીના અંતઃકરણમાં કયારે જગ્યા કરે? મનુષ્ય નથી જાનવર છે; છતાં ૬૦ જોજન રહેલો છે. જોડે કશું કામ થતું નથી આખી સભામાં જે મેળવ્યું તો એકલા ઘોડાએ તે પણ સમ્યગ્-દર્શન બોધિ બીજ તો પ્રથમ થએલું છે પહેલાં માત્ર અનુકરણથી બોધિતો મેળવ્યું છે. ભગવા-નની પ્રતિમા તો અનુકરણથી-દ્રવ્યથી (ભાવથી નહિં) જીનદાસ શેઠને દેખી તેને અનુસારે ચાલનારો બોધિ બીજ મેળવ્યું છે સમ્યકત્વ થયું નથી. અહીં જાનવર થએલો છે એકલા એના માટે ૬૦ જોજન રાતોરાત કેવી રીતે આવ્યા હશે? આથી ધર્મનો એક પણ ભેદ અંશ વિજ્ઞાન ભૂમિકા વાળાને રત્ન હોવો જોઇએ. એ તુલના કરશો તો ધર્મમાં કોઇપણ રીતે પ્રવર્તતો હોય તો તેની દરકાર આવવો જોઇએ. આથી ધર્મજ રત્ન, ધર્મ રત્નજ; આ ભૂમિકાએ આવ્યો ગણાય તેનું વિશેષ—સ્વરૂપ કેવી રીતે બતાવે છે, તે અધિકાર અગ્રે વર્તમાન.

# પ્રભુ શ્રી મહાવીરનો યતના-ધર્મ

જૈન ગ્રન્થની પ્રાકૃત-કથાનું અવતરણ

અવતરણકાર—પં. શ્રી હેમસાગરજી.

(ગતાંકથી ચાલુ)

જેટલામાં રાજા કુંવર પાસે આવે છે તેટલામાં સૌધર્મ નામના ઈંદ્ર જેમના મસ્તક ઉપર છત્ર ધારણ કરીને રહ્યા છે. એવા તે કુમાર-મુનિ દેવો અને મનુષ્યોને ધર્મ દેશના આપતા થકા સુવર્ણ કમળ પર વિરાજીત થયેલા દીઠા. દેશનાધિકારે કથા નાયક સામંતકુમાર મુનિશ્રીએ અવધિ જ્ઞાનથી તેમજ જાતિ સ્મરણ જ્ઞાનથી પોતાના અસંખ્યાતા જન્મનું અનુભવેલ પોતાનું ચરિત્ર તેમજ આ ભવમાં પણ પોતે અનુભવેલ સુખ દુઃખને અને પોતાને સમ્યકત્વની પ્રાપ્તિ કેવી રીતે થઇ? વિગેરે નૃપાદિ સર્વ સભાજનોને સવિસ્તર વર્ણવ્યું. તે સર્વ વાત સાંભળીને ઉત્પન્ન થયો છે. સંવેગ જેને એવા તે રાજાએ પોતાના સકલ પરિવાર તેમજ શત્રુ રાજા ગણ સહિત કુમાર મુનિરાજને વંદન કરીને શ્રી ભાગવતી દીક્ષા અંગીકાર કરી. એટલામાં ચારે નિકાયના દેવતાઓએ તથા દેવીઓએ મળીને આકાશમાં દુન્દુભિનો મધુર નાદ કર્યો.

દુન્દુભિને અંતે દેવોએ જોરશોરથી ઉદ્ઘોષણા કરી કે "હે ભવ્ય લોકો દેવતા મનુષ્યો અને કિન્નરોએ નમસ્કાર કર્યો છે જેના ચરણ કમળમાં એવા હંમેશા અસ્ખલિતપણે દુષ્કર એવા ચારીત્રને ધારણ કરનાર હે કુમાર! આપ જય પામો. રોગ શોક જરા મૃત્યુને હરણ કરનાર હે કુમાર! તમો જય પામો. ત્રણ જગતના પ્રાણી સમુહને શરણભૂત એવા હે કુમાર! તમે જય પામો. પરાજય કર્યો છે દુર્જય એવા મોહ યોદ્ધાનો જેમણે એવા તેમજ ભવ્ય લોકોને સમર્પણ કર્યો છે. નિર્મળ બોધ જેમણે એવા હે કુમાર! તમો જય પામો. ગુણ સમુહના સમાગમથી પ્રાપ્ત કરી છે આત્મ શોભા જેમણે અને લીલા માત્રમાં જીતી લીધા છે કામ ક્રોધાદિ છ શત્રુઓ જેમણે એવા હે વિજયવંત મુનિકુમાર? તમે જય પામો! અતિ સુંદર રત્નના ઘર સમાન તેમજ શીલવંત પુરૂષોમા પ્રાપ્ત કરો છે રેખા જેમણે એવા હે કુમાર! તમો જય પામો. ધર્મવૃક્ષ સીંચવામાં અપૂર્વ જલધર સમાન તેમજ ઉકટ વૈરાગ્યની સાક્ષીભૂત એવા પ્રિયા, પુત્ર, મિત્રાદિ વા સ્નેહ બંધનાદિનો ત્યાગ કર્યો છે. જેમણે એવા હે કુમાર! મુનિરાજ તમો જય પામો. અનેક પ્રકારના સંશયરૂપી ધૂળને ઉડાડી મૂકવામાં પવન સમાન, સંસાર દાવાનળને ઓલવવામાં (શાંત કરવામાં) જળ સમાન, માયારૂપી પૃથ્વી ખોદવામાં ઉત્તમ હળ સમાન તેમજ મેરૂ ગિરિવરની ધૈર્યતાને ધારણ કરનાર હે મુનિવર! તમો જય પામો. તે માતાને ધન્ય છે કે જેની કુક્ષીને આપે શોભાવી?"

આ પ્રમાણે ઉદ્ઘોષણા પછી સ્તુતિ કર્યા બાદ સુરાંગનાઓએ પણ ભકિત ભરપૂર હૃદયે હર્ષ પૂર્વક નૃત્ય કર્યું ત્યારપછી મુનિરાજને વંદન કરી દેવ સમુહ સ્થાને ગયો. મુનિ મહારાજા પણ મનુષ્ય ક્ષેત્રમાં જેમ સૂર્ય મેરૂ પર્વતની

ચારે બાજુ પ્રદક્ષિણા દઇને જગતભરના કમળોને વિકસ્વર કરે છે તેમ દેશદેશાંતર વિચરી અને ભવ્ય કમળોને પ્રતિબોધ કરવા વડે ઉદ્ધરી રહ્યા છે.

અહિં ગૌતમ સ્વામી મહારાજ પ્રભુ શ્રી મહાવીર ભગવાનને પૂછે છે કે "હે સ્વામિન્! આ સામંતકુમાર આવી રીતે સુલભ બોધિ થઇ આવો અપૂર્વ લાભ શાથી પામ્યો? પૂર્વભવમાં તેણે શું સુકૃત કર્યું હતું? કે જેથી તેને જાતિ સ્મરણ અને અવધિ જ્ઞાન ઉત્પન્ન થયું? હવે શ્રી વીર ભગવંત એ પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં ફરમાવે છે કે—હે ગૌતમ પૂર્વભવમાં મણિ હોય કે તૃણ હોય, સુવર્ણ હોય કે ઢેકું હોય તેમને વિશે સમાન ભાવવાળો એવો આ કુમાર ઉત્તમ મુનિ હતો. તે મુનિ પૂર્વે કોઇક વખત અનાભોગે (વગર ઉપયોગે) (અજાણપણે) કોઇ પ્રત્યે વચનદંડ આકરૂં વચન બોલ્યો હતો. ત્યારબાદ તે પાપની આલોચના બદલ ગુરૂ મહારાજે આપેલા પ્રાયશ્ચિતથી તેમણે તે પાપની શુદ્ધિ કરી એટલુંજ નહિં પણ એવું પાપ ફરીથી ન થઈ જાય એટલા માટે સમગ્ર સાવદ્ય કાર્યથી બચવા મૌન વ્રત અંગીકાર કર્યું હતું. એ ઉગ્ર નિયમાદિના યોગે તે દેવલોક પામ્યો. ત્યાંથી ચવી અહીં શીલસંન્નાહ નામે વિખ્યાત એવો આ સામંતકુમાર થયો છે. પૂર્વ ચારિત્ર વ્રતના યોગે એ ભાગ્યવાન સુલભબોધિ આહિ થયો છે. અનુક્રમે તે મહાનુભાવે પ્રતિબોધ પામીને દીક્ષા અંગીકાર કરી. કોઇક દીવસ પોતાનું આયુષ્ય પરિમિત જાણીને શ્રી અજીતનાથ વિગેરે તીર્થંકર પરમાત્માના પાદપદ્મથી પવિત્ર થયેલ સમ્મેત શિખર નામના પવિત્ર તીર્થ તરફ જવાને પ્રયાણ કર્યું. તીર્થ તરફ વિહાર કરતાં કરતાં માર્ગમાં તે સામંત મુનિકુમાર ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં આવી પહોંચ્યા નગર બહાર ઉદ્યાનમાં એ આચાર્ય મહારાજને પધારેલા સાંભળી સપરિવાર રૂપ્પીકુમારી રાજા પણ વંદન કરવા આવ્યો. રૂપ્પિરાજા નિર્મોહી મુનિને વિધિ પૂર્વક વંદન કરીને પૃથ્વી પર બેઠા. પછી અવધિજ્ઞાની આચાર્ય મહારાજે ધર્મોપદેશ શરૂ કર્યો:—

"હે મહાનુભાવો! જગતમાં ઇન્દ્રપણું, ગ્રૈવેયકપણું તેમજ ચક્રવર્તિપણું વિગેરે મળવું સહેલું છે પરંતુ શ્રી જીનેશ્વર ભગવંતે કહેલ ધર્મ પ્રાપ્તિ થવી અતિ મુશ્કેલ છે. જેના યોગથી શુદ્ધ દેવગુરૂ અને નિર્મળ ધર્મ જાણી શકાય છે એવો એ ધર્મપ્રાયઃ સદ્ગુરૂના સમાગમ પ્રાપ્ત થતો નથી. ગુરૂ મહારાજ પણ જો સુપ્રસન્ન હોય તો તેની નિર્મળ દેશનાના પ્રતાપે આ ભવ સમૃદ્ર સહેલાઇથી તરી જવાય છે. માટે ગુરૂ મહારાજની ભકિત વૈયાવચ્ચની પણ તેટલીજ જરૂર છે.

અઢાર દોષ રહિત ચોત્રીશ અતિશયને ધારણ કરવાવાળા વીતરાગ કેવળી ભગવંતો એજ શુદ્ધ દેવાધિદેવ છે. પંચ મહાવ્રતને ધારણ કરનાર છ કાય જીવના રક્ષક પ્રતિપાલક, રાત્રી ભોજનના ત્યાગી, કંચન કામીનીના ત્યાગી શુદ્ધ ધર્મ માર્ગના પ્રરૂપક, મોક્ષમાર્ગનો અને એ માર્ગ સહેલાઇથી પ્રાપ્ત કરી આપનારા ત્યાગનો ઉપદેશ આપનારા એવા સુસાધુઓજ સાચા નિઃસ્વાર્થી નિર્ગ્રંથ ગુરૂઓજ—ગુરૂ મહારાજા છે. શ્રી વીતરાગ કેવળી તીર્થંકર પરમાત્માએ પ્રરૂપિત ધર્મ એજ સાચો ધર્મ છે કે જે ધર્મ ભવરૂપી ઉંડા અંધારા કુવામાં પડતાં પ્રાણીને શરણ આપવામાં સમર્થ છે.

તે ધર્મ પણ યતિ અને ગૃહસ્થ એમ બે પ્રકારે શ્રી જીનેશ્વરોએ ઉપદેશેલો છે. શત્રુ અને મિત્ર સમ છે જેને એવા તથા સર્વ સાવદ્ય કાર્યને વર્જનારા એવા સાધુઓનો ધર્મને મુનિ ધર્મ છે અને એ અલ્પ સમયમાં મોક્ષ આપનાર છે. બીજો ગૃહસ્થધર્મ સમ્યકત્વ પૂર્વકના પાંચે અણુવ્રતો ત્રણ ગુણવ્રતો તથા ચાર શિક્ષાવ્રતો યુક્ત છે. તેમજ દાન, શીલ, તપ અને ભાવના પ્રધાન એ ધર્મ છે. આ ધર્મ અનુક્રમે ધીમે ધીમે મોક્ષ સુખ આપે છે. વિગેરે મુનિની દેશના સાંભળી ત્યારબાદ પાપપંકથી કંપી ઉઠયું છે હૃદય કમળ જેનું એવા તે રૂપ્પિકુમારી રાજા આચાર્ય મહારાજને કહે છે કે, "હે ભગવંત ભવ સમુદ્રમાં ડુબતી એવી મને આજે કોઇક અપૂર્વ પુન્યના યોગે અતિ દુર્લભ એવા આપના ચરણ કમળના દર્શન થયાં છે. હે તારક! આજથી આ જગતને કષાયરૂપી સળગતો અગ્નિ માનું છું માટે હે નાથ! તે સંસારાગ્નિ ઓલવનારી દીક્ષા મને આપો. ગુરૂ મહારાજા કહે છે કે હે મહાનુભાવ! જો એમજ છે તો ધર્મ કાર્યમાં પ્રતિબંધ (વિલંબ) ન કરીશ."

ત્યાર પછી રાજા પણ ગુરૂ મહારાજની એહિત શીખામણ હૈયામાં ધારણ કરીને મંત્રી આદિને પુછવા લાગ્યા કે 'તમારૂં મન આ વિષયમાં કેવું છે?' ભૂપતિના એ પ્રમાણેના પ્રશ્નથી સામંત મંત્રી વિગેરેએ કહ્યું કે "હે રાજન્ જે માર્ગ આપ સ્વીકારો તેજ માર્ગ હમારો પણ હો." રૂપ્પીકુમારીએ પણ ત્યારબાદ પરિવાર સહિત ગુરૂ મહારાજ પાસે વિધિપૂર્વક દીક્ષા અંગીકાર કરી. ત્યાર બાદ ક્ષીરાશ્રવલબ્ધિવંત મહાજે તે દરેકને આ પ્રમાણે હિતશિક્ષા આપી કે "હે મહાનુભાવો! મનુષ્યાદિક સર્વે ધર્માનુકૂળ સામગ્રીઓ તમો મહાન પુન્યના યોગે પામ્યા છો. આવી ઉત્તમ સામગ્રી પામીને તમોએ હવે ક્ષણવાર પણ વિષય કષાયાદિક રૂપ પ્રમાદ ન કરવો. આ પ્રકારની હિત શિક્ષા ગ્રહણ કર્યા બાદ બંને પ્રકારની શિક્ષા ગ્રહણ કરીને તે દરેક સાધુઓ ગુરૂ મહારાજની સાથે અને રૂપ્પિકુમારી સાધ્વીજીઓની સાથે વિચરે છે. ગુરૂ મહારાજ વિહાર કરતાં કરતાં અનુક્રમે અનેક સુરમ્ય વૃક્ષ સમુહથી આચ્છાદિત થયેલ સમ્મેતશિખર નામના ગિરિ ઉપર પહોંચ્યા. ત્યાં આગળ શ્રી જિનેશ્વરના મંદિરમાં જઇને હર્ષથી ઉલ્લસિત થયાં છે રોમાંચ જેના એવા તે ગુરૂ મહારાજ ભક્તિથી શ્રી તીર્થંકર પરમાત્માની સ્તુતિ કરવા લાગ્યા.

ઘણા ભવોના એકઠા કરેલા પાપોને બાળીને ભસ્મીભૂત કરવાને પરિણામે જેઓએ શાશ્વત એવા સિદ્ધિ સ્થાનને પ્રાપ્ત કર્યું છે એવા અજીતનાથ સ્વામી વિગેરે તીર્થંકરોને ભાવપૂર્વક નમસ્કાર કરૂં છું. હે અજીતનાથ પ્રમુખ ભગવંતો આપ મારા દુઃખનો ક્ષય કરો. મારા સકલ કર્મનો ક્ષય કરો. તેમજ સમાધિપૂર્વકનું આરાધનાપૂર્ણ મરણને હંમેશા સમ્યક્ત્વની પ્રાપ્તિ મને આપના પ્રતાપથી થાઓ. એ પ્રમાણે

જીનેશ્વર ભગવંતોને વંદન સ્તવન અને નમસ્કાર કરીને મુનિ સમુદાયથી પરિવરેલા તે આચાર્ય મહારાજ શ્રી સમેતશિખર ગિરિરાજના પવિત્ર શિખર ઉપર સલેખના કરવા તૈયાર થયા.

એક બાજુ એ અવસરે રૂપ્પિ સાધ્વીજી પણ આવી પહોંચ્યા છે. તેઓ પૂજ્ય ગુરૂ મહારાજ પાસે આવી વંદન કરીને વિનંતિ કરે છે કે હે ભગવંત મને પણ કૃપા કરીને અહીં સંલેખના કરાવો. તેમની આવી ઉત્તમ ભાવના જાણીને ગુરૂ મહારાજ તેને કહે છે કે હે વત્સે! પ્રથમ તો પાપમલની શુદ્ધિ કરવા માટે આલોયણ ગ્રહણ કર અને ત્યાર પછી વિધિપૂર્વક સંલેખના સુખે કર. કારણ કે અત્યંત નિર્મળ અને સાફ ભૂમિ કે ભીંત ઉપરજ ચિતરેલું ચિત્રામણ સુંદર શોભે છે. તેમ આલોચના રૂપી જળ વડે પાપ પંકથી લેપાયેલી આત્મભૂમિને નિર્મળ અને સાફ કરીને નિઃશલ્ય થયેલી પુન્ય આત્મ ભૂમિ ઉપરજ સંલેખના ભૂમિ ઉપર ચિત્રામણ શોભે છે.

આત્મામાં રહેલા પાપશલ્યનો ઉદ્ધાર કરવા માટે પણ ક્ષેત્રથી સાતસો જોજન ક્ષેત્રમાં અને કાળથી બાર વર્ષ પર્યંત વિહાર કરીને પણ ગીતાર્થ ગુરૂની ગળેષણા કરવી જોઇએ એટલુંજ નહિં પણ વ્રત ગ્રહણથી આરંભીને જે પુન્યવાનોનું અખંડિત ચારિત્ર હોય અને જેઓ ગીતાર્થ હોય તેમની પાસે મુખ્યકત્વે સમ્યકત્વ ગ્રહણ કરીને અતિચારની શુદ્ધિ કરવાની છે. એવા પ્રકારના ગુરૂ મહારાજને પ્રાપ્ત કરીને તેઓશ્રીની પાસે લજ્જાગારવ ભય આદિને છોડીને પ્રાયશ્ચિત્ત લેવા માટે સમગ્ર પાપોને સાચા સાચા રૂપે પ્રગટ કરવાના છે જ્ઞાની પુરૂષોએ એ રિતિએ વર્તાય તોજ આત્મશલ્યને દૂર કરવાનો ઉપાય દીઠો છે.

અર્થાત્ જેમ બાળક કાર્યાકાર્યનો વિચાર કર્યા વગર સર્વ કાંઇ સરળપણે બોલે છે તેવીજ રીતે કપટ અને અહંકારથી સર્વથા રહિત થયાં થકી ગુરૂ મહારાજની પાસે પોતાના અપરાધ પ્રગટ કરવા જોઇએ. આ રીતિએ આલોચના લેવાના પરિણામવાળો પુન્યવાન આત્મા આત્મશુદ્ધિની ઇચ્છાએજ આલોચના લેવા માટે તૈયાર થઇને તેવા યોગ્ય ગીતાર્થ ગુરૂ પાસે જતાં જતાં ભવિતવ્યતાના યોગે કવચિત્ માર્ગમાંજ કાળ કરી જાય તો પણ આરાધક બને છે ગુરૂ પાસે આવીને જે આત્મા પોતાના દોષ પ્રગટ કરે છે. કદાચ ભલે તે મોક્ષે ન જાય તો પણ દેવપણું તો નક્કીજ પામે. શ્રી જિનેશ્વર મહારાજના શાશનનો અચિંત્ય મહિમા છે કે જે મહાનુભાવો આટલી હકીકત જાણીને પોતાનું શલ્ય યોગ્ય ગુરૂ પાસે પણ પ્રગટ ન કરે તેવા શિષ્યાદિ વર્ગને કહેવું કે હે મહાનુભાવ તું શલ્યનો ઉદ્ધાર કર! એ રીતિએ કહેવા છતાં પણ ન સમજે તો તેમને શ્રી નિશિથસૂત્રમાં જણાવેલ નિમ્નોક્ત દષ્ટાંત આપી પ્રેરણા કરવી આ રહ્યું તે દષ્ટાંતઃ—

(અપૂર્ણ.)

# ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞા !

**ઉદ્દેશ એટલે શાસ્ત્ર ભણવાની પ્રેરણાઃ સમુદ્દેશ એટલે તેમાં સ્થિરી કરણઃ અનુજ્ઞા એટલે અસ્ખલિતપણે પરંપરામાં આપવું તે.**

## મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃ પર્યવજ્ઞાન, કેવલજ્ઞાન સ્થાપ્ય છે શાથી ?

દેશનાકારઃ—પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી૦ **સાગરાનન્દસૂરીશ્વરજી મહારાજ.**

ટીકાકાર મહારાજા શ્રીમાન્ ગલધારી હેમ ચન્દ્રસૂરીશ્વજી મહારાજા શ્રી અનુયોગદ્વાર સૂત્રની ટીકા કરતાં, પ્રથમ પાંચ જ્ઞાનનું સ્વરૂપ કહેવા રૂપ નંદીસૂત્રને પ્રથમ કહેતાં જણાવે છે કે— **णाणं पंचविहं पन्नत्तं** । પાંચ જ્ઞાનનું સ્વરૂપ કથન તેજ નંદી છે. નંદી એજ મુખ્ય મંગલ છે. નંદી મુખ્ય મંગલ હોવાથીજ જૈન શાસનની દરેક ક્રિયામાં પ્રથમ તેને સ્થાન છે. પ્રશ્ન થશે કે સમ્યગ્ દર્શન, સમ્યક્ ચારિત્ર, આત્માનું અનંતવીર્ય એ તમામ આત્માના અપૂર્વગુણો શું મંગળરૂપ નથી અથવા નથી માનતા ? તે બધાને મંગલરૂપ ન જણાવતાં એકલા જ્ઞાનનેજ મંગલરૂપ કેમ જણાવ્યું ? માત્ર જ્ઞાનનુંજ કીર્તન શા માટે ? સમ્યગ્ દર્શનાદિ તમામને મંગલ જરૂર માનીએ છીએ, એ તમામ વિઘ્ન નાશક છે, કર્મ નિર્જરાનાં કારણો છેજ પણ જ્ઞાનને મંગલરૂપ કહેવાથી આ તમામને મંગલરૂપ નથી માનતા એમ માનવાને કારણ નથી. દુનિયામાં પણ ઇતર લોકો કોઇપણ કાર્યારંભે ગણપતિની સ્થાપના કરે છે. ત્યારે શું તેઓ મહાદેવાદિ નથી માનતા ? માને તો મહાદેવને પણ છે. અહિં જ્ઞાનને મંગલરૂપ ખાસ કહેવાનો હેતુ એ છે કે ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા, વ્રતારોપણ, પદપ્રદાનાદિ કાર્યો શ્રુતજ્ઞાનના આલંબનથી થાય છે. શ્રુતજ્ઞાન વિના ઉદ્દેશાદિ કાંઇ થઇ શકતું નથી આથી શ્રુતજ્ઞાન તેજ જ્ઞાન તે રીતિએ જ્ઞાનનાં કીર્તન રૂપ મંગલ કહેવામાં આવ્યું છે. શ્રુતજ્ઞાવ તે જ્ઞાનની જાતિ છે માટે શ્રુતજ્ઞાનને મંગલ કહ્યું તેથી પાંચે જ્ઞાન મંગલરૂપ જાણવા. અત્ર અનુયોગ આવશ્યકનો કહેવો છે. અનુયોગ પણ શ્રુતજ્ઞાન છે તે સંબંધ જણાવવા પ્રસ્તુત અધિકાર તે રૂપે જણાવવા—મંગલરૂપે જણાવવા પાંચ જ્ઞાનને પ્રથમ જણાવવા માટે કહ્યું કે—**नाणं पंचविहं पन्नत्तं** ।

**चत्तारि नाणाइ** । હવે તે પાંચ પ્રકારનાં જ્ઞાનોમાં મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃ પર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાન, આ ચાર જ્ઞાનો સ્થાપ્ય છે તેથીજ સ્થાપનીય યાને એક તરફ રાખી મૂકવા જેવા છે. સ્થાપ્ય એટલે વહેવાર બહારનું માટે સ્થાપી રાખવા યોગ્ય. તે ચાર જ્ઞાનોનો વહેવાર નથી, વહેવારમાં તે જ્ઞાનો ઉપકારી નથી, તે જ્ઞાનની લેવડ દેવડ થઇ શકતી નથી. અને જ્યાં લેવડ દેવડ ન થાય ત્યાં લક્ષ્ય કોણ આપે ? લેવડ દેવડમાં આવતું જ્ઞાન, વહેવારમાં ઉપયોગી જ્ઞાન માત્ર શ્રુતજ્ઞાનજ છે. મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃ પર્યવ જ્ઞાન તથા કેવલજ્ઞાન તો પોતાના સ્વરૂપને પણ જણાવી શકતાં નથી. શ્રુતજ્ઞાન તે ચારે જ્ઞાનોનું તથા સ્વયં પોતાનું પણ સ્વરૂપ જણાવે છે. શાસ્ત્રથીજ બધું જણાય છે ને ?

પ્રશ્ન—પ્રથમ ઉપયોગ મતિજ્ઞાનથીજ છે ને ? ઉપયોગ મતિજ્ઞાનનો પણ પછી મૌન રહે તો

વહેવાર ચાલે ? વહેવાર માટે શબ્દજ જોઇએ ને ! શબ્દ તેજ શ્રુત ! શબ્દનું (શ્રુતનું) સાધન ભલે મતિ (જ્ઞાન) હોય તેમાં વાંધો નથી. મતિ તથા શ્રુતનો વાચ્યવાચકભાવે અર્થ જાણવો. મતિથી થયેલા ઉપયોગનું નિરૂપણુ પણ બોલ્યા વિના થતુંજ નથી. પ્રતિજ્ઞાનું સ્વરૂપ પણ જણાવનાર શ્રુતજ્ઞાનજ છે. 'મતિજ્ઞાન' એવો શબ્દ પણ શ્રુતજ્ઞાનજ છે. બીજાને જણાવવામાં સામર્થ્યવાન શબ્દ છે. મતિજ્ઞાન ગમે તેવું પ્રબલ હોય પણ તેનામાં શબ્દ વિના અન્યને જણાવવાનું સામર્થ્ય નથી. મતિજ્ઞાન કારણુ તો છે કેમકે શ્રુતજ્ઞાન મતિપૂર્વકજ છે. મતિજ્ઞાનનું પ્રગટીકરણુ પણ શ્રુતજ્ઞાનમાં પરિણમનથીજ છે. અવધિજ્ઞાન, મનઃ પર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાનનું સ્વરૂપ પણ શ્રુતથીજ (શબ્દથીજ) વાચ્ય વાચક ભાવે પ્રગટ કરી શકાય છે. જ્યાંસુધી વાચ્ય વાચક ભાવે પ્રગટ ન થાય ત્યાંસુધી મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવ જ્ઞાન કે યાવત્ કેવલ-જ્ઞાન પોતાના સ્વરૂપનો પ્રકાશ અન્યને આપી શકતા નથી. પૂષ્પચૂલા સાધ્વીજીને કેવલજ્ઞાન થયું છે. તેઓ ગોચરી ( કેવલી છતાં ) લાવ્યા છે પણ તેમના કેવલજ્ઞાનની અર્ણીકાપુત્ર આચાર્યને ખબર પડી છે ? નહિંજ ! તે ખબર ક્યારે પડી ? શ્રુતથીજને ! ચંદનબાલા સાધ્વીજીને કેવલજ્ઞાન થયાની ખબર મૃગાવતીજીને પણ નથીજ પડી. પ્રકાશક તો શ્રુતજ્ઞાનજ છે. શ્રુત-જ્ઞાન પોતેજ શબ્દ છે. શબ્દ શ્રુતરૂપ છે. **શ્રવણ** તે શ્રુત તેમજ **શ્રુયતે ઇતિશ્રુતં** એમ શ્રુતની વ્યુત્પત્તિ છે. મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાનો વહેવારમાં ઉપયોગી નથી માટે સ્થાપ્ય (એક તરફ રાખી મૂકવા યોગ્ય) છે. આ વ્યાખ્યા પહેલા વાકયને સિદ્ધાંતરૂપ તથા બીજા વાકયને હેતુરૂપ લેવાથી થાય છે. પહેલા વાકયને હેતુરૂપ તથા બીજા વાકયને સિદ્ધાંતરૂપ લેવાથી બીજી રીતે વ્યાખ્યા એમ થશે કે શ્રુતજ્ઞાન વિના બાકીનાં ચારે જ્ઞાનોનાં ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા થતાં નથી માટે તે સ્થાપ્ય (સ્થાપનીય) છે.

ફરીને યાદ રાખો ! બેય પ્રકારે વ્યાખ્યા સમજી લ્યો ! મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાનો ( શ્રુત વિના ) સ્થાપ્ય છે માટે તે જ્ઞાનો ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા કરતાં નથી. આ એક વ્યાખ્યાઃ તે ચાર જ્ઞાનોનાં ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞાદિ થતાં નથી માટે તે જ્ઞાનો સ્થાપ્ય છે. વાકયમાં બેમાંથી એક પણ સ્થાને इति શબ્દ સંયોજાયો નથી. આ બન્ને વ્યાખ્યા ઉલટ પાલટ, પ્રથમ વાકયમાં સિદ્ધાંત તથા બીજા વાકયમાં હેતુ અને ફરીને પ્રથમ વાકયમાં હેતુ તથા બીજા વાકયમાં સિદ્ધાંતને અનુલક્ષીને છે. મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવ જ્ઞાન તથા કેવલજ્ઞાન લેવડ દેવડમાં બીન ઉપયોગી છે, ગુરૂને આધીન નથી, તે જ્ઞાનો માટે ગુરૂ આદિના ઉપદેશની અપેક્ષા નથી. ગુરૂએ કહ્યું હોય તોજ તે જ્ઞાન થાય તેવો નિયમ નથી તેમજ શ્રુત વિના તેનું સ્વરૂપ અગોચર માટે તે જ્ઞાનો સ્થાપ્ય છે. શ્રુતજ્ઞાનમાં તો નિયમજ કે બીજા પાસેથી જય મળે છે. ગુરૂને આધીન છે. ગુરૂ વિના શ્રુતજ્ઞાન મળતુંજ નથી પણ મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવળજ્ઞાન તો ગુરૂ વિના પણ મળે છે. મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવ જ્ઞાન તથા કેવલજ્ઞાન, ગુરૂના ઉપદેશ વિના મળે પણ તે જ્ઞાન થાય શાથી ? તે તે જ્ઞાનના આવરણુના ક્ષયોપશમથી થાય છે. જેમ મતિજ્ઞાન મતિ-જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ તથા ક્ષયથી થાય છે યાવત્ કેવલજ્ઞાન કેવલજ્ઞાનાવરણીયના ક્ષયોપશમ

તથા ક્ષયથી થાય છે. આથી શ્રુતજ્ઞાન માટે ક્ષયોપશમનો નિયમ નથી, તે જ્ઞાન ક્ષાયોપશમિક નથી એમ નહિં. ત્યાંય કરણ તો કર્મનો ક્ષયોપશમજ છે પણ તે ક્ષયોપશમ પણ ગુરૂથી થાય છે. આપો આપ થતો નથી. જ્યારે મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃ પર્યવજ્ઞાન, કેવળજ્ઞાન પ્રાપ્ત થવામાં, હેતુભૂત ક્ષયોપશમને ગુરૂના આલંબનની આવશ્યકતા નથી, અને તેથીજ તે જ્ઞાનો માટે ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞાની જરૂર રહેતીજ નથી.

## શ્રુતજ્ઞાનનો અધિકાર કોને ?

ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞાનો અર્થ શો ? જૈન શાસ્રની દ્રષ્ટિએ પણ સામાન્ય માત્ર કથન તે ઉદ્દેશ, વિભાગે કથન તે સમુદ્દેશ તથા આજ્ઞા (હુકમ) વાચક શબ્દ તે અનુજ્ઞાઃ અત્ર તે અર્થ સમર્થ નથીઃ અહિં કયા અર્થ છે તે ગ્રંથકાર જણાવે છે. ઘરેણું આપતાં પહેલાં જેને આપવાનું હોય તેની યોગ્યતા જોવાય. છોકરીને ચૂડી અપાય, કઠ્ઠી ન અપાયઃ છોકરાને કઠ્ઠી અપાયઃ ચૂડી ન અપાય, તેમ ન આપતાં વિપરીતપણે આપે તો આપનાર મૂર્ખ ગણાય. વિધવા બહેન બેટીને કાંટો અપાય ખરો ? શ્રુતજ્ઞાન કિંમતી વસ્તુ છે. જે મનુષ્ય શ્રદ્ધાળુ હોય, આરાધન કરી શીખનાર હોય, જેને શીખવું તથા શીખીને બીજાને શીખવાડવું ગમે તેવું હોય તેજ શ્રુતજ્ઞાન આપવા યોગ્ય છે. શ્રદ્ધા વિનાનો તજ્ઞાનનો અધિકારી નથી. દેશ આખામાં જાસુસો ફરે તે બધું તપાસે ખરા પણ તેનો હેતુ તો છિદ્ર ગોતવાનોજ હોય છે. કયાં પોલ છે તે ગોતવી કે જેથી તક મળે આક્રમણ કરવા થાય એટલા માટેજ જાસુસોની તપાસ હોય છે. તેજ રીતે શ્રીજિનેશ્વર દેવ તથા તેમનાં વચનો પ્રત્યે જેને શ્રદ્ધા ન હોય, ગુરૂ પ્રત્યે કે શાસ્ત્ર પ્રત્યે જેને શુભ ભાવના ન હોય તેને શ્રુત આપશો તો પણ તે તો તેમાં સ્ખલના કયાં છે તેજ શોધવાનો !

શંકા—જો સોનું સો ટચનું છે તો ભલેને સોની પાંચ આવે કે પન્નર આવે, ભય શાનો ? સર્વજ્ઞ ભગવાનનાં વચનોમાં દોષનો સંભવજ નથી ત્યાં સ્ખલના સોધશે કયાંથી ?

સોનાની પરીક્ષા કસોટીથી કરે તે તો ઠીક પણ લીંપણથી કરે તો ? પોતાને ફાવતી રીતથી પરીક્ષા કરે અને પછી કહે કે 'સોનું નથી' તેમાં વાંક સોનાનો ? લીંપણમાં કસ આવે ખરો ? તેજ રીતે લોકોત્તર દ્રષ્ટિથી રચાયેલાં આ શાસ્ત્રોને દુન્યવી દ્રષ્ટિથી તપાસે તો ? તે પરીક્ષા જૂઠી છે. જે શ્રદ્ધા શૂન્ય હોય, ભગવાનનાં વચનોમાં જેને વિશ્વાસ ન હોય, પોતાના કે પરના આત્મ કલ્યાણની જેનામાં બુદ્ધિ ન હોય તેવાઓ શ્રુતજ્ઞાનને ઉચિતજ નથી.

જગતમાં દાતાઓ ઘણા થઈ ગયા. કર્ણ દાનેશ્વરી કહેવાયો, હરિશ્ચંદ્ર વખણાયો, લોકોત્તર દ્રષ્ટિએ શ્રી તીર્થંકર ભગવાને જગતનું દારિદ્ર દૂર કર્યું છતાં કાગડાની કોટે કોઇએ રત્ન બાંધ્યું ? ત્યારે શું તેઓ દાનધર્મમાં તેટલા ન્યૂન ? ભગવાન્ શ્રી મહાવીર મહારાજાએ કે ભગવાન શ્રી ઋષભદેવજીએ, કર્ણે કે હરિશ્ચંદ્રે કોઇએ તેવું દાન કર્યું ? કેમ નહિં ? કહો કે કાગડાની કોટે રત્ન બાંધવું એ તો ઉલટું દાનને કલંક છે. તેમ કરવું એ તો દાતાની મૂર્ખાઈ છે. શ્રુતજ્ઞાન પણ જો છીદ્ર ગોતનારને, શ્રદ્ધા વિનાનાને, સ્વ–પર હિત બુદ્ધિ વિનાનાને

અપાય તો કલંક છે. શાસ્ત્રકાર કહે છે કે શ્રદ્ધાળુંને, સ્વ-પર આત્મ કલ્યાણની બુદ્ધિ ધરાવનારને શાસ્ત્ર ભણવાની પ્રેરણા કરવી. આ પ્રેરણા તેજ ઉદ્દેશ! શાસ્ત્રની ક્રિયાઓમાં, ઉપધાનમાં, પંચ પરમેષ્ઠી મહામંત્રમાં, માળા પ્રસંગે, ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા શબ્દો આવ્યા હોય ત્યાં અર્થ ન સમજાયો હોય તો ખ્યાલમાં લઇ લેજોઃ ઉદ્દેશ એટલે શ્રદ્ધાલુ તથા સ્વ-પર આત્મ હિત બુદ્ધિવાળાને શાસ્ત્ર ભણવાની પ્રેરણા. 'આ ઉદ્દેશો, આ અધ્યયન, આ શ્રુત સ્કંધ, આ અંગ' 'તારે ભણવું' એમ ગુરૂ મહારાજા કહે. એવા વાકયથી પ્રેરણા કરે તેનું નામ ઉદ્દેશ! ગુરૂ માત્ર પ્રેરણા કરીને બેસી રહે અને શિષ્ય પોતે ભણે? એમ નહિ. પણ ગુરૂ પોતે ભણાવે. શિષ્ય કેવું ભણે છે તે પણ ગુરૂ ધ્યાનમાં રાખે. અન્યથા 'આગળ પાઠ અને પાછળ સપાટ.' હોય તો શું વળે? શ્રાવકોનીજ વાત લ્યોને! સારા ક્ષેત્રોમાં જ્યાં સાધુ સાધ્વીનાં ચાતુર્માસો થતાં હોય ત્યાં રોજની એક ગાથા કરે તો ચાર માસે એકસો વીશ ગાથા થાય અને ચાર પાંચ વર્ષે પાંચસેં છસેં ગાથા થાય પણ પહેલાં ગોખેલું ટકાવે તોને! પહેલા ચોમાસે ગુરૂ પાસે જીવ વિચાર, નવતત્ત્વ ભણે. ગુરૂ જાય એટલે ગુરૂનેજ ભણાવે! અર્થાત્ પછી ભણુતરને મૂકે દૂર! વળી બીજે ચોમાસે મહારાજ બીજા પણ ભણવાનાં તો એજ જીવ વિચાર નવતત્ત્વ! વળી ત્રીજા મહારાજ વખતે પણ એજ અભ્યાસ! ભણનાર આગળ વધે શી રીતે? અહિં ગુરૂ ખ્યાલ રાખે કે શિષ્ય ભણીને ભૂલતો તો નથીને! કેમકે તેમ થાય તો બાજાઓ ભણવામાંથી વંચિત રહે. ગુરૂ આ વાતનું ખાસ ધ્યાન આપે.

એક ગામમાં પાઠશાળામાં એક નાની બાલિકા ભણતી હતી. રસ્તામાં એક વખત તેને કોઇ સાધર્મણે પૂછયું. 'શું ભણે છે?' તે બાલિકાએ જણાવ્યું. 'નમુત્થુણં!' પેલી સાધર્મણે પૂછયું. 'ઇરીયાળી વીરીયાળી ભણી?' પેલી બાલિકાએ તો ના કહી. જઇને માસ્તરને પૂછયું. 'માસ્તર! ઇરીયાળી વીરીયાળી કેમ ભણાવતા નથી?' માસ્તર બુદ્ધિમાન્ હતો તેણે વિચાર્યું કે 'ઇરિયાવહિયાએ વિરાહણાએ'ને પેલી સાધર્મણે 'ઇરીયાળી વીરીયાળી' કહી છે. બાલિકાને તે માસ્તરે ભેદ સમજાવ્યો. આવું ભણાય ત્યાં પરિણામ શું આવે? એટલા માટે ગ્રંથકાર ફરમાવે છે કે ગુરૂ શિષ્યને એવું શિક્ષણ આપે કે જેમાં એક પણ અક્ષર ન્યૂન ન થાય, એક પણ અક્ષર બેવડાય નહિં, એક પણ વ્યંજનમાં, સ્વરમાં ગોટાળો થાય નહિ. ગુરૂ શિષ્યને કહે કે—'આ સૂત્રને તું એવું તૈયાર કર કે જેથી તારૂં પરિચિત થાય.' દુનિયામાં મનુષ્યોમાં એક બીજાને એવો પરિચય થાય છે કે એક બીજાને મળ્યા વિના ગમેજ નહિં. તેમ આ સૂત્ર ગણાય નહિ તો બેચેની રહે તેવો પરિચય તે સૂત્રથી સધાવો જોઇએ. જો તેમ ફેરવાય નહિ તો દુનિયામાં પણ કહેવત છે કેઃ—

પાન સડે, ઘોડા અડે, વિદ્યા વિસર જાય,
તવે પર રોટી જલે, કહો ચેલા કયું થાય?

આ રીતે ગુરૂ મહારાજા જે ભણવાની પ્રેરણા કરી (ઉદ્દેશ કર્યો) તેને પાકું કરવા, સ્થિર કરવા, તેનાથી ગાઢ પરિચિત થવા વિશેષતઃ ફરમાવે તે સમુદ્દેશ!

## ગુરૂની સેવા કરનાર ખતા ખાતોજ નથી અને નિષ્ણાત બને છે.

દુનિયામાં એક કહેવત છે કે બત્રીશ ઠોકર ખાય તે બત્રીશ લક્ષણો થાય. પણ આ કહેવત કોને લાગુ થાય છે? ગુરૂની સેવા વિનાનાને! ગુરૂની સેવા કરનારો તો વગર ઠોકેરે બત્રીશ લક્ષણો થાય. ગુરૂની સેવાથી દૂર હોય તેને ઠોકર વાગતી જાય અને લક્ષણ પામતો જાય. ગુરૂની સેવા કરનારો તો ઠોકરોનો પૂર્વ ઇતિહાસ જાણે છે એટલે તે તો ઠોકરોથી સાવચેતજ રહે છે. ભોટ હોય તે ડીટેકટીવ ન થાય. ડીટેકટીવો ઇતિહાસના જાણકાર હોય છે. ભોટ હોય તે શાસનના માલીકો થતાજ નથી.

વ્યવહારમાં પણ પાવરધો થયા પછીજ કોઇ કામ સોંપાય છે. તેમ અહિં પણ ગુરૂ શિષ્યને સૂત્ર ભણાવે, તેમાં સ્થિર કરે, શંકાઓનાં સમાધાન કરે તેવો સમર્થ બનાવે પછીજ તેને સૂત્રની અનુજ્ઞા આપે અર્થાત્ અન્યને ભણાવવાની અનુજ્ઞા આપે. અનુજ્ઞા પહેલાં ગુરૂ પરીક્ષા લે. તેમાં યોગ્ય જણાય તો અનુજ્ઞા આપે. આજની પરીક્ષા કેવી છે? પરીક્ષામાં પહેલે નંબરે પાસ થયેલાને પણ છ બાર માસ પછી હીસાબ લખાવશો તો આવડશે નહિં! અહિં તેવું શિક્ષણ નથી પણ સમ્યક્ શિક્ષણ છે. દુનિયામાં નિયમ છે કે અમુકના નામે વીલ કર્યું. પછી તે મીલકતનો માલીક દેવાળું કાઢે તો પણ ટ્રસ્ટીઓથી તેને પૈસા અપાય નહિ. વીલની મીલકત વધે તો તે જેના નામનું વીલ થયું તેનીજ ગણાય. અહિં ગુરૂ અનુજ્ઞામાં તો સાફ સાફ બીજાને ભણાવવાની આજ્ઞા કરે છે. કેવી રીતે ભણાવવાની આજ્ઞા? અસ્ખલિતપણે! બીજામાં (ઇતરોમાં) તો પિતૃઋણ, ગુરૂઋણ એમ ઋણ (દેવું) ગણાવવામાં આવે છે પણ અહિં તો ફરજ કહી છે. ગુરૂ તેવી આજ્ઞા મનસ્વીપણે નથી કરતા. કહે છે કેઃ—"જે ક્ષમાશ્રમણ પૂજ્ય ગુરૂઓએ મને આ જ્ઞાન આપ્યું છે તેમણે પણ મને અસ્ખલિતપણે જ્ઞાન આપવાની અનુજ્ઞા આપેલીજ છે એને માટે હું પણ તને તેવીજ અનુજ્ઞા આપું છું. હું તો માત્ર ટપાલી ( Postman પોસ્ટમેન ) છું. ખરી રીતે જ્ઞાનદાતા તો પૂર્વજોજ છે.

શાસ્ત્ર ભણાવવું તે ઉદ્દેશઃ તેમાં સ્થિર કરવું તે સમુદ્દેશ અને તે શાસ્ત્ર બીજાને આપવાની આજ્ઞા તે અનુજ્ઞા. આ વસ્તુનો બરાબર ખ્યાલ આવશે તો આદિ મંગલ, મધ્ય મંગલ તથા અંત્ય મંગલનું સ્વરૂપ તથા ફળ સમજાશે. ઉદ્દેશમાં શાસ્ત્ર ભણવાનું છે માટે આદિ મંગલ નિર્વિઘ્ને પાર પમાય તેવા ફલને આપનારૂં છે. મધ્ય મંગલ શાસ્ત્રમાં સ્થિરતા થવા અર્થે છે તથા ત્રીજું અંત્ય મંગલ શાસ્ત્રના અવિચ્છેદ, શાસ્ત્રની અસ્ખલિત પરંપરા માટે છે. અર્થાત્ શિષ્ય પ્રશિષ્યાદિમાં ઉત્તરોત્તર પરંપરા એ શાસ્ત્ર ચાલુજ રહે તે માટે છે. આ તમામ નંદીરૂપ મંગલનાં ફલ તરીકે છે.

આ તમામ શ્રુતજ્ઞાનમાં શકય છે. મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાનમાં આમ બનતું નથી. અર્થાત્ તેમનો ઉદ્દેશ, સમુદ્દેશ કે અનુજ્ઞા કાંઇપણ હોતું નથી. અને તેથી તે જ્ઞાનો સ્થાપનીય ગણાયાં છે.

શંકા—આ વાતનો ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞાની કરી પણ અધિકાર તો અનુયોગનો ચાલે છે તેમાં ઉદ્દેશાદિનો સંબંધ શો? અનુયોગ થાય છે કે નહિ?

જેના ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞા થાય તેનોજ અનુયોગ થાય એ ત્રણનો નિષેધ છે ત્યાં અનુયોગનો નિષેધ કહેવાની જરૂર નથી કેમ કે ઉદ્દેશાદિ થયા વિના અનુયોગ થતો નથી. લોગસ્સમાં, નમુત્થુણંમાં, માલારોપણમાં ઉદ્દેશ, સમુદ્દેશ વિના પણ અનુજ્ઞા થાય છે. ઉદ્દેશાદિ હોય તોજ અનુયોગ થાય તેવો નિયમ નથી. અહીં ઉદ્દેશાદિ ન થાય માટે અનુયોગ નજ થાય તેવો પણ નિયમ નથી. અહિં અનુયોગ સીધો થતો નથી પણ શ્રુતજ્ઞાન દ્વારા અનુયોગ થાય છે. શ્રુતજ્ઞાન દ્વારા મતિજ્ઞાનનો અનુયોગ છે. વાચ્યાર્થે મતિજ્ઞાન છે પણ વાચક તરીકે તો શ્રુતજ્ઞાન છે. મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાનના વાચ્ય તરીકે અનુયોગ થઈ શકે છે માત્ર વાચક તરીકે થતો નથી. વાચક તરીકે અનુયોગ શ્રુતજ્ઞાનનોજ થઈ શકે. શ્રુતજ્ઞાનનો અનુયોગ વાચ્ય વાચક બન્ને રીતિએ થઈ શકે છે.

પ્રશ્ન—વાચ્ય એટલે ? વાચક એટલે ?

રહસ્ય તે વાચ્ય. જેમકે 'દાબડી'. 'દાબડી' એવો ભાવ તે વાચ્ય, 'દાબડી' શબ્દ તે વાચક. હવે સમજાશે કે મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાનને વાચ્ય તરીકે તો અનુયોગ છેજ. વાચક તરીકે અનુયોગ નથી. ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા વાચ્યનાં નથી હોતા. વાચકનાં હોય છે; જ્યારે અનુયોગ વાચ્ય વાચક બન્નેનો હોય છે માટે અનુયોગનો નિષેધ કર્યો નથી. શ્રુતજ્ઞાનમાં તો ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા તથા અનુયોગ ચારેય પ્રવર્ત્તમાન છે.

પહેલાં એવું હતું કે શ્રીપૂજ્યો કહેતા કે 'વડી દીક્ષા આપી' કે 'પદવી આપી' અને તે કાગળમાં લખ્યું એટલે તેમ થઈ ગયું મનાતું. અત્ર શું એવી વિધિ છે? ગ્રંથકાર કહે છે કે તેમ નથી પણ ઉદ્દેશાદિનાં વિધાન છે. વિધાનથી ગુરૂ કહે તેજ પ્રમાણ છે. અહિં ગુરૂના કહ્યા વિના ભણાતું પણ નથી. દરેકના વિધિ વિધાન છે. હવે તે ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા, અનુયોગનાં વિધાન વગેરે અગ્રે વર્ત્તમાન.

# અર્થી, સમર્થ તથા અપ્રતિષિદ્ધ હોય તેજ શ્રવણ કે શિક્ષણ માટે અધિકારી છે!

દેશનાકારઃ—પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી૦ **આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.**

**લૌકિક વ્યવહારમાં તેમજ લોકોત્તર વ્યવહારમાં વિધિ વિના વર્ત્તનારો વિડંબના પામે છે.**

ટીકાકાર મહારાજા આચાર્ય મલધારી શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજા ભવ્ય જીવોના હિતાર્થે અનુયોગ સૂત્રની વ્યાખ્યા કરતાં પ્રથમ સૂત્રમાં પાંચ જ્ઞાનનું કથન કરતાં તેને અંગે જણાવી ગયા કે પાંચ જ્ઞાનનું કીર્ત્તન એજ નંદી છે. જૈન શાસ્ત્રોમાં નંદી મુખ્ય મંગલ રૂપ છે. સૂત્રકાર પણ પાંચ જ્ઞાનના કથનરૂપ નંદી કહે છેઃ તે રૂપ મંગલ કરે છે. અનુયોગ આવશ્યકના કહેવાના છે. આવશ્યક સૂત્ર છે. ઉત્કાલિક કાલિક તથા અંગપ્રવિષ્ટાદિનો સંબંધ જ્ઞાન માત્રમાં લેવાનો હોવાથી પાંચ જ્ઞાનના કથનની પ્રથમ આવશ્યકતા હતી. અનુયોગ, મતિજ્ઞાન અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાનનો કરવાનો નથી કેમકે તે ચારેય સ્થાપ્ય છે. તે જ્ઞાનોનાં ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞા થતાં નથી માટે તેનો અનુયોગ પણ થતો નથી. જો જ્ઞાનોનાં ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞા થતાં હોત તો તો અનુયોગ પણ થાત. ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞા માત્ર શ્રુતજ્ઞાનનાંજ થાય છે માટે શ્રુતજ્ઞાનનો અનુયોગ પણ થાય છે. દશવૈકાલિકની ટીકા કરતાં શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા સ્પષ્ટતયા જણાવે છે કે જેનાં ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞા થયાં હોય તેનોજ અનુયોગ હોય છે તે વિના અનુયોગ હોય નહિ. ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞા માત્ર શ્રુતજ્ઞાનનાંજ થાય છે માટે અનુયોગ પણ શ્રુતજ્ઞાનનોજ હોય છે.

શિષ્યને ગુરૂ મહારાજા ભણવાની પ્રેરણા કે આજ્ઞા કરે તે ઉદ્દેશ. ભણેલામાં સ્થિર થવાની આજ્ઞા કરવી

તે સમુદ્દેશ. અને ભણેલું પાકું થયું, સુદૃઢ થયું પછી તે સૂત્ર બીજાને ભણાવવાની આજ્ઞા તે અનુજ્ઞા. ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞાના સામાન્યતયા શબ્દાર્થો આ છે. નિર્યુક્તિ, ચૂર્ણી, ટીકા વગેરેને નહિ માનનારા બિચારાઓને બત્રીશ સૂતર (સૂત્ર)માંથી કયાંયથી ઉદ્દેશાદિ શબ્દોનો અર્થ મળવાનો નથી. નંદીસૂત્ર, સમવાયાંગ દરેક સૂત્રને છેડે ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞા છે. 'આટલો કાળ ઉદ્દેશનો, આટલો કાળ સમુદ્દેશનો, આટલો કાળ અનુજ્ઞાનો' એવું વિધાન છે. ત્યાં માત્ર શબ્દોજ છે એમ નથી પણ વિધિ છે. જ્યારે નિર્યુક્તિ આદિ નથી માનતા ત્યાં તો શબ્દના પણ ફાંફા છે ત્યાં તેના અર્થો તથા દરેકનો આટલો કાળ વગેરે વિધિ વગેરે વસ્તુ લાવે કયાંથી? તે બિચારાઓ તો મૂલમાં શબ્દો વાંચે એટલુંજ. ત્યાં કાલનું વિધાનજ નથી. વ્યાકરણકારોને પણ માનવું પડયું કે સૂત્ર (તત્ત્વ) નું રહસ્ય વ્યાખ્યાથી સમજાય. આવી વિશિષ્ટ વ્યાખ્યાઓ તેજ ચૂર્ણી, ટીકા, નિર્યુક્તિ, ભાષ્ય વગેરે. જેઓ આવું માનેજ નહિ તેઓ ઉદ્દેશાદિનો કાળ વગેરે વિધિને સમજેજ કયાંથી?

ગ્રંથકાર હવે ઉદ્દેશની વિધિ કહે છે. 'ફલાણો પરણ્યો' કે 'ફલાણાને પરણાવવાનો છે' તેટલું લખવા માત્રથી કે બોલવા માત્રથી ફલાણાના લગ્ન થઇ જતા નથી. પણ વિધિ કરવામાં આવે તો તેના લગ્ન થાય. 'ફલાણાના લગ્ન' એટલું કહેવા માત્રથી પરિસમાપ્તિ નથી; કોની પુત્રી સાથે લગ્ન થવાનાં છે, કન્યા કઇ જ્ઞાતિની છે, કુમારિકા છે કે વિધવા, લગ્નથી પરણનાર છે કે ઉઠાવી લાવનાર છે આ તમામ વિદિત થવું જોઇએ. તેજ રીતે 'શ્રુતજ્ઞાનનાં ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા તથા અનુયોગ કરાય છે' એટલા કથન માત્રથી ઉદ્દેશાદિ થઇ જાય નહિ. વિધિથી કરાય તો બધું થાય. ભણનારે (શિષ્યે) ભણવાની ઇચ્છા વ્યકત કરવી, ગુરૂએ ભણવાની આજ્ઞા આપવી (ભણાવવાની વાત તો પછી છે) તેમાં પણ વિધિ જોઇએ. દુનિયામાં પણ પાણી માંગવામાં પણ વિધિ છે ને! "ભાઈ! જરા પાણી પાશો?" એમ કહેવામાં તથા 'કેમ! પાણી પાય છે કે નહિં?' આ બે પ્રકારના કથનમાં ફરક નથી? અહિં પણ વિધિને અવકાશ છે. ભોજનમાં, જંગલ જવામાં, દુન્યવી તમામ વ્યવહારમાં વિધિને સ્થાન છે. દેવ, ગુરૂ ધર્મને અંગે કહેવામાં આવતી વિધિ, લૌકિક દ્રષ્ટિએ નવુ (નવાઇ) ભલે લાગે પણ દુન્યવી વ્યવહારોમાં વિધિ કયાં નથી? ભોજનમાં પણ કોઇ એકલી દાલ પીએ છે? કોઈ એકલો રોટલો ખાય છે? કોઈ એકલો ભાત ખાય છે? ના. તમે કહેશો કે એ તો 'રીત' 'રીત' કહો કે 'વિધિ' અર્થ (ભાવ) એકજ છે. દુન્યવી વ્યવહારમાં જેને રીત કહેવામાં આવે છે તેને અહિં વિધિ કહેવામાં આવે છે. જમનારના ભાણામાં પાંચેય વસ્તુ પીરસી; જમવા બેસનાર પ્રથમ એકલી દાલ પી જાય તો? મૂર્ખ ગણાય ને! લૌકિક રીતિથી વિપરીત વર્તનાર જો લોકમાં મૂર્ખ ગણાય તો અહિં પણ લોકોત્તર દ્રષ્ટિએ વિધિથી વિપરીત વર્તનાર બેવકૂફ કેમ નહિં? ભર્યા ભાણેથી ભૂખ્યો ઉઠે તે બેવકૂફ ખરો કે નહિ? તેમ અહિં પણ શાસ્ત્રોમાં ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞાની વિધિ કહ્યા તેને ન માને, તે મુજબ ન ચાલે, અયોગે ચાલે તો તે પણ ભર્યા ભાણે ભૂખ્યોજ ઉઠે છે કે કાંઈ બીજું? વિધિ વિના ભોજન કરનારની શી દશા થાય છે? ચોખા દાળ સાથે ખાય તો પચે પણ એકલી દાળજ પીએ તો છેરને! (ઝાડાજ થાય ને!) કોઠો તો એજ છે ને! તે રીતે ભોજન કરનારો હેરાન ન થાય તો બીજું થાય શું? અહિં પણ શાસ્ત્રવિહિત વિધિ ન કરે તે હેરાનજ થાય. શારીરિક સંબંધમાં જો વિધિ સાચવવી જોઈએ તો આત્માને પોષણના કારણ-શ્રુતજ્ઞાનમાં વિધિ સાચવવાની હોય તેમાં નવાઈ શી? અવિધિથી સૂત્ર લેનાર, ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા કરનાર, સૂત્ર ભણનાર, અનુયોગ કરનાર પણ સંસારમાં હેરાનજ થાય છે. આ તો તેઓની વાત છે કે જેઓ વિધિ નથી સાચવતા, અવિધિથી કરે છે. પણ જેઓ વિધિજ ન કરે તેમની દશાનું તો પૂછવુંજ શું? વિધિ ખાસ આવશ્યક છે. ઉદ્દેશ, સમુદ્દેશ કે અનુજ્ઞાની વાત થઈ ત્યાંજ વિધિની તો સિદ્ધિ સ્વયં છેજ. વિધિ વિનાની વાતજ કયાંથી? 'ભણ, સ્થિર થા તથા

બીજાને આપ' એ સૂત્ર આજ્ઞાના વિષયમાં લેવાય છે. ત્રણેય આજ્ઞાના વિષયમાં છે. ત્યાં વિધિ જરૂરી છે.

## શાસ્ત્રરૂપી ધનની માલીકી મહાવીર ભગવાનના વંશજોનીજ છે.

જરાપણ બુદ્ધિમાન્ તો સમજી શકે તેમ છે કે વિધિ ન સમજનારની સ્થિતિ **तिकुत्तो** કરનારા જેવી થાય છે. 'મહારાજ પધાર્યા છે તો તેમનો સત્કાર કરીએ તેમનું સન્માન કરીએ, તેમને પ્રદક્ષિણા ફરીએ, દેવના ચૈત્ય મુજબ તેમની સેવા કરીએ.' આવી કરણીની વિચારણા છે તે કરણી તે કરવાની કે બોલી જવાની? સૂત્ર તો કરણી કરવા માટે-સૂચવનારૂં છે જ્યારે આ બીચારાઓ **तिखुत्तो आयाहिणं पयाहिणं** વગેરે બોલી જાય છે! જ્યાં વ્યાકરણનેજ વ્યાધિકરણ મનાય ત્યાં **तिखुत्तो** નો અર્થ સૂઝે કયાંથી? **तिखुत्तो** રૂપ કાંઇ સંસ્કૃતનું નથી. તે રૂપ પ્રાકૃત ભાષાનું અર્થાત્ માગધી ભાષાનું છે. હવે જ્યાં પ્રાકૃત ભાષાના વ્યાકરણનું ભાન નથી તેઓને તો **तिखुत्तो** હોયજ કયાંથી? **तिकुत्तो** હોય પણ **तिकुत्तो** કે **तिकित्तो** ગમે તે હોય તેની સાથે તેમને બીચારાઓને કયાં પડી છે! વ્યાકરણની પરવા હોય તેને! શ્રુતજ્ઞાનનો ઉદ્દેશ કહ્યો ત્યાં વિધિ થઈજ ચૂકી. ટીકાકાર હવે તે વિધિને વિસ્તારથી કહે છે.

શંકકાર—આવશ્યકના અનુયોગમાંથી, શ્રુતની વાત લીધી, પાંચ જ્ઞાનના વિભાગનું વર્ણન કર્યું, ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞાદિ કહેવા લાગ્યા. આવશ્યકના અનુયોગનું કથન તો ઉભું રહ્યું અને હવે વળી વિધિની વાત?

ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે અમારે માત્ર શબ્દોના અર્થો કરવા નથી પણ શિષ્યોને કઈ દ્રષ્ટિએ-કઈ રીતિએ સૂત્ર ઉપકારી થાય તેજ જોવાનું છે. છોકરાને શિક્ષક ભણાવે તેમાં તથા બાપ ભણાવે તેમાં ફરક છે. શિક્ષકની દૃષ્ટિ માત્ર પાસ કરવાની છે. બાપની દ્રષ્ટિ પુત્રને તૈયાર કરવાની છે. તેમ અહીં ગુરુ મહારાજાનો હેતુ માત્ર વ્યાખ્યા કરી જવાનો નથી પણ શરણે આવેલો શિષ્ય રક્ષણ શી રીતે પામે, ભવોદધિ પાર કેમ ઉતરે, તે છે. જો કે વ્યાખ્યા તો કરવી છે પણ ધ્યેય શિષ્યના કલ્યાણનું છે માટે ઉદ્દેશાદિની વિધિના કથનની જરૂર છે. અનુયોગ આવશ્યકનો કરવો છે માટે તેટલા પુરતી વિધિ કહેવી છે એમ નથી કેમકે શિષ્યના માત્ર કાનજ પવિત્ર કરવાના છે એમ નથી અર્થાત્ માત્ર સંભળાવવુંજ છે એમ નથી પણ તેને તમામ વસ્તુથી વાકેફ કરીને પાર ઉતારવાનો છે સર્વ-શ્રુતના ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા તથા અનુયોગ પ્રવર્તે છે તેથી સર્વશ્રુતની વિધિ બતાવવાની છે. પર્યવસાન આવશ્યકમાં લાવવાનું છે તે વાત ખરી છે.

શ્રી આચારાંગાદિ બાર અંગો છે, અંગ પ્રવિષ્ટો છે, શ્રી ઉત્તરાધ્યયનજી આદિ કાલિકશ્રુ તસ્કંધો છે તથા શ્રી ઉવવાઈજી આદિ ઉત્કાલિક અર્થાત્ ઉપાંગો છે તે તમામ માટે-જે ભણવુ હોય તેને માટે વિધિ વિહિત છે. પ્રથમ ઉદ્દેશથીજ વિધિ જરૂરી છે.

પ્રથમ તો શિષ્યને ભણવાની ઇચ્છા થવી જોઇએ તો ગુરૂની આજ્ઞા ઉપયોગી છે. સાર્થક છે જો તેમ ન હોય તો, અર્થાત્ શ્રવણનો અર્થી ન હોય, શ્રવણની દરકાર જેને ન હોય, ત્યાં કથન કરવું તે નીતિકારના કથન મુજબ વાયુના વ્યાધિથી કે ભૂતના વળગાડથી પ્રજલ્પવાદ (બકવાદ) કરવા જેવું છે. માટેજ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી લલિતવિસ્તરામાં અધિકારી કોણ હોઈ શકે તે જણાવતાં ફરમાવે છે કે તે અર્થી, સમર્થ તથા અપ્રતિષિદ્ધ હોવો જોઇએ. જ્ઞાન મેળવનારને અર્થીપણું, ઇચ્છા હોય તોજ તે અધિકારી છે. અર્થી હોય પણ સમર્થ ન હોય તો પણ ન ચાલે. મંકોડાએ પોતાની માતા પાસે ગોળનું માટલું ઉપાડી લાવવા રજા માંગી ત્યારે માતાએ કહ્યું કે 'તારી કેડ (કમર) માં તાકાત છે? પહેલાં ત્યાં નજર કર!' તાત્પર્ય કે માત્ર અર્થીપણાથી કામ સરતું નથી. સાથે સામર્થ્ય પણ જોઈએ. અર્થી હોય, સામર્થ્યવાન પણ હોય છતાં જાસુસ હોય, છિદ્રાન્વેષી હોય તો પણ શ્રવણ કે શિક્ષણનો અધિકારી નથી અર્થાત્ અપ્રતિષિદ્ધ

એટલે કે જેનો નિષેધ ન હોય તેજ અધિકારી છે. અંગપ્રવિષ્ટ, કાલીક કે ઉત્કાલીકમાંથી કાંઈપણ ભણવાની ઇચ્છા જેને હોય તે અર્થી, સમર્થ તથા અપ્રતિષિદ્ધ હોય તેજ અધિકારી છે. ભણાવનાર ગુરુ છે, ભણનાર શિષ્ય છે એટલે ગુરુ, શિષ્ય સમર્થ તથા અપ્રતિષિદ્ધ છે કે નહિ તે તો સમજી શકે તેમ છે. 'ભણનાર શિષ્ય છે' એ વાક્યનું હાર્દ બરાબર સમજો! મીલકતનો અધિકારી, વારસદાર હોય તે છે. પાડોશી નથી. અહિં પણ મહાવીર ભગવાનના વંશજોનેજ તેવો અધિકાર છે. શાસ્ત્રરૂપી ધનની માલીકી મહાવીર પિતાના વંશજોની છે. અન્યને અધિકાર નથી, માટે અત્ર **વિનેય** શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. 'વિનયવાન્' એમ નહિ પણ **વિનેય** એટલે શિષ્યઃ અધિકારી તે કે જે શિષ્ય હોય.

ઉપધાનાદિથી પરિચિત ગૃહસ્થો પણ સ્વાધ્યાયના પ્રસ્થાપન પછીજ ઉદ્દેશ થાય છે તે જાણતા હશે. કાલગ્રહણ જોવું, સત્તર ગાથા ભણવી, સજ્ઝાય પરઠવવી આ તમામનો ખ્યાલ હશે. અહિં ટીકાકાર મહાત્મા ફરમાવે છે કે-ભણવાની ઈચ્છા ધરાવનારો શિષ્ય, સ્વાધ્યાય-પ્રસ્થાપન કર્યા પછીજ, ગુરૂને વિજ્ઞપ્તિ કરે કે, 'ભગવન્! અમુક ભણવાની મારી ઈચ્છા છે. અત્ર **कथयति** એમ નથી પણ **विज्ञपयति** છે. તે શિષ્ય કાલગ્રહણાદિની મર્યાદા જાણતો હોવો જોઇએ. ઈચ્છાકાર, મિચ્છાકાર આદિ દશ પ્રકારની સામાચારીમાં નિપુણ જોઇએ; અને તેવોજ શિષ્ય અધિકારી છે, ભણવાનો આદેશ માંગવાને લાયક છે. અરજીઓ, દસ્તાવેજો બધાથી નથી લખાતા, કોર્ટના કલાર્કો, લખવાની રીતથી પરિચિત હોય તેઓજ લખે છે.

### 'ઇચ્છકાર' શબ્દનું રહસ્ય!

'ઈચ્છાકારી' અર્થાત્ 'ઇચ્છકાર'નું રહસ્ય સમજવા જેવું છે. તમે 'ઈચ્છકાર સુહરાઈ સુહદેવસિ' એમ બોલો છોને! ગમણાગમણે, દેવસિઅ પ્રતિક્રમણ આલોવવામાં અભ્ભુટ્ઠીઓમાં, ઇરિયાવહિયા આદિમાં 'ઈચ્છકાર ભગવાન્' એમ બોલો છોને! અરે! ગુરુને સુખશાતા પૂછવામાં પણ એ તો બોલવાનુંજ! રહસ્ય એજ કે—'મારૂં જોર નથી પણ હે ભગવાન્! આપની ઈચ્છા હોય તો, મારી આ ઈચ્છા છે.' 'સુહરાઇ સુહદેવસી સ્વામી શાતા છેજી' એ સૂત્રમાં તો ગુરુની સંયમ તથા શરીરની સુખશાતાની પૃચ્છા છે (એ સૂત્રનું નામ પણ સુખશાતા-પૃચ્છા સૂત્ર છે) પણ ત્યાંયે તેનો ઉત્તર દેવા ગુરૂ બંધાયેલા નથી. તેમની મરજી હોય તો ઉત્તર આપે.

શિષ્ય સુખશાતાદિની પૃચ્છા કરે અગર જે કાંઇ આદેશ માગે તેમાં ગુરૂની ઇચ્છાનેજ આગળ કરે, પ્રાધાન્ય આપે, શિરોમાન્ય કરે. સામાયિક, પ્રતિક્રમણ અભ્ભુટ્ઠીઓ, દેવસી અકરાઈ અઆલોવવામાં-ન્હાની ન્હાની ક્રિયાઓમાં પણ કઈ અને કેવી મર્યાદા છે તે સમજો તો 'ઈચ્છાકારી' સમાચારીનો ખ્યાલ આવે. 'ઈચ્છકાર' શબ્દનું રહસ્ય સમજાય. ભણવાનો અર્થી શિષ્ય આજ્ઞા આપવાનું ગુરૂ મહારાજની મરજી ઉપર રાખીને વિનતી કરે કે-'ઈચ્છકારી ભગવન્! અમુક સૂત્ર ભણવાની મારી ઇચ્છા છે.'

---

## ગ્રાહકોને નમ્ર વિનંતિ.

આ બારમો અંક ચાલુ વર્ષનો છેલ્લો અંક આપના કરકમળમાં સમર્પણ થાય છે. હવે આસો સુદ પૂર્ણીમાંથી આ પેપરનું નવું વર્ષ ચાલુ થશે. ચાલુ વર્ષનું લવાજમ જે ગ્રાહકોનું બાકી છે તેમને ચાલુ તેમજ નવા વર્ષનું એમ બે વરસનું વી. પી. કરવામાં આવશે. જેઓ ચાલુ રાખવા ઇચ્છતા ન હોય તેમને તુરત જણાવી દેવું.

અમારા માનવંતા ગ્રાહકોએ અમારા પેપરને અપનાવી અમને જે ઉત્સાહ આપ્યો છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

તેવીજ રીતે તેઓ નવા વર્ષ દરમ્યાન ચાલુ રહી હમારા સાશન સેવાના કાર્યમાં પ્રોત્સાહન આપશે. એજ આશા.

શ્રી૦ તંત્રી.

જીરણુ શેઠમાં જો આજના યુગની ભાવના હોત તો પ્રભુ મહાવીર દેવ ઉપર ધૂળજ ફેંકત! ચમકશો નહિ? ચાર ચાર માસ સુધી પારણા માટે રોજ વિનંતિ કરવા જવું પણ ન તો ભગવાન આવે કે ન તો 'હા' કે 'ના' કે 'ઉપવાસ છે' એવો ઉત્તર આપે! વિચારો કે મગજનું સમતોલપણું કેવું હશે! આજની વ્યકિત તો જરાકમાં ઉપાશ્રયનો ત્યાગજ કરેને! જીરણુ શેઠ 'ઇચ્છકાર' શબ્દનું રહસ્ય સમજતા હતા કે–'આપણે તો વિનંતિ કરવાની છે. ઉત્તર દેવો કે ન દેવો તે તેમની ઇચ્છાને આધીન છે.' ભગવાને પારણું કયાં કર્યું? અભિનવ શેઠને ત્યાં: જેણે કદી ભગવાનને જોયા નથી, જે ભગવાન પાસે કદી ગયો નથી, ભગવાનના તપનો કે પારણાનો પણ જેને ખ્યાલ નથી. જે તદ્દન બેદરકાર છે, ભગવાન પધાર્યા છતાં જે સામે ઉઠીને ગયો નથી તેવા અભિનવ શેઠને ત્યાં પારણું કર્યું અને ભક્ત એવા જીરણુશેઠને ત્યાં નહિ! જીરણુશેઠ પ્રથમ શેઠ હતો પછી ગબડયો માટે તેનું નામ 'જીર્ણુશેઠ' અને અભિનવ શેઠ નવો શેઠ હતો, માલદાર હતો. 'શું તેટલા માટે ભગવાને ત્યાં પારણું કર્યું? આજની વ્યકિત તેમ કહી દે. 'ઇચ્છકાર' ના રહસ્યનો જેને ખ્યાલ ન હોય તે તેમ કહે તે સંભવિત છે પણ જીરણુશેઠજી તો સમજતા હતા કે આપણો અધિકાર વિજ્ઞપ્તિનો છે, આપણું બલ કે આપણો હક નથી. જો બલ કે હક હોય તો તો ગુરુ આપણેજ ગણાઇએને! પણ તેમ નથી. 'માલદારને ત્યાં તો જાયજને!' એમ બોલાય પછી રૂચિ, પ્રતીતિ રહી કયાં?

પ્રશ્ન—'ગુરૂ શિષ્યને ગોતે' એમ ખરૂં?

'નાચનારીનું આંગણું વાંકું' એ કથનાનુસાર જેને પોતાને શિર ગુરુ ન જોઇતા હોય તે તેમજ કહે. કુલીન ઘરની દીકરી તો સાસુની સત્તા માનેજ. પણ જેને નાચવું, કુદવું હોય તે બોલી નાંખે કે–'આપણે તો નાના છીએ, સાસુ ખબર રાખવા બંધાઇ છે.'

શિષ્ય વિનતિ પણ ગુરુની વિશિષ્ટતા ખ્યાલમાં રાખીને કરે. દુનિયાદારીમાં પત્રોમાં કે દસ્તાવેજ વગેરેમાં રાજા મહારાજાને અંગે તમામ ઇલકાબો, વિશેષણો લખાય છે ને! ન લખાયાં હોય તો તેના પ્રત્યે લક્ષ કોણ આપે? તો પછી શિષ્ય ગુરુની વિશિષ્ટતા ખ્યાલમાં લીધા વિના વિનતિ શી રીતે કરે? 'હે ભગવન્! જ્ઞાનાદિ ગુણાલંકૃત ભગવાન્ અમુક શાસ્ત્ર ભણવાની મારી ઇચ્છા છે તો મને તે ભણવાની આજ્ઞા, આપની ઇચ્છા હોય તો આપો!' શિષ્ય આ પ્રકારે ગુરુ પાસે વિનતિ કરે, અર્થાત્ ગુરુના જ્ઞાનાદિ ગુણો તરફ પોતાનો હાર્દિક આદર જણાવવા પૂર્વક આદેશ યાચે. 'ભણાવો' એમ નહિ. ત્યાં તો પોતાની આજ્ઞા થઇ! 'મારે ભણવું છે. હે ભગવન્! આપની ઇચ્છાથી મને આજ્ઞા આપો!' આ છે મર્યાદા! ભણવા માટેની આજ્ઞાની અત્ર યાચના છે.

## દ્વાદશાવર્ત્તવંદન ગુરૂનું ગૌરવ દર્શાવે છે.

'ઉપધિ સંદિસાહું' પ્રથમ તથા પછી 'ઉપધિ પડિલેહું' શા માટે? જે ક્રિયા કરવી છે તે કરવા માટેનો પણ આદેશ માંગવાનો છે. સજ્ઝાય કરૂં. કેમકે સજ્ઝાય કરવા માટે પણ આદેશનું વિધાન છે. શિષ્ય આ રીતે વિનતિ કરે ત્યારે ગુરૂ ઇચ્છં અર્થાત 'હું ઇચ્છું છું' અર્થાત્ મારી ઇચ્છા છે, ભલે તું અધ્યયન કર, મારી ઇચ્છા

[ વધુ માટે જુઓ ટાઇટલ પાનું ૨ જું ]

# તલાજા પ્રકરણ અંગે, લખેલો પત્ર.

નેક નામદાર રાજાધિરાજ

**શ્રીમાન્ ભાવનગર નરેશની**

**સેવામાં,**

અતિ દુખદ હૃદયે જણાવવાનું કે આપના તાબાનું તલાજા ગામ જેને હમો જૈનો તાલધ્વજગિરિ નામે સંબોધીએ છીએ તે ટેકરી ઉપર હમારા એટલે જૈનોના ઘણાજ પુરાતન મંદિરો છે, જે આપશ્રીની જાણબહાર નજ હોય તે મંદિરોમાંના એક મંદીરની અંદરની હમારા પરમપૂજ્ય દેવાધિદેવ શ્રી જીનેશ્વર ભગવંતની ચાર મૂર્તિઓને કોઇ ગુંડાઓએ નહીંજ વર્ણવી શકાય તેવી રીતે તોડી નાંખવાનું અત્યંત નિંદ્ય અને ગોઝારૂં કૃત્ય કર્યું છે તેથી આખી જૈન આલમમાં મહાન શોકની લાગણી પ્રસરી રહી છે જેની આપને દરેક ગામે ગામથી જાણ થઇ છે. આવું દુષ્ટ કૃત્ય આપના તાબાના ગામમાં કોઇ દિવસ થયું નથી માટે આપ નામદારે આ બાબતમાં પુરતી તપાસ કરાવી ગુનેગારને શોધી આવા અમાનુષી કૃત્ય કરનારને એવો ન્યાય આપવો કે જેથી ફરી આવું કૃત્ય કોઇપણ વખત ભવિષ્યમાં કોઇપણ કરે નહિ. આપ રાજવી ધર્મિષ્ઠ, ન્યાયી અને પ્રજાના પાલન કર્તા છો એટલે આપ શ્રીમાનને વધુ લખવાનું હોય નહિ.

લી૦ પાનાચંદ રૂપચંદ ઝવેરી.
(તંત્રી શ્રી સિદ્ધચક્ર સા. પ્ર. સમિતિ.)

તા. ક:—ઉકત પત્ર નેક નામદાર મહારાજાને લખ્યો છે તેની નકલ આ પ્રગટ કરી છે.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ–ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.